
સત્ય સાઇ વાહિની

**પ્રિયજિજ્ઞાસુઓ !**

ભગવાને જાહેર કર્યું છે કે તેઓ સત્યમ્-શિવમ્-સુંદરમ્ના દિવ્ય શિક્ષક છે.પોતાનાં લખાણો અને વાર્તાલાપો, પત્રો અને વાતચીતોનાં માધ્યમો દ્વારા સમજૂતી અને ઉદાહરણો દ્વારા તેઓ પરમ પ્રજ્ઞાનો પ્રકાશ પાથરે છે અને સમગ્ર માનવજાતને ધર્મપરાયણ જીવનમાં તેનું અનુસરણ કરવાનો અનુગ્રહકરે છે.રામકથાના એકમાત્ર આધારભૂત સુધા સ્ત્રોત સમી “રામ-કથા રસવાહિની” “સનાતનસારથિ”માં ધારાવાહિક રુપે પ્રગટ થયેલી ત્યારે ભગવાને “ભારતીય પરમાર્થ વાહિની”(ધ સ્ટ્રિમ ઓફ સ્પિરિચ્યુઅલ વેલ્યુઝ) નામ સાથેની નવી શ્રેણી સાથે વાચકોને આશીર્વચનો આપેલાં. પ્રાગૈતિહાસિક કાળ પૂર્વેથી ભારતીય સંસ્કૃતિનું સિંચન અને પોષણ કરનારાં મૂળભૂત સત્યો અંગેના આ નિબંધો પ્રસિધ્ધ થયા તે સમયે ભગવાને વધુ સર્વગ્રાહી અને અર્થપૂર્ણ એવા “સત્ય સાઇ વાહિની”- “ધ ગંગા ફ્રોમ ધ લોટસ ફિટ ઓફ ધ લોર્ડ” અને “ધ ફ્લો ઓફ ડિવાઇન સાઇ ગ્રેસ”- ના નામે નિરંતર જ્ઞાનનો પ્રકાશ પાથરતા રહેવાનું નક્કી કર્યું હતું.આથી પ્રસ્તુત પુસ્તકમાં આ બે વાહિનીઓ મળીને એક પ્રમુખ ધારા બની છે.

આ શ્રેણીના ઉદ્ઘાટન પ્રસંગે “સનાતન સારથિ”ના પ્રકાશન માટે ભગવાને લખ્યું હતું કે, “વિરોધ અને ક્લેશથી પેદા થતા અગ્નિને શાંત કરવાની ઝંખના અને તમે જેનાથી વ્યથિત છો તે તમારી જાત અંગેના જ્ઞાનની પીપાસાને માન આપીને જુઓ, તમારી અને મારી વચ્ચેનાં માધ્યમ સમા સનાતન સારથિની સાથે ઉછળતાં મોજાંઓની જેમ “સત્ય સાઇ વાહિની” આવી રહી છે. અનહદ અનુકંપા સાથે અનંત આત્માનો આ સત્ય સાઈ અવતાર, ભૂ-સમસ્તના લાખો લોકોને રોગ, દુ:ખ, વિષાદ,માદક દ્રવ્યો, આત્મરતિ અને નિરીશ્વરવાદમાંથી મુક્તિ અપાવે છે.જેઓ સ્વેચ્છાએ સ્વીકારી લીધેલી ગ્લાનીનો ભોગ બનેલા છે તેમને તેઓ આ વિશ્વને જોવા માટે પ્રેમનો દીપક અને પોતાની જાતને જોવા માટે જ્ઞાનનો દીપક પ્રગટાવવાની પ્રેરણા આપે છે. ભગવાન કહે છે, “આ સઘળું મિથ્યા જગતને સાચું માની જુઠી આશામાં ટળવળવા જેવું છે. તેની દેખીતી ભિન્નતા એ કેવળ ભ્રમ છે. તે ખરેખર “એક” જ છે. પરંતુ જાણે તે અનેક હોયતે રીતે મનુષ્યોની કુંઠિત દ્રષ્ટિ દ્વારા સમજાય છે.” આ પુસ્તક તેમણે આપણા માટે રચેલા બે દીપકોની જોડ સમાન છે.

ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને મનનો વિષાદ ખંખેરી જાગૃત થવા પ્રેરણા આપી હતી. જે સમયે તેનું કર્તવ્ય; તેને સત્તા સામે સત્યનો પક્ષ લઇ લડવા માટે તત્પર અને ઉત્સુક એવો યોધ્ધો બનવા આહ્વાન આપી રહ્યું હતું.કૃષ્ણ તેને આત્માનું સ્મરણ કરાવી તેની વાસ્તવિકતા સમજાવે છે અને તે સ્વયં આત્મસ્વરૂપ છે તેનું તેને ભાન કરાવે છે.ભગવાન કહે છે; આપણે પણ

ચતુરાઇનાં ગૂંચળા અને દ્વંદ્વાત્મક તર્કના જાળામાં સહેલાઈથી ફસાઈ જવાનું વલણ ધરાવીએ છીએ.આધ્યાત્મિક પ્રયાસોની (અને આવા ઉદ્દાત આધ્યાત્મિક પ્રયાસો પાછળ જીવન સમર્પિત ના હોય તો જીવનનું મુલ્ય શું છે?) સફળતાની ચાવી દાર્શનિક શોધખોળો અને નૈતિક પ્રગતિમાં રહેલી છે.જે બંને; તમામ પ્રકારની શક્તિઓ અને પ્રવૃત્તિના સ્ત્રોત સમાન આત્માની જાગૃતિમાં પરિણમે છે. અર્થાત્ આપણે બધા અર્જુન જેવા જ ભય, આશંકા અને મમત્વથી પ્રેરાયેલા છીએ. આપણે સર્વ આ કે તે માર્ગના ત્રિભેટે તરંગો અને સમુદ્ર વચ્ચે દ્વિધામાં ફસાયેલા રહીએ છીએ.

પરંતુ તેનું સર્જન હોવાને કારણે "આપણે ચમત્કારોના ચમત્કાર છીએ." ભગવાન કહે છે,"જે મનુષ્યમાં નથી તે તેની બહાર પણ કોઇ સ્થળે હોઇ શકે નહીં.તેની બહાર જે કાંઇ દ્રશ્યમાન છે તે તેની અંદર જે કંઇ રહેલું છે, તેનું જ પ્રતિબિંબ છે." "આત્મા મુક્ત છે, તે પરિશુદ્ધ છે, તે પૂર્ણતા છે, તે અનહદ છે. તેનું કેન્દ્ર દેહ છે. પરંતુ તેનો વ્યાપ અનહદની પણ પેલે પાર છે." મનુષ્યને પરમ પ્રજ્ઞા મળેલી છે,જે દ્વારા તે આત્માના અસ્તિત્વને પિછાણી શકે છે અને તેને પોતાની ચેતનામાં ઉતારવા કોશિશ કરી સફળતા પ્રાપ્ત કરે છે.

અલબત્ત બહુ ઓછા મનુષ્યો; પોતે કોણ છે? કયા ઉદ્દેશથી તેઓ અહીં આવેલા છે? ક્યાંથી આવેલા છે? ક્યાં આવ્યા છે? અને અહીંથી તેઓ ક્યાં જવાના છે? તે જાણવા કોશિશ કરતા હોય છે. તેઓ નિરંતર બદલાતા રહેતા ક્ષણભંગુર દેહનાં આવરણો ઓઢી, અસ્થાયી નામ ધારણ કરી આવાગમન કરતા રહે છે.

આથી, ભગવાન આપણને અનુરોધ કરતાં કહે છે, "સાંભળો હે અમૃતનાં સંતાનો ! સાંભળો ! તમામ ભ્રમણાઓ અને મિથ્યા વિશ્વાસોની સીમાઓની પેલે પાર વસેલા જે સર્વથી પ્રધાન અને આદિ છે એવી મહાવિભૂતિ સમા પુરુષોત્તમની દ્રષ્ટિ ધરાવતા ઋષિઓનાં શુભવચનો સાંભળો ! ઓ મનુષ્યો ! તમે પ્રાકૃતિક રીતે જ પૂર્ણ છો.તમે ખરેખર આ ધરતી પર વિચરતા ઇશ્વર છો. તમને "પાપીઓ" કહેવાથી મોટું બીજું ક્યું પાપ હોઇ શકે? જ્યારે તમે આવી પદવીઓ સ્વીકારો છો ત્યારે તમે તમારી જાતનું અપમાન કરો છો.જાગો તમે ઘેટાંઓ છો એવી અપમાન બોધક ભાવનાઓનો ત્યાગ કરો. એવા વિચારોથી ભ્રમિત ના બનશો.

તમે આત્મા છો. તમે અમૃતનાં બિંદુઓ છો. અમર્ત્ય એવા સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ તમે જ છો. તમારો કોઇ આરંભ કે અંત નથી.તમે હાલ વિચારો છો તેમ તમે તમામ સ્થૂળ ભૌતિક ચીજોનાં દાસ નથી. પરંતુ આ તમામ સ્થૂળ પદાર્થો તમારા દાસ છે."

ભગવાન કહે છે, "નિરંતર, સત્ય, ધર્મ પરાયણતા અને ધીરતાનાં અનુસરણ દ્વારા વ્યક્તિમાં છુપાયેલી અવ્યક્ત દિવ્યતાને રોજીંદા જીવનમાં સાચા પ્રેમાનંદ સ્વરૂપે અભિવ્યક્ત કરવા માટે પ્રેરણા આપવી જોઇએ."સર્વોપરી વાસ્તવિકતાને જાણો ; તેને શ્વસો ! તેમાં સ્નાન કરો. તેમાં જીવો. ત્યારબાદ એ તમારા મય બની જશેઅને તમે સર્વે પણ તેના મય બની જશો. ભૌતિક પદાર્થ; પોતાની જાતે વ્યક્ત થતો કે સ્વયં પ્રકાશિત નથી.તે સંપૂર્ણપણે વ્યક્તિમાં રહેલા આત્માની પોતાને અભિવ્યક્ત કે પ્રકાશિત કરવાની ચિત્તશક્તિ કે જ્ઞાનની ક્ષમતા ઉપર અવલંબન રાખે છે. જડ પદાર્થોનું સાપેક્ષ વિશ્વ; જીવ અથવા તો વ્યક્તિમાં રહેલા આત્માની સાપેક્ષ ચેતના ઉપર નિર્ભર છે. જ્યારે પદાર્થોની વધુ તપાસ કરવામાં આવે છે અને અનેકવિધતાનો સાચો આધાર સમજાય છે ત્યારે (બ્રહ્મ)બ્રાહ્મણ અથવા તો પ્રથમ સિધ્ધાંત સ્વરૂપ પરમાત્માનો તાર્કિક જરૂરિયાતના રૂપે સ્વીકાર થાય છે. સાથે સાથે જ્યારે ઇન્દ્રિયો ઉપરના અંકુશ, મનની શુધ્ધિ એકાગ્રતા અને આંતરિક શાંતિ સિદ્ધ થાય છે ત્યારે હકારાત્મક શાશ્વતનિર્વૈયક્તિક (પ્રજ્ઞાનમ બ્રહ્મ) સંકલ્પ શક્તિના રૂપમાં પરિશુધ્ધ થયેલી ચેતના તાર્કિક જરૂરિયાતના રૂપમાં પ્રગટ થાય છે.આ સર્વે તેની અભિવ્યક્તિ છે.

"સત્ય સાઇ વાહિની" અચૂક રીતે આપણને એ બતાવે છે કે, મનુષ્યમાં નિરંતર રહેલ "સ્વત્ત્વ" તે "આપણી પોતાની જાત" કે "ઇશ્વર" સિવાય અન્ય કોઇ નથી.આ સત્ય કેવળ માણસ જાત પૂરતું સીમિત નથી પરંતુ તમામ અસ્તિત્ત્વોને સર્વે સ્થળોએ અને કોઇ પણ જગ્યાએ લાગુ પડે છે. હકીકતમાં તો "ઇચ્છા કે સંકલ્પશક્તિ જ જે "એક" છે તે બ્રહ્માંડનાં અનેકવિધ રૂપો ઉત્પન્ન કરે છે અને સ્વયં આ સંકલ્પશક્તિ સંઘટનાનો અંત આણે છે."અસ્તિત્વ (ઇશ્વર) એ બનવાને અનુસરે છે અને બનવું તે અસ્તિત્વમાં ભળી જાય છે.આ ચાલતી રહેતી શાશ્વત લીલા છે" એવું ભગવાન કહે છે.

ભગવાન લખે છે કે,"શિક્ષણનો સર્વોપરી હેતુ આપણને વૈશ્વિક સર્વવ્યાપી નિર્વૈયક્તિકતા પ્રત્યે જાગૃત કરવાનો છે." શિક્ષકોના શિક્ષક તરીકેની પોતાની ભૂમિકામાં સત્ય સાઇ અહીં આપણને આત્માના સર્વોપરી સાહસથી અવગત કરાવે છે. આ યાત્રાએ નીકળેલા જિજ્ઞાસુઓ માટે તેઓ એક સંવેદનશીલ ભોમિયા અને વાલીની ગરજ સારે છે, કારણકે તેઓ એ જ ઇચ્છા શક્તિનો અવતાર છે, જેની આ લીલા છે.

ભગવાન આપણો હાથ પકડી આ વાહિનીની ખીણમાં જેમ જેમ દોરી જાય છેતેમ તેમ તેઓ અનેક દેશના આ ક્ષેત્રના પૂરોગામી એવા દ્રષ્ટાઓ અને મનીષીઓના આદર, પ્રશંસા અને પૂજા કરવાનો બોધ આપતા જાય છેઅને માર્ગને સરળ બનાવવા માટેની સીમા અને

મર્યાદાઓ,પ્રારંભિક શિસ્ત અને વ્યવહાર નક્કી કરતા જાય છેઅને સત્યની શોધને વેગીલી બનાવે છે.તેમણે વેદો અને ત્યાર પછીના ગ્રંથો અંગે, સદીઓની નિષ્ઠાપૂર્વકની સ્વીકૃતિની પરીક્ષામાં પાર ઉતરેલાં પૂજા - અર્ચનાનાં સ્વરૂપો અંગે તેમજ માનજીવનના ચાર આશ્રમો માટે તેમજ ઉર્ધ્વગામી સાત્વિકગુણો, સમક્ષિતિજ વિસ્તરતા રાજસિકગુણો અને અધોગામી એવા તામસિક ગુણોની જન્મજાત ખાસિયતો ધરાવતામનુષ્યો માટે નિર્ધારિત થયેલા શિસ્તના નિયમો અંગેનાં લખાણો લખ્યાં છે.તેમણે કર્મની ભૂમિકા અને તેનાં પરિણામો અંગે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે,"તોફાની સમુદ્રમાં સપડાયેલી કોઈ દુર્બળનૌકાની માફક મનુષ્ય વિશાળકાય મોજાં ઉપર સવાર થઇ તેની ફીણથી આચ્છાદિત ચરમ ટોચ ઉપર પહોંચે છે. 'બીજી જ ક્ષણે તે ફરી ઉત્થાન પામવા બે મોજાંની વચ્ચે ગરકાવ થઇ જાય છે.'

ઉત્થાન અને પતન બંને મનુષ્યએ પોતે કરેલાં કર્મોનાં પરિણામો છે “તેણે” મનુષ્ય માટે મહેલ રચ્યો છે અને કેદ પણ બનાવી છે. દુઃખ અને આનંદ એ વ્યક્તિએ પોતે કરેલાં કાર્યોનો પ્રતિઘોષ, પ્રતિબિંબ કે પ્રતિક્રિયા છે. જીવી; સાક્ષી ભાવે અકર્મણ્ય ભાવનું વલણ અપનાવી નિઃસ્પૃહપણે પોતે કરવાની પ્રવૃત્તિઓમાં રત થયા વિના આ બંને ભાવનાઓથી પર રહી શકે છે “ભગવાન લખે છે કે,“યોગ“ એ જીવાત્મા અને પરમાત્માનાં, સ્વ અને “આપણી જાતનાં ઐક્યને પામવાની પ્રક્રિયા છે.“અને તેઓ પ્રેમના માર્ગ (ભક્તિ); નિષ્કામ કર્મ, મન ઉપરનાં નિયંત્રણ અને ચેતનાનાં પરિષ્કરણ (જ્ઞાન) અંગે વિસ્તારથી સમજાવે છે. ભગવાન વ્યક્તિ અને સમષ્ટિના અધિકારો અને જવાબદારીઓનું વિશ્લેષણ કરતા આપણને જણાવે છે કે, તે બંનેનો અંતર્હિત હેતુ આધ્યાત્મિક તૃપ્તિ પ્રાપ્ત કરવાનો છે.

સંક્ષિપ્તમાં કહીએ તો - સત્ય સાઇ વાહિની ; એક એવી વ્યક્તિએ આપણને આપેલી ગીતા છે જે સનાતન સારથિના રૂપમાં આપણી ઇન્દ્રિયો, મન, ચેતના, અહમ્ અને બુધ્ધિનું સુકાન સંભાળવા તત્પર છે અને જે આપણને માણસ જાતના ઉદ્દેશ સમા પ્રશાંત નિલયમ - પરમ્ શાંતિના નિવાસસ્થાન તરફ સલામત રીતે દોરી જાય છે.

એન.કસ્તુરી

# <u>સૂચિ</u>


❖ પરમ સત્ય.......................................................................................................07
❖ સત્યથી સત્ય તરફ..........................................................................................12
❖ કેવળ એક.........................................................................................................17
❖ ચમત્કારોનો ચમત્કાર.....................................................................................22
❖ મૂળભૂત માન્યતા.............................................................................................27
❖ ધર્મ એક અનુભવ............................................................................................32
❖ તમે તમે બનો....................................................................................................36
❖ બંધન.................................................................................................................41
❖ એક સાથે એક...................................................................................................45
❖ યોગીઓ.............................................................................................................48
❖ વેદોનાં મૂલ્યો...................................................................................................59
❖ વેદોત્તર ગ્રંથોનાં મૂલ્યો.....................................................................................63
❖ ગુરૂ સ્વરૂપ અવતાર.........................................................................................70
❖ આ અને પેલું......................................................................................................80
❖ સ્તરો અને તબક્કાઓ.......................................................................................84
❖ મનુષ્ય અને ઈશ્વર.............................................................................................88
❖ રંગ અને વર્ણવ્યવસ્થા......................................................................................93
❖ પ્રવૃત્તિ અને કર્મ.................................................................................................98
❖ પ્રાર્થના..............................................................................................................103
❖ પહેતુ.................................................................................................................109
❖ આંતરિક શોધ...................................................................................................118
❖ શાશ્વત સત્યો...................................................................................................128
❖ પૂજનની પધ્ધતિઓ.........................................................................................144
❖ દિવ્ય શરીર......................................................................................................155

# પરમ સત્ય

જીવનની પ્રક્રિયાનો ખરો હેતુ અને અર્થ પરમતત્વને પામવાનો છે. પરમ તત્ત્વનો અર્થ છે આત્મા. જેઓ ભારતિય સંસ્કૃતિમાં ઉછર્યા છે, ભારતીય છે તેઓ જાણે છે કે આત્મા સર્વવ્યાપી છે. પરંતુ, જ્યારે તેમને પૂછવામાં આવે છે કે, તેમણે આ કેવી રીતે જાણ્યું? ત્યારે કેટલાક કહે છે કે, વેદોએ તેમને આ શિખવ્યું છે, બીજા કેટલાક શાસ્ત્રોનાં ઉદાહરણો ટાંકે છે અને કેટલાક મહાન મનીષીઓની પ્રયોગાત્મક ઘોષણાઓને આધારભૂત ગણતા હોય છે. દરેક વ્યકિત પોતાની બુધ્ધિમત્તા પ્રમાણે પોતાના તારણો કાઢે છે. અને તેની સચ્ચાઇને સિધ્ધ કરે છે. ઘણા મહાપૂરૂષોએ સર્વવ્યાપી આત્માની શોધ પાછળ પોતાની બુધ્ધિ ચલાવવા માટે તેમને માર્ગદર્શન આપ્યું છે. આ દિવ્ય સિધ્ધાંતનાં દર્શન કરાવવામાં તેઓ સફળ થયા છે. આ ભારત દેશમાં અનેક ઉપદેશકો, પંડિતો, મુમુક્ષુઓ અને યતિઓ પ્રમાણિકપણે ધર્મનું અનુસરણ કરી પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવામાં સફળ થયા હોવાની સાબિતીઓ છે. અલબત લાખો મનુષ્યોમાં જેમણે વૈશ્વિક આત્માનાં દર્શન કર્યા હોય એવા બહુ થોડા મનુષ્યો છે. અન્ય કોઇ સજીવમાં આત્માનાં દર્શન કરવા શક્તિમાન એવી બુધ્ધિ અને સારાસારના ભેદ પારખી શકે એવી વિવેક શકિત આટલી હદ સુધી વિકસી નથી. આ જ કારણે મનુષ્યને તમામ સર્જનનો સરતાજ ગણવામાં આવ્યો છે. અને એટલે જ શાસ્ત્રો પણ મનુષ્ય તરીકે જન્મવાની તકને અતિ દુર્લભ એવું સદ્ ભાગ્ય ગણાવે છે. મનુષ્ય વિશ્વની ઉત્પત્તિનાં કારણો જાણી શકે તેવાં ગુણો ધરાવે છે. તેનામાં ધગશ અને ક્ષમતા રહેલા છે. તે પોતાની શાંતિ, સમૃધ્ધિ અને સલામતીની વૃધ્ધિ માટે ઇશ્વર સર્જિત વિશ્વનો ઉપયોગ કરે છે. તે પોતાના સુખ અને આનંદ માટે કુદરતમાં રહેલા પરિબળો અને ચીજોનો ઉપયોગ કરે છે, વેદોએ આ સ્વીકાર્યું છે.

વેદો લાખો લોકોની શ્રધ્ધા માટેના આધારભૂત ગ્રંથો છે. તે સ્વયં ઈશ્વરના શબ્દો છે. હિન્દુઓ માને છે કે, વેદોનો કોઇ આરંભ નથી અને તેનો કોઇ અંત નહીં હોય. ઇશ્વર મનુષ્ય સાથે વાત કરે છે. આ કોઇ લેખકોએ લખેલાં પુસ્તકો નથી. તે પરમ ધ્યેયને પ્રાપ્ત કરવાના માર્ગો અંગે અનેક મુમુક્ષુઓએ પૂછેલાં રહસ્યોઅંગે ઇશ્વરે પ્રદાન કરેલું રહસ્યોદ્ ઘાટન છે, માન્ય માર્ગોના ઘટસ્ફોટ થતાં પહેલા પણ હયાત હતા અને મનુષ્ય જ્યારે માર્ગ ભૂલી જશે ત્યારે પણ હયાત રહેશે.તે  સમયના કોઇ કાળ ખંડમાં ઉદ્ ભવ્યા નથી કે કોઇ અન્ય સમયે તેને ક્ષતિ પણ પહોંચવાની નથી. વેદો જે ધર્મની ઝાંખી કરવાની આપણને અનુમતિ આપે છે તેનો પણ કોઇ આરંભ કે અંત નથી, કારણ તે ધર્મ ; પરમ ધ્યેયની પ્રાપ્તિ અંગેનો છે.

બેશક કેટલાક લોકો એવી દલિલ કરી શકે કે, પરમ ધ્યેય સાથે સંકળાયેલા ધર્મોનો કોઇ અંત ના હોઇ શકે.એવું સ્વીકારીએ તોપણ તેનો આરંભ તો હોવો જ જોઇએ. વેદો ઘોષણા કરે છે કે, સર્જન વિર્સજનના ચક્રમાં કોઇ એવું બિંદુ નથીજ્યાં તેનો આરંભ કે અંત હોય એ નિરંતર ફરતું જ રહેતું ચક્ર છે. બ્રહ્માંડની શકિતના જથ્થામાં વધ ઘટનું પરિવર્તન થતું નથી ; જેટલા પ્રમાણમાં તે છે તેટલા જ પ્રમાણમાં તે યથાવત રહે છે. સર્જન અને સર્જક બે સમાંતર આલેખો છે. જેનો આરંભ અજ્ઞાત છે અને અંત અગ્રાહય છે. આ બંને રેખાઓ હંમેશા એકબીજાની સમાંતર ચાલે છે. ઇશ્વર હંમેશા કાર્યરત છે. આમ છતાં તેની ઇચ્છા અને તે પાછળ રહેલી શકિતનો તાગ મનુષ્યની બુધ્ધિ મેળવી શકતી નથી.

ભારતીય પ્રજા (ભારતીય સંસ્કૃતિના વારસદારો) અનુસાર પરમ્ તત્વ એ સ્વયં વ્યાપકતા છે. એ ઉંચે આકાશ સુધી વ્યાપ્ત છે. અને મુક્તપણે એ વ્યાપમાં વિહરે છે. ઐતિહાસિક સમયકાળથી પણ પૂર્વે, એ સ્પષ્ટપણે ઘોષણા કરવામાં આવી હતી. પરમતત્વના ખ્યાલ અંગેનો અભ્યાસ અને તેના પ્રચારને ઇતિહાસમાં ગંભીર પીછેહઠનો સામનો કરવો પડયો છે. પરંતુ તેણે આ દરેકનો સફળતા પૂર્વક મુકાબલો કર્યો છે અને આજે તે પોતે જીવંત અને સજાગ હોવાનું પ્રતિપાદિત કરે છે. આ સાબિતી છે આ રહસ્યોદ્ ઘાટનની અંતર્હિત તાકાતની. યહુદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ, પારસી ધર્મ દ્વારા દર્શાવવામાં આવેલા પરમ ધ્યેયના ખ્યાલમાં આ ધર્મો એ પોતાની શ્રેણીઓમાં આ ભારતીય ખ્યાલને આત્મસાત કરવાની કોશિશો કરી છે અને તેને પોતાનો ભાગ બનાવી દીધો છે. પણ તે પોતાની “જન્મ -ભૂમિ “માં પરકીય ગણાવાનો દરજ્જો સ્વીકારતો નથી, બીજી બાજુ તેણે એ ધર્મોને  તેમના પોતાના અંતિમ સત્ય અંગેના ખ્યાલો સ્પષ્ટ કર્યા છે અને તમામ દ્રષ્ટિકોણોની એકતા પર તેમજ મતભેદોને ભૂલી સહૃદયતા સ્થાપિત કરવા પર ભાર મૂકયો છે. જ્યારે ભારતીય સંતોએ શોધેલાં પરમ્ ધ્યેય અંગેના જ્ઞાનનો પ્રવાહ વહી રહયો છે ત્યારે અન્ય ધર્મોના ખ્યાલો તેની બાજુમાં તળાવ સમા લાગે છે.

ભારતમાં પણ અનેક સંપ્રદાયો મુખ્ય ધર્મોથી અલગ બિલાડીનાં ટોપની માફક ફૂટી નીકળ્યા છે. તેમણે હિંદુ ધર્મને મૂળમાંથી ઉખેડી નાંખવા કોશિશો કરી છે  અથવા તો હિંદુ ધર્મના સત્ય - પરમતત્ત્વ અંગેના ખ્યાલ ઉપર મરણતોલ પ્રહાર કર્યો છે. પરંતુ ભયાનક ધરતીકંપ વખતે સમુદ્રનાં પાણી જેમ કેવળ હજારગણા મોટા કોપાયમાન ઘૂઘવાટ સાથે કિનારાઓ ઉપર ફરી ધસી આવવા માટે પાછા ફરે છે એમ ભારતીય દર્શનના આ પ્રવાહે ફરીથી તેની પ્રાચીન પ્રતિષ્ઠાને પુનઃ સ્થાપિત કરી છે. જ્યારે ઇતિહાસના ગૂંચવાડાઓ અને વિરોધોને અતિક્રમ્યા છે જ્યારે આંદોલનો સમી ગયા છે ત્યારે તેણે મનુષ્યનાં મગજને અવળા રસ્તે દોરી

જનાર વિવિધ ધર્મોને આકર્ષ્યા છે. અને તેમને ફરીથી વિશાળ સ્વરૂપમાં ભેળવી દીધા છે. ભારતીય પ્રજાનો આત્માનો સિધ્ધાંત એ સર્વગ્રાહી સર્વાંગી, વધુ સ્પષ્ટ અને સર્વશકિતમાન છે.

આત્માના સિધ્ધાંતમાં આપણાં વિશ્વાસને વિકસાવવો અને તેને પ્રામાણિકપણે પ્રેમ કરવો - એ જ ખરી પૂજા છે. આત્મા એ જ કેવળ મનુષ્યનો એક અને એક માત્ર પ્રિયતમ છે. અન્ય કોઇ વસ્તુ કરતાં તે વધુ ચાહવા યોગ્ય છે તેવું અનુભવો મનુષ્ય ઈશ્વરની આ જ ખરી આરાધના કરી શકે. આ વેદોએ શીખવ્યું છે. વેદો કડક નિયમો અને પ્રતિબંધોનાં થોથાં સ્વીકારવાનું શીખવતા નથી, તે મનુષ્યની સમક્ષ કોઈ કેદખાનું મૂકતા નથી કે જેથી મનુષ્ય કાર્યકારણના સળિયાની પાછળ પુરાઈ જતો હોય. પરમાત્મા એક જ સર્વ પાછળ કારણભૂત છે. વેદો શીખવે છે કે આ તમામ નિયમો અને પ્રતિબંધો પાછળ સર્વવ્યાપી એક જ (પરમાત્મા)કારણભૂત છે. તે એક જ માત્ર દરેક પદાર્થનું હાર્દ છે, શક્તિનું પ્રતિક એકમ છે,પ્રત્યેક કણ કે અણુ છે, અને તેના જ આદેશથી કેવળ ; પાંચ તત્વો- આકાશ,વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી કાર્યરત છે. તેને પ્રેમ કરો, તેની પૂજા કરો,અર્ચના કરો એમ વેદો કહે છે. આ પ્રેમનું મહાન દર્શન વેદો દર્શાવે છે.

પરમ રહસ્ય એ છે કે મનુષ્ય આ વિશ્વમાં જળકમળપત્રવત્ જીવન વ્યતિત કરવું જોઇએ. અર્થાત્ જે રીતે કમળપત્રો પાણીમાં રહેવાં છતાં પાણીથી ભીંજાતાં નથી એ રીતે મનુષ્યે પણ આ વિશ્વમાં જીવવું જોઇએ.બેશક ; કોઇ ઉમદા ફળ પ્રાપ્ત કરવા માટે ઇશ્વરને પ્રેમ કે પ્રાર્થના કરવી તે સારું છે.

પરંતુ ઇશ્વરથી વધુ અમૂલ્ય વસ્તુ કે ફળ અન્ય કોઇ ના હોવાથી વેદો ; આપણને કોઈપણ પ્રકારની એષણા રાખ્યા વિના પ્રભુને ચાહવાની સલાહ આપે છે. ચાહો, કારણકે તમારે કેવળ ચાહવા ખાતર ચાહવાનું છે. ઇશ્વરને ચાહો કારણ કે જે કંઇ આપી શકે તેમ છે તે સ્વયં તે પોતે જ છે. તેને જ માત્ર પ્રેમ કરો. કોઇપણ પ્રકારની ઇચ્છા કે અપેક્ષા વિના.

આ ભારતીય પ્રજાનું પરમ જ્ઞાન છે. મહાભારતમાં દર્શાવ્યા મુજબ પાંડવોના જ્યેષ્ઠ બંધુ ધર્મરાજા ; આ પ્રકારનાં આદર્શ પ્રેમીજન ગણાય છે. દુશ્મનોના હાથમાં ભારત સહિતનું પોતાનું વિશાળ સામ્રાજ્ય ગુમાવી દીધાં બાદ, જ્યારે તેઓ પોતાની પત્ની દ્રૌપદી સાથે હિમાલયની ગિરિમાળાની ગુફાઓમાં રહેવા વિવશ બને છે, ત્યારે દ્રોપદી તેમને ગમગીની સાથે સવાલ પૂછે છે કે ;"હે સ્વામી તમે ધર્મના માર્ગે અવિચલપણે ચાલનારાઓમાં સર્વશ્રેષ્ઠ છો, છતાં પણ આવી ભયાનક વિપદા તમારા શીરે કેમ આવી?"

ધર્મરાજા તેને આશ્વાસન આપતા કહે છે કે,"હે દ્રૌપદી દુઃખી ના બનશો, હિમાલયની ગિરિમાળા સામે નજર દોડાવો. તે કેટલી ભવ્ય લાગે છે? કેટલી કીર્તિમાન છે ! કેટલી સુંદર છે ! કેટલી ઉદ્દાત છે ! તે એક એવી ગૌરવપૂર્ણ સંઘટના છે કે, હું તેને બેહદ ચાહું છું. તે મને કશું આપતી નથી પરંતુ જે સુંદર છે, જે ઉદ્દાત છે તેને ચાહવું એ મારો સ્વભાવ છે. આથી અહીં પણ હું પ્રેમથી રહી શકું છું. આવીઉદ્દાત સૌંદર્યમૂર્તિ એ સ્વયં ઇશ્વર છે. ઇશ્વર પ્રત્યેના પ્રેમનો આ જ ખરો અર્થ અને મહત્તા છે.

"ઈશ્વર જ એક માત્ર ચાહવા જેવી વસ્તુ છે. આપણા ભારતીય ઋષિ મુનિઓએ સદીઓથી કરેલી શોધનો આ જ બોધપાઠ છે. આ જ કારણે હું "તેને "પ્રેમ કરું છું. હું તેની પાસેથી કોઇ અપેક્ષા રાખીશ નહીં. હું કોઇ વરદાન મેળવવા તેને પ્રાર્થના કરીશ નહીં. તે મનેજ્યાં રાખવા ચાહે છે ત્યાં ભલે મને રાખે. મારા પ્રેમનો સર્વોત્કૃષ્ટ બદલો,"તેમનો પ્રેમ છે. દ્રૌપદી ! મારો પ્રેમ કોઇ બાજારુ ચીજ નથી ! "ધર્મરાજા જાણે છે કે પ્રેમ એક દિવ્ય ગુણ છે અને તેની સાથે એવો જ વ્યવહાર કરવો જોઇએ. તેમણે દ્રૌપદીને શીખવ્યું કે, જેમનો આત્મા જાગૃત થયો છે તેવી વ્યક્તિઓ માટે પ્રેમ એક સહજ સ્વભાવ બની રહે છે. જે પ્રેમનો આધાર આત્મા છે, તે પ્રેમ શુદ્ધ અને ઉદ્દાત છે ; પરંતુ મનુષ્ય જુદા જુદા પ્રકારનાં પ્રેમનાં ખોટા સ્વરૂપોથી બંધાયેલો છે. તે પોતાને એકલો, વ્યક્તિનિષ્ઠ જીવ માને છે અને દિવ્ય પ્રેમની પૂર્ણતા અને વ્યાપથી વંચિત રહે છે. આથી મનુષ્યે ઇશ્વરની કૃપા જીતી લેવી જોઇએ. જ્યારે ઇશ્વરની કૃપા પામે છે ત્યારે "જીવી "અથવા વ્યક્તિ પોતાના દેહની ઓળખથી મુક્ત બને છે, અને તે પોતાને આત્મા સ્વરૂપે ઓળખાવે છે. વેદમાં આ પરમગતિને "બંધન - વિચ્છેદન "અથવા તો "મોક્ષ "તરીકે વર્ણવવામાં આવી છે. દેહની ઓળખનાં આ વલણ સામે લડવા અને ઇશ્વરની કૃપા જીતવા માટે ઇન્દ્રિય નિષેધો (દમ) અને છ અંગોવાળી સાધના ઉપરાંતના દાર્શનિક પરીક્ષણો નક્કી કરવામાં આવ્યા છે. આનું અનુસરણ કરવાથી ચેતના શુદ્ધ બને છે, અને તે વસ્તુનું સ્પષ્ટ પ્રતિબિંબ દર્શાવતા આયના જેવી સ્વચ્છ બને છે. આથી આત્મા બધું સાફ - સાફ દર્શાવે છે. જ્ઞાન સિધ્ધિ (પરમ્ જ્ઞાનની પ્રાપ્તિ) માટે ચિત્ત શુધ્ધિ (ચેતનાની શુધ્ધિ) કરવી તે રાજમાર્ગ છે. જેમનું હૃદય પરિશુધ્ધ છે તેઓ આ સિધ્ધિને સહેલાઇથી પામી શકે છે. અંતિમ સત્ય અંગેની ભારતીય શોધનું આ કેન્દ્રિય સત્ય છે. ધાર્મિક શિક્ષણનો આ મહાપ્રાણ છે.

ભારતીય અભિગમ જડ સિધ્ધાંતોની ચર્ચા કે તેનું પ્રતિપાદન કરવા પાછળ સમય બગાડતો નથી. તેઓ સમુદ્ર કિનારે ફેંકી દીધેલાં ખાલી છીપલાંઓ જોવાથી પ્રસન્ન થતા નથી, પરંતુ સમુદ્રના પેટાળમાં પડેલા મોતી પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે.તેઓ મરજીવાની માફક સમુદ્રના પેટાળમાં આનંદથી ડૂબકી લગાવે છે અને હિંમતપૂર્વક મોતી લઇને પાછા આવે છે.

વેદોએ તેમને આત્માની પ્રાપ્તિ તરફ દોરી જતા માર્ગનું અનુસરણ કરવાનો આદર્શ બતાવ્યો છે. આ આદર્શ એ મનુષ્યોનાં ઇન્દ્રિયગમ્ય જ્ઞાનની પેલે પાર રહેલું પરમ્ સત્ય છે. વેદો મનુષ્યને યાદ અપાવે છે કે, આધિભૌતિક એવો આત્મા તેના સ્થૂળ દેહમાં રહેલા "તે "નું સ્વરૂપ છે. અર્થાત્ સત્યની પ્રાપ્તિનો અર્થ છે પરમાત્માનું મિલન. તે એક માત્ર સત્ય અને નિત્ય છે. બીજું બધુ સંક્રમણકારી, ક્ષણભંગુર છે.

વેદો ; કેવળ ઇશ્વરનાં અસ્તિત્વને દર્શાવવા અને તેના પર ભાર મૂકવા માટે રચાયા છે. હિન્દુ સિધ્ધ પુરુષો આ વૈદિક માર્ગે યાત્રા કરી ચૂક્યા છે. અને તેમણે વૈદિક શિક્ષણ અનુસાર તેમની શોધખોળો કરી છે, શાસ્ત્રોમાં તેમણે વર્ણવેલા અને પ્રાપ્ત કરેલા અનેક અનુભવો અને પરમાનંદ લખેલા છે. શાસ્ત્રો અને ઉપનિષદોમાં તેઓ પ્રતિપાદિત કરે છે કે,"અમે આત્મ ચેતના ધરાવીએ છીએ."હિન્દુઓનો આશય જડ નિયમ કે સિધ્ધાંત સાથે ઘર્ષણમાં ઉતરી વિજય મેળવવાનો રહ્યો નથી. તેમનું ધ્યેય તે નિયમ કે સિધ્ધાંતને વ્યવહારમાં મૂકી તેનું પરીક્ષણ કરવાનું રહ્યું છે. તેમનું ધ્યેય કેવળ ખોખલી શ્રધ્ધા નથી. પરંતુ તે સ્થિતિ (તબક્કો) છે, સિધ્ધિ (પ્રાપ્ત કરેલું જ્ઞાન) છે. ભારતીયોનું જીવન - ધ્યેય સતત સાધના દ્વારા તૃપ્તિ, પૂર્ણતાને પામવાનું છે. આવી તૃપ્તિ પોતાનામાં રહેલી દિવ્યતા પ્રત્યેની જાગૃતિ દ્વારા આવે છે. આવી દિવ્યતા સાથેનું ઐક્ય એ તૃપ્તિની પ્રાપ્તિ છે. આ ભારતીયો માટે પરમ વિજયની પ્રાપ્તિ છે.

# સત્યથી સત્ય તરફ

ચેતના કે પૂર્ણતાને પ્રાપ્ત કર્યા બાદની વ્યક્તિની સ્થિતિ અંગે અનેક સવાલો અને શંકાઓ ઉદભવી શકે. તેનું જીવન અનપેક્ષિત આનંદથી સંતૃપ્ત બની જશે અને તે સર્વ સાથે વિચારો, લાગણી, ભાવના અને જ્ઞાનની એકાત્મતા અનુભવશે. તે એક અને માત્ર એક એવા શાશ્વત દિવ્ય સિધ્ધાંતમાં ભાવવિભોર બની જશે. કારણ કે એ જ માત્ર જીવનની પ્રક્રિયા દરમિયાન આનંદ પ્રદાન કરે છે. સાચો આનંદ આ જ છે, બીજો કોઇ નથી. ઇશ્વર; શાશ્વત પૂર્ણાનંદનું મૂર્ત સ્વરૂપ છે. જેઓ ભારતીય સંસ્કૃતિને વરેલા છે, પછી ભલે તેઓ કોઇપણ સંપ્રદાય કે ધર્મના કેમ ના હોય, તેઓ આ સ્વયં સિધ્ધ સિધ્ધાંતને સ્વીકારશે કે,"ઇશ્વર આનંદનો પરમ સ્ત્રોત છે."આ મતને તેઓ અભિમત તરીકે, અત્યંત પ્રિય તારણ તરીકે સ્વીકારે છે.

તૃપ્તિ એટલે પૂર્ણતા. પૂર્ણતાનો અર્થ "એક "થાય છે, બે કે ત્રણ નહીં. તેમાં વ્યક્તિનું કોઇ સ્થાન ના હોઇ શકે. જ્યારે વ્યક્તિમાં રહેલો "આત્મા ""જીવી "લાક્ષણિકપણે અલગ તરી આવતું "સ્વત્વ "તૃપ્ત થઇ પૂર્ણ બને છે ત્યારે ભૌતિક વિશ્વની ચેતનામાં તે વ્યક્તિ પાછી ફરવાની કોઇ શક્યતા નથી. ઘણાં લોકોનાં મનમાં કેટલીક શંકાઓ ઉદ્દભવી શકે.

પરંતુ આ વિચાર સાચા નથી. જ્યારે વ્યક્તિમાં રહેલ જીવી પૂર્ણતા કે સમષ્ટિમાં સ્થિર બને છે ત્યારે તે અલગતાનાં તમામ ખ્યાલોને ગુમાવી દે છે, અને તે પૂર્ણતાની ચેતનામાં એકાકાર બની જાય છે. જેમાં અનેક સમાયેલા છે એવા "એક "સાથેની એકાત્મતાને પામે છે. આવી એકાત્મતાને પામ્યા બાદ તે સજાગ બને છે કે દરેક વ્યક્તિની વાસ્તવિકતા તે સર્વ લોકોની વાસ્તવિકતા છે. અને તે વાસ્તવિકતા એક અભિન્ન આત્મા છે. અને ત્યારબાદ તે વ્યક્તિઓ વચ્ચે ભિન્નતા દર્શાવતી કોઇ ચેતના દર્શાવશે નહીં.

દરેક વસ્તુ અને અસ્તિત્વોનાં હાર્દમાં દિવ્ય તત્ત્વ રહેલું છે એ જાણ્યા બાદ તેપોતાની જાતને પણ દિવ્ય સમજતો થાય છે અને અભૂતપૂર્વ આનંદની- પૂર્ણતાની ઉંડાઇને પામે છે. આ સ્થિતિમાં પોતે કઇ રીતે અલગતાનો અનુભવ કરી શકે? ના ! તે શક્ય નથી. આનંદના કિરણો સર્વ પ્રદેશોને અલોકિત કરે છે.મનીષીઓ અને ઋષિઓ પરમાનંદને પામ્યા હતા. તેમણે એ અનુભવ સરળ ભાષામાં વિશ્વને સમજાવ્યો છે. આંબી ના શકાય એવા ચંદ્રને એ દિશામાં આંગળી ચિંધીને જોઇ અને જાણી શકાયો છે ! એ જ રીતે બુધ્ધિ અને વાણીની પેલે પાર રહેલા સત્યને પણ તેમણે પ્રત્યેકે પ્રાપ્ત કરેલી ચેતનાની સ્થિતિ અનુસાર મનુષ્યની સીમા રેખામાં

આણ્યું છે.તેમના બોધ - વચનો માત્ર સરળ જ નથી પરંતુ,તમામ સ્તરની સમજ શીખવવા અને વિકસાવવા માટેનું વૈવિધ્ય પણ તેમાં રહેલું છે.

એક ઉદાહરણ:

જ્યારે કોઇ વ્યક્તિ જાણે કે આ નાનો સરખો દેહ પોતાનો છે ત્યારે તે આનંદની લાગણી અનુભવે છે, નથી અનુભવતી? ત્યારબાદ જ્યારે તે જાણે કે તેના બે શરીર છે તો તેને બમણો આનંદ ના થવો જોઇએ? એ જ રીતે શરીરની વધતી જતી સંખ્યા સાથે આનંદની અનુભૂતિમાં સતત વૃધ્ધિ થતી રહે છે. જ્યારે આખું વિશ્વ એક શરીર સ્વરૂપે સમજાય અને વૈશ્વિક ચેતના આ જાગૃતિનો ભાગ બની રહે, ત્યારે આનંદ પૂર્ણ બને છે. આ બહુ - ચૈતન્યને પામવા માટે સીમિત અહમ્ કેન્દ્રી કેદખાનાની દિવાલોનો ધ્વંશ કરવો જરૂરી છે. જ્યારે આ “અહમ્ “કે “સ્વત્ત્વ “પોતાને “જીવી “કે “આત્મા “તરીકે ઓળખે છે ત્યારે મૃત્યુ નાશ પામે છે જ્યારે અહમ્ - સ્વત્ત્વ, એકત્ત્વના પરમાનંદમાં ભળી જાય છે ત્યારે દુ:ખનો અંત આવે છે. જ્યારે તે જ્ઞાન અથવા તો પરમ પ્રજ્ઞામાં ભળી જાય છે ત્યારે ભૂલનો અંત આવે છે.“ભૌતિક વ્યક્તિગતતા ભ્રમણામાંથી જન્મે છે, આ દેહ જે આવી ભ્રમણા ઉભી કરે છે તે એક અસીમ સમુદ્રમાં સતત ઉત્ક્રાંત થતું રહેતું એક અણું માત્ર છે. મારામાં રહેલી બીજી હસ્તી તે એક બીજું સ્વરુપ છે. જેને આપણે મૂર્ત સ્વરુપે રહેલ “સ્વત્વ “તરીકે ઓળખીએ છીએ. જ્યારે મારો અહમ્ સ્વત્વ સાથે ભળી જાય છે ત્યારે વિરોધીજ્ઞાનનો ઉદય થતાં આ ભ્રમણાં દૂર થાય છે. જ્યારે મનુષ્યનું જ્ઞાન સમય જતાં પાકટ બને છે ત્યારે નિઃશંકપણે જ્ઞાનની કોઇપણ શાખાએ આ તારણ ઉપર પહોંચવું પડે છે.

વૃક્ષનું મૂલ્ય એનાં ફળના આધારે નક્કી કરવામાં આવે છે. મૂર્તિ પૂજાનું ઉદાહરણ લો. નીતિવાનો, આધિભૌતિકવાદીઓ, દાર્શનિકો, ભક્તિ માર્ગના અનુયાયીઓ અને વિશ્વના દરેક ભાગનાં પ્રમુખ ધાર્મિક વ્યક્તિઓ એ વાત ઉપર સહમત છે કે મૂર્તિપૂજા ખૂબ જ ફાયદાકારક છે.જ્યાં સુધી આ સ્થૂળ શરીર અને મિલ્કત પ્રત્યેની માયા છે, ત્યાં સુધી સ્થૂળ પ્રતીકની પૂજા જરૂરી છે. અલબત્ત તે એક સાધન છે. પરંતુ ઘણા તેને અંધશ્રદ્ધા ગણાવી વખોડી કાઢે છે. આ સાચું નથી. આ સાચો અભિગમ નથી. આવું વલણ એ મૂર્ખતાનું પ્રદર્શન છે.

શું વ્યક્તિને દેહ સ્વરૂપ માનવી એ અંધશ્રધ્ધા નથી? શું દેહ શાશ્વત છે? શું દેહ નવ છીદ્રો ધરાવતી ચામડાંની ઢીંગલી નથી, જેમાં જીવન એટલું ખતરનાક રીતે ભરેલું છે, કે એક છીંક આવતા તે ભાંગી જાય? વધુમાં આ વિશ્વને વાસ્તવિક સમજી લોકો જીવન જીવે છે તેને આપણે અંધશ્રધ્ધા ના ગણવી જોઇએ? શું સત્તા અને સંપત્તિઓ ધરાવતા લોકોની આ તમામ આત્મશ્લાઘા એ બીજી મૂર્ખામી નથી? પરંતુ આત્મા ઉપરની શ્રધ્ધા કે મનુષ્યની અંદર પડેલી

વાસ્તવિકતાના આધાર પર કરવામાં આવતા કાર્યોને અંધશ્રધ્ધા કે મુર્ખામી ના ગણાવી શકાય. કારણ કે, વ્યક્તિ જે કોઇ અભિપ્રાય વ્યક્ત કરે છે, તેના જો યોગ્ય કારણો આપવામાં આવ્યા હોય તો તમામ લોકો તેનાથી પ્રસન્ન થશે. પરંતુ પોતાને જે પસંદ ના હોય તેવી ચીજોને અંધશ્રધ્ધા ગણાવવી તે ગાંડપણ છે. મુર્ખામી કે મિથ્યા અહમ્ છે.

જો આપણે કોઇક સ્વરૂપમાં ધ્યાન ધરીએ નહીં ત્યાં સુધી ઈશ્વરને પ્રેમ કે આદર આપવા અશક્ય છે. જીવવા માટે જેમ શ્વાસ જરૂરી છે એટલી જ અગત્યની આ વાત છે. જીવનની પ્રક્રિયા દરમિયાનનો આ જરૂરી તબક્કો છે. વ્યક્તિએ તેનો યથાવત સ્વીકાર કરવો જોઇએ, બાળપણ એ ઘડપણનો પિતા છે. શું ઘડપણ ; બાળપણ કે કિશોરાવસ્થાને ખરાબ ગણાવી વખોડી શકે? દિવ્ય સિધ્ધાંતના અનુભવને જોતાં મૂર્તિપૂજા ઘણા લોકોને માટે મદદરૂપ છે અને રહી છે. તો પછી આ તબક્કામાંથી પસાર થઇ ચૂકેલા જિજ્ઞાસુઓ, તેનો લાભ ઉઠાવી ચૂકેલા અને આધ્યાત્મિક નિયમોનું અનુસરણ કરનારાઓ, તેને વખોડી કેવી રીતે શકે? બેશક આ ખોટું અને અયોગ્ય ગણાશે.

ભારતીય દર્શનની પરમ સત્ય કે પરમ વાસ્તવિકતાની શોધની સફર અસત્યથી સત્ય તરફની નથી. આ સફર સત્યથી સત્ય તરફની છે.અપૂર્ણ સત્યથી પૂર્ણ સત્ય તરફની છે. સાધના શા માટે છે? જેઓ દૈવી તત્વના તમામ સ્થૂળ સ્વરૂપોનો આદર કરે છે તેવા વનવાસી અને આદિવાસીઓથી માંડી જેઓ પૂર્ણ કે શાશ્વત સત્યની પૂજા કરે છે તેવા સિધ્ધ જિજ્ઞાસુઓનો પ્રત્યેક પ્રયાસ તે સાધના છે. આવા પ્રયાસો મનુષ્યને પ્રગતિના પંથે લઇ જાય છે.

દરેક વ્યક્તિગત જીવીને એક પક્ષી સાથે સરખાવી શકાય.જે લાંબુ અને ઉંચાઇવાળું ઉડ્ડયન કરતાં કરતાં આકાશની ઉચાઇને આંબતું રહે છે અને અંતમાં એક એવા તબક્કે પહોંચી શકે છે,જ્યાં તે સૂર્યના દૈદીપ્યમાન પરિઘમાં ચકરાવા લઇ ઉડ્ડયન કરી શકે છે. પ્રકૃતિનું મૂળભૂત સત્ય તે અનેકતામાં રહેલી એકતા છે. આ તેને સમજવાની ચાવી છે. ભારતીય દર્શને આ સત્યને ગ્રહણ કર્યું છે. આ ચાવી ઉપર તેમની મજબુત પકડ છે. બીજા દેશોના લોકો કેટલાક સ્વયં સિધ્ધ નિયમો નક્કી કરવા અને તેને માનવા માટે રાજી થયા છે. તેઓ આ સ્વયં સિધ્ધ નિયમોને સ્વીકારવા ઉપર ભાર મૂકે છે. અને તેના નીતિ - નિયમોના પાલનનો આગ્રહ રાખે છે. તેઓ સમાજની વ્યક્તિઓ સમક્ષ એક માત્ર વસ્ત્ર ધરે છે. જે દરેક વ્યક્તિએ પહેરવાનું રહે છે. જો તે વ્યક્તિના માપ ના હોય તો આવા લોકો માટે કોઇ વૈકલ્પિક વસ્ત્ર નથી તેમણે વસ્ત્ર વિના રહેવું પડે છે.

ભારતીય અભિગમ આનાથી તદ્દન ભિન્ન છે. અનુભતિ અને વિચાર, સંકલ્પ અને કાર્યના દરેક પાસા માટે તેમણે અલગ નામ અને સ્વરૂપ ઘડયાં છે. તેમજ જિજ્ઞાસુઓ અને ભાવિકોની ભાવનાત્મક જરૂરિયાત તથા બૌધિક ક્ષમતા અનુસાર પૂજાની વિધિઓ અને આદરની રીતો પૂરી પાડી છે. બેશક કેટલીક વ્યક્તિઓને આવા વિશેષ ધ્યાન કે વ્યવહારની જરૂર પડતી નથી, પરંતુ ઘણા લોકો આ પ્રકારની સવલતોના ફાયદા લે છે અને પ્રજ્ઞા તેમજ મુક્તિના માર્ગે આગળ વધે છે.

અહીં એક વાત સ્પષ્ટ કરવાની કે ભારતીય આધ્યાત્મિક પ્રયાસોમાં કદી પણ મૂર્તિપૂજાને આવશ્યક અંગ ગણવામાં આવી નથી. પરંતુ એક વાત બધાએ યાદ રાખવી જોઇએ તે એ છે કે ભારતીય લોકોને એમના દેહ પ્રત્યે વિશેષ અનુરાગ છે. તેઓ તેમના જીવન - ધોરણને ઉંચુ આણવાના આગ્રહી હોઇ શકે, પરંતુ તેઓ કદીપણ બીજાનાં ગળા કાપી શકતા નથી. જે ભારતીય તેના ધર્મ પ્રત્યે હઠાગ્રહી હશે તે તેના ધર્મને નહીં સ્વીકારનાર વ્યક્તિને નફરતથી જીવતા સળગાવી દેવાને બદલે સ્વયં અગ્નિમાં આત્મ વિલોપન કરશે. ભારતીય આધ્યાત્મવાદ જે નાશવંત નથી એવા એક માત્ર સત્ય - આત્માના વિધ્વંસને નકારે છે.

કારણકે ધર્મ એવું માને છે કે, મનુષ્યમાં રહેલ સ્વત્વ તે આપણી જાત કે ઈશ્વર સિવાય અન્ય કોઇ નથી. ભારતીય ધર્મે ; વિવિધ સંજોગોનો સામનો અને જુદા જુદા માર્ગે લાંબી સફર કરનારા પોતાના સ્ત્રીઓ અને પુરુષોનું પથ પ્રદર્શન કર્યું છે. પરંતુ ઇશ્વર કે દૈવી ચેતનાના શાનદાર ધ્યેય તરફ જવા માટે જુદા જુદા સંપ્રદાયોને પણ પ્રેરણા આપી છે. વિધિઓ અને અનુષ્ઠાનો ઉપરછલ્લી રીતે અશિષ્ટ લાગે તો પણ તે અંતિમ સત્યના વિરોધી નથી. દેખીતા વિરોધાભાસોને જુદા જુદા ; બૌધ્ધિક, નૈતિક, આર્થિક અને સામાજિક ભૂમિકા ધરાવતા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આકસ્મિક ગણવા જોઇએ.

ઉદાહરણ તરીકે ; રંગીન કાચના ટુકડામાંથી આવતો પ્રકાશ એક વધુ મોટા અને સ્પષ્ટ પ્રકાશના ઉદ્દગમ સ્થાનમાંથી આવે છે. પ્રકાશની સ્પષ્ટતા કે તેજસ્વિતા વગેરે કેવળ માધ્યમો ઉપર આધાર રાખે છે. તમામ પ્રકાશનો સ્ત્રોત તે એક જ સત્ય છે. તે જ બધાનો સ્ત્રોત છે. તે જ બધાનો આધાર છે. તે જ બધાનું લક્ષ્ય છે. સર્વમાં રહેલું છે. સર્વની વાસ્તવિકતા છે અને સર્વમાં રહેલું કેન્દ્ર છે. જે રીતે એક જ દોરામાં મોતીઓ પરોવાઇને હાર બને છે એ જ રીતે ઇશ્વર કે આપણી જાતના સંબંધને તમામ અસ્તિત્વમાં સમજી શકાય છે. તમામ અસ્તિત્વમાં - આ જ ભારતનો સંદેશ છે.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને લગતાં તમામ શાસ્ત્રો અને કાળજીપૂર્વક તપાસો અને જુઓ કે તેમાં ક્યાંય કેવળ ભારતીયોને જ મોક્ષ કે મુક્તિ કે પરમાત્માની પ્રાપ્તિનો ઉલ્લેખ હોય અને બીજા માટે ના હોય એવું છે? તમે આવું કોઇપણ વાક્ય બતાવી શકો તેમ છો? ભારપૂર્વક કહી શકાય તેમ છે કે તમને આવું એક પણ વિધાન મળશે નહીં. ભારતીય આધ્યાત્મવાદ અસીમ વ્યાપ અને ખૂબ ઉંચા આદર્શો ધરાવે છે. તે દૈવી કૃપાના સમુદ્ર તરફ, કોઇપણ પ્રકારના પતન કે કમી વિના સીધી અને સહજ રીતે વહેતા પુનિત વિચારોનો પૂર્ણ પ્રવાહ છે. આ પરમ ધ્યેય તરફ દોરી જતા રાજમાર્ગ ઉપરની સીધી સફર છે.

ભારતીય લોકો જે આધ્યાત્મિક સિધ્ધાંતોને ઓળખે અને તેનો આદર કરે છે તે તમામનો સ્ત્રોત ઈશ્વર છે. તે એક જ આધાર સ્તંભ છે, આથી આસ્થા માટે બીજા આધારની જરૂર નથી. ભારતીય આધ્યાત્મવાદ અન્ય તમામ સંપ્રદાયોનો પાયો છે. તેણે ઘણાં પરસ્પર વિરોધી સંપ્રદાયો સાથે અનેક આધારભૂત મતો અને સિધ્ધાંતો સાથે મુકાબલો કર્યો છે અને વિજય પ્રાપ્ત કર્યો છે. ભારતીય પ્રજાએ પોતાનાં સિવાય અન્ય કોઇ ધર્મનું અનુસરણ કરવાની જરૂર નથી. કારણકે અહીં જે અસ્તિત્વ ના ધરાવતો હોય તેવો કોઇ ધર્મ કે સત્ય અન્ય કોઇ સ્થળે નથી. અન્ય સંપ્રદાયોએ તેની એક યા બીજી માન્યતા કે સિધ્ધાંતોને અપનાવ્યા છે અને પોતાના લોકો સમક્ષ તેને અપનાવવા માટે રજૂ કર્યા છે.

મનમાં જે વાત ધ્યાનમાં રાખવાની છે તે એ છે કે, ભારતીય ધર્મગ્રંથો વિશ્વમાં સૌથી પ્રાચીન ગ્રંથો છે. તે આત્મા, વ્યક્તિગત અને નિર્વૈયક્તિક ઇશ્વર અંગેના સૌથી પ્રાચીન અભ્યાસો અને શોધો છે. અને આ શોધો તેમજ રહસ્યોદઘાટનના આધારે વ્યક્તિગત અને સામાજિક ધારા ધોરણો તૈયાર થયાં છે. અન્ય કોઇ દેશ કે લોકો આવાં પ્રાચીન જ્ઞાનનો પ્રકાશ ધરાવતા નથી. કેટલાક ધૂંધળા વિચારો કે આછી ઝાંખીઓ હશે, પરંતુ તે આધ્યાત્મિક ગ્રંથ કે સાહિત્ય કહેવડાવવા યોગ્ય નથી. વૈદિક સાહિત્ય કેવળ મનીષીઓ અને સાધકોએ કરેલા આધ્યાત્મિક શોધખોળો અને તેના પરિણામોનું જ ચિત્ર આપતું નથી, પરંતુ તેમની વિચારધારા, તેમના મંથનો અને જિજ્ઞાસાઓ, તેમના બિનસાંપ્રદાયિક સંઘર્ષો અને દુન્યવી સમસ્યાઓનો પણ ખ્યાલ આપે છે.

# કેવળ એક

ભારતીય દર્શનના ઇતિહાસમાં સૌ પ્રથમ અનુભવ અદભૂતનાં રોમાંચનો છે. જે ભારતીય જ્ઞાનનાં પ્રાચીનતમ રહસ્યોદઘાટન સમા ઋગ્વેદની ઋચાઓમાં જોવા મળે છે. આ બધી ઋચાઓ ઇશ કે દેવોને સંબોધીને લખાયેલી છે. આ દેવો અનેક છે - ઇન્દ્ર, વરૂણ, મિત્ર, પાર્જન્ય, વગેરે. આ ઋચાઓમાં એક પછી એક આ દેવોનો સાક્ષાત્કાર થાય છે. આમાંથી વજ્રધારી ઇન્દ્ર તેમનો વડો છે. તે સર્વશક્તિશાળી છે, જે પૃથ્વી ઉપર વર્ષાની વૃષ્ટિ કરે છે. મનુષ્યોની ઇન્દ્રિયોનો અધિપતિ હોવાથી તેને ઇન્દ્ર કહે છે. અર્થાત્ તે ઇન્દ્રિયો ઉપર અંકુશ રાખનારૂં મન છે. તે "પુરુહૂત "ના નામે ઓળખાય છે."પુરુ "નો અર્થ છે વારંવાર અને "હુત "નો અર્થ છે નિમંત્રિત. આમ તેના આખા નામનો અર્થ વારંવાર નિમંત્રિત કરવામાં આવતા દેવ એવો થાય છે. વેદોમાં મન (ઇન્દ્રિયોનો સ્વામી હોવાને કારણે ઇન્દ્ર માટે વપરાતો) શબ્દ રુદ્ર માટે પણ સાદર વપરાયો છે. મન ; વસ્તુનિષ્ઠ વિશ્વના સંપર્કમાં આવે છે અને પંચેન્દ્રિયોનાં માધ્યમ દ્વારા તેનો અનુભવ કરે છે. મનનું આ પાસું ઇન્દ્રનું પાસું છે. તેની એક બીજી પણ ક્ષમતા છે. તે ઇન્દ્રિયોને કાબુમાં રાખી શકે છે. અને વસ્તુનિષ્ઠ વિશ્વ તરીકે ઓળખાતી અનેકવિધતાનાં વૈશ્વિક આંતરિક સત્ય પ્રત્યે સચેત બને છે. મનનાં આ પાસાને "રુદ્ર "ની પદવી મળેલી છે. આ જ કારણે વેદોએ ઇન્દ્ર અને રુદ્રને બે નામ ધરાવતા એક દેવ તરીકે વર્ણવ્યા છે.

અન્ય દેવો માટે પણ ઘણું વર્ણવી શકાય તેમ છે. આમ છતાં આખરે આ તમામ વર્ણનો એક જ તારણ તરફ દોરી જાય છે. ઋચાઓમાં - દેવતાઓનો આદર કરવામાં આવ્યો છે. પ્રથમ કોઇ ઉત્સવના અધિષ્ઠાતાના રૂપમાં તે નજરે ચડે છે અને ત્યારબાદ પાછળથી તેઓ જેનામાં સમગ્ર વિશ્વ સમાયેલું છે, જે સાક્ષી છે, જે તમામનાં હ્રદયમાં વસે છે અને જે તમામ સર્જનોમાં વ્યાપેલો છે તેવા એક જ ઇશ્વરનાં જુદાં જુદાં નામો અને સ્વરૂપોમાં રૂપાંતર પામતા નજરે ચડે છે. ધીમે ધીમે અન્ય તમામ અર્થો અને પ્રતિભાવો અપ્રસ્તુત બનીને દબાઇ જાય છે. ઉદાહરણ તરીકે, ભયનું તત્વ વરૂણદેવ સાથે સંકળાયેલું છે. કેટલીક ઋચાઓમાંભય અંકુરિત થઈ અને ચોતરફ ફેલાય છે પરંતુ તરત જ આર્યોના જિજ્ઞાસુઓ ભયને પરાજિત કરે છે. ઘણી ઋચાઓ ; વરૂણદેવ લોકોએ કરેલા પાપની સજા કરશે એવા ભયથી તેમને સંબોધીને કરેલી પ્રાર્થનાઓ છે. પરંતુ ભય પમાડનારા દેવતાઓ કે અનેક સ્વભાવ ધરાવતા અનેક દેવતાઓનો ખ્યાલ ભારતીય ભૂમિ ઉપર પાંગરી શકે નહીં. ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ એક ઇશ્વરને સમર્થન આપે છે.

હવે એકેશ્વેરવાદને તપાસીએ ! ઇશ્વર કેવળ એક છે, અનેક નથી. આ ભારતમાં પ્રચલિત સ્વયં સિધ્ધ સિધ્ધાંત પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. પ્રાચીન વૈદિક અને સંહિતા સાહિત્યમાં

આ શ્રધ્ધા યુગો જુની માન્યતા હોવાનાં પુરાવા મળે છે. પરંતુ વ્યક્તિગત ઇશ્વરનો વિચાર આ ભૂમિના વિચારકો - ધાર્મિકોને પ્રાથમિક કે આધ્યાત્મિક પ્રગતિમાં અપરિપક્વ તબક્કાના રૂપમાં આવ્યો છે. તેનાથી તેમની સર્વોચ્ચ આધ્યાત્મિક અપેક્ષાઓ સંતોષાઇ નહોતી. ઋષિઓનાં વચનોમાં જોવા મળતા આ અભિગમને બીજા દેશોના વિદ્વાનો અને લેખકો જેમણે વેદો અને સંબંધિત ગ્રંથોનો અભ્યાસ કર્યો છે, તેઓ સમજ્યા નથી. તેઓ હજુ પણ અગાઉની “અનેક દેવો “વાળી માન્યતા કે ત્યારબાદની “એક વ્યક્તિ ઇશ્વર “ની માન્યતા અંગે જ વિચાર્યા કરે છે. આ પ્રકારના અજ્ઞાનને જોઇને હિન્દુઓ મરકમરક હસે છે. ખરેખર કહીએ તો, જેઓ પોતાની માતાના ખોળામાં જે નામો અને સ્વરૂપોથી જાણીતા ગુણોથી ભરેલા ઇશ્વરમાં શ્રધ્ધા ધરાવતા હોય તેઓ પણ પાછળથી આ તબક્કાથી ઉંચા તબક્કે પહોંચ્યા છે. અને અનેક નામો અને સ્વરૂપો ધરાવતા એક ઇશ્વર અંગે જાગૃત થયા છે. આ સત્યને પામવા માટે સાધના સૂચવવામાં આવે છે.

આ “કેવળ એક”માં જ સઘળાં પરિવર્તન પામતું બ્રહ્માંડ સ્થપાયેલું છે. તે પ્રત્યેક ચેતનાનો માર્ગદર્શક અને વાલી છે. આવા તમામ ખ્યાલો કેવળ એક (ઈશ્વર) ની જ શોભા છે. પાશ્ચાત્ય વિચારકો કહે છે કે, મનુષ્યની બુધ્ધિએ આ સાહસમાં સફળતા મેળવી છે. પરંતુ આ ભૂમિના જિજ્ઞાસુઓએ જે વિરત્વ જ દર્શાવ્યું છે તેને માપી શકાય તેમ નથી. અથવા તો તે મર્યાદિત નથી. આ એક એવી હકીકત છેકે તેનો સ્વીકાર કરવો જ રહ્યો. પશ્ચિમના જે દાર્શનિકોએ આત્માનાં ક્ષેત્રમાં હિમતપૂર્વકનો સંઘર્ષ કર્યો છે તે આવા વિરત્વનો નાનો સરખો તણખો જ છે. આથી તેઓ ભારતના મનીષીઓ દ્વારા સિધ્ધ કરવામાં આવેલી સૈધ્ધાંતિક અને પ્રાયોગિક ઉંચાઇઓથી અચરજ પામે છે. પ્રો.મેક્સ મુલરે આશ્ચર્યની આ લાગણી ખૂબ જ આનંદ સાથે વ્યક્ત કરી છે; “ભારતીય જિજ્ઞાસુઓએ તેમની સહેતુક અને હકારાત્મક શોધખોળો તેમને જે કોઇ અજ્ઞાત અનુભવોના ક્ષેત્રમાં દોરી ગઇ ત્યાં હિંમતભેર તેનું ખેડાણ કર્યું છે. આ સાહસમાં સફળતા મેળવવા માટે તેઓ કોઇપણ અવરોધોને ફગાવી દેતા અચકાયા નથી. બીજાઓ તેમને શું ગણશે તેની તેમણે કદી તમા કરી નથી.”મેક્સ મુલરે લોકોને "ભારતીય પરમાર્થ વાહિની”(ભારતમાં પરમ તત્વને પામવા માટે વહી રહેલા પુનિત પ્રવાહ) માં જોડાવા પ્રેરણા આપી હતી. કારણ કે તેમને લાગ્યું હતું કે, ભારતીય સાધકો સત્યના માર્ગનું અનુસરણ કરે છે.

"એકમ સત્ વિપ્રઃ બહુધા વદન્તિ"“કેવળ એક જ સત્ય છે. પંડિતો તેને અનેક રુપે વર્ણવે છે.”આ અર્થઘટન બેશક ઉદ્દાત અને અર્થપૂર્ણ છે. આ સદીઓથી ચાલતા આવતા ભારતીય આધ્યાત્મિક પ્રયાસોનું પાયાનું સત્ય છે. અને ભવિષ્યમાં વિશ્વભરમાં અભૂતપૂર્વ આશીર્વચનો સાથે ફેલાનારા ઇશ્વરવાદી સિધ્ધાંતો પણ ભારતના ઋષિમુનિઓએ સદીઓ પૂર્વે પ્રતિપાદિત કરેલા આ મહાન સ્વયં સિધ્ધ સિધ્ધાંતને પોતાના આધાર તરીકે સ્વીકારશે.

ઋચાઓ; જુદા જુદા દેવતાઓ અને દૈવી પરિબળોને સંબોધીને લખાઇ છે. કારણ કે ઋષિઓ જાણતા હતા કે "કેવળ એકને"જ દરેક વ્યક્તિ પોતાના દ્રષ્ટિકોણ દ્વારા સમજી શકે છે. અને વ્યક્તિ; દ્રષ્ટિકોણની શુધ્ધતા અને સમજણના જે તબક્કે પહોંચી હોય તે અનુસાર તેમાં ભિન્નતા જોવા મળે છે. તેમણે એ વિધાન દ્વારા જાહેર કર્યું હતું કે, જુદા જુદા તમામ મનીષીઓ અને સંતો, દ્રષ્ટાઓ અને કવિઓએ, સ્તુતિકારો અને સંગીતકારોએ જુદા જુદા વિભિન્ન ભાવો અને શૈલીઓમાં "કેવળ એક"નો જ મહિમા ગાયો છે. આમ, ઉપરનાં અવતરણ "એકમ સત્ વિપ્રઃ બહુધા વદન્તિ"ની ઘોષણા વિશ્વના સર્વોચ્ચ મૂલ્યમાંપરિણમી છે. ઉદાહરણ તરીકે ઘણાને એક વાતનું આશ્ચર્ય થાય છે કે, ભારત એવો દેશ છેજ્યાં ધાર્મિક ઉન્માદ જોવા મળતો નથી. અને કોઈપણ વ્યક્તિ બીજાનાં ધાર્મિક આચરણમાં બાધા કે વિક્ષેપ નાંખતી નથી. આ દેશમાં આસ્તિકો, નાસ્તિકો, દ્વૈતવાદીઓ, અદ્વૈતવાદીઓ, એકેશ્વરવાદીઓ અને અન્ય એક બીજાને કોઇપણ નુકશાન પહોંચાડયા વિના એક સાથે શાંતિ અને સંવાદિતાથી રહે છે.

ભૌતિકવાદીઓ; મંદિરના પગથિયે ઉભા રહીને ઇશ્વરની નીંદા અને ઇન્કાર કરે છે. તેઓ બધાને તેનું અનુસરણ કરવાનું આહવાન આપે છે. તેઓ ઘોષણા કરે છે કે, "ઈશ્વરનો ખ્યાલ એ ગાંડપણ ભરેલ તરંગ છે."તેમણે દેવો, ધર્મગ્રંથો નૈતિકતાના ધારાધોરણો, ધર્મપરાયણતા અને માર્ગદર્શક સિધ્ધાંતોને વખોડી કાઢયા છે. અને તેઓ કહે છે કે, આ તમામ બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થ માટે ઉપજાવી કાઢેલી અંધશ્રધ્ધા અને અતિશયોક્તિઓ છે. તેઓ આ દેશમાં ચોમેર ભ્રમણ કરે છે અને આ તારણોનો પ્રચાર કરે છે. તેમને કોઇ રોકતું નથી. હિન્દુ અનુષ્ઠાનો અને ધાર્મિક માન્યતાઓને વ્યવસ્થિત રીતે ઉતારી પાડનાર બૌધ્ધ ધર્મને પણ આદર સાથે અહીં રહેવાની છૂટ છે. જૈનો પણ વેદો અને વૈદિક દેવોને માનતા નથી. તેઓ ઉપહાસ સાથે સવાલ કરે છે કે, આવા દેવો કેવી રીતે હોઇ શકે અને તેને કેવી રીતે માની શકાય? સહિષ્ણુતાની ભાવનાનાં ઉદાહરણો દર્શાવતા આવાં વિધાનો અનેક છે.જ્યાં સુધી મુસ્લિમો ભારતમાં આવ્યા નહોતા ત્યાં સુધી ભારતમાં હિંસા એટલે શું તે અંગે કોઇને જાણ નહોતી. જ્યારે પરદેશી જાતિઓ આવી ચડી અને તેમણે હિંસાચાર કર્યો ત્યારબાદ જ લોકોને ખ્યાલ આવ્યો હતો કે માણસ કેટલો અસહિષ્ણુ બની શકે.

હિન્દુઓએ ખ્રિસ્તીઓને ભારતમાં દેવળો બાંધવામાં મદદ કરી હતી. તેમણે ખ્રિસ્તીઓને સહકાર આપવા તૈયારી બતાવી હતી. ખ્રિસ્તીઓ સાથેના વ્યવહારમાં કદી પણ રક્તપાત થયો નથી. પરમ સત્ય તરફ દોરી જતા જ્ઞાનના પ્રવાહને હિંસાચાર દ્વારા પ્રદુષિત કરવામાં આવ્યો

નથી, આ હકીકતની ખાત્રી મેળવવા તેમજ આ વલણની આધારભૂતતાને સમજવા માટે સ્પષ્ટ સમજ અને બૌધ્ધિકક્ષમતાની જરૂર છે.

વિશ્વભરમાં પરિભ્રમણ કરીને પોતાના ધર્મનો પ્રસાર અને પ્રચાર કરનારાઓમાં બૌધ્ધો સૌ પ્રથમ હતા. એ દિવસોમાં એ ધર્મ સુસંસ્કૃત ધર્મ તરીકે બધા દેશોમાં કીર્તિ પામ્યો હતો. એ દેશોમાં જે બૌધ્ધ સાધુઓ ગયા હતા તેમને ત્યાંના રાજકર્તાઓએ યાતના આપી હતી. અને તેઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. પરંતુ, બૌધ્ધ ધર્મનું સદ્ નસીબ જાગ્યું. બૌધ્ધ ધર્મએ શીખવ્યું કે હિંસાનો પરિત્યાગ કરવો જોઇએ. વૈદિક કથન અનુસાર અનેક નામો ધરાવતા "એકેશ્વર "ના બીજા એક નામ સ્વરૂપે બુધ્ધનો ઇશ્વર તરીકે સ્વીકાર થયો. "એકમ સત વિપ્રઃ બહુધા વદન્તિ"તેઓ ઇન્દ્ર હતા, તેઓ રુદ્ર હતા. આ મનીષીઓએ કહેલા પાયાના રહસ્યોની એકાત્મતા ઉભી કરનારી અસર હતી. મનુષ્યનાં મનમાં આ ઘોષણાની સ્મૃતિ હંમેશા રહો!

ભારતની સંસ્કૃતિમાં ઉછરેલા ભારતીયો તમામ સંપ્રદાયોની સમાનતામાં ઊંડો વિશ્ર્વાસ ધરાવે છે. હિંદુ ધર્મ, બૌધ્ધ ધર્મ, ઇસ્લામ ધર્મ, પારસી ધર્મ કે ખ્રિસ્તી ધર્મ ગમે તે ધર્મ કેમ ના હોય કોઇએ પણ ઇશ્વરની પૂજાને હળવાશથી લેવી ના જોઇએ એવું તેઓ માને છે. તેઓ માને છે કે, જ્યારે કોઇ વ્યક્તિ, બીજા જેનો આદર કે આરાધના કરતા હોય તેવા કોઇ પણ એક દેવનાં નામ કે સ્વરૂપ અંગે અશોભતું બોલે છે, ત્યારે તેઓ "એક ઇશ્વર"નું અપમાન કરે છે. આ આધ્યાત્મિક જીવન અંગેની ભારતીય શૈલીનો સંદેશ છે. જેઓ આ સત્યને સમજ્યા છે અને તેનું અનુસરણ કરે છે, તેઓ આ ભારતના સાચા પુત્રો અને પુત્રીઓ છે.

સત્ય તમામની સમજની બહાર છે. તમામ આવું જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી કે, આ વિશ્વનો અધિષ્ઠાતા કોણ છે - શાસક કોણ છે? આ બ્રહ્માંડના ઉદભવનું કારણ શું છે? તે ક્યારે ઉદભવ્યું? તે કેવી રીતે ઉદભવ્યું? આ અસ્તિત્વ પાછળનું કારણ શું છે? વેદોમાં આ રહસ્યો અંગેની અનેક ઋચાઓ છે. ભારતીય સંતોએ તેની ઉપર ચિંતન કર્યું છે.

સર્જનમાં તમામ તત્વોનો સમન્વય જરૂરી છે. જેનો સમન્વય થાય છે તેનું વિઘટન થશે જ. અને તે સમયાંતરે મુક્ત બનશે. વ્યક્તિનું સર્જન થયું છે અને એટલે જ તે એક દિવસે વિલય પામી મૃત્યુ પામશે. હવે કેટલીક વ્યક્તિઓ જન્મજાત સુખી છે. કેટલીક તંદુરસ્ત અને સુખી જીવન ધરાવે છે. જ્યારે કેટલાક લોકો જન્મથી જ દયનીય દશામાં હોય છે. બીજા કેટલાક વિકલાંગ કે અપંગ હોય છે. કેટલાક જન્મથી જ દુર્બળ મનોબળવાળા હોય છે. કોણે તેમને નુકશાન કે ઈજા પહોંચાડી? ઇશ્વર ન્યાયપૂર્ણ અને દયાળુ ગણાય છે એટલે એવી દલીલ કરી શકાય કે, આવો ઇશ્વર કઇ રીતે આટલો પક્ષપાતી કે પૂર્વગ્રહયુક્ત બની શકે છે? ઇશ્વરના આ શાસનમાં આવો ભેદભાવપૂર્ણ વ્યવહાર કેવી રીતે આવ્યો? આવી શંકાઓ થવી સ્વાભાવિક છે.

પરંતુ આ ભૂમિની વિચારધારાને ઘડનારા ઋષિમુનિઓની દ્રષ્ટિ જણાવે છે કે; આ ભેદભાવનું કારણ ઇશ્વર નથી, તે વ્યક્તિએ પૂર્વજન્મમાં કરેલા કર્મોનું પરિણામ છે. એ કર્મો જ સુખ અને દુઃખ, સુખાકારી અને પંગુતામાં પરિણમે છે.

સારૂં અને ખરાબ આપણે જાતે બનાવેલું છે. આપણા પૂર્વજન્મોનાં કર્મોનાં પરિણામો છે. શું મનુષ્ય દેહ અને તેના સંજોગો જીવનના ઉતાર-ચઢાવ; આનુવંશિક પ્રભાવો અને વલણોનાં આ વિષય અંગે વિચારતા સંચિત પરિણામ નથી? માનસિક અને ભૌતિક એમ બે બાબતો સમાંતર આયામોની માફક આપણી સમક્ષ આવે છે. જો મનુષ્યના સ્વભાવ અને તેનાં વિશેષ ગુણો સંબંધિત સમસ્યાઓ અંગેના સંતોષકારક જવાબો ભૌતિકવાદમાં મળી શકે, તો આત્મા જેવી કોઇ ચીજમાં માનવાનો કોઇ આધાર રહેતો નથી. પરંતુ, વિચારવાની ક્ષમતા જેવી બાબતો ભૌતિક તત્વોમાંથી ઉત્ક્રાંત થઇ છે એવું દર્શાવવું અશક્ય છે.

જ્યારે કોઇ કામ વારંવાર કરવામાંaa આવે ત્યારે આદત, કૌશલ્ય બની જાય છે. આથી નવજાત શિશુ જે આદતો દર્શાવે છે તે ઘણાંય પૂર્વે કરેલાં સતત પુનરાવર્તનનું પરિણામ છે. બેશક; આવી આદત પૂર્વજન્મ કે જન્માંતરોમાં પડી હશે. આથી તમામ સજીવોના પૂર્વજન્મો અને ભાવિજન્મોની આધારભૂતતાને સ્વીકારવી જરૂરી બની જાય છે. ભારતીય આધ્યાત્મિક વિચારોની આ પાયાની માન્યતા છે.

# ચમત્કારોનો ચમત્કાર

ભારતના સંતાનો એવું માને છે કે તેઓ દરેક આત્મા સ્વરૂપ છે. તેઓ જાણે છે કે આત્માને તલવારથી છેદી શકાતો નથી, અગ્નિથી બાળી શકાતો નથી, પાણીથી ભીંજવી શકાતો નથી. વાયુ તેને સુકવી શકતો નથી. આત્માને કોઇ સીમા નથી. તેનું કેન્દ્ર આ દેહ છે. પરંતુ તેનો વ્યાપ અનંત છે. મૃત્યુનો અર્થ છે-એક થી બીજા શરીરમાં આત્માનું આવાગમન. આ માન્યતા દરેક ભારતીયનાં મનમાં દ્રઢપણે રહેલી છે.

આત્મા; આ સ્થૂળ કે દુન્યવી મર્યાદા કે નિયમોને આધીન નથી પરંતુ તે સ્વભાવથી જ મુક્ત છે. તે અસીમ છે, તે પરિશુધ્ધતા, પવિત્રતા અને પૂર્ણતા છે. પરંતુ આ ભૌતિક શરીર સાથે સંકળાયેલો હોવાથી એવું માનવામાં આવે છે કે તે પણ ભૌતિક પદાર્થોની જ નીપજ છે. આ એક અજાયબી, એક રહસ્ય, એક ચમત્કાર છે કે તે મૂર્ત સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. આ અજાયબી, આ રહસ્યને ઉકેલવું અને સમજાવવું તે કોઇપણ વ્યક્તિની ક્ષમતા બહારની વાત છે.

કેવી રીતે પૂર્ણ આત્મા એવા ભ્રમમાં પડી શકે છે, તે "અપૂર્ણ"છે, "એક અંશ"છે? કેટલીક વ્યક્તિઓ કહી શકે કે, જો વ્યક્તિ અસંભવ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા પ્રયાસ કરતી હોય તો તેનામાં કદી અપૂર્ણતાની ચેતના ઉદભવી શકે નહીં. તેઓ કહી શકે કે આ કેવળ તેમનું અજ્ઞાન છે. કેવી રીતે તે પોતાનો સ્વભાવ જરા સરખો પણ ગુમાવી શકે? ભારતીયો સરળ અને નિષ્ઠાવાન છે અને તેમનો સ્વભાવ કૃત્રિમ છે. તેઓ કદી અસંભવ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા સત્યાભાષી દલિલોનો આશ્રય લેશે નહીં. પોતાની સામે આવી પડેલી સમસ્યાઓમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરવાની હિંમત તેઓ ધરાવે છે. આથી આપણો જવાબ એ છે કે, આવી ભ્રમણા કદી ઉદભવી શકે નહીં. જે પૂર્ણ છે તેમાં "અપૂર્ણતા"આરોપિત કરવાની ભૂલ થાય તેવો કોઇ આધાર નથી. "પૂર્ણ"પદાર્થ જે "આત્મા"છે તે કદી પણ પોતે "કશીક એષણા"કે "અપૂર્ણ"હોય તેવી કલ્પના કરી શકે નહીં, કે એવું અનુભવી પણ ના શકે કે પોતે જેનાહાર્દમાં રહેલો છે તે ભૌતિક આવરણો પૂરતો તે સીમિત છે.

દરેક વ્યક્તિ એવું અનુભવે છે કે તે પોતે દેહ-સ્વરૂપ છે. શું કોઇ બતાવી શકે છે કે આવી ભાવના કેવી રીતે ઉત્પન્ન થઇ અને હજુ પણ અસ્તિત્વ ધરાવે છે? ના, કોઇપણ વ્યક્તિ આનો જવાબ આપી શકશે નહીં. કેટલાક કહે છે તેમ કહેવું કે "તે ઇશ્વરની ઇચ્છા છે."આ કોઇ યોગ્ય જવાબ નથી. "હું જાણતો નથી"એવા સરળ વિધાનનો જે અર્થ થાય છે એ જ અર્થ "તે ઇશ્વરની ઇચ્છા છે"એ વિધાનનો પણ છે. પ્રથમ વિધાનને સાંભળ્યા બાદ બીજા વિધાનથી આપણું જ્ઞાન

વધતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, વ્યક્તિમાં રહેલો "આત્મા", "જીવાત્મા"એ શાશ્વત છે, અમર્ત્ય છે, પૂર્ણ છે. મૃત્યુ નામની કોઇ ચીજ નથી. જે દેખાય છે તે કેવળ કેન્દ્રની ફેરબદલી છે.

આપણી વર્તમાન સ્થિતિ અને સંજોગો આપણા પૂર્વજન્મનાં જીવનનાં આધારે નક્કી થાય છે. એ જ રીતે જે પરિસ્થિતિમાં આપણે ભવિષ્યમાં રહેવાનું છે તે આપણે આજે જે કર્મો કરીએ છીએ તે દ્વારા નક્કી થાય છે. એકથી બીજાં જીવન વચ્ચે, એકથી બીજાં મૃત્યુ વચ્ચે વ્યક્તિ પ્રગતિ કરે છે, અધોગતિ કરે છે, વ્યાપ્તિને પામે છે કે સંકોચાઇ જાય છે. તોફાની સમુદ્રમાં સપડાયેલી એક દુર્બળ નૌકાની માફક મનુષ્ય વિશાળકાય મોજાંઓ ઉપર સવાર થઇ તેની ટોચ ઉપર પહોંચી જાય છે અને બીજી જ ક્ષણે ભયાનક ગતિ સાથે તેની ગર્તામાં ગરકાવ થઇ જાય છે. ઉત્થાન અને પતન અનિવાર્યપણે તેણે કરેલાં સારાં-ખરાબ કર્મોનાં પરિણામ છે. ઓ ! અમૃતના સંતાનો ! સાંભળો, ભ્રમણા અને અંધકારની સીમાઓની પેલે પાર વસનારા પુરુષોમાં શ્રેષ્ઠ એવા પુરુષોત્તમની દ્રષ્ટિ જેમને મળેલી છે એવા ઋષિઓનાં વચનોમાં મળતો જવાબ સાંભળો; ઓ મનુષ્યો ! બંધુઓ ! મૃત્યુના બંધનમાંથી મુક્તિ મેળવવાનો એક માત્ર માર્ગ "તેને જાણવાનો"છે. કદી એવું ના વિચારો કે તમે પાપી છો, કારણ તમે આનંદના ઉત્તરાધિકારી છો. તમે ઇશ્વરની "પ્રતિકૃતિ "છો. તમે અખૂટ આનંદના ભાગીદાર છો. તમે તમારા સ્વભાવથી જ પવિત્ર છો, હંમેશા પૂર્ણ છો, તમે ખરેખર આ ધરતી પર વિચરણ કરતા ઇશ્વર છો. તમને પાપી ગણવાથી મોટું બીજું ક્યું પાપ હોઇ શકે? જ્યારે તમે "પાપી"નો ઇલ્કાબ સ્વીકારો છો ત્યારે તમે તમારી જાતનો અનાદર કરો છો ! "તેનું"અપમાન કરો છો ! આવા વિચારોથી ભ્રમિત થશો નહીં. તમે આત્મા છો ! તમે અમૃતનાં બિંદુ છો જે આરંભ કે અંતને જાણતું નથી. તમામ ભૌતિક ચીજો તમારી ગુલામ છે, તમે તેના ગુલામ નથી."

આ શબ્દો ઋષિઓના છે જેમણે આ સત્યનાં દર્શન કર્યા ના હોય તે કેવી રીતે આ ભારતીય અર્થઘટનને બીરદાવી શકે? ભારતીયોનું એવું સદભાગ્ય છે કે, તેમણે પિતા, માતા, ગુરુ, મિત્ર અને પ્રિયતમના રુપમાં ઇશ્વરનો સાક્ષાત્કાર કરનારી ભાવનામાંથી મહાન શક્તિ પ્રાપ્ત કરી છે. તેમણે અહીં કે અન્યત્ર રહેલી કોઇપણ ચીજ કે વ્યક્તિ કરતાં ઇશ્વરને સવિશેષ પ્રિય ગણ્યો છે. જેઓ કેવળ ઇન્દ્રિયગમ્ય આનંદને જ જાણે છે તેઓ કેવી રીતે આ પરમ સત્યને જાણી શકે? ઇન્દ્રિય આનંદ માટે વલખાં મારવાથી સત્યને પારખનારા આંતરચક્ષુ ઉપર પડદો ઢંકાઇ જાય છે. આવી એષણા વધુ અને વધુ ઇચ્છાઓ અને તેને પ્રાપ્ત કરવા માટેનાં કર્મોની લાલસા ઉત્પન્ન કરી અનેક સ્વરૂપે વ્યક્ત થયા કરે છે. જાડાં આવરણની માફક આવી એષણા સત્યને ઢાંકી દે છે.

આધ્યાત્મિક પ્રગતિમાં આ આવરણને ઓળખવું તે એક મોટો તબક્કો છે. આ વેદાંતનો પાયાનો સિધ્ધાંત છે. સ્મૃતિ પૂર્વેના સમયકાળથી સત્ય સ્વયં સિધ્ધ હોવા છતાં આ પડદાએ તેને મનુષ્યથી છૂપું રાખ્યું છે. સદીઓથી ભારતીયોએ તેને મૂળભૂત અવરોધ તરીકે ખોળી કાઢયું છે. આ આવરણને કેવી રીતે દૂર કરવું, અને સત્યને કેવી રીતે ઓળખવું? ભારતીય પ્રજા જાણે છે કે, આનો ઉકેલ વસ્તુનિષ્ઠ કે બહારી વિશ્વમાં નથી અને આથી તેને ત્યાં શોધવો તે નિરર્થક બની રહેશે. બહારી વિશ્વમાં યુગો સુધી શોધ ચલાવવા છતાં સફળતા મળી શકશે નહીં. કારણકે અનુભવ એક માત્ર સિધ્ધિ અપાવી શકે.

સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે ભારતીયોએ જ્યાં સુધી સત્યને ઓળખ્યું નહીં અને વિશ્વને તે જણાવ્યું નહીં ત્યાં સુધી સંયમ અને શિસ્ત ભરી તપશ્ચર્યાનો માર્ગ અપનાવ્યો હતો. તેમણે ઇન્દ્રિયોની તૃષ્ણા તેમજ બહારી વિશ્વ પ્રત્યેનાંઅનેકવિધ આકર્ષણોનો પરિત્યાગ કર્યો. તેમણે વિશ્વને આ બોધપાઠ શીખવ્યો છે. ભારતીય જિજ્ઞાસુઓ માટે આ રહસ્યને શોધી કાઢવા માટે મનુષ્યનું મન એક સાધન બની રહ્યું હતું. આ પ્રજ્ઞાનો મૂળભૂત સિધ્ધાંત તેમનો અમૂલ્ય વારસો છે. તેમના માટે મનનો ઉપયોગ કરી તેના સ્વભાવ અને લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવો તે અત્યાવશ્યક બની ગયું હતું. તેમને એ વાત તરત સમજાઈ ગઇ હતી કે બાહ્ય વિશ્વનો અભ્યાસ તેમને કશે દોરી જશે નહીં. તેમણે પોતાનું ધ્યાન પોતાની ચેતનાના આંતરિક “પ્રદેશો”તરફ વાળ્યું. આમ તેમણે વેદાંતના માળખાંનો પાયો નાંખ્યો. આ વેદાંતની શોધખોળોની શરૂઆત હતી.

સત્યને અન્ય કશે શોધવાની જરૂર નથી. તેને મનુષ્યની અંદર જ શોધો. તે ચમત્કારોનો ચમત્કાર છે. મનુષ્યની અંદર જે નથી તે અન્યત્ર તેની બહાર હોઇ શકે નહીં. તેની બહાર જે કંઇ દ્રશ્યમાન છે તે તેની અંદર જે રહેલું છે તેનું જ આછું પ્રતિબિંબ છે ! પ્રાચીન માન્યતા એવી હતી કે ઇશ્વર આ વિશ્વની બહાર રહીને તેની ઉપર પોતાનું શાસન ચલાવે છે. ભારતીય જિજ્ઞાસુએ આ વિચારને સાધના દ્વારા તપાસ્યો અને જણાવ્યું કે ઇશ્વર આ જગતની અંદર રહેલો છે અને આ જગત એનું બનેલું છે. ભારતીય પ્રજાએ આધ્યાત્મિક વિશ્વને આપેલું આ સૌ પ્રથમ પ્રદાન હતું કે, “ઇશ્વર મનુષ્યની બહાર નથી. પરંતુ તે તેના અત્યંત ગહનતમ ઊંડાણમાં પડેલો છે.”તેમણે જાહેર કર્યું હતું કે, “હૃદયમાં જે સ્થાને તે સ્થપાયેલો છે ત્યાંથી તેને દૂર કરવો અસંભવ છે તે આપણા આત્માનો આત્મા છે. તે આપણા દરેકની આંતરિક વાસ્તવિકતા છે."

જેઓ વેદાંતની પરમદ્રષ્ટિને ગ્રહણ કરવા ઉત્સુક છે તેમણે કેટલાક પાયાના વિચારો સમજવા પડશે. દર્શન એ કોઇ પુસ્તક કે એક વ્યક્તિની કૃતિ નથી. મહામુનિ મનુએ આ ભારતને

બ્રહ્માવર્ત અર્થાત બ્રહ્મના પ્રદેશ તરીકે ઓળખાવ્યો હતો. અર્થાત એવો આધ્યાત્મિક પ્રદેશ જ્યાં સર્વવ્યાપી અને અનુભવાતીત એવા "પરમ એક"ની શોધનો ઉદભવ થયો હતો અને તેમાં સિધ્ધિ પ્રાપ્ત થઇ હતી. આ શોધ કરનારા સંતોની શોભાયાત્રાઓ ભારત વર્ષમાંથી નીકળી ખંડે-ખંડમાં ફરી વળી હતી. પર્વતમાળામાંથી નીકળતી મહાનદીઓની માફક પરમ્ સત્યનીશોધની આધ્યાત્મિક સાધનાનો પ્રવાહ આ ભૂમિ પરથી ફેલાયો હતો. આ ભૂમિએ વાદળોના ગર્ભમાંથી સંભળાતી વિજળીની ગર્જના સમા વિશ્વાસ અને હિંમત સાથે વિશ્વ સમક્ષ પોતાના આધ્યાત્મિક સંદેશાઓ સંભળાવ્યા હતા. જ્યારે વિદેશી પરિબળો ભારતમાં ફૂટી નીકળ્યા હતા ત્યારે આ પવિત્ર ભૂમિએ પ્રહારોના ઘાવ ઝીલ્યા છે, તેણે આ હુમલા સામે પોતાની છાતી વિરતાપૂર્વક ધરી દઇ આક્રમણનો પ્રારંભિક પ્રહાર સહન કર્યો છે. અનેક વખત આ ભૂમિએ આવા આક્રમકોનો મુકાબલો કરી, ઘાવ સહન કર્યા છે. પરંતુ આમ છતાં આ ભૂમિએ આ માર્ગ ઉપરની પોતાની કીર્તિ, ખ્યાતિ અને મક્કમ શક્તિ ગુમાવી નથી.

આ ધરતીમાંથી ધૈર્ય અને કરૂણાની મૂર્તિ સ્વરૂપ ગુરૂ નાનકે પ્રેમનો અત્યંત અદ્ભુત સંદેશો આપ્યો છે. તેમનું સર્વગ્રાહી હૃદય આ ભૂમિમાં ખીલી ઉઠયું છે. આ ભૂમિના સંતાનો, આ સંસ્કૃતિના વારસદારો-ભારતીયોએ પોતાના હાથ ફેલાવીને કેવળ હિન્દુ જગતને જ નહીં પરંતુ મુસ્લિમ જગતને પણ પ્રેમનું આલિંગન આપ્યું છે. અંતિમ શ્વાસ સુધી હિન્દુ સંસ્કૃતિનું વિરતાપૂર્વક સમર્થન કરનારા પ્રતાપીઓમાં સૌથી આગળ પડતા ગુરૂ ગોવિંદસિંહ હતા. પોતાને છોડીને જતા રહેલા લોકો, જેમને કારણે તેમણે યાતનાઓ સહન કરવી પડેલી અને છતાં પણ યાતના સામે અડગ ઉભા રહીને પોતાનું અને પોતાના પ્રિયજનનું લોહી જેમણે રેડી દીધું હતું. જેમણે પોતાના દેશબંધુઓની સામે એક પણ દોષ ઉચ્ચાર્યો નહતો પરંતુ દક્ષિણમાં પ્રવેશ કરી પોતાનું જીવન કુરબાન કરી દીધું હતું. આવા ગુરૂ ગોવિંદસિંહ જેવા આગળ પડતા આગેવાનોએ વિશ્વના સર્વે મનુષ્યોના સારા હિત માટે સેવા કરી છે. સમગ્ર માનવજાત તેમની ઋણી છે.

પ્રત્યેક વ્યક્તિ એક આગવી હસ્તી છે. એ જ રીતે પ્રત્યેક રાષ્ટ્ર પણ એક આગવી ઓળખ ધરાવે છે. દરેક વ્યક્તિ બીજાઓ કરતા કેટલીક બાબતોમાં જુદી હોય છે. અને તે કેટલીક વિશિષ્ટ ખાસીયતો ધરાવે છે, જે તેની પોતાની હોય છે. એ જ રીતે દરેક રાષ્ટ્ર કેટલાક વિશેષ લક્ષણો ધરાવે છે. જે બીજા રાષ્ટ્રોમાં જોવા મળતા નથી. દરેક વ્યક્તિએ વ્યવસ્થાના ભાગ તરીકે એક ભૂમિકા ભજવવાની હોય છે. તેના પોતાના પૂર્વના કર્મોએ તેને માટે એક વિશિષ્ટ રાહ નિર્ધારિત કરેલો હોય છે. રાષ્ટ્રોનો ઇતિહાસ પણ આવો જ છે. દરેકે તેના ભાગ્ય દ્વારા નિર્ધારિત ભૂમિકા ભજવવાની હોય છે.

એક રાષ્ટ્રે વિશ્વ સમુદાયને પોતાનો વિશેષ સંદેશો આપવાનો હોય છે. આથી ભારતીય પ્રજાએ સમજવું જોઇએ કે, શાંતિના વિશ્વગાન સાથે સૂર મિલાવી આ રાષ્ટ્ર પણ પોતાની ભૂમિકા ભજવવાની છે. તમે બાળપણની વાર્તાઓમાં સાંભળ્યું હશે કે કેટલાક સાપનાં દરમાં રત્નો હોય છે અનેજ્યાં સુધી આ રત્નોના પ્રકાશથી સાપનું દર આલોકિત રહે છે ત્યાં સુધી આ સાપને મારવો શક્ય નથી. આ વાર્તાને યાદ રાખશો તો તમે ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ કેવી રીતે બચી છે તે માનવ ઇતિહાસની સૌથી ચમત્કારિક ઘટનાને સમજી શકશો.

# મૂળભૂતમાન્યતા

સનાતન ધર્મએ સદીઓ સુધી ઇસ્લામ ધર્મનાં નિર્ણાયક વિરોધનો સામનો કરવો પડયો હતો. મુસ્લિમ સત્તાની રાજનૈતિક પરાધીનતાએ સમસ્યામાં ઉમેરો કર્યો હતો. “અલ્લાહ ઓ અકબર” નો નાદ આકાશને આંબતો હતો અને સદીઓથી દ્રષ્ટાઓ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી ભારતીય સંસ્કૃતિનાં અસ્તિત્વ સામે જ તેમણે પડકાર ઉભો કર્યો હતો. અન્ય કોઇ રાષ્ટ્રે આટલા લાંબા સમય સુધી અને આટલી ઊંડી બીક સહન કરવી પડી નથી. પરંતુ આ ભૂમિનો શાશ્વત તાજગી ધરાવતો શક્તિશાળી ધર્મ આ પરીક્ષામાં અડીખમ ઉભો રહ્યો. આજે પણ સનાતન ધર્મ એટલો જ શક્તિશાળી અને માન્ય છે. તે કોઇપણ નવા ખૂણામાંથી આવતા નવા પડકારને પહોંચી વળવા તૈયાર છે. સમયને જોતાં ખ્યાલ આવે છે કે, શા માટે તે રચનાત્મક પ્રભાવનું પોતાનું ક્ષેત્ર વિસ્તારી આગેકૂચ કરવા માટે તૈયાર છે. વિસ્તરવું એ “જીવન” ની નિશાની છે.

આજે ભારતીય સંસ્કૃતિ દ્વારા નિર્ધારિત સિધ્ધાંતો અને વ્યવહારો તેમજ તેમાં રહેલાં વલણો અને ભાવનાઓ કેવળ આ ઉપખંડની સરહદોમાં સીમિત રહ્યાં નથી. આપણે ઇચ્છીએ કે ના ઇચ્છીએ તો પણ તે બીજા દેશો સુધી પહોંચ્યા છે અને ત્યાં પણ પ્રસ્થાપિત થયા છે. મુખ્ય વિચારો, સિધ્ધાંતો, અગત્યના દ્રષ્ટિકોણો તે લોકોના સાહિત્યમાં પ્રવેશ્યા છે અને તેમની વિચાર પ્રક્રિયા ઉપર તેનો પ્રભાવ પડયો છે. કેટલાક દેશોમાં કેટલાક લોકો વચ્ચે તેમણે નિર્વિરોધપણે પ્રભાવક ભૂમિકાઓ ભજવી છે. કારણકે ભારતે વિશ્વની શાંતિ અને સમૃધ્ધિ માટે આધ્યાત્મિક જ્ઞાનનો અમૂલ્ય વારસો પ્રદાન કર્યો છે. અન્ય કોઇ દેશનાં પ્રદાન કરતાં ભારતનું આ પ્રદાન ઘણું ઉત્કૃષ્ટ છે. એ અતિઆવશ્યક, અતિ બુનિયાદી અને અતિ મૂલ્યવાન છે. આ હકીકત સમગ્ર માનવજાત સમક્ષ સ્પષ્ટ થઇ ચૂકી છે.

આ ભૂમિના પ્રાચીનોએ અન્ય સમસ્યાઓની તપાસના વિરોધી ન હતા. તેમણે પણ અન્ય લોકોની જેમ બાહ્ય પ્રકૃતિનાં રહસ્યોને સમજવા માટે કોશિશ કરીહતી અને આ અદભૂત રાષ્ટ્રે આ ક્ષેત્રમાં પણ પોતાની તીવ્ર મેઘાવી બુધ્ધિનો ઉપયોગ કરીને પરિણામો હાંસલ કર્યા છે. જેનો અન્ય દેશોના લોકોને સ્વપ્ને પણ ખ્યાલ ના હોઈ શકે. શિક્ષણનો સર્વોપરી હેતુ મનુષ્યને “વૈશ્વિક અતિ-આવશ્યક નિર્વૈયક્તિક ચેતના” પ્રત્યે જાગૃત કરવાનો છે. વેદમાં આ સત્ય જોરશોરથી કહેવામાં આવ્યું છે. ભારતના દ્રષ્ટાઓ અને મનીષીઓએ હિંમતપૂર્વક આ સાહસમાં ઝંપલાવ્યું છે. પ્રકૃતિનાં સતત બદલાતાં રહેતાં પાસાંઓ, તેની ક્રિયાઓનું દ્રશ્યમાન અને અદ્રશ્યમાન થવું તે એક અભ્યાસનો સારો વિષય હોઇ શકે. પરંતુ ભારતના પ્રાચીનોએ દાવો કર્યો છે કે, આ વિશ્વ

આ અપરિવર્તનશીલ-શાશ્વત-અક્ષત-પૂર્ણ આનંદનાં મૂર્ત સ્વરૂપ, શાંતિનાં નિવાસસ્થાન, વ્યક્તિગત "જીવી" નાં અંતિમ આશ્રય સ્થાન સમા અનુભવાતીત "પરમ એક" નાં સિધ્ધાંતનું વિજ્ઞાન તે મનુષ્યએ પ્રાપ્ત કરવા જેવું સર્વોચ્ચ જ્ઞાન છે.

વસ્તુનિષ્ઠ પ્રકૃતિને લગતા સિધ્ધાંતોનું જ્ઞાન વધુમાં વધુ મનુષ્યને ખોરાક અને વસ્ત્રો પૂરા પાડી શકે. તે મનુષ્યને તેની પ્રાપ્તિના માર્ગો અને સાધનો શીખવે છે. તે બળવાન દ્વારા કમજોરના શોષણ તરફ દોરી જાય છે. જો ભારતના લોકોએ વિશ્વનાં રહસ્યોને જાણવાની શોધખોળો પાછળ પોતાની શક્તિ ખર્ચી હોત તો તેમણે તેમાં સહેલાઇથી પ્રવીણતા મેળવી હોત.

પરંતુ, ભારતના લોકોએ ખૂબ જ જલદી એ જાણી લીધું કે આ શોધખોળ એ દ્વિતીયક છે અને પ્રથમ સ્થાન આધ્યાત્મિક શોધખોળને આપવું જોઈએ. તેમણે નક્કી કર્યું કે બાહ્ય પ્રકૃતિનાં રહસ્યોની તપાસ કરવી તે ભારતીયોની ખરી નિશાની નથી. આ નિષ્કર્ષે આ દેશમાં ગૌરવ આણ્યું છે. અન્ય લોકોને આ સમસ્યાનો લગીરે ખ્યાલ ના આવી શકે. પ્રહલાદ્ ની જેમ ભારતીયો અગ્નિ પરીક્ષા અને સદીઓની યાતનામાંથી હેમખેમ પાર ઉતર્યા છે. જેઓ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ ધરાવતા નથી તેઓ ભારતીય નથી. વિદેશમાં વસતા ઘણાં લોકો એવું માને છે કે ભારતીય લોકો વધુ પડતા રાજનૈતિક દ્રષ્ટિકોણો વાળા છે અને બહુ થોડા લોકો આધ્યાત્મિક દ્રષ્ટિકોણ ધરાવે છે. આ ખ્યાલ ભૂલ ભરેલો છે. ભારતે હંમેશાજીવનનો આધ્યાત્મિક માર્ગ સૂચવ્યો છે અને તેને દરેક ભારતીયનું સૌ પ્રથમ અને સર્વોપરી કર્તવ્ય ગણાવ્યું છે. આ કર્તવ્ય નિભાવ્યા બાદ જ્યારે પણ અવકાશ મળે ત્યારે ભારતીયોને લાગે છે કે, તેમણે પોતે જે ધરાવે છે તે આધ્યાત્મિક ક્ષમતા એકત્ર કરવી જોઈએ અને તેની ખાત્રી કરવી જોઇએ. ભૂતકાળમાં આવું જ બન્યું છે. રાષ્ટ્રીય એકાત્મતાનો એ દિવસોમાં અર્થ તમામ આધ્યાત્મિક પરિબળો અને ઇચ્છાઓ જે આ ભૂમિના જિજ્ઞાસુઓમાં છુટી છવાઇ પડેલી છે, તેનું એકત્રીકરણ અને સમન્વય એવો થતો હતો. ભારતમાં રાષ્ટ્રનો અર્થ હૃદયનું મિલન તેવો થાય છે. તેઓ એક જ આધ્યાત્મિક આહવાન અને એક સરખી તીવ્રતા સાથે એક સરખું ગીત ગાય છે. મૂળભૂત સત્ય એ છે કે, પ્રતિપાદિત થયેલો ધર્મ આકાશ જેટલો વિસ્તરેલો છે. સર્જન જેટલો શાશ્વત છે. આ સત્ય અનેક સરળ રીતે વર્ણવાયું છે. અને ખૂબ જ વિગતે અને ઉંડાણપૂર્વક તેની ઉપર ટીકાઓ થઇ છે પરંતુ જેમણે આ સત્યનાં અર્થઘટનો શોધી કાઢ્યાં છે અને પ્રતિપાદિત કર્યા છે તેમની દ્રષ્ટિનાં ઉંડાણનાં પરિણામે ઘણાં ધર્મો તેઓ જે માન્યતાઓ ધરાવતા હતા, તેના આધારે ઉત્પન્ન થયા છે.

આપણાં વલણો અને આચરણમાં વિવિધતા હોવી તે સ્વાભાવિક છે. તમામ સંપ્રદાયોની ઉપરવટ કોઇ એક ધર્મનું મોટું સ્થાન નથી. જુદા જુદા ધર્મો પાળતા લોકો વચ્ચેની દુશ્મનીથી કોઇપણ દેશમાં શાંતિ અને સમૃધ્ધિ ના આવી શકે. ધર્મ અપનાવવાની આઝાદી વિના વિશ્વની પ્રગતિ શક્ય નથી. ભારતે શીખવ્યું છે કે, એક નાનું જુથ વિશ્વનાં અખૂટ સંસાધનો ઉપર અંકુશ ધરાવી શકે નહીં. આથી અસરકારક સંચાલન માટે સમુદાયના પ્રત્યેક સમુહને સામુદાયિક કાર્ય અને તેના સાર્વજનિક હિતોની સમાનપણે વહેંચણી કરવી જરૂરી છે. આને કારણે વિવિધતા અને વિવેક જાળવવાની સુવિધા પ્રાપ્ત થઇ છે. આધ્યાત્મિક શક્તિઓ અને ક્ષમતાના પ્રાયોગિક અમલ માટે વિવિધતાને માન્યતા મળી છે. આથી સંકુચિતતાવાદ અને સંઘર્ષની જરૂર નથી. પરંતુ આ વિવિધતા પણ ઉપરછલ્લી છે તે વાસ્તવિક નથી. અને આ અનેકવિધતામાં અંતર્હિત એવા “એક” ના સાક્ષાત્કાર કરવા માટેની ચાવી શોધી કાઢવાના પ્રવેશાધિકારના મુદ્દા પર હરિફાઇની ભાવના છે. “એકમ સત્ વિપ્રઃ બહુધા વદન્તિ” (કેવળ એક જઅસ્તિત્વ ધરાવે છે. પંડિતો તેને અનેકવિધ રીતે વર્ણવે છે) આ પ્રાચીન ઉક્તિમાં અમૂલ્ય રહસ્ય સમાયેલું છે.

આથી એવું ભારપૂર્વક કહી શકાય કે ભારતીય પ્રજાનો ધર્મ એક જ છે. જે તમામ ધર્મોને સ્વીકારે છે અને તેમનો આદર કરે છે. જ્યારે આપણે આપણાં હ્રદયમાં સાંપ્રદાયિકતા અને ધર્માંધતાને સ્થાન આપીએ છીએ ત્યારે આપણે આપણાં પિતામહોની નાલેશી કરીએ છીએ. આપણે શાસ્ત્રીય વેદાંતિક ધર્મોનું અનુસરણ કરતા હોઇએ કે આપણે વેદાંતિક વિચારોમાં તાજેતરના પ્રવાહોને અપનાવ્યા હોય તો પણ આપણે કેટલાક સનાતન સત્યોને યાદ રાખવા જોઇએ. જેઓ પોતાને હિન્દુ કહેવડાવે છે તે તમામ લોકોએ આ સત્યોને સ્વીકારી જીવન જીવવું જોઇએ:

૧. સૌ પ્રથમ વાત તો એ છે કે, “ભારતીય લોકો કદી દરેક વ્યક્તિએ કેવળ એક જ અભિગમ અપનાવવો જોઇએ એવી જબરજસ્તી કરતા નથી. ભારતીય સંસ્કૃતિએ પ્રતિપાદિત કર્યું છે કે આધ્યાત્મિક બાબતોમાં કોઇપણ વ્યક્તિ ઉપર જબરજસ્તી કરવી તે જઘન્ય પાપ છે.

૨. બીજું, “વેદોએ શાશ્વત વૈશ્વિક ધર્મ શીખવ્યો છે. વૈદિક સાહિત્ય તરીકે ઓળખાતાં પવિત્ર જ્ઞાનનાં આદિ કે અંત જાણી શકાય તેમ નથી. તે સૃષ્ટિનાં સર્જનનું સમકાલિન છે. આ સત્યમાં અધ્યાત્મ અંગેની શોધખોળ અને ધર્મની શાખાઓ સમાયેલી છે. (અને સંતૃપ્તિ પામે છે) વેદોનાં અભ્યાસનું અનુસરણ કરનારી કોઇપણ વ્યક્તિ આ તારણનો ઇન્કાર કરી શકે નહીં. કારણકે, આધ્યાત્મિક અભિગમો અને અપેક્ષાઓના મતભેદો અંગેની તમામ સમસ્યાઓનો સંતોષજનક ઉકેલ આપણને વૈદિક ગ્રંથોમાંથી જ મળે છે. વેદોનો કયો હિસ્સો આધારભૂત છે તે

અંગે જુદા જુદા દ્રષ્ટિકોણો પ્રવર્તે છે. જે વ્યક્તિ એક સંપ્રદાય સાથે સંકળાયેલી હશે તે વેદોનાં કેટલાક ભાગને અન્ય ભાગો કરતાં વધુ પવિત્ર કે અલંઘનીય ગણતી હશે. આમ છતાં, તમામ લોકોને બક્ષેલાં શિક્ષણ અને બોધપાઠોનાં સહભાગી અને બંધુઓ છે. આજે આપણને ઉન્નતિ પ્રદાન કરનારું અને ફાયદાકારક લાગે છે, અને જે આપણાં બધા માટે પવિત્ર અને પુનિત છે, જે પરિશુધ્ધ અને ઉદ્દાત લાગે છે તે આ અદ્દભૂત અને પુરાતન ગ્રંથોમાંથી મળેલું છે. જો આપણે આ માન્યતાને સમર્થન આપીએ તો નજીવા મુદ્દાઓ અંગેના નાના સરખા મતભેદોથી આપણી વચ્ચે તિરાડ કેવી રીતે સંભવી શકે? આ કારણે આપણે આ બોધપાઠ અને સિધ્ધાંતની ઘોષણા કરવી જોઇએ, જેથી કરીને તે તમામ ક્ષિતિજોની પેલે પાર સુધી ફેલાઇ શકે.

૩. વેદો; જેણે આ વિશ્વનું સર્જન કર્યું છે, પાલન કર્યું છે અને સમયાંતરે જેનામાં આ વિશ્વ, આ સર્જનનો વિલય થવાનો છે અને જે ફરી ફરીને આ અજાયબ વિશ્વ સ્વરૂપે પ્રાકટયને પામે છે એવી પરમ વિભૂતિ સમા પરમાત્મા - ઇશ્વર સાથે નિસ્બત ધરાવે છે. અને તેમણે તેનું પ્રતિપાદન કર્યું છે. આપણે કદાચ આ ઇશ્વરના સ્વભાવ અને લક્ષણો અંગે વિવિધ માન્યતા ધરાવતા હોઇશું. એક વ્યક્તિ માનવીય સ્વભાવ અને ખાસિયતોનાં રૂપમાં તેને રજુ કરશે. જ્યારે અન્ય વ્યક્તિ કદાચ રૂપ હીન, નવતર ગુણોવાળા ઇશ્વરને માનતી હશે. આમાંની પ્રત્યેક વ્યક્તિને પોત - પોતાના દ્રષ્ટિકોણોને સમર્થન આપતાં વિધાનો વેદોમાં મળી શકશે. એ હકીકત છે કે, તેઓ જુદા જુદા મતો ધરાવતા હોવા છતાં તેમને ઈશ્વરમાં વિશ્વાસ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, તેઓ એવું માને છે કે નિશંકપણે એક જ લોકતીત શક્તિ અસ્તિત્વ ધરાવે છે અને આ તમામ જગત તેમાંથી જ ઉદભવ્યું છે અને ફરી તેમાં જ વિલય પામવાનું છે. આ માન્યતા ભારતીયોની લાક્ષણિકતા છે. જે વ્યક્તિ આવી માન્યતામાં વિશ્વાસ ધરાવતી નથી તે ભારતીય-હિન્દુ કહેવડાવવાને લાયક નથી.

કેવા સ્વભાવ અને ગુણોવાળા ઇશ્વરને તમે ભજો છો. આ સવાલ આપણા માટે અપ્રસ્તુત છે. આથી વ્યક્તિઓને વિભાજિત કરનારા વિભિન દ્રષ્ટિકોણો અંગેના ઝગડાઓને એક બાજુ મૂકીએ. આપણા માટે એટલું પૂરતું છે કે, ઇશ્વરનો સ્વીકાર અને આદર કરવામાં આવે છે કારણકે એક વર્ણન કે નિરુપણ કદાચ બીજાં કરતા બહેતર કે સ્પષ્ટ હોય તો પણ કોઇ વર્ણન કે નિરુપણ “ખરાબ” નથી. એક નિરુપણ “સારૂં” હશે. બીજું "બહેતર” હશે તો ત્રીજું કદાચ “સર્વોત્તમ" હોઇ શકે. પરંતુ ભારતીય આધ્યાત્મિક સાહસમાં કોઇ નિરુપણ કે રજુઆતને ખરાબ અને અસ્વીકાર્ય જાહેર કરી શકાય નહીં. આ જ કારણે મનુષ્યને આકર્ષી અને પ્રેરણા આપી શકે એવા કોઇપણ નામ અને સ્વરૂપને શીખવતી વ્યક્તિઓ ઉપર ઇશ્વરની કૃપા વરસે છે. કદાચ આવી આસ્થા વધુ

અને વધુ વૃધ્ધિ પામે છે. કારણકે તે જેટલી વધુ આધ્યાત્મિક પ્રગતિ સાધે છે એટલો વધુ તેનો અમલ પણ કરે છે. કેવળ આપણી ઝંખના ઇશ્વર સંબંધિત હોવી જોઇએ.

૪. આધ્યાત્મિક શોધ અને તપાસ માટે અમીરો લાયક કે ગરીબો બિનલાયક ના ગણાઇ શકે. ભારતીય માતા - પિતાઓએ આ સત્ય પોતાનાં બાળકોને શીખવવું જોઇએ. આ વિશાળ દ્રષ્ટિ સાથે તેમનો ઉછેર થવો જોઇએ.

૫. આ વિશ્વ થોડા હજાર વર્ષો પહેલા અસ્તિત્વમાં આવ્યું છે અને ભવિષ્યમાં કોઇક સમયે તે હંમેશ માટે નાશ પામી જશે એવી અન્ય દેશોના દર્શનોની માન્યતા ભારતીયો સ્વીકારતા નથી. શૂન્ય કે નાસ્તિ માંથી વિશ્વની ઉત્પત્તિ થઇ હોવાનો સિધ્ધાંત ભારતીયો સ્વીકારશે નહીં. તેઓ માને છે કે, વિશ્વ અથવા તો આ વસ્તુગત સર્જન અનાદિ અને અનંત છે. સમયની ઉત્ક્રાંતિના નિયમ અનુસાર વિલય પામી તે સુક્ષ્મ સ્વરૂપમાં બદલાય જાય છે. આ તબક્કામાં કેટલોક સમય રહ્યા બાદ તે ફરી સક્રિય તબક્કા તરફ ગતિ કરે છે, જેમાંથી તેનો ઉદ્ભવ થયો હતો. તે “એક” માં જ તે વિલય પામે છે અને તેમાંથી જ તે ફરી ધીમે ધીમે “અનેક” રુપમાં અભિવ્યક્ત થાય છે. સૂક્ષ્મ અને વિલયનના તબક્કેથી તે ફરીથી ઉદભવ પામે છે.

# ધર્મ એક અનુભવ

આગેકૂચ અને પીછેહઠ, વિલય અને ઉદભવની આ મોજાં-ભરતી જેવી ગતિ યુગોથી ચાલતી આવે છે. જ્યારે કાળનો અંત આવશે ત્યારે આ પ્રક્રિયાનો અંત આવશે. તે શાશ્વત છે. આ ભારતીયોની આસ્થા છે. મનુષ્ય કેવળ સ્થૂળ દેહ-સ્વરુપ નથી. તેનામાં મન જેવું સૂક્ષ્મ ઘટક પણ રહેલું છે. તેનો દોરીસંચાર કરનાર એવો "જીવાત્મા" (વ્યક્તિમાં રહેલ આત્મા) પણ છે. આ જીવાત્માનો કોઇ આરંભ કે અંત નથી. તે જીવન કે મૃત્યુને જાણતો નથી-આ ભારતીય આસ્થાનો પાયો છે.

આસ્થાનો એક બીજો મુદ્દો; આ ભારતીય મનો-સાધનોનું આગવું લક્ષણ છે.જ્યાં સુધી વ્યક્તિમાં રહેલો આત્મા વૈયક્તિતાથી મુક્ત બની સમષ્ટિમાં ભળી જઇ મોક્ષ પામતો નથી ત્યાં સુધી તે એકથી બીજા દેહમાં આવાંતર કરે છે અને જીવનની પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ વિચારને બીજા લોકો સમર્થન આપતા નથી. આ સંસારનો ખ્યાલ છે. જે પ્રાચીન શાસ્ત્રોએ દર્શાવ્યો અને પ્રસારિત કર્યો છે. સંસારનો અર્થ છે "એક થી બીજાં સ્વરૂપમાં ગતિ કરવી." ભારતીય લોકોમાં પ્રવર્તમાન તમામ જુદી જુદી શાખાઓ અને સંપ્રદાયો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આત્મા (દેખીતી રીતે વ્યક્તિમાં રહેલો) શાશ્વત છે અને પરિવર્તનની તેની ઉપર કોઇ અસર થતી નથી. આત્મા અને ઇશ્વર વચ્ચેના સંબંધોનાં વર્ણન અને નિરૂપણમાં તેઓ કદાચ જુદા પડતા હશે. વિચારકોની એક શાખા કદાચ એવું પ્રતિપાદિત કરતી હશે કે એ બંને હંમેશા જુદા જ છે; બીજા કદાચ એવું કહેશે કે, જીવાત્મા એ વૈશ્વિક જ્યોત ઇશ્વરની જ એક ચિનગારી છે. ત્રીજા કદાચ એવું સ્થાપિત કરે કે, એ બંને અભિન્ન છે. પરંતુ, આત્મા અનાદિ અને અનંત છે. કારણ કે તેનો જન્મ નથી કે નથી મૃત્યુ. તેણે દેહસ્થ સ્વરૂપે અનેક યોનિઓ-શરીરોમાંથી પસાર થઇ માનવ દેહમાં ઉત્ક્રાંત થવું પડે છે. તમામ શાખાઓ તેમનાં અન્ય અર્થઘટનોમાં પરસ્પરથી જુદી પડતી હોવા છતાં આ પ્રકારની આસ્થા ધરાવવામાં સમાન છે.

હવે આપણે ગૌરવપૂર્ણ સત્યમાંથી સૌથી પ્રધાન અને સવિશેષ વિસ્મયકારક સત્ય ઉપર આવીએ છીએ, જે માનવીય બુદ્ધિએ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રાપ્ત કર્યું છે, આત્મા તેના સ્વભાવથી જ પરિશુદ્ધ, પરિપૂર્ણ અને આનંદરુપ છે. આ માન્યતા એવી છે જેને શક્તિ કે શિવ કે વિષ્ણુને પૂજવાવાળા અથવા તો બૌધ્ધો કે જૈનો પણ અનુસરે છે, પ્રત્યેક હિંદુ તેનો સ્વીકાર કરે છે. દ્વૈતવાદીઓ એવું માને છે કે, આત્માનો મૂળભૂત સ્વભાવ આનંદ છે. જે મનુષ્યનાં જન્મ-જન્માંતરનાં કર્મને કારણે હ્રાસ પામી સૂકાઈ ગયો છે. આથી ઇશ્વરની કૃપા દ્વારા હવે તેને પુનઃસ્થાપિત કરી તેમાં પુનઃપ્રાણ પૂરવાનો છે. અદ્વૈતવાદીઓ (એકાત્મવાદીઓ) એવું માને છે કે

આત્માનો હ્રાસ થવો કે સૂકાઇ જવું સંભવ નથી. આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ છે. કેવળ માયા રૂપી અજ્ઞાનને કારણે સત્ય ઉપર ખોટી છબી ઉપસી આવે છે અને મનુષ્યને તેનોહ્રાસ થયો હોય તેવું લાગે છે. આ અર્થઘટનો અંગે મતભેદો જે હોય તે પરંતુ જ્યારે આપણે સત્યનાં હાર્દની વાત કરીએ છીએ ત્યારે બધા સહમત થઇ જાય છે. “પૂર્વ” અને “પશ્ચિમ” વચ્ચે એક ઉંડી ખાઇ છે. બંને પોતાના ધ્યેયની દિશામાં સફર કરે છે. પૂર્વના દેશના લોકો પોતાની જાતનાં અંતઃસ્તલનાં ક્ષેત્રોમાં શોધ આદરે છે. પ્રાર્થના કરતી વખતે આપણે આંખો બંધ કરી આપણી અંદર ઇશ્વરનો સાક્ષાત્કાર કરવા પ્રયાસ કરીએ છીએ. પશ્ચિમના લોકો પોતાનો ચહેરો ઉંચો કરી ઇશ્વરને બહારના અવકાશમાં અનંત સુધી શોધે છે. તેઓ માને છે કે, તેમનાં ધર્મગ્રંથો ઇશ્વરના આદેશ અનુસાર વ્યક્તિઓએ લખેલા ગ્રંથો છે. ભારતીય લોકો માને છે કે, તેમના પવિત્ર ગ્રંથો સ્વયં ઇશ્વરનો શ્વાસ છે. જેના અર્થો મનીષીઓનાં હૃદયમાં વાસ કરતાં ઈશ્વરે સ્વયં મનીષીઓને કહેલા છે.

એક બીજો મુદ્દો પણ ધ્યાનમાં રાખવા જેવો છે અને આપણે તેને મક્કમતાથી વળગી રહેવું જોઇએ. આસ્થા અડગ નહીં રહે ત્યાં સુધી વિજય પ્રાપ્ત થશે નહીં. જ્યારે વ્યક્તિ એવું કહે કે, તે “ક્ષુદ્ર" છે અને સમજે કે તે જાણે છે પણ બહુ ઓછું તો તે "ક્ષુદ્ર” બની જાય છે અને તેનું જ્ઞાન સંકોચાઇ જાય છે. આપણે જે હોવાનું માનતા હોઇએ છીએ તે આપણે બનીએ છીએ. આપણે સર્વ શક્તિમાન ઇશ્વરનાં સંતાનો છીએ. પરમ શક્તિ, કીર્તિ અને જ્ઞાનથી સંપન્ન છીએ. આપણે અમર્ત્યનાં સંતાનો છીએ. જ્યારે આપણે આવા વિચારોમાં મગ્ન રહેતા હોઇએ ત્યારે આપણે કેવી રીતે ક્ષુદ્ર કે અજ્ઞાની હોઇ શકીએ? ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ દરેક વ્યક્તિને એવું માનવાનો આદેશ આપે છે કે, મનુષ્યનો ખરો સ્વભાવ જ પરમ છે અને તેણે હંમેશા આ સત્ય પ્રત્યે સજાગ રહેવું જોઇએ.

પ્રાચીન ભારતીયોને તેમની મહાન વાસ્તવિકતા ઉપર વિશ્વાસ હતો. તેમણે આ વિશ્વાસને કારણે તેમના પ્રયાસોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો અને ઉદ્દાત ધ્યેય હાંસલ કર્યા હતા. તેઓ પ્રગતિના શિખરને આંબી ગયા હતા. આપણે આજે અધઃપતન પામી રહ્યા છીએ. કારણકે આપણે આપણી અંદર રહેલા આત્મા ઉપરનો વિશ્વાસ ગુમાવી બેઠા છીએ. આ આપણા પતનની શરૂઆત છે. આત્મા કે જાત ઉપરનો વિશ્વાસ ગુમાવવાથી આપણે સ્વયં ઇશ્વર ઉપરની શ્રધ્ધા ગુમાવી બેસીએ છીએ. જે આપણાં શરીર અને મનના, આપણી ભાવના અને બુધ્ધિનાં તાણાવાણા છે. તેનામાં શ્રધ્ધા દ્રઢ કરવી તે એક માત્ર ઉચ્ચત્તમ ધ્યેય પ્રાપ્ત કરવાનો ઉપાય છે. ભારતીય આધ્યાત્મિકતાનો ઇતિહાસ આ બોધપાઠ શીખવવા માગે છે.

ભારતના સંતાનો ! તમારા બાળકોને જીવનના પ્રારંભિક દિવસોથી જ આ જીવનનું જતન કરવા, ગૌરવશાળી અને હૃદયની વિશાળતાને વધારનાર સત્ય શીખવજો - ભારતીયોને મળેલી પુનિત દ્રષ્ટિ તે આ છે; આ આત્મા પૂર્ણ અને મુક્ત છે. આ એક અદ્ભુત શોધ છે, એક રોમાંચક વિચાર છે. આત્મા તેના સ્વભાવથી જ પૂર્ણ છે. તેણે પૂર્ણતા પામવી પડતી નથી કે કશું તેમાં ઉમેરાતું નથી. જો તેમાં પૂર્ણતા ઉમેરવામાં આવે તો કાળક્રમે તેમાંથી કમી પણ થાય, જે રચાય છે તે નાશ પણ પામે છે. જો મનુષ્ય સ્વભાવથી જ અશુધ્ધ હશે તો પાંચ મિનિટ માટે પણ શુધ્ધતા પ્રાપ્ત કરવામાં સફળ થશે તો પણ તેને પાછળથી ફરી અશુધ્ધિથી ખરડાવું પડશે. કારણકે વચગાળામાં આવતી શુધ્ધતા સંજોગોને કારણે સહેલાઇથી દૂર થશે. આથી તમામ આધ્યાત્મિક વિચારકો ઘોષણા કરે છે કે, શુધ્ધતા એ અમારો સ્વભાવ છે. અને પૂર્ણતા એ એક સાચી વાસ્તવિકતા છે. તેમણે કહ્યું છે કે, અમે ખરેખર કદી પણ એષણા રાખતા નથી. આ બોધપાઠ ભારતીય દાર્શનિકોએ વિશ્વને શીખવ્યો છે. આ ભારતમાંથી વહેતા અને વિશ્વને ફળદ્રુપ બનાવતા આધ્યાત્મિક પ્રવાહની શક્તિ છે.

જીવનના અંતે વ્યક્તિએ જીવનમાં પ્રાપ્ત કરેલા મહાન વિચારો અને અનુભવેલી ઉદ્દાત ભાવનાઓવાળી ચેતના કેળવવી જોઇએ. આ ભારતીય મનીષીઓએ આપેલી સુચના છે. તેમણે એવી માંગણી કરી નથી કે વ્યક્તિએ પોતાના જીવનમાં કરેલી ભૂલોને યાદ કરવી જોઇએ. આ અનિવાર્ય અને સાર્વત્રિક છે. પરંતુ મનીષીઓએ ઘોષણા કરી છે કે, વ્યક્તિએ હંમેશા પોતાની વાસ્તવિકતા પ્રત્યે સચેત રહેવું જોઇએ તથા "તેની" ભવ્યતા તેમજ ગૌરવમાં હંમેશા ધ્યાન પરાયણ રહેવું જોઇએ.

એક બીજી હકીકત પ્રત્યે આપણે સવિશેષ ધ્યાન આપવું જોઇએ. ભારતીય ધર્મનો અર્થ "અનુભવ" છે. આપણે આ હકીકત ઘણીવાર ભૂલી જઇએ છીએ. આ ખરેખર દયનીય બાબત છે. આ રહસ્ય આપણાં દરેકનાં હૃદયમાં અંકિત થઈ જવું જોઇએ. ત્યારે જ કોઇપણ વ્યક્તિ સલામત રહી શકે. આટલું જ નહીં પરંતુ ભારતીય દર્શન; આત્મ-પરિશ્રમ દ્વારા જ તમામ વસ્તુ પ્રાપ્ત થઇ શકે એવું માનતી નથી. ભારતીય લોકો જાણે છે કે, તમામ ચીજોનો આધાર દિવ્યાત્મા છે. ધાર્મિક સિધ્ધાંતોને વ્યવહારમાં મૂકી તેની આધારભૂતતાનો અનુભવ કરવો જોઇએ. તેનાં રહસ્યોને સાંભળ્યા કરવાનો કોઈ અર્થ નથી, કેટલીક દલીલો અને તારણો શીખવા અને પોપટની જેમ તેનું રટણ કર્યા કરવું તે પૂરતું નથી. જો તે વ્યક્તિની બુધ્ધિને સ્પર્શી જતા હોય અને બુધ્ધિ તેને સાચા ગણી સ્વીકારતી હોય તો તે કંઇ કામમાં નહીં આવે. તેનાથી આપણી જાત બદલાવી જોઇએ. આ જ કારણે ભારતીય દર્શન ઇશ્વરની ધારણાને પ્રતિપાદિત કરે છે અને ઘોષણા કરે છે કે, આ ઇશ્વર તે અસ્તિત્વ છે અને બનવું તે તેમનો અનુભવ છે, જે સૌથી મોટો

પુરાવો છે. આ ઘોષણા; મસ્તિષ્ક, બુદ્ધિ અથવા યુક્તિમાંથી ઉદભવી નથી. પિતામહોએ પ્રતિપાદિત કર્યું છે કે, આત્મા વૈશ્વિક આત્માનો જ એક તણખો છે. કારણકે તેઓ આ વાતથી સચેત હતા તે નિઃશંક છે. હજારો લોકો જેમણે આ અનુભવ મેળવવાનો પ્રયત્ન કર્યો છે તેઓ સફળ થયાછે. આજે પણ આવી વ્યક્તિઓનો અભાવ નથી. ભવિષ્યમાં પણ તેઓ રહેશે. આ એક એવી તરસ છે જે મનુષ્યને વિહ્વળ બનાવી દે છે.જ્યાં સુધી તે ઇશ્વરનું ધ્યાન ધરતો નથી અને પરમાનંદમાં તેનો સાક્ષાત્કાર કરતો નથી.જ્યાં સુધી તે આત્મા-તેની સચ્ચાઈ છે તેચેતનાને પામતો નથી ત્યાં સુધી તે "અપૂર્ણ" છે, એવી તરસ અને વિષાદમાં વિહ્વળ રહે છે.

મનુષ્યે સૌ પ્રથમ સત્યને ગ્રહણ કરવું જોઇએ. મનુષ્ય જેટલો જલદી સત્યને જાણશે એટલા જલદી તમામ ધાર્મિક વાડાઓ અને ઝગડાઓ અદ્રશ્ય થઇ જશે. કારણ કે જેમણે ઇશ્વરનો અનુભવ કર્યો છે અને જેઓ તેનાં ગૌરવને સમજ્યા છે તેમને જ "નીતિમત્તાનાં આધ્યાત્મિક ધોરણોનાં અનુયાયીઓ" કહી શકાય. જેમણે ઇશ્વરનો હૃદયમાં સાક્ષાત્કાર કર્યો છે તેઓ જ જે બંધનો, તેમનાં હૃદયોને જન્મ મૃત્યુનાં ચક્ર સાથે બાંધે છે તેને તોડી શકે. માત્ર મંચ ઉપરની કથા સત્યની ચેતના દર્શાવતી નથી. આવી ચેતના ધર્મ દ્વારા પ્રાપ્ત થવી જોઇએ.

આસ્તિકવાદી આસ્થાનો આધાર સાચો અનુભવ કે સાચી પ્રતીતિ છે. એક વખત આપણે આ વાતને સ્વીકારીએ પછી આત્મ-પરીક્ષા શરૂ થાય છે. અને વ્યક્તિએ પોતે પોતાના ધ્યેયની દિશામાં કેટલી સફર કરી છે તે માપી શકાય છે. ત્યારે તે અનુભવશે કે, તે પોતે અંધકારમાં ફાંફા મારે છે અને બીજાઓને પોતાની સાથે અંધકારમાં ઢસડી જાય છે. ત્યારે જ મનુષ્ય ધર્મ યુધ્ધોનાં નામે ચાલતી સાંપ્રદાયિક નફરતોને કોરાણે મૂકશે. જેઓ ધર્મયુધ્ધોમાં વ્યસ્ત છે તેમને પૂછવું જોઇએ કે, "તમે ઇશ્વરને જોયો છે? તમે દિવ્યાત્માને જાણો છો?" અથવા તો "આ ઇશ્વરનાં નામનો સ્વીકાર કે ઇન્કાર કરવાની સત્તા તમને કોણે આપી? શું તમે મને પણ અંધકારમાં ઢસડી જવા માટે અંધકારમાં બાખડી રહ્યા છો? શું એક અંધ મનુષ્ય બીજા આંધળા મનુષ્યને માર્ગ બતાવી શકે? આ એક અસંભવ કામ છે. આથી તમે મારા ઇશ્વર કે સત્યનો અનાદર કે ઇન્કાર કરતા પહેલા તમારા સત્યને સમજો."

# તમે તમે બનો

જેણે સર્વેમાં પ્રાણ પૂરનાર આત્માના મૂળતત્વનો સાક્ષાત્કાર કર્યો છે તે કદી કોઇનાં પણ ધર્મને વખોડી શકે નહીં. તે કદી કોઇ ધાર્મિક વિવાદ કે ઝગડામાં પડશે નહીં. તે કદી બીજાના સંપ્રદાય અંગે અપમાનજનક શબ્દોમાં બોલશે નહીં. તે કદી બીજાઓના સંપ્રદાયમાં ખલેલ પહોંચાડશે નહીં. કોઇપણ પ્રકારના આધ્યાત્મિક અનુભવ વિનાની અજ્ઞાની વ્યક્તિ, જે સત્યની ઊંડાઇને જાણતી નથી તે જ કેવળ બીજાના સંપ્રદાયને વખોડી કાઢવાનું કૃત્ય કરી શકે. ધાર્મિક વિખવાદોમાં પડવું કે તેને પ્રેરણા આપવી, બીજાઓ જે ધાર્મિક વિધિઓ અને આચરણથી ઇશ્વરનો આદર કરે છે, તેને તુચ્છ ગણવા અને બીજી ધાર્મિક શ્રધ્ધાને "અંધશ્રધ્ધા" ગણાવવી તે મનુષ્યને છાજે તેવા કૃત્યો નથી. કારણ કે દરેક વ્યક્તિ; ઇશ્વર તેમનાં પર આનંદની વૃષ્ટિ કરે એટલા માટે જ ધાર્મિક આચરણનો સ્વીકાર કરી તેનું પાલન કરે છે.

જેમણે ઇશ્વરને અનેક રૂપમાં જાણ્યો છે તેમણે "એક" નો જ મહિમા ગાયો છે. આજ વાત બુધ્ધિ અને ચેતનાના સ્તર અને દ્રષ્ટિકોણ અનુસાર જુદી જુદી વ્યક્તિઓ દ્વારા જુદી જુદી રીતે કહેવાઇ છે. જુદી જુદી વ્યક્તિઓ એક જ વાતનું વર્ણન કરે છે અથવા તો તેનો જુદી જુદી રીતે અનુભવ કરે છે. કોઇ વ્યક્તિ તેમણે એવું ના કરવું જોઇએ એવું શી રીતે કહી શકે? અથવા તો તેમણે વર્ણવ્યું છે તેને ખોટું કેવી રીતે કહી શકે? કોઇપણ વ્યક્તિને અપમાન કે ઇન્કાર કરવાનો અધિકાર નથી.

જે લોકો સ્થળ-કાળને અતિક્રમવાનો પ્રયત્ન કરે છે અને જેઓ લોકાતીત ઇશ્વરનાં સિધ્ધાંતથી સચેત બન્યા છે, તેઓ જ કેવળ હિન્દુ કહેવડાવવાને લાયક છે. જેઓ બીજાની લાગણી દુભાવવામાં રચ્યાપચ્યા રહે છે તેઓ આ નામને માટે યોગ્ય નથી.

ભારતીય સંસ્કૃતિનું હાર્દ આત્માની એકતાનાં સિધ્ધાંતની સમજ છે. જે પ્રત્યેક હૃદયને વિશ્વ-પ્રેમની ભાવનાથી ભરી દે છે. જેઓ એકાત્મતા અંગે સચેત છે અને તેમાં સ્થિર છે તેઓ ભારતીય સંસ્કૃતિથી પરિચિત છે. પછી ભલે તેઓ કોઇપણ દેશનાં વતની હોય, કોઇપણ ભાષા બોલતા કેમ ના હોય, ઘણા માનવ સમુદાયો એવા સિધ્ધાંતને માને છે કે, મનુષ્ય; ભૌતિકશાસ્ત્ર અને રસાયણ શાસ્ત્રના નિયમોને આધીન પદાર્થોના બનેલો જથ્થો છે. પશ્ચિમની ભાષામાં મૃત્યુનો અર્થ "જીવન અથવા જીવનો ત્યાગ કરવો" એવો થાય છે. જ્યારે ભારતની ભાષામાં તેનો અર્થ "દેહત્યાગ" એવો થાય છે. કારણ પશ્ચિમના લોકો આત્માને દેહસ્વરૂપ ગણે છે. જ્યારે ભારતીય લોકો "તેને" દેહસ્વરૂપ ગણતા નથી. ભારતીય દાર્શનિકોએ પ્રતિપાદિત કર્યું છે કે,

તેઓ આત્મા ધરાવે છે. આ આત્મા તેમના દેહમાં વાસ કરે છે. આ બંને દ્રષ્ટિકોણ ખૂબ જ ભિન્ન છે. જે સભ્યતા દુન્યવી સુખની સરકતી રેતી ઉપર રચાઇ છે તે અલ્પજીવી રહી છે. પૃથ્વીના પટ ઉપરથી તે અદ્રશ્ય થઇ જાય છે. બીજી બાજુ, ભારત અને ભારતની સભ્યતાનાં મૂલ્યો ધરાવે છે અને તેનું અનુસરણ કરે છે એ દેશની સભ્યતા સદીઓ સુધી ટકી રહી છે. તે આજે પણ પ્રાણવંત છે. તેમણે વધુ રચનાત્મક જીવનનાં નવા અને તાજગી સભર ચિહ્નો દર્શાવ્યા છે. આ હકીકત, બીજી સભ્યતાઓ અને સંસ્કૃતિનાં અનુકરણમાં પડેલા લોકોએ મનમાં ઉતારવા જેવી છે.

અનુકરણથી સ્થિર સંસ્કૃતિનું નિર્માણ ના થઇ શકે. તે કદી “સભ્યતા” નું રુપ ધારણ ના કરી શકે. તે કાયરતાની નિશાની છે, પ્રગતિની નહીં. તે અધોગતિનો રાજમાર્ગ છે. માણસ પોતાની જાતને નફરત કરીને અને પોતાની સિધ્ધિઓનું અવમૂલ્યન કરીને કેવી રીતે પોતાનો ઉધ્ધાર કરી શકે? ભારતીય લોકોએ; પોતે જેમાં ઉછર્યા છે તે આપણી સંસ્કૃતિનું નિર્માણ કરનારા તેમના પૂર્વજો, વડીલો અને ગુરૂઓનું સ્મરણ કરતી વખતે કોઇપણ પ્રકારની શરમની લાગણી અનુભવવી ના જોઇએ.

આથી ઉલટું તેને તેમના પૂર્વજો, વડીલો અને ગુરુઓ પ્રત્યે ગૌરવની લાગણી થવી જોઇએ કે, તેના આવા પૂર્વજો છે, તેનો દેશ આટલી પવિત્રતા ધરાવતો દેશ છે અને આ દેશ આવી પવિત્ર ખાસિયતોથી ભરેલો છે. ભારતના બાળકોને ગૌરવની લાગણી થવી જોઇએ કે, તેમની માતૃભૂમિએ આત્મજ્ઞાનની ઉંચાઈઓસર કરનારી અને પૂર્ણતાનાં શિખરોને આંબી જનારી અનેક વિભૂતિઓને જન્મ આપ્યો છે.

આત્મ-પ્રયોગમાં રહેલી શક્તિને અભિવ્યક્ત કરો. બીજાનાં અનુકરણની નબળી સ્થિતિને ના અપનાવો. આથી ઉલટું, બીજાનાં સારાં ગુણોને ગ્રહણ કરો. આપણે જમીનમાં બીજને વાવીએ છીએ ત્યારબાદ, તેને જરૂરી તત્વો - પાણી, હવા, ખાતર પૂરાં પાડીએ છીએ. બીજ અંકુરિત થાય છે અને ધીમે ધીમે કદાવર વૃક્ષ બની જાય છે. તમે જોયું હશે કે બીજ કદી જમીન, ખાતર, હવા કે પાણી બનતું નથી. તેનો તે ઉપયોગ કરે છે, પરંતુ પોતાના સ્વભાવને વળગી રહે છે અને વૃધ્ધિ પામીને વૃક્ષ બને છે.

તમે પણ વૃક્ષની માફક જીવો, બેશક આપણે બીજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. આ હકીકતમાં કોઇ શંકાને સ્થાન નથી. આ રીતે શીખવાનો ઇન્કાર કરે છે. તેઓ પોતાને મૂર્ખાઓ સિધ્ધ કરે છે. તમારી આધ્યાત્મિક ઉન્નતિમાં જે મદદરૂપ બને તે તમે બીજાઓ પાસેથી શીખી શકો છો. તમારા પોતાના નૈતિક માર્ગ કે ધર્મમાં, તમારી પોતાની પ્રગતિ માટે નિર્ધારિત કરેલી

દિશામાં તેને પૂર્ણ પણે વિકસાવો. તમારે તમારી જેમ જીવવું જોઇએ. બીજા કોઇની માફક નહીં, કોઇપણ વ્યક્તિને તમારા અંતર્હિત સ્વભાવમાંથી તમને વિચલિત કરવાની છૂટ ના આપો. તમારા ઇશ્વરમાં, તમારી પોતાની કલ્પના અને ભાવનાઓમાં, તમારા પોતાના હૃદયમાંથી ફુટતા પરમાનંદમાં અને તમારી સાધનાના પરમ સુખમાં તન્મય બનો. જ્યારે બીજા તમને આમ કરતા રોકે ત્યારે તેમની તમામ યોજનાઓ અને ષડયંત્રોનો તમારા જીવનના ભોગે પણ વિરોધ કરો. તમારી જાતને દૈવી ચેતના અને દૈવી હર્ષોન્માદથી વંચિત ના રાખો. આ ભારતીયોની પરમાર્થ વાહિનીમાંથી પડઘાતો રહેતો બોધ છે. તમારા માર્ગના અવરોધોને જમીનદોસ્ત કરો. આ દેશની મધુર અને સશક્ત સંસ્કૃતિના પ્રવાહમાં ઉત્પન્ન કરનારા અવરોધોને દૂર કરો. તેની તમામ નહેરોને સાફ કરો. પછી આ પ્રવાહ તેના માર્ગે નિર્વિરોધ વહેશે.

સાઇ એવું ઇચ્છે છે કે, આ ભારત દેશ આ સાધનાને અનુસરે કારણ કે ઘણા લાંબા સમયથી ઇશ્વરવાદી ધર્મનો પ્રવાહ વહેતો બંધ થઇ ગયો છે. ઘણા લાંબા સમયથી તેની ખાસિયતો સ્થગિત બની ગઇ છે. હવે તેને ગતિમાન બનાવવી જોઇએ. તેણે દરેક મનુષ્યના રોજીંદા જીવનમાં ફરીથી પ્રાણ પૂરવો જોઇએ. તેણે આ ભૂમિના રાજભવનથી માંડી અને અતિ દરિદ્ર મનુષ્યોની ઝૂંપડીમાં પ્રવેશી  સફળતા પ્રાપ્ત કરવી જોઇએ.

આ તમામ લોકોનો ખજાનો છે. તમામ લોકો તેના ઉત્તરાધિકારી છે અને તમામને તેનો ફાયદો મળવો જોઇએ. મનુષ્ય તરીકે જન્મ લીધો હોવાને નાતે તેના ભાગીદાર હોવાનો સહુ કોઇનો દાવો સાચો છે. આ કારણે ભારતીયોએ તેને એક એક ઘરનાં દરવાજે લઇ જવો જોઇએ અને દરેક વ્યક્તિને તેની ભાગીદાર બનાવવા નિમંત્રિત કરવી જોઇએ.

ઇશ્વરના સર્જનમાં જેમ શ્વાસમાં લેવા માટેની હવા સહુ કોઇને પ્રાપ્ય છે, એ જ રીતે ઇશ્વરની ચેતનાનો ધર્મ અને તેની શક્તિ અને કરુણા સર્વ કોઇને મળવા જોઇએ. ભારતીયોએ આ વિશાળ દ્રષ્ટિકોણને અને આ સંદેશની સાર્વત્રિકતા અને એકતાને અપનાવવા જોઇએ. જેથી વિરોધી સંપ્રદાયો અને માન્યતાઓ સ્વયં અદ્રશ્ય થશે અને શાંતિ અને પ્રેમની આ પૃથ્વી ઉપર પુનઃસ્થાપના થશે.

સદીઓથી અંધકારમય હોય એવા એક ઘરની કલ્પના કરો. તમે આ ઘરમાં પ્રવેશી અંધકારને આ સ્થળ છોડી જવા પ્રાર્થના કરી શકો અથવા તો દિવસો સુધી તેના ઉપર ગાળોનો વરસાદ વરસાવી શકો અથવા તો બળપ્રયોગ દ્વારા તેને ડરાવી શકો છો. અંધકાર ત્યાંનો ત્યાં રહેશે, તેનો નાશ થઇ શકશે નહીં. તમારી યુક્તિ કામયાબ નિવડશે નહીં. તેને ડરાવી શકાશે નહીં પરંતુ એક દિવો સળગાવો અને તે એ સ્થળેથી નાસી જશે. જ્ઞાનનો પ્રકાશ જ મનુષ્યને

સદીઓ જૂના અજ્ઞાનના અંધકારથી બચાવી શકે. આ સત્યને બરાબર સમજવું જોઇએ અને એકવાર તેને સમજ્યા પછી આપણે તે અનુસાર આપણાં જીવનને આકાર આપવો જોઇએ. મનુષ્ય સમૃધ્ધિથી ભરેલો છે. આ ભારતીય દર્શનનું હાર્દ છે.

મનુષ્ય પોતાને પતિત ગણી વખોડી નાંખતો કેવી રીતે બન્યો તે એક રહસ્ય છે. જે વ્યક્તિઓ આપણને પાશવિક કે દૈવી લાગે તે બંનેમાં એક જ સરખો આત્મા રહેલો છે. તે એક સચ્ચાઈ છે. તમે એમ ના કહી શકો કે એક વ્યક્તિમાં ઓછો આત્મા રહેલો છે અને બીજામાં વધુ. જ્યારે કોઇપણ વ્યક્તિમાં દોષો જોવા મળે ત્યારે તમારે એવું તારણ કાઢવું જોઇએ કે, તેમાં વર્તણૂકોની ક્ષતિ છે બસ આટલું જ. એવું તારણ ના કાઢશો કે તેનામાં કોઇ દૈવી આત્મા નથી. સંગતને પરિણામે અથવા તો તે જેમાં ઉછરી છે તે સમાજની અક્ષમતાને કારણે તેનામાં દોષો રહેલા છે. તમારે તેને સારી સંગત અને લાભદાયી વાતાવરણ પૂરું પાડવું જોઇએ અને તેને તેમાં પ્રવેશવા સમજાવવી જોઇએ. કોઇપણ સંજોગોમાં તમારે તેને જન્મજાત ખરાબ કે કદી સૂધરી ના શકે તેવી ગણી અળગી રાખવી ના જોઇએ.

આપણું શરીર કોષોનું બનેલું છે. કોષો અણુઓના બનેલા છે. અણુઓ પણ ભૌતિક સંઘટના છે. તેઓ મૂળભૂત પણે જડ કે ચેતનહીન છે. વેદાંતિકો આ સ્થૂળ શરીરથી ભિન્ન એવા સૂક્ષ્મ દેહ વિશે વાત કરે છે. એ પણ ભૌતિક છે. તે સૂક્ષ્મ કૌશલ્ય અને પરિબળોનું કેન્દ્ર છે. આ શરીરમાં જ તમામ સૂક્ષ્મ માનસિક ભાવનાઓ અને સ્ફૂરણાઓ ઉદ્દભવે છે. દરેક પરિબળ કોઇને કોઇ ભૌતિક માધ્યમ દ્વારા જ કાર્યાન્વિત થાય છે. આ જ શક્તિ; વિચારોની સૂક્ષ્મ પ્રક્રિયાઓ દ્વારા સ્થૂળ દેહને કાર્યશીલ બનાવે છે. તે બંને બે જુદી જુદી ચીજ નથી, એક બીજાનું સૂક્ષ્મ સ્વરૂપ છે, એટલું જ.

આ શક્તિઓનો સ્ત્રોત ક્યો છે? જો આપણે વધુ ઉંડાણપૂર્વક વિચારીએ તો ખ્યાલ આવે છે કે, પ્રકૃતિમાં બે ચીજો રહેલી છે; આકાશ અને પ્રાણ. આકાશ: પરસ્પર સંયોગાતા તમામ સ્થૂળ અને સૂક્ષ્મ પદાર્થોનો સ્ત્રોત છે, જ્યારે પ્રાણ અથવા તો જીવન તત્ત્વ તેના સંસર્ગમાં આવે છે ત્યારે આકાશ જુદી જુદી માત્રામાં અન્ય સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થોમાં પરિવર્તિત થાય છે. પ્રાણ પણ આકાશની માફક સર્વ વ્યાપી છે. તે પણ દરેક જગ્યાએ કોઇપણ વસ્તુમાં પ્રવેશી શકે છે. પાણીમાંથી બનેલા બરફનાં ટુકડાઓ જે પાણી ઉપર તરે છે તેમ પ્રાણ; આકાશ સાથે સંયોગાતા શરીર બને છે. આ સ્થૂળ શરીર આકાશમાંથી આકાર પામેલા પ્રાણનું વાહક છે. સૂક્ષ્મ શરીર વિચારો અનુભૂતિ વગેરે સ્વરૂપમાં હોય છે.

જ્યારે સ્થૂળ શરીર લોકાતીત બને છે ત્યારે સત્ય (આત્મા) ની ચેતનાનો ઉદ્દભવ થાય છે. જે રીતે આંગળી ઉપર નખ રહે છે તેમ આપણે સૂક્ષ્મ શરીરને આપણાં સ્થૂળ શરીરથી ગમે તેટલું અલગ કરીએ તો પણ તે આ સ્થૂળ શરીરનું અભિન્ન અંગ જ રહે છે

# બંધન

વ્યક્તિ; પોતાના સ્થૂળ દેહોનો અનેકવાર ત્યાગ કરે છે. જેવી રીતે તે પોતાના નખ કાપે છે, એવી જ રીતે તે પોતાના સ્થૂળ દેહનો ત્યાગ કરે છે.પરંતુ સૂક્ષ્મ દેહ બદલાતો નથી. તે શાશ્વત રહે છે ભારતીય આધ્યાત્મિક વિચારધારાનો આ અત્યંત રહસ્યમય સિધ્ધાંત છે. આ શોધની દિશામાં આગળ જતાં એ સ્પષ્ટ થાય છે કે, માણસનો અર્થ છે; સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને જીવીની એક સંકુલ રચના. વેદાંતિક દર્શન કહેશે કે જીવી શાશ્વત અપરિવર્તનશીલ, સનાતન (નિત્ય) ના ગુણો ધરાવે છે. પ્રકૃતિ અથવા તો વસ્તુગત જગત પણ શાશ્વત છે. પરંતુ તેમાં થોડો તફાવત છે. તે સતત પરિવર્તન પામે છે. તે હંમેશા એક સરખી રહેતી નથી. પરંતુ તે હંમેશ માટે ટકી રહે છે. વસ્તુગત જગતનો આધાર; પ્રાણ અને આકાશ બંને શાશ્વત છે. પરંતુ તેઓ અવિશ્રાંતપણે ક્રિયા અને પ્રક્રિયા કરતાં રહે છે અને વિભિન્ન રીતે,અનેકવિધ પ્રકારે, અભિવ્યક્ત થાય છે.

જીવાત્માનું મૂળ આકાશ કે પ્રાણમાં નથી. તેનો સ્વભાવ ભૌતિક નથી, આથી તે શાશ્વત અને અપરિવર્તનશીલ છે. તે આકાશની અસરને કારણે ઉદભવ્યો નથી. જે વસ્તુ પ્રારંભથી જ અસ્તિત્વ ધરાવે છે, તેનું વિઘટન થતું નથી. કારણકે વિઘટનનો અર્થ છે, “મૂળ સ્વરૂપ ધારણ કરવું.” “પદાર્થને તેના માતૃ તત્વમાં વિઘટીત કરવા.” સ્થૂળ શરીર એ પ્રાણ અને આકાશનાં સંયોજનનું પરિણામ છે અને આથી તે તેનાં ઘટકોમાં ઓગળી જાય છે. સ્થૂળ દેહ પણ ઓગળે છે. પરંતુ ઘણાં લાંબા સમય પછી-જીવી સંયોગાતો નથી. આથી તે વિઘટન પામતો નથી. તેનો કોઇ જન્મ નથી. તે જન્મી શકે નહીં. એક એકાત્મક, અભિન્ન એવાં અસ્તિત્વના ઉદભવની કોઇ ક્ષણ હોઇ શકે નહીં.

વસ્તુગત જગત અથવા તો પ્રકૃતિમાં ઈશ્વરની ઇચ્છા દ્વારા સંચાલિત અબજો પદાર્થો, પરિબળો અને ઘટનાઓનો સમાવેશ થાય છે. ઇશ્વર સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. તે પ્રકૃત્તિને ક્રિયાન્વિત કહે છે અને પ્રકૃત્તિ દ્વારા ક્રિયાન્વિત થાય છે. પ્રકૃત્તિ હંમેશા તેની સેવામાં રહે છે. તેની સીમાનો કોઇ આરંભ કે અંત નથી - આ દ્વૈતવાદીઓનો સિધ્ધાંત છે.

અહીં એક સવાલ ઉઠે છે. જો આ વિશ્વ; ઇશ્વર દ્વારા સંચાલિત હોય તો દુષ્ટ અને ભ્રષ્ટ લોકોને તે કેમ ચલાવી શકે છે. આનો જવાબ એ છે કે, ઇશ્વર - આપણા શોક અને દુઃખ માટે જવાબદાર નથી. આપણે જે પાપ કરીએ છીએ તે આપણા શોકની જનેતા છે. આનંદ અને દુઃખ મનુષ્યે કરેલા સારાં કે ખરાબ કર્મોનું પરિણામ છે. ઇશ્વર સાક્ષી છે. તે કોઇ શિક્ષા કરતો નથી કે

ન તો તે શોક ઉત્પન્ન કરે છે. જીવીનો કોઇ આરંભ નથી પરંતુ તેણે નિરંતર પ્રવૃત્તિમાં સામેલ થવાનું છે અને આથી તેને આ પ્રવૃત્તિનાં અનિવાર્ય પરિણામોમાંથી પસાર થવું પડે છે. દરેક વ્યક્તિનો આ અનુભવ છે. દરેક મનની આ ખાસિયત છે. વસ્તુગત જગત કે પ્રકૃતિનો આ અતૂટ નિયમ છે. શોક કે આનંદ વ્યક્તિએ કરેલી પ્રવૃત્તિનું પ્રતિબિંબ, પ્રતિઘોષ, પ્રતિક્રિયા છે. જીવી પ્રવૃત્તિનાં સારાં કે ખરાબપણાં સાથે નિસ્બત ધરાવ્યા વિના સાક્ષી ભાવે રહી શકે છે. જ્યારે તન્મયતા ઉભી થાય ત્યારે સારાં કામોનો સારો અનુભવ અને ખરાબ કામોનો ખરાબ અનુભવ થશે.

વેદાંતે પ્રતિપાદિત કર્યું છે કે, જીવી તેના સ્વભાવથી જ શુધ્ધ અને નિષ્કલંક છે. આ ભારતીય વિચારધારા અનુસાર સ્વીકૃત સિધ્ધાંત છે. પરંતુ આ સત્ય; અજ્ઞાન અને ઉપેક્ષાને કારણે ધંધળું બને છે. આથી માયા; અનુભવને પ્રદૂષિત કરે છે અને અજ્ઞાનની છાયા દૂષણને જન્માવે છે. પરંતુ સત્કર્મો કરવાથી માયાનાં વાદળો વિખેરાઈ જાય છે અને આત્મ-સત્યનો અનુભવ થાય છે. તમામ અસ્તિત્વો-જીવી - તેમના મૂળભૂત સ્વભાવથી શુધ્ધ હોય છે. સારાં કાર્યો ખરાબ કાર્યોને દૂર કરે છે  અને તેની આવશ્યક પરિશુધ્ધતાને જાળવે છે. ત્યારબાદ જીવી ઇશ્વરના માર્ગે, દેવાયનના રાહે સીધાવે છે. ઇશ્વરના રાહની ઝંખના; વ્યક્તિના શબ્દો, વિચારો અને કાર્યને બદલી નાખે છે.

આપણે શબ્દો વિના વિચારી શકીએ નહીં. શબ્દો; વિચારો માટેની આવશ્યક સામગ્રી છે. જ્યારે વ્યક્તિ પોતાના દેહને ત્યજે છે. ત્યારે શબ્દો તેના મનમાં  પ્રવેશે છે અને મન પ્રાણ અથવા તો જીવનશક્તિમાં પ્રવેશે છે અને પ્રાણ આત્મા સાથે એક થઇ જાય છે. મુક્ત થયેલો આત્મા સૂર્યલોક ભણી દોટ મૂકે છે. ત્યાંથી તે બ્રહ્માના પ્રદેશમાં અર્થાત્ બ્રહ્મલોકમાં પહોંચે છે. ત્યાં પહોંચ્યા બાદ આત્મા કે જીવાત્માને પ્રકૃતિ સાથે નિસ્બત રહેતી નથી, ત્યાં તે કાલાંત સુધી રહેશે. તે અનહદ આનંદનો અનુભવ કરશે. સર્જનની શક્તિ સિવાયની તમામ શક્તિઓ તેનામાં હશે.

આ બ્રહ્માંડ ઉપર એકમાત્ર ઇશ્વરનું શાસન ચાલે છે. ઇશ્વર તમામ પ્રકારની ઇચ્છાઓથી મુક્ત છે તેમ છતાં મનુષ્યનું એ કર્તવ્ય છે કે, તે તેને પ્રેમ આપે અને પ્રેમ દ્વારા તેની પૂજા કરે. જેઓ આ દરજ્જાથી વાકેફ નથી કે પોતાની જવાબદારીઓ નીભાવવા માટે અક્ષમ છે તેઓ બીજી શ્રેણીમાં આવે છે. તેઓ પણ પૂજા કરે છે. તેઓ પણ સેવા કાર્યોમાં વ્યસ્ત રહે છે. પરંતુ તેઓ ફળની અપેક્ષામાં ટળવળે છે. તેઓ પ્રવૃત્તિ ઓનાં પરિણામે મળનારા ફાયદાની અપેક્ષાથી પ્રેરાઇને કાર્યો કરે છે. આપણે અસહાય લોકોને સહાય કરી છે. આથી આપણો માર્ગ સરળ અને

સલામત બનશે. આપણે દબાયેલાઓનો ઉત્કર્ષ કર્યો છે. આથી આપણા માર્ગમાં કોઇ મુશ્કેલી નડશે નહીં. આપણે ભજન દ્વારા ઇશ્વરની સ્તુતિઓમાં વ્યસ્ત રહ્યા છે. આથી આપણે નિશ્ચિત સ્વર્ગમાં જઇશું. આવા લોકોની "સત્કર્મો" કરવા પાછળની આવી ગણતરી હોય છે. જ્યારે આવા લોકો તેમના દેહનો ત્યાગ કરે છે અર્થાત તેઓ મૃત્યુ પામે છે ત્યારે તેમના શબ્દો તેમનાં મન સાથે એક થાય છે. તેમનાં મન પ્રાણમાં મળી જાય છે અને પ્રાણ જીવીમાં ભળી જાય છે અને જીવાત્મા ચંદ્રલોક તરફ અર્થાત્ મનના અધિષ્ઠાતા દેવતાના લોક તરફ ગતિ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, તેમણે ફરી તેમની તૃષ્ણા અને ઇચ્છાઓની તમામ સ્ફુરણાઓ અને આંદોલનો સાથે મનની ભૂમિ પર પ્રવેશવું પડે છે. ચંદ્રલોકમાં આવા જીવીઓનેજ્યાં સુધી તેમના સત્કર્મોનું ફળ પૂરું થતું નથી ત્યાં સુધી થોડો સંતોષ અને સુખ મળે છે. આથી શાસ્ત્રોમાં કહ્યું છે કે, "ક્ષીણે પુણ્યે, મર્ત્યલોકમ્ વિસન્તિ (જ્યારે પ્રાપ્ત કરેલી લાયકાતો ખર્ચાઈ જાય છે ત્યારે તેઓ ફરી મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે) જીવાત્મા; તેના પુર્વજન્મનાં શરીરે કરેલાં કર્મોનાં પ્રાપ્ત કરેલાં ફળોથી ઇન્દ્રિયો વગેરેથી સજ્જ એવું શરીર પામે છે અને ફરીથી પોતાનું જીવનચક્ર શરૂ કરે છે. ચંદ્રલોકમાં આત્માના નિવાસનેહિન્દુ લોકો સ્વર્ગમાં દેવ તરીકેનો વાસ કહે છે અથવા તો ખ્રિસ્તીઓ અને મુસ્લિમો તેને દેવદૂતનો વાસ કહે છે. આ દેવોના અધિષ્ઠાતા દેવને દેવેન્દ્ર કહે છે. હજારોએ આ પદની પ્રાપ્તિ કરી છે. વેદોના કહેવા મુજબ જ્યારે સર્વોચ્ચ સત્કર્મો કરવામાં આવે છે ત્યારે વ્યક્તિ દેવેન્દ્ર પદને પામે છે અને અગાઉ તે પદ ભોગવતો આત્મા મર્ત્યલોકમાં માનવદેહ પ્રાપ્ત કરી પોતાનું કાર્ય કરવા પાછો આવે છે. પૃથ્વી ઉપર જેવી રીતે રાજાઓ બદલાય છે. તેવી રીતે સ્વર્ગના શાસકો પણ ઉત્થાન અને પતનમાંથી છૂટી શકતા નથી. સ્વર્ગના આવાસો પણ ચડાવ ઉતારના નિયમોને આધીન છે. કેવળ બ્રહ્મલોક; જન્મ અને મૃત્યુ, ઉત્થાન અને પતન, ચડાવ અને ઉતારથી મુક્ત છે. આ ભારતીય દર્શનનો મૂળભૂત સિધ્ધાંત છે.

જ્યારે જીવાત્મા ચંદ્રલોકમાં દેવ બનીને રહે છે ત્યારે તે કોઇ કર્મો વ્યક્ત કરી શકતો નથી. કેવળ મનુષ્યો જ તેનાં કર્મો દ્વારા તેને અભિવ્યક્ત કરે છે. કર્મનો અર્થ છે અપેક્ષા સાથે પરિણામ ઉપર નજર રાખીને કરવામાં આવતું કામ. જ્યારે આત્મા ચંદ્રલોકમાં દેવ સ્વરૂપે રહે છે ત્યારે તેની અપેક્ષાઓ સંતોષાય છે અને તે સુખ કે સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે કોઇ પ્રવૃત્તિ કરવા ઝંખશે નહીં. આ લોકનો તેનો નિવાસ તેણે ભૂતકાળમાં કરેલાં સત્કર્મો બદલ મળેલું ઇનામ છે. જ્યારે સત્કર્મો દ્વારા પ્રાપ્ત થયેલું સુખ ખર્ચાઇ જાય છે ત્યારે બાકી પરિણામો તેણે ભોગવવા પડે છે. આથી આત્માએ મૃત્યુ લોકમાં મનુષ્ય રૂપે આવવું પડે છે. ત્યારબાદ સર્વોચ્ચ સત્કર્મો કરી અને ઉમદા ક્ષમતા વાળાં કાર્યોમાં વ્યસ્ત રહીને તે પોતાનાં હૃદયને નિર્મળ બનાવે છે અને એ રીતે જ્યાંથી કદી પણ પાછા ફરવું પડતું નથી તેવા બ્રહ્મલોકમાં પહોંચે છે.

વેદમાં નરક નામનો શબ્દ ક્યાંય નથી. ભારતીય આધ્યાત્મિક વિચારો માટે નરકની કલ્પના તે વિદેશી છે. નરકનો વિચાર અને તેના વિવિધ પ્રકારનાં વર્ણનો; શાસ્ત્રો અને પુરાણોમાં પ્રક્ષેપો તરીકે પાછળથી ઉમેરાયા છે. આ ગ્રંથોના કર્તાઓનું એવું માનવું છે કે, જો નરકનો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં ના આવે તો ધર્મ અધૂરો છે. તેમણે નરકના ભાગ તરીકે જુદા જુદા પ્રકારની યાતનાઓ દર્શાવી છે. પરંતુ તેમણે નરક દ્વારા મળતી વેદનાની એક મર્યાદા દર્શાવી છે. તેમણે જણાવ્યું છે કે, નરકમાં મૃત્યુ નથી. નરકની રચના પાછળનો આશય મનુષ્યને પાપ કરતો રોકવા માટે તેનામાં ભય ઉભો કરવાનો જ છે.

પરંતુ અદ્વૈતવાદીઓ નરકના સિધ્ધાંતને પ્રતિપાદિત કરતા નથી. તેઓને કેવળ બંધન અને મુક્તિ, અજ્ઞાન અને પ્રજ્ઞા સાથે નિસ્બત છે. વેદાંતનું આ દર્શન છે. વેદાંતથી ઉપરવટ કોઇ ધર્મ નથી.

# એક સાથે એક

આ જગત અથવા તો બ્રહ્માંડ ઇશ્વરે પોતાનામાંથી જ સર્જ્યું છે. આથી તે સ્વયં સર્જક છે અને સાથે સાથે આ બ્રહ્માંડનો પદાર્થ પણ છે. આનાં પરિણામે તે પૂર્ણ છે. સર્જન પણ પૂર્ણ છે અને વ્યક્તિગત આત્મા પણ પૂર્ણ છે. આથી ઘણી પૂર્ણ હસ્તીઓ ઉદભવી છે. “ઇશ્વરે તેનામાંથી બ્રહ્માંડનું સર્જન કર્યું હતું.” જ્યારે આવી ઘોષણા કરવામાં આવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ શંકાઓ ઉદભવી શકે કે, “ઇશ્વર કેવી રીતે આ દિવાલો, ટેબલ વગેરે બની શકે?” ઇશ્વર સર્વથી વિશેષ પરિશુદ્ધ છે; તો પછી તે આવી અશુદ્ધ ચીજો કેવી રીતે બની શકે? આ એક બીજો સવાલ કેટલાકને ઉદભવે છે.

ચાલો, આપણે આનો જવાબ મેળવીએ. મનુષ્ય મૂળભૂત રીતે આત્મા છે; પરંતુ તે શરીર કે દેહનું આવરણ ધરાવે છે. એક દ્રષ્ટિકોણ મુજબ મનુષ્ય શરીરથી ભિન્ન નથી, આમ છતાં મનુષ્ય પોતે શરીર સ્વરૂપ નથી એવું માને છે. તેની વાસ્તવિકતા તેનાથી ભિન્ન છે. અર્થાત્ તે એક સમયે જે બાળક હતો તે આજે નથી અથવા તો આજે તે છે તે વૃદ્ધ માણસ પણ તે નથી, તે પુરુષ પણ નથી સ્ત્રી પણ નથી અને તે બાળપણ, કિશોરાવસ્થા, પુખ્તાવસ્થા અને વૃધ્ધાવસ્થા તેમજ પૌરુષત્ત્વ અને સ્ત્રીત્વમાં રહેલો છે. આ જ વાત આ બ્રહ્માંડ અને ઇશ્વરે સર્જેલા અબજો શરીરોને પણ લાગુ પડે છે. આ તમામ તે ઇશ્વર છે અને તેમાં ઇશ્વર રહેલો છે. પરંતુ તે અપરિવર્તનશીલ અને શાશ્વત છે. પ્રકૃતિ નાશવંત અને પરિવર્તનશીલ છે. આત્મા પણ સંકોચ કે વિસ્તરણ પામી શકે છે. ખીલે છે કે મુરઝાય છે. પ્રકાશિત થાય છે કે બુઝાય જાય છે. ખરાબ કાર્યો તેની મેધાને આવરી લઇને તેનો નાશ કરે છે. તેનું જન્મજાત ખરું સત્ય અને પ્રજ્ઞા; ખરાબ વિચારો તેમજ કાર્યોની પાછળ છૂપાયેલા રહેશે. જે કાર્યો આત્માનાં મૂળ અને ગૌરવને વ્યક્ત કરે છે, તે સત્કર્મો તરીકે ઓળખાય છે.

આત્મા પ્રથમ “અસીમ” છે; પરંતુ ત્યારબાદ તે મર્યાદિત સ્વરૂપે દેખાય છે. સત્કર્મ અને પ્રવૃત્તિઓ દ્વારા તે તેની વિશાળતા અને અસીમતાને પ્રાપ્ત કરે છે. દરેક વ્યક્તિ કોઇપણ પ્રકારના ભેદભાવ વિના આ પ્રકારનું પરિવર્તન હાંસલ કરવાની તક મેળવી શકે છે. જ્યારે સમય પરિપક્વ બને છે ત્યારે દરેક વ્યક્તિ આમાં સફળ થાય છે. અને બંધનો તેમજ મર્યાદાઓમાંથી પોતાની જાતને મુક્ત કરી શકે છે. પરંતુ આ જગત (બ્રહ્માંડ) નો અંત આવશે નહીં, તે શાશ્વત છે. તેનો નાશ શક્ય નથી. ભારતીય દર્શનની એક બીજી શાખાનું આવું કહેવું છે. પ્રથમ દર્શનની શાખા દ્વૈતવાદીઓની છે. જ્યારે બીજી શાખા વિશિષ્ટ અદ્વૈતની છે. આ આધ્યાત્મિક શોધખોળો અને અનુભવોનો એક ઉચ્ચતર તબક્કો છે. તે ત્રણ તત્વોને પ્રતિપાદિત

કરે છે. ઇશ્વર, આત્મા અને પ્રકૃતિ. અને તેઓ આ ત્રણેયની એકાત્મતા અંગે વાત કરે છે. દ્વૈતવાદીઓનું કહેવું છે કે, બ્રહ્માંડ એક વિશાળ યંત્ર છે જે ઇશ્વરે તૈયાર કર્યું છે. અને તે જ તેનું સંચાલન કરે છે. વિશિષ્ટ અદ્વૈતવાદીઓ કહે છે કે, આ એક એવી સંઘટના છે કે, જે દૈવી તત્ત્વ સાથે સંકળાયેલી છે, તેનામાં વ્યાપ્ત છે. પરંતુ અદ્વૈતવાદીઓ ભારપૂર્વક કહે છે કે, ઇશ્વર આ બ્રહ્માંડની બહાર નથી. અને તે જ સ્વયં જગતનું રૂપ ધારણ કરે છે, તેમજ તે જ સર્વમાં રહેલો છે. ઇશ્વર સિવાય અન્ય કશું બીજું નથી. આ સત્ય બધાએ સ્વીકારવું જોઇએ. આ સર્વોચ્ચ સત્ય છે. એમ કહેવું કે, "ઇશ્વર આત્મા છે અને બ્રહ્માંડ એ શરીર છે, જેનું તે સંચાલન કરે છે અને તેમાં તે જીવે છે" તે સાચું નથી. એવું કહેવું કે આત્મા એ શાશ્વત અને અપરિવર્તનશીલ છે. અને બ્રહ્માંડ જે તેનું શરીર છે તે પરિવર્તન અને રૂપાંતરણને આધીન છે તે પણ સંતોષકારક દલીલ નથી.

જ્યારે આપણે એમ કહીએ કે ઇશ્વર ઉપાદાન કારણ છે અર્થાત્ બ્રહ્માંડનું પ્રધાન કારણ છે ત્યારે તેનો અર્થ શું થાય, પ્રત્યક્ષ કારણનો અર્થ પરિણામ પ્રાપ્ત કરવું એવો થાય છે. આ બ્રહ્માંડ તે પરિણામ છે. ઇશ્વર તેનું કારણ છે. આ વિધાન કેવળ એ હકીકત ઉપર ભાર મૂકે છે કે, ઇશ્વર એક અન્ય સ્વરૂપનું બ્રહ્માંડ જ છે. જ્યારે એવી દલીલ કરવામાં આવે કે આ શરીર મર્યાદિત અને સૂક્ષ્મ છે અને તે તેને કારણ અથવા તો ઇશ્વર તરફ દોરી જાય છે અથવા તો ઇશ્વર પાસેથી ઉત્ક્રાંત થઇને તેને મનુષ્યનો આકાર પ્રાપ્ત થયો છે. તો અદ્વૈતવાદીઓ આનો જવાબ આપશે કે, ઇશ્વર જ સ્વયં બ્રહ્માંડનાં સ્વરૂપમાં વ્યકત થાય છે.

શું આ પદાર્થો અને અસ્તિત્ત્વોની અનેકવિધતા તે સર્વ ઇશ્વર છે ખરા? એવી શંકા ઉદભવી શકે? "હા" એ સમજાય છે, તેનું ચેતનામાં રૂપાંતરણ થાય છે. આ ચેતના તે ઇશ્વર છે તેના સિવાય બીજું કશું નથી. આપણાં શરીર, મન, બુધ્ધિ, ચેતનાઓ આ સર્વે ઇશ્વર છે.

અહીં બીજી શંકા પણ ઉઠી શકે, શા માટે ઇશ્વર અનેક વ્યકિતઓમાં અસ્તિત્વ ધરાવે છે? શા માટે તે અનેક જીવાત્માનું સ્વરૂપ ધારણ કરે છે? શું એક સ્વરૂપમાં રહેલો ઇશ્વર આટલાં અનેકવિધ રૂપોમાં પોતાને અભિવ્યકત કરી શકે ખરો? આ કેવી રીતે બન્યું? જો ઇશ્વર બ્રહ્માંડ સ્વરૂપે રૂપાંતરણ પામ્યો હોય તો તે પણ પરિવર્તનને આધીન હોવો જોઇએ. પ્રકૃતિમાં રહેલ તમામ વસ્તુઓ પરિવર્તન; જન્મ કે મૃત્યુને આધીન છે. અને જો ઇશ્વર પરિવર્તનની ઘટમાળમાં આવે તો શું એવું કહી શકાય કે, તે પણ કોઇ દિવસે મૃત્યુ પામશે? તે પણ પરિવર્તન પામી આખરે નાશ પામશે? આ મુદ્દો પણ ધ્યાનમાં રાખો. ત્યારબાદ એક બીજો મુદ્દો પણ ધ્યાનમાં લેવો જોઇએ: ઇશ્વરનો કેટલો ભાગ બ્રહ્માંડ બન્યો?

અદ્વૈતવાદીઓ કહે છે કે, "તમે ગમે તેટલો હિસ્સો ફાળવો કે ધારો તો પણ એ યાદ રાખો કે, આ બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવતું નથી, તે ભ્રમ છે. તે કદી હતું નહીં, છે નહીં અને હશે નહીં. બ્રહ્માંડનું સર્જન બ્રહ્માંડની ભ્રમણા આ અબજો વ્યક્તિઓનો ઉદભવ અને વિલય એ સર્વે એક સ્વપ્ન છે. જીવાત્માઓ કેવી રીતે સંભવી શકે? કેવળ એક જ અભિન્ન, પૂર્ણ, સનાતન આત્મા છે. અબજો સરોવરો, તળાવો અને જલબિંદુઓમાં જે રીતે એક જ સૂર્યનાં અબજો અબજ પ્રતિબિંબો પડે છે એ રીતે જીવાત્મા પણ જે તે મન ઉપર પડતાં એકનાં જ પ્રતિબિંબો છે. આ ભારતીય દર્શન અદ્વૈતવાદી ચિંતકોએ સ્પષ્ટપણે દર્શાવ્યું છે. જેઓ આ સત્યને ગ્રહણ કરી શકતા નથી તેઓ માયાના પ્રભાવ તળે છે એવું કહી શકાય. સ્વપ્ન વાસ્તવિકતા ઉપર આધારિત હોવાં જોઇએ. મૂળભૂત વિચાર કે હકીકત અસ્તિત્ત્વ ધરાવી ના શકે. મૂળભૂત અસ્તિત્ત્વ વિના પરિણામ સ્વરૂપ અસ્તિત્વો અભિવ્યક્ત ના થઇ શકે. આ આધાર તે ઇશ્વર છે. તે પૂર્ણ છે, તે મન છે, તે શરીર છે, તે આત્મા છે. તમે કેવળ સ્વપ્ન સ્વરૂપે જ વાસ્તવિક છો. વાસ્તવિકતાને નિહાળી શકતી આંખ માટે બ્રહ્માંડ એ નામ અને સ્વરૂપની અનેકવિધતા નથી પરંતું તે કેવળ સત્-ચિત્—આનંદ સ્વરૂપ છે. આનંદ સ્વરૂપ અસ્તિત્વ; ચેતના અને પરમાનંદ સ્વરૂપ છે. તમારાં સ્વપ્ન અંગે કેવળ વિચારો. તે તમારી બહાર કશે ઉદભવતું નથી. તેમજ તમારી બહાર કશે આ જુદી જુદી કલ્પનાઓ અને પ્રવૃત્તિઓ અદ્રશ્ય થતાં નથી. જ્યારે સ્વપ્ન જુઓ છો ત્યારે તમે જે તે વ્યક્તિ અને ઘટનાઓને સાચા માનો છો અને તમે જાગૃત અવસ્થા જેવા જ શોક, ભય, સુખ, ઉન્માદ અને આનંદની લાગણીનો અનુભવ કરો છો. તે સમયે તમે તેને ભ્રામક ગણી વખોડી કાઢતા નથી. બ્રહ્માંડ એ ઇશ્વરનું સ્વપ્ન છે. તે તેની અંદર જ ઉદભવે છે અને વિલય પામે છે. તે તેનાં મનની નીપજ છે. આ જીવનો, આ અવારનવારના આવાગમન તે બધું જ માયાનાં તાણાવાણા છે. અવાસ્તવિક કલ્પનાઓ છે, ભ્રામક તૃષ્ણાઓ છે. તમે પૂર્ણ છો, તમે ઇશ્વર છો, ઇશ્વર તમે છો. જેમણે પણ આ પરમ જ્ઞાનનો અનુભવ કર્યો છે તેઓ આ "એક"- ઇશ્વર સાથે એકાત્મતા પ્રાપ્ત કરી શકે છે.

## યોગીઓ

ભારતમાં; વેદાંતિક દર્શનની પ્રગતિના ત્રણ તબકકા છે. અદ્વૈતવાદી, વિશિષ્ટ અદ્વૈતવાદી અને દ્વૈતવાદી આ ત્રણ પગલાંઓની બહાર કોઇપણ માનવીય પ્રયાસો સંભવ નથી. અદ્વૈત દર્શન સામાન્ય માણસોની સમજ બહાર છે. તે સહેલાઇથી ગ્રહણ થઇ શકે તેવું નથી. બુધ્ધિથી તેને સમજવું તે પણ અઘરું છે. તેનો અનુભવ કરવા માટે શકિતશાળી એકાગ્રતાની જરૂર છે.

આથી, દ્વૈતવાદનાં ચરણથી શરૂ કરી વસ્તુની પાછળ રહેલી વાસ્તવિકતાનાં રૂપમાં તેનો અનુભવ કરવો બહેતર છે. ત્યાર બાદ વિશિષ્ટ અદ્વૈતના તબક્કે સહેલાઇથી પહોંચી શકાશે.

વ્યકિતએ સમુદાય જેટલી જ ઝડપી અથવા એકધારી પ્રગતિ સાધવી જોઇએ. આપણે; બાળપણ, કિશોરવસ્થા, યુવાની, પુખ્તવય અને વૃધ્ધાવસ્થામાંથી પસાર થઈએ છીએ. આ ઇન્દ્રિયાતીત અને અનિવાર્ય વિકાસ છે, આપણે આ દરેક તબક્કામાંથી પસાર થતી વખતે તેનો અનુભવ કરીએ છીએ. એ જ રીતે દર્શનના આ ત્રણ તબક્કાઓ માટે પણ તે સાચું છે. આ પ્રત્યેક વિચાર બાકીના વિચારોમાં છુપાયો છે અને પ્રત્યેક અગાઉનાં તબક્કાના અનુભવમાંથી જ પ્રગતિ કરે છે. આ ત્રણે તબક્કાને એક સાથે સમજવા શકય નથી. સાધના અને તેના અનુભવોને આધારે આ પ્રત્યેક દ્રષ્ટિબિંદુઓ આપણી ચેતનામાં આવે છે અને આપણા કામો અને વિચારોનું ઉગમ સ્થાન બની રહે છે. જેઓ આ વિશ્વને વાસ્તવિક ગણે છે, પરંતુ સાથે સાથે એવું પણ કહે છે કે, ઇશ્વરનું આ અસ્તિત્વ એક સ્વપ્ન છે, તેઓ પોતાની જાતને મુર્ખા સિધ્ધ કરે છે. કારણકે, જ્યારે પરિણામ, અર્થાત્ બ્રહ્માંડ વાસ્તવિક છે ત્યારે તે પાછળ કોઈ કારણ હોવું જોઇએ. ઇશ્વરનો ઇન્કાર ત્યારે જ થઇ શકે જ્યારે આ વિશ્વનો ઇન્કાર કરવામાં આવે. ઇશ્વર અદ્રશ્ય થઇ શકે જ્યારે આ બ્રહ્માંડ અદ્રશ્ય બને. બ્રહ્માંડ સ્વરૂપે આપણે જેને જોઇએ છીએ તે ખરેખર ઇશ્વર છે. સાધક પોતાના પ્રયાસોમાં સિધ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે તેને આવો અનુભવ થશે. હકીકતમાં, જે વિશ્વનો આપણે અનુભવ કરીએ છીએ તે એક સ્વપ્ન છે. જ્યારે આપણે સ્વપ્નમાંથી જાગૃત થઇએ છીએ ત્યારે, તે ઇશ્વર છે એ સત્ય આપણી ચેતનામાં પ્રકાશમાન બને છે. પ્રારંભકાળથી આપણે જે ઇશ્વરને આપણી બહાર પ્રસ્થાપિત કરતા આવ્યા છીએ તે આપણી અંદરની પણ વાસ્તવિકતા છે. સત્ય પણ મનુષ્યની આસ્થામાં સ્થાયિત્વને પામે છે.

બેશક, મનનાં દરેક પ્રકારો અને સ્તરોનું સમાધાન કરી શકે એવું કોઇ દર્શન અસ્તિત્વ ધરાવતું નથી. દરેક આગવાં મૂલ્ય ધરાવે છે દરેકનાં બૌધ્ધિક વિકાસ કે વિચાર શક્તિના તબક્કાઓ જુદા જુદા હોય છે. આથી ઉપર દર્શાવેલા ત્રણ દાર્શનિક અર્થઘટનો (દ્વૈત, વિશિષ્ટ અદ્વૈત અને અદ્વૈત) જુદા જુદા સ્વભાવ અને જુથના લોકો વચ્ચે સ્વીકૃતિ પામ્યા છે. આથી એકપણ શાખાને પોતે સર્વોપરી હોવાનો દાવો કરવાનો કે બીજી શાખાને ઉતરતી ઠરાવવાનો કોઈ અધિકાર નથી. કેવળ જેઓ બેવકૂફ છે તેઓ જ આવા વિતંડાવાદમાં પડશે. જ્યારે લોકો ધર્મ ઝનુની વિચારો સાથે આપણો સંપર્ક કરે ત્યારે આપણે હસીને આતુરતા પૂર્વક અને ઇશ્વર પ્રત્યેની પૂર્ણ ભકિતથી તેમને મળવું જોઇએ. કોઇપણ વ્યક્તિ ઝેરનું મારણ કરી શકે છે પરંતુ બેશક પ્રેમની મદિરા પિવડાવીને જ ઝેરનું મારણ કરી શકાય. જ્યારે કોઇ વ્યકિત કામ માટે વ્યગ્રતા પૂર્વક આપણો સંપર્ક સાધે તો આપણે તેની સાથે આપણી કાર્ય કુશળતા અને શકિતની

વાતચીત કરવી જોઇએ. કહેવાનું તાત્પર્ય એ છે કે, જુદા જુદા સંપ્રદાયો અને દાર્શિનિક વિચારોનું અનુસરણ કરનારાઓ વચ્ચે સંવાદિતા ઉભી કરવી શક્ય છે. આનાથી જ્ઞાન અને માન્યતાઓની વિવિધતાઓની શાખાઓ એક થશે. કેવળ સંવાદિતા અને સંવાદી સહકારનો સિધ્ધાંત જ માત્ર દરેક વ્યકિતની કાયમી મિલ્કત બની રહે તો તે કેવું ઉત્તમ ગણાય? જો પ્રત્યેક વ્યકિત એવું વિચારે કે તેનો દ્રષ્ટિકોણ વધુમાં વધુ આંશિક છે અને તેને સત્ય તરીકે પ્રતિપાદિત કરવા માટે હજુ તેમાં ઘણા અન્ય પાસાંઓનો સમન્વય કરવો જરૂરી છે. તો વિશ્વ કેટલું સુખી થઈ જાય.

યોગનો અર્થ “સાથે સંયોજાવું” એવો થાય છે.ભારતમાં જ્યાં યુગોથી દરેક વ્યકિતની નસોમાં યોગ વહી રહ્યો છે ત્યાં અનેક સંપ્રદાયો અને માન્યતાઓ વચ્ચે સંવાદી સહઅસ્તિત્વ ઉભું કરવું શક્ય છે. જે કદાચ વૈશ્વિક ધર્મનો એક આદર્શ પ્રકાર હશે. જેઓ પોતાનાં રોજીંદા જીવનમાં વિરતાપુર્વક પોતાની આસ્થાને અમલમાં મૂકે છે. તેઓ માનવ સમુદાયમાં એકતા ઉભી કરી શકે છે. વ્યકિતની બહારી વર્તણૂંક અને આંતરિક સ્વભાવ વચ્ચેની એકતા સ્થાપી શકાય. જે સાધક પ્રેમના પથ ઉપર જઇ રહયો છે તે પોતાની જાત અને પ્રેમ અર્થાત્ ઇશ્વર વચ્ચેની એકતા પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકે છે. વેદાંત ઇશ્વરની એકમાત્ર વિભાવનામાં તમામ લોકોની એકતા સ્થાપિત કરે છે. સંસ્કૃતમાં જુદા જુદા સંદર્ભોમાં યોગને જુદી જુદી રીતે દર્શાવવામાં આવ્યો છે. પરંતુ જે લોકો એકતાનો વિચાર ધરાવે છે અને તેને અમલમાં મૂકે છે, તેઓ યોગી કહેવાય છે. જેઓ આવી એકતા સ્થાપિત કરવા માટે પ્રવૃત્તિઓ કરે છે અને સિધ્ધિઓ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ છે, તેઓ કર્મયોગી છે. જેઓ પ્રેમપથનું અનુકરણ કરે છે, તેઓ ભકિતયોગી છે. જેઓ પોતાની અવ્યકત શક્તિઓને વ્યક્ત કરે છે અને તેને દિશા આપે છે, તેઓ રાજ યોગી છે. જેઓ વિશ્લેષણ અને બૌધ્ધિક અર્થઘટનોને વળગી રહે છે તેમજ આત્મજ્ઞાન મેળવે છે, તેઓ જ્ઞાનયોગી છે. ભારતીય આધ્યત્મિક ઇતિહાસમાં આ ચાર પ્રકારો વારંવાર જોવા મળે છે.

પ્રથમ કર્મયોગી તે ઉત્કર્ષ સાધી અને પરિશુધ્ધિ કરનાર સત્કર્મો દ્વારા ઇશ્વર સાથે એકતા પ્રસ્થાપિત કરવાનો રાહ અપનાવે છે. આપણે આ વિશ્વમાં એવી ઘણી વ્યકિતઓને મળ્યા હોઇશું કે જેઓ કેવળ એક જ ધ્યેય કે યોજનાને પૂર્ણ કરવા માટે જન્મી હોય છે. તેમની બુધ્ધિ માત્ર કલ્પનાઓ કે યોજનાઓથી સંતોષાતી નથી. તેમનાં મન તેઓ જે મેળવવા માગે છે, તેમની ખરેખર સિધ્ધિથી જ પૂર્ણ બનશે. આવા લોકો માટે એક માર્ગદર્શિકા કે શાસ્ત્રની જરૂર પડે છે. વિશ્વમાં હંમેશા દરેક વ્યકિત એક યા બીજી પ્રવૃત્તિમાં જોડાયેલી હોય છે. આમ છતાં બહુ થોડા લોકો કર્મની અગત્યતા અને મહત્તાને સમજે અથવા તો આ અનિવાર્ય રાહે ઉત્તમ પરિણામો

સૌથી સારી રીતે કેમ પ્રાપ્ત કરવા તે જાણે છે. આથી જીવન નીરસ અને વંધ્ય બને છે. કર્મયોગ; મનુષ્યને આ અગત્યની ચેતના શીખવે છે અને પ્રવૃત્તિ કે કર્મ દ્વારા તેમાંથી મહત્તમ ફાયદો મેળવવા માર્ગદર્શન આપે છે. કર્મ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરવું જોઇએ; કર્મ કરવામાં આધ્યાત્મિક ઝંખનાઓ કેવી રીતે મનની શકિતને પૂનઃ સ્થાપિત કરે છે? અને આધ્યાત્મિક વિકાસ સાધવા માટે કર્મનો ઉપયોગ શી રીતે કરવો જોઇએ? આ કર્મયોગે શીખવ્યું છે.

આ અંગે કેટલાક લોકો એક મોટો વાંધો ઉઠાવે છે અને આપણે તેની ઉપર થોડું ધ્યાન આપવું જોઇએ. વિરોધનો મુદ્દો એ છે કે કર્મયોગમાં ઘણી શારીરિક શક્તિઓની જરૂર પડે છે. પરંતુ, મૂળભૂત રીતે માણસ જેવી સંગત કરે છે, તે મુજબ તેને શારીરિક કે માનસિક શ્રમ પડે છે. "હું કેવળ આજ કામમાં વ્યસ્ત રહેવા માગુ છુ". "હું કેવળ તેનું ભલું કરવા જ પ્રયાસ કરું છું. પરંતુ તે મારી ઇચ્છાની અવગણના કરી મને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરે છે." આ બધાં ઉપર દર્શાવેલ શ્રમના કારણો છે. આવી હતાશાને કારણે વ્યકિત પ્રવૃત્તિમાંથી રસ ગુમાવી નાખે છે. તે કોઇક વ્યક્તિને કોઇક રીતે ભલું કરવા માગે છે અને તેમાંથી આનંદ પ્રાપ્ત કરવા અને તેનું વિતરણ કરવાની આશા રાખે છે. જ્યારે આવો આનંદ મળતો નથી ત્યારે વિષાદ ઉદ્દભવે છે.

પરંતુ આસક્તિભાવ રાખ્યા વિના કર્મ કોને અને કેવી રીતે મદદ કરશે તે જાણ્યા વિના કર્મયોગ આપણને આ બોધપાઠ શીખવે છે કે, કર્મને કર્મની રીતે કરો. કર્મ ખાતર કર્મ કરો. શા માટે કર્મયોગી કામથી પોતાના હાથ ભરી દે છે? એ તેનો ખરો સ્વભાવ છે. તે કામ કરે છે ત્યારે સુખનો અનુભવ કરે છે. બસ આટલું જ. તે પરિણામની તમા કરતો નથી. તેને કોઇ ગણતરી નથી. તે હંમેશા આપે છે, કશું લેતો નથી. કોઇ દુઃખ કે અસંતોષને તે જાણતો નથી. કારણ કે તેણે કોઈ લાભ મેળવવાની અપેક્ષા રાખી નથી.

બીજો માર્ગ; ભકિતયોગનો છે. આ માર્ગ લાગણી પ્રધાન લોકોને અનુકુળ છે. આ માર્ગ જેઓ પ્રેમથી પોતાનું હૃદય ભરી દેવા શકિતમાન છે તેમના માટેનો છે. ઇશ્વરને પ્રિયતમના રૂપમાં જોવાની ઝંખના છે. તેમની પ્રવૃત્તિઓ જુદા પ્રકારની હશે, જેમકે લોબન સળગાવવું, પૂજા માટે ફૂલો એકઠાં કરવાં, મઠો અને મંદિર બાંધવા જે દ્વારા તે સુંદરતા, જ્ઞાન અને શક્તિના પ્રતીકોની સ્થાપના કરી તેનો આદર કરી શકે.

તમે એવું કહેવા ટેવાયેલા છો કે આ દિવ્યતત્ત્વ સાથેની એકતા પ્રાપ્ત કરવાનો સાચો માર્ગ નથી? યાદ રાખો કે, દુનિયા ભરમાં સંતો, મનીષીઓ મહાનઆધ્યાત્મિક નેતાઓ અને માર્ગદર્શકો આવા આધ્યાત્મિક પ્રવૃત્તિના ભક્તિભાવપૂર્ણ તબક્કામાંથી જ ઉદભવ્યા છે. કેટલાક

સંપ્રદાયોએ ઇશ્વરને નિરાકાર કલ્પવાની કોશિશ કરી છે અને દેવનિંદા જેવા જુદાંજુદાં કાર્યો દ્વારા ઇશ્વરની આરાધના કરવા વર્ણવ્યું છે. તેમણે ભક્તિ આંદોલનને કચડી નાંખવા કોશિશ કરી હતી. તેમણે પરમ સત્ય, તેની શક્તિ અને દિવ્યતાને નજરબંધીના ખેલ ગણાવ્યા હતા. ઇશ્વરને કોઇ સ્વરૂપમાં પ્રતીકાત્મક રીતે રજૂ કરીના શકાય એવી માન્યતા તે અંધત્વનું ઉદાહરણ છે. આવી પૂજા વંધ્ય છે એવો આરોપ ખોખલો છે. વિશ્વનો ઇતિહાસ ભક્તિની અસરકારકતાની સાક્ષી પૂરે છે. આ પ્રવૃત્તિઓ વિધિઓ અને અનુષ્ઠાનનો તેમજ સાધકોના જીવન વૃતાંતોને હસી કાઢવા તે યોગ્ય નથી. જેઓ કોઇ સ્વરૂપમાં ભક્તિ કરીને આનંદ મેળવે છે. તેમને તેમ કરવા દો. બેશક તેમની શ્રધ્ધાને તોડી પાડવી તે પાપ ગણાશે.

આધ્યાત્મના મહાન વીરોની ગૌરવ ગાથા જેમણે અનુભવના ઉચ્ચત્તમ શિખરો સર કર્યા છે અને જેઓ આધ્યાત્મિક પરિતૃપ્તિને પામ્યા છે તેમની કીર્તિકથા માણસ જાતના મન ઉપર ઘેરી અસર ઉભી કરે છે. પેગંબરોની આવી લાંબી હરોળોનાં પરિણામે ભારતના આધ્યાત્મિક સંદેશે તમામ રાષ્ટ્રોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. જો ભારતે વિશ્વનો આદર પ્રાપ્ત કરવા શક્તિમાન બનવું હશે તો કમાયેલ અને જાળવેલ અમૂલ્ય ખજાનામાં વિવેક બુધ્ધિ વાપરવી પડશે. અહીં ઇશ્વર પ્રત્યેનો પ્રેમ અને પાપનો ભય; જીવનના મુખ્ય આધાર સ્તંભ અને હંમેશાનો માર્ગદર્શક રહ્યો છે. ભારતે પવિત્ર ભૂમિનું નામ પ્રાપ્ત કર્યું છે. તેણે ત્યાગ અને યોગ માટે જાણીતી, સનાતન તત્વ સાથેની એકતાના ઉદ્દેશવાળી આધ્યાત્મિક સાધનામાં ડૂબેલી ભૂમિનું નામ પ્રાપ્ત કર્યું છે. આ સંસ્કૃતિએ જે ઝંખનાઓને પ્રેરણા પૂરી પાડી છે તે મનના તરંગો પર વિજય હાંસલ કરવાના ઉદ્દેશવાળી છે.

શું આ સંસ્કૃતિ દ્વારા વાસ્તવિકતાના સ્વભાવ અને ખાસિયતો અંગે કરવામાં આવેલી સ્પષ્ટતાઓ કામ અને ક્રોધની ભાવનાથી પીડાતા લોકોને રુચિકર લાગશે ખરી? આ સંસ્કૃતિના મહાન રચયિતા માટે ઇશ્વર એક મૂર્ત સત્ય, એક માત્ર હકીકત,  તેમના પ્રેમનું ધ્યેય હતો. આથી આ સંસ્કૃતિના વારસદારો અનેઅનુયાયીઓએ નાસ્તિકોની દલીલોને વાર્તામાં આવતા મૂર્ખ માણસ જેવી ગણી હસી કાઢવી જોઇએ. એક મૂર્ખ માણસે એક મૂર્તિ જોઇ અને તે ઇશ્વરને શોધવાની લ્હાયમાંને લ્હાયમાં હથોડીઓ મારી તેના ટૂકડે ટૂકડા કરી નાંખે છે.

ભકિતયોગ આવા લોકોને પ્રેમનો માર્ગ શીખવે છે. તે તેમને શીખવે છે કે કોઇની પણ પાસેથી નફો મેળવવાના આશયથી પ્રેમ ના કરો. તમામને ચાહો. તમારી જાતને ચાહો છો એટલા જ સહુને ચાહશો તો તમારું કોઇ નુકશાન થશે નહીં. તે કેવળ સર્વ લોકોમાં આનંદ અને સુખાકારી ફેલાવશે. તમામ અસ્તિત્વમાં પ્રેમ સ્વરૂપ ઇશ્વર રહેલો છે. આથી પ્રેમ કોઇ વ્યકિત

નહીં પરંતુ ઇશ્વર દ્વારા સૂચવવા અને સ્વીકારવામાં આવ્યો છે. ઇશ્વરને પામવા મથતા જિજ્ઞાસુઓ જેઓ ભક્તિ અને સમર્પણના માર્ગને વરેલા છે તેઓ, તરત જ આ હકીકતને સમજી જાય છે.

કેટલાક ઇશ્વરને માતૃ સ્વરૂપે ચાહે છે તો કેટલાક તેને પિતૃ સ્વરૂપે. કેટલાક તેને પ્રિયતમ અને ઘનિષ્ટ મિત્ર તરીકે ચાહે છે. બીજા કેટલાક ઇશ્વરને પ્રિય કે એક માત્ર અપેક્ષિત ધ્યેય તરીકે આદર આપે છે. તેઓ તમામ પોતાના પ્રેમને; પ્રેમના સમુદ્ર અર્થાત્ ઇશ્વરમાં મિલાવી દેવા પ્રયત્નશીલ છે.જ્યાં પણ પ્રેમ જોવા મળે ત્યાં તેને ઇશ્વરનો પ્રેમ ગણી અપનાવો. ઇશ્વર માણસ જાતનો સૌથી મોટો પ્રેમી છે. આથી જ્યારે કોઇપણ વ્યક્તિ મનુષ્યની અર્થાત્ જેને "તે" ચાહે છે તેની સેવા કરવાનું નક્કી કરે છે ત્યારે ઇશ્વર તેના ઉપર અપાર કૃપા વરસાવે છે. જ્યારે મનુષ્યનું હૃદય બીજાઓની યાતનાઓ જોઇ પીગળી જાય છે અને આવી સહાનુભૂતિનાં પરિણામે વિશાળ બને ત્યારે એવું માનો કે ઇશ્વર ત્યાં હાજર છે. આ ભકિતમાર્ગ, ભક્તિયોગની આધારભૂતતાની નિશાની છે.

હવે રાજયોગ અંગે વિચારીશું. રાજયોગનો અર્થ છે મન ઉપર સ્વામીત્વ સ્થાપિત કરવાની પ્રક્રિયા. બુધ્ધિને શરણે કરી દેવાની કે ધાર્મિક આગેવાનોનાં માર્ગદર્શનનું અનુસરણ કરવાની જરૂર નથી. અહીં આવી ભૂલ કરવાની કોઇ જરૂર નથી. દરેક પગલે વ્યકિતએ તેની પોતાની બુધ્ધિ અને અનુભવને ચકાસી અને તેની ઉપર આધાર રાખવો જોઇએ.

દરેક વ્યકિત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ત્રણ પ્રકારના સાધનો ધરાવે છે,અને તે જ્ઞાન દ્વારા પ્રજ્ઞા પ્રાપ્ત કરે છે. પ્રથમ સાધન "સહજ" અને સ્વાભાવિક જ્ઞાનનું છે. પશુઓમાં આ ગુણો વધુ સક્રિય અને વિકસેલાં હોય છે આ સૌથી પ્રારંભિક અને નિમ્ન કક્ષાનાં ગુણો છે. ઉપરોક્ત ત્રણ સાધનોમાંથી પ્રજ્ઞા ખૂબ જ ઓછું ફાયદાકારક સાધન છે. બીજું સાધન; "બૌધિક" છે. જે સાધન કારણ અને પરિણામને જાણે છે. મનુષ્યમાં આ વિશેષ જોવા મળે છે. સ્વાભાવિક જ્ઞાન કેવળ ઇન્દ્રિય અને ઇન્દ્રિયગમ્ય અનુભવો પૂરતું સીમિત હોય છે. મનુષ્યનું સહજ/સ્વાભાવિક જ્ઞાન મોટા ભાગે "બૌધ્ધિક" કે યુકિત યુક્ત જ્ઞાનને આધીન હોય છે. બૌધિક જ્ઞાનની મર્યાદા ખૂબ જ પાતળી હોય છે. બુધ્ધિ વિશાળ ક્ષેત્રોને આવરી શકે છે. આમ છતાં બુધ્ધિ પણ બહુ કંગાળ દેખાવ કરે છે. તેની સીમા મર્યાદિત છે. તે કેવળ અમૂક હદ સુધી જ જઇ શકે છે. તે આગળ વધી શકે નહીં. તર્કનો માર્ગ સીધો નથી તે ચક્રાકાર છે. વારંવારજ્યાંથી શરૂ કર્યું હોય ત્યાં પાછો ફરે છે.

વસ્તુગત જગત તેમજ જે તત્ત્વો અને શક્તિનું તે બનેલું છે તે અંગેનાં આપણા જ્ઞાનનું ઉદાહરણ લઇએ. વસ્તુગત જગત અને તેનાં ઘટકોની ઝંખના કરનાર અને તેને પ્રેરનાર કેવળ આટલે સુધી અટકી શકે નહીં, તે વસ્તુગત જગતની બહાર હોય એવી સર્વવ્યાપી અત્યાવશ્યક બાબતોને પણ ગ્રહણ કરે છે અને આથી બુધ્ધિ જેટલી હદ સુધી ફેલાય કે સમજાવી શકે છે તે સીમા લોકાતીત પૂર્ણતાની વિશાળતા અને અનંતતાની સરખામણીમાં જોતાં એક નાનાં અણુમાં કેદ "ચેતના" જેટલી છે.

આપણાં માટે આ પ્રેરણાના પૂર્ણ અને મુક્ત વિસ્તારમાં, બુધ્ધિની સીમાની પાર પહોંચવા માટે કેટલીક આધ્યાત્મિક કસોટીઓ કે શિસ્ત જરૂરી છે. આને ઇશ્વર પ્રેરિત જ્ઞાન એવું નામ આપી શકાય, કારણ કે આપણે જ્ઞાનના કેવળ ત્રણ તબક્કાઓ ધરાવીએ છીએ-સહજજ્ઞાન (જન્મજાત કર્મેન્દ્રિયો અને સમજ દ્વારા પ્રાપ્ત) યુકિત-યુકત જ્ઞાન (વિભાગી કરણ અને મૂલ્યાંકનની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત જ્ઞાન) ઇશ્વર પ્રેરિત જ્ઞાન (આંતરિક દ્રષ્ટિ કે સ્ફૂરણા દ્વારા ઇશ્વરની કૃપાથી પ્રાપ્ત થયેલું જ્ઞાન). આમાંનું પ્રથમ જ્ઞાન; પ્રાણીઓ ધરાવે છે. બીજું જ્ઞાન એ મનુષ્યની ખાસિયત છે અને ત્રીજા પ્રકારનું જ્ઞાન મહાત્માઓનો વિશિષ્ટ ખજાનો છે. આ ત્રીજા પ્રકારનાં જ્ઞાનને કેળવવું અને વિકસાવું એ દરેક વ્યક્તિ માટે શકય છે. કારણ કે આ પ્રકારની ક્ષમતા દરેક વ્યકિતમાં અવ્યક્ત રીતે છૂપાયેલી હોય છે.

બીજી એક હકીકત પણ ધ્યાન પર લેવી જોઇએ આ ત્રણ પ્રકારના જ્ઞાન તે વૃધ્ધિના તબક્કાઓ છે. આથી આ ત્રણ એક માત્ર નામના પ્રકારો નથી. ઇશ્વર પ્રેરિત જ્ઞાન; યુકિત-યુક્ત જ્ઞાનનું વિરોધી નથી તે કેવળ અવ્યકતને યુકિત-યુક્ત જ્ઞાનના પ્રકાશમાં લાવે છે. બીજો તબક્કો કેવળ આગળના તબક્કાને સિધ્ધ કરે છે. મનના તરંગો અને તેના વાડાઓથી પીડાતા લોકો પોતાના વિકૃત અભિગમોને ઇશ્વર પ્રેરિત અથવા તો તેની કૃપાનું ફળ ગણાવે છે. અને તેઓ બીજાઓને તેમની સલાહ માનવા આહવાન પણ આપે છે. તેઓ તેમના વંધ્ય માર્ગદર્શન દ્વારા લોકોને અવળે માર્ગે દોરી જાય છે. આ મૂર્ખાઓ પોતાના અસંગત ગપ્પાઓ ઇશ્વર પ્રેરિત છે એવી ઘોષણા કરે છે.

સાચાં જ્ઞાનને યુકિત-યુક્ત જ્ઞાન કદી પણ પડકારી શકતું નથી. ઉપર દર્શાવેલા તમામ યોગો આ મત સાથેની સંમતિ સાથે સ્થપાયેલા છે. રાજયોગ; મહદ અંશે મન અને તેના નિર્ણયો દ્વારા અમલમાં મૂકવો જોઇએ. આ અતિ વિશાળ વિષય છે અને એટલે આપણે અહીં કેવળ તેના મુખ્ય વિષય ઉપર ધ્યાન આપવું જોઇએ. આ વિષય એવો છે જેનું નિમ્નથી ઉચ્ચ કક્ષાના યોગીઓ શરણ લે છે. જેને એક મુદ્દાનું ધ્યાન કહે છે. જે વ્યકિત પ્રયોગશાળામાં પ્રયોગ કરતી

હોય, રસ્તા પર ચાલતી હોય, પુસ્તક વાંચતી હોય, પત્ર લખતી અથવા ડ્રાઇવીંગ કરતી હોય તેમને માટે તેમની સામેની ચીજવસ્તુઓ અને પ્રવૃતિઓ પ્રત્યેની એકાગ્રતા જાળવવી ખૂબ જ અગત્યની છે. તે જે પદાર્થ સાથે કામ કરે છે તેના સ્વભાવ અને ખાસિયતોને તે સમજે છે. તમે જેટલી વધુ તીવ્રપણે તમારી એકાગ્રતા જાળવો તેટલું વધુ સફળતા પૂર્વક તમારું કામ થશે. જ્યારે માનસિક શકિતઓ એક કાર્ય ઉપર કેન્દ્રિત થાય છે, ત્યારે જ્ઞાન ઝડપથી અને વ્યાપક ક્ષેત્રમાંથીપ્રાપ્ત કરવાનો આ જ એક માત્ર માર્ગ છે.

એકાગ્રતા વ્યકિતને તે જે કામમાં વ્યસ્ત હોય તેને વધુ સારી રીતે કરવાની શક્તિ બક્ષે છે ભૌતિક કામકાજ કે સામાન્ય રોજબરોજનાં કાર્યો કે આધ્યાત્મિક સાધનામાં માનસિક શકિતની એકાગ્રતા ખૂબ જ જરૂરી છે. આ એક ચાવી છે જે જ્ઞાનનો ખજાનો ખોલી શકે છે. રાજયોગનું આ ખૂબ જ અગત્યનું પાસું છે. એવું પણ કહી શકાય કે, તે યોગનું એકમાત્ર અગત્યનું પાસું છે. હજારો નહીં ઇચ્છવા જેવા બિનજરૂરી અને નુકશાનકારક વિચારો મનમાં પ્રવેશે છે અને મનની પ્રવૃત્તિને રુંધે છે. આવા વિચારોને બહાર કાઢવા જોઇએ. મનની રક્ષા કરવી જોઇએ અને તેને કડક દેખરેખ નીચે રાખવું જોઇએ. રાજયોગ આવો વિજય પ્રાપ્ત કરવા પ્રયાસ કરતી વ્યકિતનું શરણું છે.

જ્ઞાનયોગ એ મુખ્યત્વે મૂળભૂત સિધ્ધાંતોના અભ્યાસ ઉપર કેન્દ્રિત થયેલો છે. આ બ્રહ્માંડ જેને આપણે આપણી બહારની વસ્તુ તરીકે જાણીએ છીએ જ્ઞાનના જુદા જુદા સિધ્ધાંતો દ્વારા સમજાવી શકાય. જ્ઞાનયોગીઓ આવા ઘણા સિધ્ધાંતો અને પરિકલ્પનાઓ ઘડે છે. તેઓ આ વિશ્વના કોઇપણ ભૌતિક પદાર્થ કે પ્રવૃત્તિની વાસ્તવિકતા અંગે સહમત નથી. તેઓ માને છે કે, તેમણે સામાજિક કે અન્ય બંધનોમાં બંધાયા વિના રોજીંદા જીવનને અતિક્રમવું જોઇએ. તેમની દ્રષ્ટિમાં અસ્તિત્વના મહાસાગર કે સત્ નાં તમામ પદાર્થો કેવળ બિંદુ જેવા છે. આ બધા પદાર્થો પરિઘથી કેન્દ્ર તરફ જવા માટે પ્રયત્ન કરે છે. જે કેન્દ્રમાંથી તેઓ માયા દ્વારા અભિવ્યકિત પામ્યા છે. જ્ઞાન યોગી પણ દેખીતી ભિન્નતાના ગૂંચવાડાથી દૂર વાસ્તવિકતાના હાર્દ સમા કેન્દ્રમાં ભળી જવા કોશિશ કરે છે. તેઓ પોતાને કેવળ જાગૃત કરવા માટે પ્રયત્ન નથી કરતા, પરંતુ પોતાને સ્વયં સત્ય બનાવવા પ્રયત્ન કરે છે. બેશક, જેવા જાગૃત બને છે કે તરત જ તેઓ સત્યમય બની જાય છે. તેઓ કદી એ વિચારને સહન કરી શકતા નથી કે, તેઓ અને સત્ય બંને અલગ અને જુદા છે.

તેઓ કેવળ દિવ્ય તત્વથી જ પરિચિત છે. તેઓ અન્ય કોઇને જાણતા નથી. તેઓ બીજી કોઈ ઝંખના, બંધન કે ઇચ્છા ધરાવતા નથી. ઇશ્વર જ સર્વસ્વ છે. તેમને શોક કે હર્ષ, નિષ્ફળતા

કે સફળતાની અસર પડતી નથી. તેઓ કરુણાની ચેતનાના કેવળ એક માત્ર અક્ષત અપરાજિત પ્રવાહને જોઇ અને અનુભવી શકે છે. જે વ્યક્તિ આ સ્થિતિમાં દ્રઢતાપૂર્વક પ્રસ્થાપતિ છે તેને આ વિશ્વ અને તેના ચડાવ ઉતાર, ક્ષુલ્લક અને ભ્રામક લાગે છે. આ ચેતનામાં રહેવા માટે ઇન્દ્રિયોના આવેગોનો નિષેધ કરવો પડે છે. અને તેઓ મનનાં કોઇપણ ઉન્મેષો વિનાના આશ્ચર્યકારક વિશ્વનો સાક્ષાત્કાર કરે છે.

જ્ઞાનયોગી; ઇન્દ્રિયોના આવેગો પ્રત્યે જાગૃત રહે છે અને તેમને કોરાણે મૂકે છે. તે દિવ્ય તત્વને પામે છે અને ત્યાં શક્તિ અને સાંત્વન મેળવે છે. તેને સમજાય છે કે, જે શક્તિ અને ઉર્જા ન્યુનતમ અને મહદ્ થી મહત્તમ પદાર્થોમાં રહેલી છે તે જ આ દિવ્ય સિધ્ધાંત છે. તેના કાર્યો વિચારો અને શબ્દોમાં આ દ્રષ્ટિ અને અનુભવો વ્યક્ત થાય છે. આ પરમાર્થ દ્રષ્ટિ છે, તે તમામ તત્ત્વોને - પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ અને આકાશને - દિવ્ય ગણે છે અને તમામ અસ્તિત્વો મનુષ્યો, પશુ-પક્ષીઓ અને જીવજંતુઓને તેઓ ઇશ્વર પાસેથી નિર્ગમન પામી આવેલા હોવાથી સંપૂર્ણપણે દિવ્ય ગણે છે.

અહીં એક હકીકત નોંધવી જોઇએ. જો વ્યક્તિ કેવળ દિવ્યતત્ત્વનાં સર્વવ્યાપીપણાં અંગે અને લોકાતીતપણાંને જ જાણતી હોય તો તેને જ્ઞાની તરીકેનું બિરુદ ના આપી શકાય. કારણ જ્ઞાનને વાસ્તવિક અનુભવ દ્વારા પચાવવું પડે છે. આ એક કપરી પરીક્ષા છે. બૌદ્ધિક સંમતિથી ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે તે પૂરતું નથી. આવી માન્યતા સજીવોની પ્રત્યેક ક્ષણમાં અને દરેક આસ્તિક મનુષ્યના કાર્યમાં પ્રવેશી તેને પ્રેરણા આપતી રહેવી જોઇએ. જ્ઞાન કેવળ વિચારોનાં બંડલ કે સિધ્ધાંતોનાં ખોખાં નથી. ધર્મ પ્રત્યેક વિચાર, શબ્દ અને કાર્યને પ્રેરણા આપવી જોઇએ. આપણી જાત જ્ઞાનનાં અમૃતમાં ડૂબેલી હોવી જોઇએ.

બુધ્ધિ એ એક નબળુ સાધન છે. કારણકે, બુધ્ધિ જેને પણ આજે સાચું કહે છે, તેને આવતીકાલે એ જ બુધ્ધિ રદબાતલ કરે છે. આથી અનુભવ મેળવવાનો પ્રયાસ કરો. એક વખત તેમાં સફળતા મળશે એટલે “આ બધાની માફક” આત્મા સમજાઇ જશે. આ જ્ઞાનયોગ છે. ભારતીય માર્ગ અનુસાર વેદને ઇશ્વરનો અવાજ ગણવામાં આવે છે. આ રીતે વેદો ભારતીયો માટે જ્ઞાનનો પ્રાથમિક સ્રોત છે. દરેક વસ્તુ વેદના આધારે પારખવામાં આવે છે. પ્રાચીન માનવીઓએ પ્રતિપાદિત કર્યું છે કે, જે વેદો દ્વારા પ્રમાણિત છે તે મનુષ્ય માટે પ્રમાણિત છે. જે આ રીતે પ્રમાણિત નથી તે મનુષ્ય માટે પ્રમાણિત નથી. વેદો મનુષ્યે અથવા તો પુરુષો અને સ્ત્રીએ રચ્યા નથી. મનીષીઓએ તેનું શ્રવણ કરી તેને લખ્યા છે અને ગુરૂઓએ તેમના શિષ્યોને પેઢી દર પેઢી મુખેથી તેનું શ્રવણ કરાવ્યું છે. ગુરૂઓ ગાતા હતા. શિષ્યો તેનું શ્રવણ કરી ગુરુની

માફક તેનું રટણ કરતા હતા. આ રીતે વેદો સદીઓ સુધી હસ્તાંતરિત થતા રહ્યા છે. કોઇપણ વ્યક્તિ એ નક્કી ના કરી શકે કે વેદો સૌ પ્રથમ ચોક્કસ કઈ તારીખે સાંભળવા કે ગાવામાં આવ્યા હતા. આથી તેને સનાતન કે શાશ્વત ગણવામાં આવે છે.

આ તબક્કે આપણે એક બીજું અગત્યનું સત્ય ધ્યાનમાં લેવું જોઇએ. વિશ્વમાં હયાત બીજા તમામ ધર્મો ઇશ્વર દ્વારા કેટલીક પવિત્ર વિભૂતિઓ અથવા તો કેટલીક અતિમાનવ વિભૂતિઓ કે પરમાત્માના અંશો દ્વારા આધારભૂત રીતે કહેવાયા છે. ભારતીયો આ દિશા અપનાવતા નથી. તેઓ જાહેર કરે છે કે, વેદો કોઇ મનુષ્યે રચ્યા નથી. તેઓ ઇશ્વર દ્વારા કહેવાયા છે. તે અનાદિ છે, તે સ્વયં સિધ્ધ છે. તે લખવામાં કે સ્વરબધ્ધ કરવામાં નથી આવ્યા કે તેનું સંપાદન કરવામાં નથી આવ્યું.

આ બ્રહ્માંડ કે સર્જન અમર્યાદિત છે, શાશ્વત છે. તેને કોઇ આરંભ કે અંત નથી. એ જ રીતે ઇશ્વરના અવાજ સમા વેદોની પણ કોઇ સીમા નથી. તે પણ શાશ્વત છે. તેમનો પણ કોઇ આરંભ કે અંત નથી. “વિદ” ધાતુમાંથી વેદ શબ્દ ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે “જાણવું” જ્યારે જ્ઞાનનો આરંભ થયો ત્યારે વેદો પણ પ્રગટ થયા હતાં. ઋષિઓએ તેમનો સાક્ષાત્કાર કરી તેની ઘોષણા કરી હતી. તેઓ “મંત્રના દ્રષ્ટાઓ” હતા.

વેદોમાં બે મુખ્ય વિભાગો છેઃ કર્મકાંડ અને જ્ઞાનકાંડ. પ્રથમ કર્મકાંડ અને ત્યારબાદ જ્ઞાનકાંડ આવે છે. કર્મકાંડમાં જુદા જુદા પ્રકારના અનેક "ક્રતુઃ" અથવા તો અગ્નિને આપવામાં આવતી આહુતિમાં અપાતા બલિનો ઉલ્લેખ છે. તેમાંના મોટા ભાગનાં “ક્રતુઃ”; વૈદિક નિયમો અનુસાર યોગ્ય રીતે કરવાં અઘરાં હોવાથી ભારતીયોએ હાલ તેમને પડતા મૂક્યા છે. કેટલીક વિધિઓ હજુ પણ તેના ક્ષીણ સ્વરૂપમાં ચાલુ છે. કર્મકાંડમાં નૈતિક ધારાધોરણો ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવતો. જીવનનાં નૈતિક નિયમો અને નિષેધો હતા તેમજ બ્રહ્મચર્યાશ્રમ,ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ્થાશ્રમ અંગેની આચારસંહિતા હતી. કર્મકાંડમાં જુદા જુદા સામાજિક વ્યવસાયો કરતા તેમજ જુદા જુદા સામાજિક દરજ્જાના (વર્ણના) લોકો માટે શું સાચું અને શું ખોટું તે જણાવવામાં આવ્યું છે. ભારતમાં હજુ પણ લોકો ક્ષીણ સ્વરૂપે અત્ર તત્ર તેનું અનુસરણ કરે છે.

જ્ઞાનકાંડ; વેદાંત અથવા તો વેદોનો અંત, ધ્યેય કહેવાય છે. જ્ઞાનકાંડ; ઉપનિષદોમાં પૂરાયેલા જોવા મળે છે. દ્વૈતવાદી, વિશિષ્ટ અદ્વૈતવાદી અને અદ્વૈતવાદી દર્શનની શાખાઓ શિવ, વિષ્ણુ, શક્તિ, સૂર્ય અને ગણપતિના ઉપાસકો-તમામ વેદોની સર્વોચ્ચ સત્તા સ્વીકારે છે. તેમણે કદાચ તેમની બૌધ્ધિક ક્ષમતા અને અનુરાગ મુજબ ઉપનિષદના ગ્રંથોનાં અર્થઘટનો કર્યા હશે.

પરંતુ તેમાંથી કોઇએ પણ વેદો કે વેદાંતની સત્તાને પડકારવાની હિંમત કરી નથી. ભારતીય કે વેદાંતી કહી શકાય. દાર્શનિક વિચારોની વિભિન્ન શાખાઓ આજે પણ કદાચ ગ્રહણ કરવી અઘરી છે અથવા તો અપરિપક્વ સમજમાંથી તે પ્રતિપાદિત કરવામાં આવી હોવાને કારણે અઘરી લાગે છે. પરંતુ શાંતિથી વિચારતા અને ગ્રંથનો અભ્યાસ કરતાં કે પૂર્વગ્રહ વિના તેની તપાસ કરતાં તે સ્પષ્ટ થશે કે આ તમામ; ઉપનિષદોએ કાઢેલા મુદ્દાઓ અને તારણો ઉપર આધારિત છે. ઉપનિષદો મંદિર અને ખાનગી મઠોમાં કલ્પના સ્વરૂપે પ્રતીકાત્મક રીતે પૂજાય છે. તે આપણા જીવન સાથે અભિન્નપણે વણાયેલા છે.

વેદો અંતહીન છે. "અનન્નતૌ વાઇ વેદા" પરંતુ તે ચાર ગ્રંથોમાં રહ્યા છે અને તેનો સાર એ જ સ્વરૂપોમાં જળવાયો છે. વિશ્વમાં શાંતિ અને સમૃધ્ધિને વધારવા  માટે આ ચાર વેદો શીખવવામાં અને પ્રચારિત કરાવવામાં આવતા હતા. આ વેદોના નામ છે  રુગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ. આ વેદો ધર્મ પરાયણતાને માને છે. સત્યની ઘોષણા કરે છે અને મનુષ્યો વચ્ચે પૂજા, સંગીત આદરભાવનો અભિગમ વિકસાવીને તે દ્વારા શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહન આપે છે. શસ્ત્રો અને યુધ્ધોનાં કૌશલ્યોને કેળવવાનું પણ કામ કરે છે. તેમણે માણસ જાત સમક્ષ એક આદર્શ મૂક્યો છે અને તેનું અનુકરણ કરે છે.

ભારતીયો જાણતા હોય કે ન જાણતા હોય તો પણ તેમનાં પ્રત્યેક સારાં કાર્ય પાછળ અનિવાર્યપણે વૈદિક આદેશો અને ઉપનિષદો એક નિયમક કે વ્યાખ્યાકારની માફક કામ કરી રહયા હોય છે. લગ્ન વિધિથી માંડી અંતિમ ક્રિયાની વિધિઓ સુધી વેદો જ માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. એક સાચો ભારતીય કદી વેદોને ભૂલી શકે નહીં દ્વૈતવાદીઓ, તમામ, મનીષીઓએ ભૂતકાળમાં નિર્ધારિત કરેલી આ જીવન દિશાનું અનુસરણ કરે છે. પરંતુ તેઓ તેનું મૂળ અને આ માર્ગદર્શક દિશાનો હેતુ જાણતા નથી. જો તેઓ જાણશે તો તેને કાયમી અને વિપૂલ ફળ મળશે.

# વેદોનાં મૂલ્યો

"વેતિ ઇતિ વેદા: જાણવું એ વેદ છે." અર્થાત્ સત્કર્મો અને સાચાં જ્ઞાનની આચાર સંહિતા મનુષ્ય વેદમાંથી જાણી શકે છે. વેદો મનુષ્યને જન્મથી મૃત્ય સુધીનાં તેનાં કર્તવ્યો શીખવે છે. તેમાં જીવનના તમામ તબક્કાઓ અર્થાત્ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમના તબક્કાઓ માટેના અધિકારો અને કર્તવ્યો, બંધનો અને જવાબદારીઓ વર્ણવ્યા છે. વૈદિક આદેશો અને સ્વયંસિધ્ધ સિધ્ધાંતોને સરળ બનાવવા માટે અને શું કરવું અને શું ના કરવું જોઇએ તેના અર્થો અને હેતુઓ લોકોને સમજાવવા માટે વેદાંગો, પુરાણો અને મહાકાવ્યોના ગ્રંથો કાળ ક્રમે અસ્તિત્વમાં આવ્યા છે. આથી જો મનુષ્ય પોતાની પરમ અને સાચી વાસ્તવિકતાને સમજવા ઉત્સુક હોય તો તેણે આ પાછળથી સમજૂતી માટે તૈયાર થયેલા ગ્રંથોની અગત્યતા સમજવી જોઇએ.

આ જ કારણે પ્રાચીન વિધાર્થીઓને વેદો શીખવતા પહેલાં તદ્ સંબંધી ગ્રંથો શીખવતા હતા. ગુરુકુળમાં આ ગ્રંથોનો અભ્યાસ ફરજીયાત ગણાતો હતો. ભારતીયો "૧૪ વિદ્યાઓ" શીખતા હતા. વેદોનો અભ્યાસ ગોખીને કરવામાં આવતો હતો. વેદોના આવા જ્ઞાતાઓ જડ કહેવાતા હતા. પરંતુ આ શબ્દનો અર્થ એવો થતો નથી કે, તે કશું જાણતો નથી. પરંતુ એનો અર્થ કેવળ એટલો થાય છે કે, તેમણે વિશેષ કશું શીખવાનું નથી વેદોના અભ્યાસ દ્વારા તે તમામ જ્ઞાનમાં પારંગત બનતા હતા. મનુષ્ય જીવનને સાર્થક કરવા માટે વેદોનો અભ્યાસ આવશ્યક ગણવામાં આવતો.

ભારતીય સંસ્કૃતિના પ્રવાહે માનવ જીવનનાં મૂલ્યો નિર્ધારિત કરવાની સર્વોચ્ચ સત્તા તરીકે વેદોને સ્વીકાર્યા છે. વેદોમાં પ્રથમવેદ; ઋગવેદ છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, વેદ "૧૦ મંડળો" કે વિભાગોમાં રચવામાં આવ્યા છે. પ્રથમ ૯ વિભાગોમાં અગ્નિ, ઇન્દ્ર, મરુત, ઉષા, વગેરે નામધારી ઇશ્વરોનાં ગુણો ગાતી ઋચાઓ છે. ઇતિહાસકારો અને સંશોધકોએ આ ઋચાઓ કેવી રીતે રચાઇ હશે તે સમજવા કેટલાક સિધ્ધાંતો સુચવ્યા છે. એ દિવસોમાં મનુષ્યો અગ્નિ, વાયુ, મરુત વગેરેને પોતાના કરતાં વિશેષ શકિતશાળી સમજતા હતા અને તેથી તેમણે તેમને દૈવી ગુણોવાળા ગણાવી તેમની આરાધના કરી હતી.

બીજો વેદ યજુર્વેદ છે. આ વેદની બે સંશોધીત આવૃત્તિઓ છે : કૃષ્ણ યજુર્વેદ અને શુક્લ યજુર્વેદ. આ વેદોનું મૂળ; ગંગા નદી અને તેનો પ્રદેશ હોવાનું મનાય છે. તે ઉત્તર મીમાંસા શાખાના દર્શન અને અર્થઘટનનો સ્ત્રોત છે. ત્યાં સુધી ગ્રામ્ય પ્રદેશના લોકો જંગલ

અને કૃષિ લાયક જમીન વચ્ચેની ભેદરેખા દોરતા થઈ ગયા હતા. વેદના કેટલાક ભાગને યજુર્વેદ તરીકે વ્યાખ્યાયિત કરવા પાછળનું એક પ્રમુખ કારણ રહેલું છે. યજુર્વેદમાં આરણ્યક નામના સાત વિભાગો છે. જે તેના નામ ઉપરથી દર્શાવે છે કે વનની નીરવ શાંતિમાં જે આધ્યાત્મિક શિસ્ત અને આચરણો અમલમાં મૂકી શકાય તે અંગેના આ વિભાગો છે.

ત્રીજો વેદ; સામવેદ છે. આ સંગ્રહમાં ઋગ્વેદની ઘણી ઋચાઓનું પુનરાવર્તન થયેલું જોવા મળે છે. પરંતુ વૈદિક અનુષ્ઠાનો અને ઉત્સવો દરમિયાન તે ગાઈ શકાય એટલા માટે તેમાં વધારાની સંગીતની નોંધો આપેલી છે. આથી સામવેદ તે મુખ્યત્વે સ્વર અથવા તો સંગીત લિપી અંગેનો ગ્રંથ છે. ઋગવેદ કાલીન આર્યો સિંધુ નદીના તટે રહેતા હતા. જ્યારે યજુર્વેદ તેઓ ગંગા નદીના કિનારે વસ્યા ત્યારે રચાયો છે. સામવેદના ગીતો પણ એ જ યુગનું ચિત્રણ રજુ કરે છે. પરંતુ એ સમયના લોકો ભારતના મધ્ય ભાગમાં રહેતા હોય એવું લાગે છે. સામવેદને ગાનવેદ પણ કહે છે. સંગીતની તમામ શાખાઓ અને શૈલીઓ સામવેદમાંથી ઉતરી આવેલી મનાય છે. સ્વર અને સ્વરલિપી વેદમાં જોવા મળે છે.

ચોથો વેદ અથર્વવેદ છે. ઘણાં લોકોએ તેને વેદનો દરજ્જો આપવાનો ઇન્કાર કર્યો છે. બીજાઓનું કહેવું છે કે, બાકીના ગ્રંથો રચાયા બાદ જે શેષ રહ્યું તેને લઇને આ ગ્રંથ બનાવવામાં આવ્યો છે. બીજા વેદોમાં ઇશ્વરની શક્તિ અને રહસ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ આ વેદમાં માણસે પોતાના સ્વ પ્રયત્નો અને અનુભવોથી પ્રાપ્ત કરેલી શક્તિઓઅને રહસ્યોની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. આ તેની વિશેષતા છે. હઠયોગ તિરસ્કરણી વિદ્યા, અષ્ટયોગ વગેરે આ વેદમાં જોવા મળે છે. બેશક, ઇશ્વરની કૃપાથી મનુષ્ય કૌશલ્ય પણ પ્રાપ્ત કરી શકે છે. અન્યથા આ બધી સિધ્ધિઓ અશક્ય છે.

ટૂંકમાં એ સમજવું જોઇએ કે વેદો મનુષ્યો માટે ખૂબ જ અગત્યના એવા જ્ઞાનનાં સમગ્ર ફલકને આવરી લે છે તે ભારતીય સંસ્કૃતિનો સ્ત્રોત અને વસંત છે. તે દિવ્ય દ્રષ્ટિ અને અનુભવોનું અનુલેખન છે. ચોક્કસ વ્યક્તિએ લખેલા ગ્રંથો નથી, તે સ્વયં ઇશ્વર દ્વારા કહેવાયા છે. વૈદિક વારસો આજે પણ શુદ્ધ સ્વરૂપે જળવાયેલો છે. કારણકે તે ગુરૂ શિષ્ય પરંપરામાં હસ્તાંતરિત થતો આવ્યો છે. વેદો સમયાતીત અને કર્તાવિહીન હોવાને કારણે તે સર્વસ્વીકૃત બન્યા છે. કોઇપણ વ્યક્તિ તેનાં મૂલ્યોની અવગણના કે ઇન્કાર ચલાવી શકે નહીં.

વિષયની ભિન્નતા કોઇપણ હોવા છતાં ભાષ્યકારો એક વાતમાં સંમત થાય છે કે, ચારેય વેદોનું આવશ્યક શિક્ષણ એક સમાન છે. વિધિઓ, પૂજનની રીતો, અને શોધખોળોનાં તારણો

અંગેના વિભાગો મનુષ્યને જીવનના ચાર ધ્યેયો અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. વેદોમાં પ્રવીણતા મેળવવી ખૂબ જ અઘરી હોવાને કારણે, આપણે સ્મૃતિગ્રંથો પુરાણ અને ઇતિહાસ અંગેનું સાહિત્ય વિકસાવ્યું છે. દીર્ઘદ્રષ્ટિ ધરાવતા દ્રષ્ટાઓએ ઐતિહાસિક અને દંતકથાત્મક બનાવો અને ઘટનાઓના આધારે તેની રચના કરી છે.

કર્મ અને જ્ઞાન તે કારણ અને પરિણામ સાથે સંકળાયેલા છે. આથી શ્રુતિ અને સ્મૃતિના કર્મ વિભાગો જેમાં પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, તે આપણને સત્યનાં નવાં પાસાંઓ અંગેની શોધ તરફ દોરી જાય છે. અને લોકાતીત ઇશ્વરનાં ખ્યાલની વધુ નજદીક લઇ જાય છે. આજ રીતે જ્ઞાન માર્ગ દ્વારા આધ્યાત્મિક રાહે ઇશ્વરના વધુ સ્પષ્ટ ખ્યાલની શોધ અને બહેતર અર્થ પ્રાપ્ત કરવાના ઉચ્ચ આશયો સાથેની “પ્રવૃત્તિને" પોષણ મળ્યું. કર્મોનો ફાયદો શ્રધ્ધાને સમપ્રમાણ હોય છે અને દરેક કર્મ પાછળની શ્રધ્ધા; ઇશ્વર પ્રત્યેની ચેતનાનેસમપ્રમાણ હોય છે, જે ચેતના જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. કોઇપણ વ્યક્તિને સત્કર્મોમાં સામેલ કરવા માટે જ્ઞાન એ આવશ્યક પૂર્વ શરત છે. આ જ્ઞાન; અંતતોગત્વા વેદોમાંથી પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. અર્થાત્ એ વેદોના શિક્ષણ પર આધારિત છે.

કર્મ એ ખરેખર આધ્યાત્મિક સફરમાં ધર્મનું આચરણ છે. ઉપનિષદો આપણને શું કરવું અને શું ના કરવું તેનું માર્ગદર્શન આપે છે. તે આપણને માતા-પિતા, ગુરૂ અને મહેમાનને ઇશ્વર ગણવાનું સૂચવે છે અને સત્યનો અનાદર નહીં કરવાની ચેતવણી આપે છે. ધર્મનો અનાદર કરવો ના જોઇએ. આથી તેમાં બંને હકારાત્મક અને નકારાત્મક સૂચનાઓ આપવામાં આવેલી છે કે, આ સલાહોનું અનુસરણ કરો અન્યનું નહીં.

એ સદીઓમાં રાજા પણ ઉપનિષદના રચયિતા ઋષિઓનાં ચરણમાં બેસીને આશ્રમોમાં અભ્યાસ કરતા હતા અને વૈદિક પરંપરાના ભંડારો તરીકે પ્રકાશમાં આવેલાં આવાં શિક્ષણ કેન્દ્રોને ઉદાર હાથે આર્થિક મદદ આપીને બીજાને પણ અભ્યાસ કરવામાં મદદરૂપ થતા હતા. યથા રાજા તથા પ્રજા. વેદોને પ્રોત્સાહન આપવાનો અર્થ છે, વૈદિક વિદ્વાનો અર્થાત્ પંડિતોને પ્રોત્સાહન આપવું. આજના સમયે પ્રોત્સાહન માટે પ્રયાસો થઇ રહ્યા છે અને શિક્ષણની અન્ય શાખાઓ માટે શિષ્યવૃત્તિ અપાઇ રહી છે. પરંતુ વૈદિક વિદ્વાનોને આવું પ્રોત્સાહન મળતું નથી. આ એક અગત્યનું પાસું છે જેના પ્રત્યે ધ્યાન અપાવું જોઇએ.

“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” ધર્મનું જેઓ રક્ષણ કરે છે,તેનું ધર્મ રક્ષણ કરે છે,તેમ શ્રુતિ કહે છે. જો લોકો ધર્મના સ્ત્રોતને અર્થાત્ સત્કર્મોને પ્રોત્સાહન આપવા આગળ આવશે તો તે તેના પ્રોત્સાહનને મદદરૂપ થશે. વેદોનો અભ્યાસ આજે આર્થિક રીતે મુશ્કેલ બની ગયો છે. લોકોએ

આ પરિસ્થિતિ સાથે સમાધાન કરી લીધું છે. તેઓ આવી દયનીય પરિસ્થિતિ માટે આ અભ્યાસને જવાબદાર ગણાવે છે. વૈદિક અભ્યાસો આવી ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યા છે. જે પંડિતોએ વેદોમાં શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી છે, તેઓ આજ તેનો વ્યાપારી ઉદ્દેશો માટે ઉપયોગ કરે છે. તેઓ શાંતિ અને સંવાદિતામાં જીવવા અંગેના વૈદિક મૂલ્યોને દર્શાવતા નથી અને વ્યક્તિગત ઉદાહરણ આપી વેદો માટે અનુદાન મેળવે છે. આમ તેઓ મુક્તિ અને શાંતિને બદલે પેટિયું રળવા માટે વેદોનો દુરુપયોગ કરી રહ્યા છે. ધર્મોને મળેલી પીછેહઠ પાછળનું આ એક કારણ છે અને લોકોમાં ઉન્માદ અને ભયની લાગણી ફેલાઇ રહી છે. જ્યારે આવા લોકોને વેદો દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલા આદર્શોનું આચરણ કરવા માટે સમજાવવામાં આવશે ત્યારે વિશ્વમાં ફરી પાછી શાંતિ અને સંવાદિતા સ્થપાશે અને એ રીતે માણસ જાતને સાચું માર્ગદર્શન આપવાની દિવાદાંડી પૂરી પડશે.

ભારતીય આધ્યાત્મિક પ્રવાહ; હજુ આજ સુધી વૈદિક શિક્ષણ અને આચરણને ફળદ્રુપ કરતો રહ્યો છે. વૈદિક રાહ ઉપર સફરને આગળ ચલાવતા રહો. આ જ તેનો હંમેશનો સંદેશ રહ્યો છે. કોઇપણ વ્યક્તિ વેદાંત કે વેદોનાં ગ્રંથો પ્રકાશિત કરી શકે. પરંતુજ્યાં સુધી પોતાના ખુદના અનુભવો અને આચરણના આધારે આ વિચારોનાં મૂલ્યોને અનુમોદન આપવામાં આવે નહીં ત્યાં સુધી બધું વ્યર્થ છે.

આ સત્ય આ મહાનુભવો ભૂલી ગયા છે. તેમને સમયસર જગાડો અને આપણી કાલાતીત વૈદિક સંસ્કૃતિનાં મૂલ્યો અને પરંપરાઓને બચાવી લો.

## વેદોત્તર ગ્રંથોનાં મૂલ્યો

ઉપનિષદ અને અન્ય ગ્રંથો દ્વારા વેદાંતનો પ્રચાર કર્યા બાદ તરત જ તપસ્વી ઋષિઓએ; મેળવેલા આધ્યાત્મિક અનુભવોના આધારે લોકો માટે જીવનના જુદાજુદા તબક્કાઓ તેમજ તેમના જુદાજુદા સામાજિક દરજ્જા માટેના નીતિ નિયમો ઉપર આધારિત સ્તુતિઓની રચના કરી હતી. સ્મૃતિઓએ અલબત્ત વેદાંતિક ગ્રંથો જેવી અધિકૃતતા પ્રાપ્ત કરી નહોતી; કારણ કે તે અધિકારો અને જવાબદારીઓ, ફરજો અને કર્તવ્યો સંબંધિત બાબતો અંગેના ગ્રંથો છે.

આવી સ્મૃતિઓ બીજા ધર્મોના અનુયાયીઓ જેનો આદર કરતા હોય તેવા પવિત્ર ગ્રંથોમાં પણ જોવા મળે છે. તેઓ તેમનાં પેગંબરો અને દ્રષ્ટાઓએ આપેલા આવાં સામાજિક ધારા-ધોરણો અને બંધનોને મૂલ્યવાન ગણે છે. આ ગ્રંથોએ સમાજના ઉત્કર્ષ અને પ્રગતિ માટેના નિયમનો તૈયાર કર્યા છે. માટે આપણે પણ તેમને આદર આપીએ છીએ અને આપતા રહીશું. કારણ કે આપણે સ્વીકારવું જોઇએ કે આ નિયમનો પ્રતિભાશાળી ઋષિઓ અને લોકોનું હિત ઇચ્છનારા મહાપુરુષોએ તૈયાર કર્યા છે.

પરંતુ સમયાંતરે સ્મૃતિઓમાં ફેરફારો થયા. મતાંતરોને આધારે કેટલીક બાબતો રદ થઇ, કેટલાક ઉમેરાઓ કરવામાં આવ્યા. મનીષીઓએ પ્રત્યેક યુગ માટેના આધારભૂત ગ્રંથ રૂપે ચોક્કસ સ્મૃતિ ગ્રંથ ફાળવ્યો હતો. કારણ કે જુદા જુદા સૂચનો આપતી વિભિન્ન સ્મૃતિઓ ગૂંચવણો અને શંકાઓ ઉત્પન્ન કરતી હતી. તેમણે કહ્યું હતું કે, કૃત યુગનાં લોકોએ એક સ્મૃતિને ખાસ તેમના માટે રચેલી ગણવી જોઇએ. ત્રેતાયુગના લોકોએ બીજી સ્મૃતિના આદેશોનું અનુસરણ કરવું જોઇએ. દ્વાપરયુગના લોકોએ ત્રીજી સ્મૃતિનાં દર્શાવેલ માર્ગનું પાલન કરવું જોઇએ અને કલિયુગનાં લોકોએ ચોથી સ્મૃતિનું અનુસરણ કરવું જોઇએ. એક પછી એક સદીઓ વિતતાં નવી સમસ્યાઓ ઉભી થાય છે. મનુષ્ય નવી પરિસ્થિતિ અને સંજોગોનો સામનો કરે છે અને આથી ભૂતકાળના કાયદાઓ અને મર્યાદાઓમાં અહીં તહીં સુધારો કરવા આવશ્યક બને છે. લોકોને બદલાયેલા સંજોગોમાં આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ દર્શાવવો જ જોઇએ અને આથી નવા યુગને અનુરૂપ સ્મૃતિને તે યુગ માટે બંધન કર્તા જાહેર કરવામાં આવી છે.

આમ છતાં, વાચકોએ એક વાત મનમાં બરાબર યાદ રાખવી જોઇએ કે વેદાંતમાં; દર્શાવેલો આત્મધર્મ એ સનાતન છે, શાશ્વત છે. તેને કદી સમયની જરૂરિયાત મુજબ ઢાળી ના શકાય. જીવનનાં હાર્દ, સત્ય, વાસ્તવિકતા કે ધ્યેયનાં રૂપમાં આત્મા ઉપર શ્રધ્ધા રાખવી તે ચિરંજીવી શિક્ષણ છે. બધા જ સમયે તે સાચું છે. આત્મધર્મનું સત્ય; દૈવી ઇચ્છા શકિતની અભિવ્યકિત સમા પૂરુષ અને પ્રકૃતિ, મનુષ્ય અને કુદરતના હાર્દના શાશ્વત પાયા ઉપર ઉભું છે. આથી, તે પરિવર્તનથી પર છે. આ સત્યો હજારો વર્ષો જેટલાં જ આજે પણ પ્રસ્તુત છે. હજુ વધારે હજાર વર્ષ વીતી ગયા પછી પણ તેની પ્રસ્તુતતા અને આધારભૂતતામાં ઉની આંચ પણ આવશે નહીં. ભૂત, વર્તમાન અને ભાવિનો પ્રવાહ વહેતો રહેશે તો પણ વેદાંત યથાવત ઉભું રહેશે.

પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવા અને પોતાની બુધ્ધિને પરિશુધ્ધ કરવા મનુષ્ય સદાચારના નૈતિક ધારા ધોરણો અને આદર્શો દ્વારા સાધના કરે છે. તેનો ઉદ્દેશ અલબત્ત,

લોકોની પરિસ્થિતિ અને તેમણે પોતાના તેમજ અન્ય જુથો વચ્ચે ઉભા કરેલા બંધનોને અનુકુળ થવાનો હોય છે. સામાજિક પરિસ્થિતિ બદલાતા તેમાં પણ સુધારાઓ કરવા પડે છે. તે સમય અને સ્થિતિના કોઇ ચોકકસ સંજોગો માટે યોગ્ય અને ફાયદાકારક હોઇ શકે. પરંતુ બીજા સંજોગોમાં તેવું ના પણ બને. ઉદાહરણ તરીકે, કેટલાક સમય માટે સૂચવવામાં આવેલ આહાર નિયમોને પાછા ખેચવામાં આવ્યા હતા અને બીજા સમયને અનુરૂપ એવા નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. જે તે પ્રકારનાં હવામાનની સ્થિતિ જે તે જરૂરી આહાર નકકી કરે છે. સ્મૃતિએ આ જરૂરિયાતને પારખી છે અને આરોગ્ય જાળવી રાખવા માટે આહારમાં ફેરફારો કરવાની છૂટ આપી છે. અન્ય બાબતોમાં પણ આવો જ અભિગમ જોવા મળે છે. આ જ કારણે આધુનિક સમયમાં, સમાજનું સંચાલન કરવાના નિયમનો અને મર્યાદાઓમાં ફેરફારો કરવા ઇચ્છનીય છે. બેશક, ધર્મના મૂળભૂત સિધ્ધાંતો યથાવત રહેવા જોઇએ. તે કદી શિથિલ થવા ના જોઇએ.

હવે, પુરાણ અંગે વિચારીએ. "પુરાણમ્ પ્રાંજલિ ક્ષેનમ્" આર્થાત્ પુરાણ; સર્જન અને ઉત્કાંતિ અંગેના ઐતિહાસિક બનાવો વર્ણવે છે. બનાવોની પસંદગી અને વર્ણન એવી રીતે કરવામાં આવ્યા છે કે, તે પાયાના દાર્શનિક સત્યોનું ચિત્રણ રજૂ કરે. સામાન્ય લોકોને રસપ્રદ પૌરાણિક કથાઓ અને દંતકથાઓ દ્વારા વેદો અને વેદાંતનું શિક્ષણ આપવા માટે પુરાણો રચવામાં આવ્યા છે. વેદોની ભાષા ખૂબ જ પ્રાચીન છે. અને તેનાં વ્યાકરણ અને શબ્દભંડોળમાં ઘણાં પ્રાચ્ય તત્વો રહેલાં છે. મહાન વિદ્વાનોને પણ વેદની ઋચાઓને રચનાકાળ શોધી કાઢવામાં મશ્કેલી પડે છે. પરંતુ, પુરાણની ભાષા આજની છે અને તે સહેલાઇથી સમજી શકાય તેવી છે. આપણે આજે જેને સંસ્કૃત ભાષા તરીકે ઓળખીએ છીએ તે પુરાણની ભાષા છે. જ્યારે પુરાણો રચવામાં આવ્યા હતા ત્યારે કેવળ વિદ્વાનો જ નહીં પરંતુ સામાન્ય લોકો પણ તેની ભાષા સમજી શકતા હતા.

પુરાણોમાં દૈવિ વિભૂતિઓ, મહાન રાજા અને રજવાડાઓનાં સામ્રાજ્ય અને સમુદાયોની નિતિનાં ઐતિહાસિક વર્ણનો છે. આ બધા દ્વારા લોકોને ધર્મનાં જ્વલંત ઉદાહરણો અને આધ્યાત્મિક સિધ્ધાંતોની સમજૂતી મળી રહે છે.

આ તમામ પુસ્તકો અને ધર્મ ગ્રંથોનાં સાહિત્યને હિન્દુ શાસ્ત્રોના જુથમાં મૂકવામાં આવ્યા છે. જે લોકોએ હજારો વર્ષો દરમિયાન ધર્મ અને દર્શનશાસ્ત્ર સંબંધિત આટલાં વિશાળ અને મૂલ્યવાન સાહિત્યનું સર્જન કર્યું હોય તેઓ પોતાની ચોક્કસ માન્યતાઓ પ્રત્યેની વફાદારીના કારણે સંપ્રદાયો અને ઉપસંપ્રદાયોની શાખા-પ્રશાખાઓમાં વિભાજિત થાય તે સ્વાભાવિક છે.

આમાંના કેટલાક સંપ્રદાયો વચ્ચે ઉંડી ખાઇ પ્રવર્તે છે. પ્રાચીનો દ્વારા અધિકૃતપણે તેમને બક્ષેલા વિચાર-સ્વાતંત્ર્યનાં પરિણામે જન્મેલા અભિગમોના આધારે આ સંપ્રદાયો વચ્ચેના મતભેદો ઉભા થયા છે. એ હકીકત અંગે વિસ્તારપૂર્વક વાત કરવાનો આપણી પાસે અત્રે અવકાશ નથી અને તે જરૂરી પણ નથી. આપણે જે સમજવાનું છે તે એ છે કે, તમામે આ સત્યને સ્વીકાર્યું છે અને આ અભિગમોને માન્ય રાખ્યા છે. અર્થાત્ પોતાને "હિન્દુ" કહેવડાવતી વ્યકિતએ આ સિધ્ધાંતોને માનવા જોઇએ. સર્જનનું ચોક્કસ કારણ ક્યું હતું? સર્જન જેના કારણે પરિણમ્યું તે માન તત્વ ક્યું હતું? અને એ કેવી રીતે સંભવ્યું? આ સવાલો માત્ર ભારતીયો માટે જ નહીં પરંતુ બધા જ જિજ્ઞાસુઓ માટે અગત્યના છે. કારણ વિના કોઇ પરિણામ સંભવ નથી. પાયા વિના કોઇ ઇમારત શક્ય નથી. ખેર ! એવું પ્રતિપાદિત કરી શકાય કે આ દ્રશ્યમાન બ્રહ્માંડનાં મૂળ કારણ રૂપ બ્રહ્મ છે. પરંતુ બ્રહ્મ શું છે? બ્રહ્મ; શાશ્વત, પરિશુધ્ધ, હંમેશ ચેતનવંત, સર્વજ્ઞ, અભેદ્ય, નિરાકાર છે. બ્રહ્મ; આ જગત-આ બ્રહ્માંડનું મૂળ છે. બ્રહ્મ જ આ જગતને આકાર આપે છે, ઉત્ક્રાંત કરે છે અને પોષે છે.

હવે, લોકોનાં મનમાં કેટલીક શંકાઓ ઉદભવી શકે. સર્જનમાં આટલો બધો પક્ષપાત શા માટે છે? કેટલાક જન્મજાત તંદુરસ્ત છે તો કેટલાક નાદુરસ્ત, કેટલાક સમૃધ્ધ અને બેફિકર જીવન જીવે છે તો બીજાઓ જીંદગીભર દારુણ ગરીબીમાં પરિશ્રમ કરતા રહે છે. બેશક, આવી દલીલો કરી શકાય. સર્જનમાં આવા પક્ષપાતો ઘણાં જોવા મળે છે.

એક વાત સ્પષ્ટ સમજી લેવા જેવી છે કે, જીવન; મૃત્યુ પર આધારિત છે. “જીવો જીવસ્ય ભક્ષણમ” જેને કારણે સજીવ પોતે જીવી શકે. બળવાન નબળા પર રાજ કરે છે. આ વિશ્વનો મૂળભૂત સ્વભાવ છે. આ જોઇને, લોકો એવું તારણ કાઢે છે કે, જો આ વિશ્વ ઇશ્વરે જ સજર્યું હોય તો આ ઇશ્વર સ્વયં ક્રૂરતા છે. આવા ઉદગારો સામાન્ય માણસોના દ્રષ્ટિકોણમાં જોવા મળે છે. પરંતુ ભારતીય પરમાર્થ વાહિની ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ શુધ્ધ પ્રવાહ-ઘોષણા કરે છે કે, આ બિલકુલ સાચું નથી! દયાજનક સ્થિતિ કે આનંદ કે સદભાગ્ય કે દુર્ભાગ્યનું કારણ ઇશ્વર નથી. તો ખરાબ કે સારા માટે કોણ જવાબદાર છે? આપણે પોતે જ, આ તેનો જવાબ છે. ખેડેલી અણખેડેલી બંને ભોંય ઉપર વરસાદ એક સરખો પડે છે. પરંતુ તેમાંથી માત્ર ખેડેલી જમીન જ ફાયદો મેળવે છે. વાદળોને દોષ આપવાની જરૂર નથી. વાંક અજ્ઞાની, આળસુ માણસનો છે. જે પોતાની જમીનને અણખેડેલી રાખે છે. ઇશ્વરની કૃપા હંમેશા હાથવેંતમાં હોય છે. તેમાં કશું "વધુ કે ઓછું" ચડાવ કે ઉતાર જેવું હોતું નથી. આપણે તેને વધતું કે ઓછું બનાવીએ છીએ અથવા તેને જવા દઈએ છીએ અથવા તો આપણા ભલા માટે તેનો ઉપયોગ કરીએ છીએ.

એવો સવાલ ઉદભવી શકે કે, "શા માટે કોઇ વ્યક્તિ સુખી અને કોઇ દયનીય સ્થિતિમાં જન્મે છે? તેમણે કોઇ સારાં કે ખરાબ કર્મો કર્યા નથી તો તેમની સાથે આવો અસમાન વ્યવહાર શા માટે?" સાચું. તેમણે આ જીવનમાં કોઇ કર્મો કર્યા નથી. તેઓ તો હજુ જન્મ્યાં જ છે. પરંતુ તેમણે પૂર્વજન્મમાં સારાં કે ખરાબ કર્મો કર્યા હશે. પૂર્વ જન્મનાં કર્મોનાં પરિણામ આ જન્મમાં ભોગવવા પડે છે.

હવે આપણે બે તારણો પર આવી શકીશું. જે તારણો સાથે હિન્દુ ધર્મનાં તમામ સંપ્રદાયો સહમત છે. બૌધ્ધો અને જૈનો પણ આ બે તારણો સાથે સહમત છે. આપણે બધા દ્રઢપણે માનીએ છીએ કે, જીવન શાશ્વત છે. તે શૂન્યમાંથી ઉદભવ્યું નથી. એ અસંભવ છે. જો તે જડ ચીકણી માટી કે કાદવમાંથી ઉદભવ્યું હોય તો તે જડ અને નિષ્ક્રિય હોત. તમામ સંયોજાયેલી વસ્તુઓ વિઘટન પામે છે. સમયના બંધનથી બંધાયેલી તમામ વસ્તુઓનો કાલાંતરે અંત આવે છે. જો જીવન કાલે શરૂ થયું હોય તો તે આવતી કાલથી વધુ લાંબુ ચાલી શકે નહીં. જો તેનાં મૂળ હશે તો તેના સ્રોત સૂકાઇ જશે અને વૃક્ષ બચશે નહીં.

જીવન; આ બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અસ્તિત્વ ધરાવતું હશે. આ સત્યને સમજવા માટે દલીલો કરવાની જરૂર નથી. શું આપણે જોઇ શકતા નથી કે આધુનિક વિજ્ઞાન; ભારતના ધર્મગ્રંથોએ કરેલાં રહસ્યોદ્ઘાટનને વધુને વધુ સાચાં સિધ્ધ કરે છે. આનો પણ કોઇ દિવસે સ્વીકાર થશે. આધ્યાત્મિક ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિની મૂળભૂત માન્યતાઓના આધાર ગ્રંથો તરીકે પ્રસ્થાનત્રયી અર્થાત્ ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદગીતાને ગણવા જોઇએ. ભારતમાં ઘણાં લોકોને એવું લાગે છે કે અદ્વૈત વેદાંત એક માત્ર સાચું છે પરંતુ આ અભિગમ સાચો નથી. ઉપનિષદો; સ્વયં ઇશ્વરનો અવાજ છે. બ્રહ્મસૂત્ર; વ્યાસ મુનિ દ્વારા પ્રતિપાદિત કરાયેલા સિધ્ધાંતો અને શાસ્ત્રનું પરમ મૂર્ત સ્વરૂપ છે. તે દર્શનશાસ્ત્રસંબંધિત ગ્રંથોમાં સૌથી અગત્યનો ગ્રંથ છે. તે દાર્શનિક માન્યતાઓના સમગ્ર એકમ વચ્ચે સંવાદિતા ઉભી કરે છે. તે અગાઉના ગ્રંથો અને મહાનિબંધો પર આધારિત હોવા છતાં તેમાં અગાઉના અને પછીના વચ્ચેનો ઝગડો જોવા મળતો નથી. બ્રહ્મસૂત્રનાં સૂત્રોમાં પ્રત્યેક તારણો પૂર્ણતા અને પૂનઃ પુષ્ટિ પામે છે. ભગવદ્ ગીતા; વેદાંત સમજાવવા માટે ઇશ્વરે બક્ષેલા ભાષ્યની ગરજ સારે છે.

હિન્દુ ધર્મના તમામ સંપ્રદાયો-પછી તે દ્વૈતવાદીઓ, વિશિષ્ટ અદ્વૈતવાદીઓ અને અદ્વૈતવાદીઓનાં હશે તો પણ તેઓ-આ ત્રણ સ્રોતને પોતાનાં મૂળભૂત ગ્રંથો તરીકે સ્વીકારે છે. જે કોઇ વ્યક્તિગત પોતાનાં નવાં અર્થઘટનો કે નવા અભિગમ કે સિધ્ધાંત-શંકર, રામાનુજ, માધવાચાર્ય, વલ્લભાચાર્ય કે ચૈતન્ય પ્રસારિત કરવા માંગતી હશે તેણે આ "પ્રસ્થાન ત્રયી"

અર્થાત્ આ ત્રણ સ્ત્રોતનાં દ્રષ્ટિબિંદુ ઉપરનાં ભાષ્યો દ્વારા તેનો પ્રચાર કરવો પડશે. આથી ઉપનિષદો અને તદ્ સબંધિત શાસ્ત્રો પૂરતો જ વેદાંતનો ઉપયોગ થઇ શકે એમ કહેવું તે મોટી ભૂલ છે.

પ્રસ્થાન ત્રયીનાં તમામ તારણો સાચાં છે અને તેને વેદાંત નામ આપવું ઉચિત છે. વિશિષ્ટાદ્વૈત તેમજ દ્વૈતને વધુમાં વધુ અદ્વૈત સ્વરુપનું વેદાંત ગણી શકાય. આ વિવિધતાની એકતા, આ મતભેદોની સંવાદિતા એ ભારતીય આધ્યાત્મિક વિચારધારાનાં પ્રવાહનું હાર્દ છે. ગાયનાં શરીરમાંથી દૂધ મળે છે. દૂધમાં ઘી સમાયેલું છે. પરંતુ ગાય એ ઘીમાંથી કોઇ શક્તિ પ્રાપ્ત કરતી નથી. દૂધ દોહવું પડે છે. ત્યારબાદ તેને ગરમ કરી તેમાં દહીંનું થોડું મેળવણ ઉમેરવું પડે. દૂધનું દહીં બની ગયા બાદ દહીંને વલોવી માખણને જુદું તારવવું પડે છે. ત્યારબાદ માખણને તાવી, ઓગાળી, નીતારી ઘી મેળવવામાં આવે છે. આ રીતે તૈયાર કરેલું ઘી ગાયને ખવડાવવાથી તે શક્તિ પ્રાપ્ત કરશે. આ જ રીતે-ઇશ્વર સર્વવ્યાપી છે. આમ છતાં મનુષ્યજ્યાં સુધી સાધના કરતો નથી ત્યાં સુધી તેને તેની પ્રતીતિ થતી નથી.

તલમાં તેલ રહેલું છે; દૂધમાં માખણ છે; ભૂતળમાં પાણીના સ્ત્રોત છે; લાકડામાં આગ છૂપાયેલી છે. એ જ રીતે સર્વવ્યાપી ઇશ્વર મનુષ્યનાં શરીર અને મનમાં રહેલો છે. આપણે જ્યારે એને અલગ કરી ઓળખવા પ્રયત્ન કરીએ ત્યારે સાધના કરવી પડે છે અને એ પ્રયાસો તેમજ સાધનાને પરિણામે આપણને પ્રતીતિ થાય છે કે, ઇશ્વર આપણી પોતાની જાત જ છે અને એ બંને વચ્ચે કોઈ તફાવતનથી. અદ્વૈતવાદ અનુસાર આ મુક્તિ છે - પ્રજ્ઞા છે - સાક્ષાત્કાર છે. શંકરે આ પ્રક્રિયાને અદ્વૈતની ઉપાસના એવું નામ આપ્યું છે.

વિશિષ્ટદ્વૈતની ઉપાસના: સાધક જે ઇશ્વરનો આદર કરે છે તે તેનાથી જુદો છે કે તે પોતે તેનો ભાગ છે? આ સવાલનો જવાબ હવે આપવાનો છે. જીવ આ શરીરનો આત્મા છે; ઇશ્વર જીવનો આત્મા છે. એક વાર વ્યક્તિને આવો વિશ્વાસ બેસી ગયા બાદ ઇશ્વરનો આદર એ એક સાધન છે, એવું રામાનુજ કહે છે. આ સમગ્ર બ્રહ્માંડ ઇશ્વરનો (તેનો) ભાગ છે, તેનામાં સમાયેલું છે તે જ અંતઃસ્ફૂરણા આપે છે. તે સર્વવ્યાપી છે. આ પરમ વિભૂતિને કેવળ અખૂટ ભક્તિ, પ્રયાતિ, શરણાગતિ, સંપૂર્ણ શરણાગતિ દ્વારા જ પામી શકાય. "ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવઃ. તમે જ મારું સર્વસ્વ છો. ઓ દેવોના દેવ તમે જ એક માત્ર મારાં સ્વામી છો."

દ્વૈતની ઉપાસના: જીવાત્મા અને પરમાત્માનો સંબંધ પતિ - પત્ની જેવો છે. પૂર્ણ, મુક્ત, સર્વોપરી વિષ્ણુ તે પતિ છે, સ્વામી છે, શાસક અને પોષક છે. વ્યક્તિ શાસિત છે. આધીન છે, પત્ની છે. સાધનાની આ પધ્ધતિ માધવાચાર્યએ શીખવી છે. ઇશ્વરનાં ચરણકમળમાં

ભક્તિભાવપૂર્વક ધ્યાન ધર્યા વિના આ સંસાર ચક્રમાંથી મુક્તિ નથી મળતી. એટલું જ નહીં પરંતુ બુધ્ધિ અને ભાવનાની શુધ્ધતા પ્રાપ્ત કરવી પણ અસંભવ છે. કારણ કે જેઓ પોતાની અંદર ઇશ્વરનાં અસ્તિત્વ પ્રત્યે ઉન્માદપૂર્ણ ભક્તિભાવથી વિભોર થયેલા છે તેઓ મનન કરવા માટેનો કોઇ ગ્રંથ ધરાવતા ના હોય તો પણ, ઇશ્વરની મોહિની અને શક્તિ તેમના ઉપર પરમ ચૈતન્ય સ્વરૂપ ભક્તિની વૃષ્ટિ કરે છે. આ અનુભવ શું પ્રેરણા આપે છે, તે કોઇ શોધી શકે નહીં. ભાવાવેશની અવસ્થામાં તેઓ શરમ અને વ્યક્તિત્વ અંગેનું ભાન ગુમાવી દે છે અને ઇશ્વરનાં પ્રેમીજનનું પદ પામે છે.

એ સ્થિતિમાં તે મોટા સાદે ગાય છે અને નૃત્ય કરે છે અને સાચા પરમાનંદમાં એક થઇ જાય છે. આવી શ્રધ્ધા સાથેની સાધના માધવાચાર્યએ સૂચવી છે. પોતાનાં પ્રિયજનને મળવાની વિરહવેદના અદ્વૈતોપાસનાની સાચી નિશાની છે, ત્યારબાદ અનેક લોકોએ સેંકડો રીતે આ ઉપાસના વર્ણવી છે.

ગીતામાં દર્શાવવામાં આવેલી ઉપાસનાને પાંચમા વેદ તરીકે મહાભારતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મહાભારત; દુન્યવી અને આધ્યાત્મિક બાબતોમાં મનુષ્ય જેનો સામનો કરે છે તે સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડતા રત્નોનો ભંડાર છે. મહાભારત એ ધર્મક્ષેત્રનાં મંચ ઉપર શ્રી કૃષ્ણએ ભજવેલું અદ્દભૂત નાટક છે. જેની ભજવણી માટે જરૂરી તમામ ચીજોનો તેમણે વિનિયોગ કર્યો છે. આ નાટકના દિગ્દર્શક માધવ અર્થાત્ શ્રીકૃષ્ણ છે. તેમણે આ નાટકમાં ભાગ લેનાર કલાકારોને એકત્ર કર્યા છે. ક્યું ગીત કોણે ગાવું? ક્યો શબ્દ કોણે ઉચ્ચારવો? અને નાટકના પાત્રોના પ્રવેશ અને ગમન બધું જ તેઓ નક્કી કરે છે. તેઓ એક નટ છે. સાક્ષી છે, નિર્માતા છે, તમામ પાત્રો પણ તેઓ જ છે. એક તરફ અધર્મમાં ડૂબેલી અમાપ દુન્યવી કે ભૌતિક શક્તિ છે અને બીજી તરફ મર્યાદિત આત્મિક શક્તિ ધરાવતી ધર્મપરાયણતા છે; આ મહાભારતનું મૂળ હાર્દ છે. આ જ ભગવદ ગીતા છે. સમગ્ર મહાભારતનો સાર તેમાં ભરેલો છે “કરિશ્યે વચનમ્ તવ” “હું તમારા આદેશનું પાલન કરીશ.” “પોતાના કર્તવ્યોનું પાલન કરવામાં વ્યક્તિને પોતાની સલામતી અને સુખ પ્રાપ્ત થાય છે" - “સ્વધર્મ નિધનમ્ શ્રેય" - આ દુન્યવી ધર્મનો નિષ્કર્ષ છે.

સમૃધ્ધિ અને પ્રગતિ આપનાર ભક્તિ માર્ગની ઉપેક્ષા કરી જેઓ આંખો મીંચી “અહમ બ્રહ્માસ્મિ” - “હું બ્રહ્મ છું” એવું ધ્યાન ધરે છે અને તેનાથી ઉત્પન્ન થતા અહમ ભાવથી પીડાય છે, તેઓને બદલામાં કેવળ દુ:ખ જ પ્રાપ્ત થાય છે. કૃષ્ણનાં શબ્દો ઉપર શ્રધ્ધા રાખ્યા વિના જો કોઇ વ્યક્તિ પોતાની બુદ્ધિ કહે તે મુજબ વર્તણુંક કરે તો તે માર્ગ અંતિમ સત્ય-બ્રહ્મત્વ તરફ

દોરી જતો નથી. ભગવદગીતાનાં વર્ણનો અને બનાવો નિઃશંકપણે શીખવે છે કે, કૃષ્ણ ખુદ પરમબ્રહ્મ છે. ગીતા તમામ વેદાંતોનો સાર છે, અમૃતની ખાણ છે. તે શાસ્ત્રોના સમગ્ર સંગ્રહમાંથી તારવેલો મધુપર્ક છે. તે એક જ ગ્રંથમાં સમાયેલો ભારતીય આધ્યાત્મિક વિચારધારાનો પુનિત પ્રવાહ છે. કોઇપણ વ્યક્તિ આનો ઇન્કાર કરી શકે તેમ છે?

## ગુરૂ સ્વરૂપ અવતાર

બ્રહ્માંડ કે સર્જન, કાળ, કર્મ કે પ્રવૃત્તિ - આ તમામ ઇશ્વરની ઇચ્છાની અભિવ્યક્તિઓ છે અને તેની સાથે બંધાયેલા છે. કેટલાક લોકો તેને “ભ્રામક” કે “અવાસ્તવિક” કહે છે. પરંતુ સત્યના મૂર્ત સ્વરૂપ સમો ઇશ્વર શી રીતે સત્ય ના હોય? આથી એવું કહી શકાય કે આ બંને એક રીતે સત્ય છે. જ્યારે ઉત્ક્રાંતિ; પ્રતિક્રિયામાં પરિવર્તન પામે છે અને ચેતન અને અચેતનના ઐક્યનો તબક્કો આવે છે ત્યારે કેવળ ઇશ્વરનું જ અસ્તિત્વ રહે છે.

કાળ એ ઇશ્વરની શક્તિની અભિવ્યક્તિ છે અને આથી તેનો કોઇ આદિ કે અંત નથી. કર્મ પણ એક અગત્યનું વિશ્વાસપાત્ર સત્ય છે. ઇશ્વર સીમા - મર્યાદામાં બંધનથી મુક્ત એવી કોઇ નિરંકુશ શક્તિ નથી. તે મનુષ્યે તેનાં પૂર્વજન્મમાં કરેલાં કર્મો અનુસાર જ પરિસ્થિતિ અને વાતાવરણ સર્જે છે. સર્જન, કાળ અને કર્મ - આ ત્રણેય ઇશ્વરમાં અને ઇશ્વર સાથે રહેલાં સત્યો છે. આ તેનાં સાધનો છે જે તેની સાથે બંધાયેલા છે. સામાન્ય રીતે ઇશ્વરને ઇન્દ્રિયો દ્વારા પામી શકાતો ના હોવા છતાં જે શ્રધ્ધાળુ વ્યક્તિ ઉંડા તાદામ્ય સાથે તેની સાથે એકાકાર થવા પ્રયત્ન કરે છે તે તેને પામી શકે છે. શા માટે? આવી શ્રધ્ધાળુ વ્યક્તિ બાહ્ય પદાર્થોને જેવી રીતે અનુભવે છે એટલી જ સ્પષ્ટ રીતે ઇશ્વરનો પણ અનુભવ કરે છે. ઇશ્વર નિરાકાર છે અર્થાત્ તે કોઇપણ સ્વરૂપ ધારણ કરી શકે છે. તેના સ્વરૂપો અનંત છે. તો પછી તે શ્રધ્ધાળુ વ્યક્તિને ક્યા સ્વરૂપમાં દર્શન આપશે. જે સ્વરૂપમાં શ્રધ્ધાળુ વ્યક્તિ ઇશ્વરને જોવાની ઉત્કંઠા રાખે છે, જે સ્વરૂપ ભક્તને પરમ સંતોષ આપે છે એ સ્વરૂપમાં ઇશ્વર તેને દર્શન આપે છે. આ સ્વરૂપો તેનાં અવતારો છે. જ્યારે ઇશ્વર આ રીતે પોતાને અભિવ્યક્ત કરે છે ત્યારે તે પોતાને મર્યાદિત રાખતો નથી. તે આવા પ્રત્યેક અવતારમાં સંપૂર્ણપણે હાજર હોય છે. તે પ્રત્યેક અવતારમાં સંપૂર્ણ ગૌરવ સાથે વ્યક્ત થાય છે.

એવું કહેવાય છે કે, ઇશ્વરની કેટલીક અભિવ્યક્તિઓ આંશિક હોય છે, બીજા કેટલાક તેનાં પૂર્ણ સ્વરૂપો છે, કેટલાક અસ્થાયી સ્વરૂપો છે તો કેટલાક સનાતન. પરંતુ આ બધા જ અવતારો

કહેવાય છે. નારદ, સનતકુમાર અને અન્ય મનીષીઓને કેટલાક ગ્રંથોમાં આવા અવતારો ગણાવ્યા છે. તેઓ બધા જ પ્રકારના દૈવી લક્ષણો ધરાવતા નહોતા આથી તેઓ પૂજાતા નથી.

જીવી; તેના સ્વભાવથી જ “શાશ્વત અને અમર” છે. તેને કોઇ અંત કે આરંભ નથી. તેનો કોઇ જન્મ નથી કે નથી મૃત્યુ. તે સ્વયં પ્રકાશિત છે. તે જ્ઞાતા છે અને તે જ સ્વયં જ્ઞાન છે. તે જ કર્તા છે અને તે જ આનંદ પ્રાપ્ત કરનાર છે. બંધનમાં હોય કે મુક્ત, જીવીની આ લાક્ષણિકતાઓ યથાવત રહે છે. પરંતુ, તેને ઇશ્વર જેવી આઝાદી મળી નથી. પ્રત્યેક કર્મ કરવા માટે જીવી એ પોતાના શરીર, ઇન્દ્રિયો અને પ્રાણવાયુનો ઉપયોગ કરવો પડે છે. આ તમામ ચીજો વ્યક્તિમાં રહેલા દૈવીતત્વ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. જીવી; પોતાની ઇચ્છાશક્તિ ના ધરાવતું હોય એવું યંત્ર નથી. જે રીતે પૂર્વજન્મનાં કર્મોનાં આધારે આ જન્મોનાં કર્મો નક્કી થાય છે, તે જ રીતે આ જન્મનાં કર્મો હવે પછીનાં જન્મનાં કર્મો નિર્ધારિત કરે છે. ઇશ્વર; વર્તમાનનાં કર્મના સ્વભાવ અનુસાર સ્થળ, કાળ, સંજોગો અને પરિણામ નક્કી કરે છે. ઇશ્વર; મનુષ્યનો સ્વભાવ નિર્ધારિત કરવાની શક્તિનો ઉપયોગ કરી તેને જુદાં જુદાં સ્વરૂપમાં ઢાળતો નથી. તે વ્યક્તિને તેની ઇચ્છાશક્તિ ઉપર છોડી દે છે. વ્યક્તિએ અનુભવથી શીખવાનું રહે છે. પથ્થરમાંથી તૂટેલો પત્થરનો ટૂકડો પથ્થરનો જ એક ભાગ છે. તેમ વ્યક્તિ ઇશ્વરનો ભાગ નથી. એક અર્થમાં જીવી અને જગત ઇશ્વરથી અલગ અને જુદા છે. બીજા અર્થમાં તે અભિન્ન પણ છે. આ અલગતા અને એકાત્મતાનું રહસ્ય તર્ક અને બુધ્ધિથી સમજી શકાય તેવું નથી. તે કેવળ વેદો અને તેના સંદેશ દ્વારા જ સમજી શકાશે. ભારતીય પરમાર્થ વાહિની, આ મુખ્ય સારનો પરિચય કરાવી શકે છે.

આ વિશ્વમાં જન્મ લેનારું પ્રત્યેક બાળક પૂર્વજન્મમાં સંચિત કરેલાં નહીં વપરાયેલાં ફળોનો બોજ ઉઠાવીને જન્મે છે. તે કુદરતના ખોળામાંથી વિજળી વેગે આવી પડતું નથી. તે આ વિશ્વમાં તેના પૂર્વજન્મનાં કર્મોનાં પરિણામ સ્વરૂપ સારા ખરાબ અનુભવો મેળવવા આવે છે. મનુષ્યમાં જોવા મળતા તફાવતો માટેની આ સ્પષ્ટતા છે. આ કર્મનો સિધ્ધાંત છે.

મનુષ્યોમાં પ્રત્યેક વ્યક્તિ પોતે જ, પોતાના સારા કે ખરાબ નસીબનું કારણ છે. તે પોતે જ પોતાના નિર્માતા છે. નસીબ, ભાગ્ય, નિયતી, ઇશ્વરની ઇચ્છા - આ પ્રત્યેક સ્પષ્ટતા કર્મના સિધ્ધાંત દ્વારા જ પલટાય છે. ઇશ્વર અને મનુષ્ય કેવળ આ સૂત્ર કે કર્મના સિધ્ધાંતના આધારે જ સંકળાયેલા છે. જ્યારે મનુષ્ય અનુભવે છે કે તેનાં દુ:ખ માટે ઈશ્વર કારણભૂત છે અને કોઇ અન્ય વ્યકિતને દોષ આપવાનો અર્થ નથી ત્યારે તે ખૂદ જ પોતાનાં કર્મનાં કારણ અને

પરિણામનો કર્તા અને લાભાર્થી બને છે અને તે તેનું ભાગ્ય નિર્ધારિત કરવા માટે મુકત બને છે. ત્યારે તે મક્કમપણે અને સ્પષ્ટ સમજ સાથે ઇશ્વર સાથેનો નાતો બાંધે છે.

જો આજના સમયમાં માણસ દુર્ભાગ્ય નો ભોગ બને તો તેણે કરેલાં કર્મોનું તે પરિણામ છે. એ જ રીતે માણસે સ્વીકારવું જોઇએ કે સુખ અને સદભાગ્ય પણ તેના પોતાના હાથમાં છે. જો તે નકકી કરે તો તે સુખ અને સદભાગ્ય પ્રાપ્ત કરી શકે છે.

જો વ્યકિતની ભાવના આજે શુધ્ધ હશે તો તે પોતે તેનું કારણ છે.જ્યાં સુધી તેની ઉત્કંઠા જાગશે નહીં ત્યાં સુધી તે કમાશે નહીં. આથી એ સ્પષ્ટ છે કે મનુષ્યમાં રહેલી ઇચ્છા શકિત; તમામ મનીષીઓ અને પરિસ્થિતિઓ, તમામ સૂત્રો અને પરિવર્તનોથી પર છે જે આઝાદી તે ભોગવે છે તે તેના પૂર્વજન્મનાં કર્મોનું પરિણામ છે તે શક્તિશાળી છે, અનાદિકાળ સુધી ફળદાયી અને સર્વોપરી છે.

બીજી સમસ્યા મુક્તિ કે મોક્ષની છે. આત્મા; પુરુષ કે સ્ત્રી સ્વભાવવાળો નથી. તેના આવા ભેદ પાડવા શક્ય નથી. તે કેવળ શારીરિક પદવીઓ છે. જ્યારે આત્મા વિશે વાત કરતાં આવા વિચારો આવે તે ભ્રમણાની નિશાની છે. જ્યારે દેહની ચર્ચા કરતા હોઇએ ત્યારે આવા વિચારો પ્રસ્તુત બની રહે. આત્મા શાશ્વત છે. આ ચિર યૌવન હસ્તી હંમેશા એક અને માત્ર એક જ છે.

આત્મા શી રીતે અવતાર પામે છે? શાસ્ત્રમાં કેવળ તેની સ્પષ્ટતા છે. આ તમામ પ્રાપ્તિ અને બંધનોનું કેવળ એક જ કારણ છે – અવિદ્યા - સાચી ચેતનાનો અભાવ. અવિદ્યા દ્વારા મનુષ્ય બંધનમાં મૂકાય છે, આથી પ્રજ્ઞા એ તેનો ઇલાજ છે. એ જ એક માત્ર તેને પાર લઇ જઇ શકે. આ ચેતના કેવી રીતે પૂર્ણ કરવી?

આ ચેતના પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગો છે. પ્રેમ દ્વારા, ભક્તિ દ્વારા પૂર્ણ ભક્તિ અને સમર્પણની ભાવના સાથે ઇશ્વરની પ્રાર્થના દ્વારા. ઇશ્વરના હરતાં ફરતાં મંદિર સમા સજીવો, જે પ્રત્યેકમાં તે વાસ કરે છે તેમના પ્રત્યેના પ્રેમ અને આદર દ્વારા અવિદ્યા - ભ્રામક જ્ઞાન - દૂર થાય છે અને બંધનો તૂટી જાય છે. ત્યારબાદ વ્યક્તિ મુક્તિ પામે છે.

શાસ્ત્રોમાં ઈશ્વર અંગેના બે ખ્યાલો વર્ણવ્યા છે - એક વિચાર મુજબ તે ઇન્દ્રિયગમ્ય અને સગુણ છે. જ્યારે બીજા વિચાર મુજબ તે નિર્ગુણ છે. અર્થાત્ અવર્ણનીય છે. સગુણ ઇશ્વર આજે સર્વત્ર, સર્જનહાર, પાલનહાર અને સંહારક તરીકે અને આ વિશ્વના માતા - પિતા હોવાના નાતે પૂજાય છે. આથી તે તમામ અસ્તિત્વોથી પર અને શાશ્વતપણે મનુષ્યથી અલગ અને ભિન્ન છે.

સગુણના ઉપાસકો કહે છે કે, આ સગુણ સિધ્ધાંતનું જ્ઞાન સ્વયં મુક્તિ અપાવે છે. જ્યારે મનુષ્ય આ જ્ઞાનમાં પોતાની જાતને સ્થિર કરે છે અને તેમાં રહી જીવન વ્યતિત કરી પાર ઉતરે છે ત્યારે મુક્તિ પ્રાપ્તિ થાય છે.

બીજો માર્ગ; નિર્ગુણ સિધ્ધાંતનાં ચિંતનનો છે. આ ચિંતન દરમિયાન, દિવ્ય સિધ્ધાંત ઉપર કરવામાં આવેલું ગુણોનું આ આરોપણ અનિચ્છનીય અને અયોગ્ય છે તે સમજાય છે અને ઇશ્વર ઉપર આરોપિત આ ગુણો ખરી પડે છે. ત્યારબાદ, વૈશ્વિક નિર્ગુણ વિભૂતિ એકમાત્ર ચેતનામાં રહે છે. તેને જ્ઞાતા કહી શકાય. કારણ કે જ્ઞાન કેવળ માનવીય બુધ્ધિ અને માનવીય ચેતનાના સંઘર્ષમાં જ પ્રસ્તુત છે. તેને પ્રશ્નકર્તા કહી ના શકાય. કારણ કે, તપાસ કે પ્રશ્ન કરવો તે નિર્બળોની નિશાની છે. તેને બુધ્ધિ સાથે સાંકળી ના શકાય કારણ કે, બુધ્ધિ વર્ગીકરણ કરે છે. આથી તે પણ અસ્થિરતાની નિશાની છે. તેને “સર્જક” પણ ગણી ના શકાય કારણ કે સર્જન એક સીમિત પ્રવૃત્તિ છે. “તેની” કોઇ સીમા કે મર્યાદા નથી. પ્રવૃત્તિનો અર્થ છે; ઇચ્છા, કામના, અપેક્ષા. તે કોઇ અન્ય કારણોમાંથી ઉદભવતીનથી. તેના આધારે થતાં તમામ કાર્યો કેટલીક આંતરિક પીડા ધરાવે છે જેમાંથી ઉપર ઉઠવું જરૂરી છે.

વેદોમાં, દિવ્યત્માને કેવળ “પેલો” કહી સંબોધવામાં આવ્યો છે. બધું “પેલા” ને સંબોધીને કહેવામાં આવ્યું છે. “તે” શબ્દ ભિન્નતાનાં ખ્યાલનો પ્રેરક છે અને આથી “પેલો” શબ્દ પ્રયોજાયો છે. જે દર્શાવે છે કે, તે તમામ ગુણોનાં આરોપણ દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓ અને બંધનોથી મુક્ત છે. આ અદ્વૈતવાદી દર્શનનો સાર છે, ગુણો વિભાજિત અને અલગ કરે છે.

પોતાની જાતને પરિપૂર્ણ કરવી તે દરેક વ્યક્તિનું અનિવાર્ય ધ્યેય છે. પ્રત્યેક સજીવે અંતે પૂર્ણતા પ્રાપ્ત કરવી પડે છે. પ્રત્યેક સજીવ, તેણે તેનાં પૂર્વજન્મમાં કરેલાં કર્મોનાં પરિણામે વર્તમાનમાં આ કુચના ચોક્કસ તબક્કે છે અને વર્તમાનમાં કરવામાં આવતાં કર્મો ઉપર ભવિષ્યનું નિર્માણ થઇ રહ્યું છે. અર્થાત્ આપણે વર્તમાનમાં જે કંઈ અનુભવીએ કે વિચારીએ છીએ - તે આપણાં સારાં - નરસાં ભવિષ્યનાં ફળોનાં મુખ્ય કારણો છે.

વ્યક્તિને બચાવવાની, વ્યક્તિને મુક્તિ માર્ગે દોરવાની શક્તિ પુસ્તકોમાંથી પ્રતિપાદિત કરી શકાય નહીં. આ શક્તિ ખુદ વ્યક્તિમાંથી પ્રગટવી જોઇએ. કોઈ વ્યક્તિ ઉમદા પુસ્તકોને તપાસવામાં આખી જીંદગી વિતાવી શકે છે; કોઇ કદાચ બુધ્ધિજીવીઓમાં ઉચું સ્થાન પણ મેળવી શકે પરંતુ, આ તમામના અંતે વ્યક્તિ આધ્યાત્મિક ક્ષેત્રમાં નાની સરખી પણ પ્રગતિ પ્રાપ્ત કરી શકશે નહીં.આથી આવા સર્વોચ્ચ સ્થાને પહોંચેલી વિદ્વાન વ્યક્તિને આધ્યાત્મિક જ્ઞાનમાં પરિપક્વ સમજવી તે મોટી ભૂલ ગણાશે. વિદ્વાન વ્યક્તિ પોતે કદાચ વિચારતી હશે કે,

વધુને વધુ પસ્તકો વાંચવાથી તે આધ્યાત્મિક માર્ગે વધુને વધુ પ્રગતિ સાધી રહી છે. પરંતુ જ્યારે તે પોતાના અભ્યાસોનાં ફળને તપાસશે ત્યારે તેને ખ્યાલ આવશે કે તેની બુધ્ધિ વધુ તેજ બની હોવા છતાં તેણે જરા સરખી પણ આત્માની ચેતનાને પ્રાપ્ત કરી નથી. ઘણાં લોકો આધ્યાત્મિક વિષયો ઉપર સુંદર વાર્તાલાપો કરવાની પ્રવીણતા ધરાવતા હોય છે; ખરેખર કહીએ તો આ દરેક વ્યક્તિ પરમાર્થક - આત્મિક જીવન જીવવામાં નિષ્ફળ ગઇ છે. આવી દુ:ખજનક પરિસ્થિતિ પાછળનું કારણ શું છે? આજે, આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ સર્વોપરીતા પ્રાપ્ત કરવા માટેની સ્પર્ધાત્મક દોડમાં, શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવામાં પરિપુર્ણ થવામાં, પોતાની જાતને કોઇ ચોક્કસ દ્રષ્ટિબિંદુના અજેય સમર્થક તરીકે રજુ કરવામાં અને સામાન્ય રીતે પંડિત તરીકેની માન્યતા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કરવામાં આવી રહ્યો છે. વિદ્વાન; કદાચ ગીતા ઉપર વિસ્તૃત ભાષ્ય લખી શકશે પરંતુ, આ તમામ અભ્યાસના અંતે જો તે તેના ચરિત્ર, વર્તન અને વ્યવહારમાં ગીતાએ જે શીખવ્યું છે તે સિધ્ધ ના કરે તો તે કેવળ પંડિતાઇનો બોજ લઇને ફરે છે એમ કહેવાય. આ બોધપાઠ ભારતીય સંસ્કૃતિ આપવા માગે છે. તમારામાં છુપાઇને રહેલો પુરુષ - ગુરુ આ બોધનો સ્ત્રોત છે. ધર્મગ્રંથો અને અન્ય પુસ્તકોનો અભ્યાસ મનુષ્યમાં પડેલી આધ્યાત્મિક ઉત્કંઠાને દ્રઢ કરે છે અને તેને આચારસંહિતાનો અમલ કરવા પ્રેરણા આપે છે. આ ગ્રંથોમાંથી પ્રાપ્ત કરેલાં શિક્ષણને તમારી બુદ્ધિનો ખોરાક ના ગણો. તે વ્યક્તિનાં આનંદમાં પરિશુધ્ધ થવું જોઇએ. ઇર્ષ્યા, અહંકાર અને મિથ્યાડંબર જેવા દુષણોને વ્યક્તિમાંથી દૂર કરવા જોઇએ.

આ આધ્યાત્મિક ખજાનો બીજા પાસેથી પણ મળી શકે છે. કેવળ દેનાર વ્યકિતએ પરમ સિધ્ધિ પ્રાપ્ત કરવી જોઇએ અને પ્રાપ્ત કરનાર વ્યકિતએ સિધ્ધિ પ્રાપ્તિ કરવા માટેની વિશેષ લાયકાતો પ્રાપ્ત કરવી જોઇએ. બીજમાં જીવન હોય છે, પરંતુ જમીનને અંકુરિત કરવા માટે થોડી યોગ્ય પણ બનાવવી જોઇએ. જ્યારે આ બંને શરતો પુરી કરવામાં આવે છે. ત્યારે આધ્યાત્મિક સફળતાનો પાક ઉગી નીકળે છે. ધર્મના ક્ષેત્રમાં ઉપદેશક વ્યકિત નિપુણતા ધરાવતી હોવી જોઇએ અને શ્રોતામાં પણ સ્પષ્ટ સમજ હોવી જોઇએ. જ્યારે બંને નવાઇ પમાડે તેટલા પરમ અને અતિશય ઉત્સાહી હશે ત્યારે ચરમ કક્ષાની આધ્યાત્મિક ચેતના પરિણમશે. અન્યથા ભાગ્યેજ આવાં પરિણામો મળશે. આ સાચા ગરૂઓ છે. તેઓ તમારા હૃદય ચોરી જાય છે, તમારી સંપત્તિ નહીં. લોકોએ ગુરૂની સેવા કરવા ઉપર ધ્યાન આપવું જોઇએ અને તેમનાં શિક્ષણ ઉપર મનન કરવું જોઇએ. શિષ્યોએ રોજીંદી પ્રવૃત્તિ અને વ્યવહારમાં તેમનું શિક્ષણ અમલમાં મૂકવા આતુરરહેવું જોઇએ. ગુરૂનાં સૂચનોને મૂર્તિમંત કરવા માટે તેણે પોતાનું હૃદય ભક્તિથી ભરી દેવું જોઇએ અને પોતાની તમામ આવડતોને સમર્પિત કરી દેવી જોઇએ. આવી વ્યકિત શિષ્ય કહેવડાવવાને લાયક છે.

જયારે મુકિતની તરસ અને પોતાની વાસ્તવિકતાની સમજ તીવ્ર બને છે. ત્યારે પ્રકૃતિમાં એક અજ્ઞાત અને રહસ્યમય શકિતનો સંચાર થાય છે. ક્યાંકથી બીજ નજરે ચડે છે. આધ્યાત્મિક ગુરૂ સજાગ બનશે અને તરસ બુઝાશે. પ્રાપ્ત કર્તા વ્યકિત પ્રાકાશ આપનારનું ધ્યાન આકર્ષિત કરવાની શકિત વિકસાવે છે. આ શક્તિ મજબુત અને પૂર્ણ છે. આથી સ્વાભાવિક રીતે જ પ્રકાશ રેલાવનાર ભવ્યતા આશીર્વાદ આપવા તૈયાર થાય છે.

વાચકો; સામાન્ય પ્રકારનાં ગુરૂઓની સંખ્યા વધી ગઇ હોવા છતાં, આ તમામ કરતા પરમ અને વધુ ઉદાર ગુરૂ છે. આ ગુરૂ તે ઇશ્વરનાં અવતાર સિવાય બીજા કોઇ નથી. તેઓ માત્ર તેની ઇચ્છાની અભિવ્યકિત દ્વારા મનુષ્ય ઉપર આધ્યાત્મિક જીવનની સર્વોચ્ચ કૃતાર્થતા વરસાવે છે. તેઓ આ ઇનામ આપે છે અને મનુષ્યને તેનો સ્વીકાર કરવાનો અનુગ્રહ કરે છે. સૌથી નાનામાં નાની વ્યકિત પણ એકાદ પળમાં પરમ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, તેઓ ગુરૂઓના ગુરૂ છે. તેઓ મનુષ્યનાં રુપમાં રહેલું ઇશ્વરનું પૂર્ણ મૂર્ત સ્વરૂપ છે. મનુષ્ય ઇશ્વરને કેવળ માનનીય સ્વરૂપમાં જ જાણી શકે છે. ભારતીય આધ્યાત્મિક પ્રવાહ વારંવાર કહે છે કે, ઇશ્વરને મનુષ્યનાં સ્વરૂપમાં આદર આપવો તે મનુષ્યનું પરમ કર્તવ્ય છે. જ્યાં સુધી ઇશ્વર મનુષ્યનાં સ્વરૂપમાં પ્રગટ થતો નથી ત્યાં સુધી મનુષ્ય ઇશ્વરને જોવાની કે તેનો અવાજ સાંભળવાની આશા રાખી શકે નહીં. બેશક મનુષ્ય ઈશ્વરનું બીજા વિભિન્ન સ્વરૂપોમાં ચિત્ર બનાવી શકે છે. પરંતુ તે ઇશ્વરનાં સાચા સ્વરૂપનો અંદાજ કદી લગાવી શકે નહીં અલબત્ત, મનુષ્ય ગમે તેટલી કોશિશ કરે તો પણ તે મનુષ્ય સિવાય અન્ય કોઇ સ્વરૂપમાં ઇશ્વરનું ચિત્ર બનાવી શકે નહીં. લોકો ઇશ્વર અને તેના સ્વભાવ તેમજ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતી વસ્તુઓનાં બંધારણ વિશે પોતાના અનુભવના આધારે વાર્તાલાપો અને પ્રવચનો કરી શકે તેઓ કદાચ એવું પ્રતિપાદિત કરીને આત્મ સંતોષ મેળવી શકશે કે,ઇશ્વરનાં તમામ વિવરણો માનવીય સ્વરૂપમાં ઉતરી આવવાની વાત કેવળ અર્થહીન પરિકલ્પનાઓ છે. સામાન્ય દ્રષ્ટિ કેવળ આટલું જ જાણી શકે. આ વિચિત્ર ઉચ્ચારણો જ્ઞાન પર આધારિત નથી. ખરેખર તો આવા પ્રતિપાદનો અને ઘોષણામાં જ્ઞાનનો અભાવ અહમનાં મોજાંઓ ઉપર તરતાં ફીણનાં દર્શન થાય છે.

"કોહમ? હું કોણ છું" હું કર્તા છું એવી ભાવના મારામાં શાથી ઉદભવે છે? “હું જ મારો ભોકતા છું. એવી મારી ચેતનાનો સ્વભાવ શું છે?” “જન્મ અને મૃત્યુનું કારણ શું છે?” “મને આ જીવન કેમ પ્રાપ્ત થયું છે?” “હું આ શ્રેણીબદ્ધ આવાગમન સંસારમાંથી મુક્ત થઇ શકું?” આ પ્રશ્નોના ઉત્તરો મેળવવાના પ્રયાસને પ્રાચીન ઋષિઓએ “તપસ” (તપ) કહ્યું છે. જ્યારે વ્યક્તિની બુધ્ધિ આ તપસમાં સ્થિર બને છે ત્યારે તે “તપ” નાં માર્ગમાં પ્રવેશ કરે છે.

આ પ્રથમ પગલું છે. મનુષ્ય આ પગથિયું ચડે કે તરત જ પવિત્ર ગ્રંથોમાં પડેલા શાસ્ત્રો કે જિજ્ઞાસુઓના જ્ઞાન ભંડારો તેનું સ્વાગત કરે છે. શ્રુતિ કે વેદો તેને "શ્રવણ ચિંતન અને આચરણ" કરવાનાં મનીષીઓના સૂચનો તરફ દોરી જાય છે. તેઓ તેને ખાત્રી આપે છે કે, તે તેના ખુદના મને દોરેલી આ દ્રશ્યમાન જગતની છબી પ્રત્યેનાં આકર્ષણોમાંથી મુક્તિ થવાનું ધ્યેય પ્રાપ્ત કરી શકશે.

મનુષ્યની આ એકલવાયી સફરમાં કેવળ દિવ્યતત્વ જ તેનો ભોમિયો, સાથી અને સલાહકાર બની શકે. પેલા દેખાવના ગુરુઓ તેને તારી શકે નહીં. શ્રુતિ; મનુષ્યને "શ્રોત્રીય" અને "બ્રહ્મ નિષ્ઠ" એવા ગુરૂને સાધવાની સલાહ આપે છે. અન્ય ગુરૂઓ પાસે નહીં જવા તેઓ ચેતવે છે. શ્રોત્રીયનો અર્થ શો થાય? આનો અર્થ એવી વ્યક્તિ જે સંશય રહિત નિષ્ઠાથી શ્રુતિ કે વેદ અને તેમાં સૂચવવામાં આવેલા નિયમો અને મર્યાદાઓને જરા પણ વિચલિત થયા વિના વળગી રહે છે. બ્રહ્મનિષ્ઠનો અર્થ છે એવી વ્યક્તિ જે બ્રહ્મચેતનામાં સ્થિત છે. તેને કોઈ સંશય નથી કે કોઇ દ્વિધા નથી કે તે પોતાની જાતને બીજા માર્ગે દોરે. કારણ કે તેણે આત્મામાં અચલ વિશ્વાસ કેળવી લીધો છે. તેને આ ભૌતિક વિશ્વની કોઈ તમા નથી. તે સમગ્ર વિશ્વને બ્રહ્મ સ્વરૂપે બ્રહ્મની જ અભિવ્યક્તિનાં રૂપમાં જુએ છે. તેની પ્રવૃત્તિઓ અને વ્યવહારો આ ચેતના સાથે સુસંગત છે. તે તેની દ્રષ્ટિમાં કાળનાં ત્રણે ખંડો-ભૂત, વર્તમાન અને ભવિષ્યને આવરી લે છે. તે ત્રિકાળજ્ઞાની છે. તે તમામ લાક્ષણિકતાઓથી પર છે. ત્રણ દોષો તેને કોઇ અસર કરતા નથી. તેનું સમગ્ર અસ્તિત્વ એક અને માત્ર એક-આત્મામય બની ગયું છે. તમામ ભિન્નતાઓ અને ભેદભાવોના દ્વૈતભાવ અને અસમાનતાની તેના પર કોઇ અસર થતી નથી. તે હંમેશ આનંદમય રહે છે. વેદો જિજ્ઞાસુઓને આવા ગુરૂ પાસે જવાની સલાહ આપે છે. પરંતુ, કેવળ એક જ વ્યક્તિમાં આ ગુણો રહેલા છે. તે સર્વેશ્વર છે. બધાનો ઇશ્વર છે. જે વિદ્વાનો સત્યને "શીખ્યા" છે અથવા તો જેઓ સિધ્ધાંતોમાં પ્રવીણ છે તેઓ શ્રોત્રીય કે બ્રહ્મનિષ્ઠની શ્રેણીમાં આવતા નથી. તમારે જેની જરૂર છે એવા ગુરૂ તેઓ નથી.

યોગવશિષ્ઠ કહે છે કે, શ્રી રામચંદ્રે વશિષ્ઠ ઋષિને એક સવાલ પૂછયો હતો. "હે દિવ્યાત્મા ! મૃત્યુને નિવારવાનો કોઇ માર્ગ છે ખરો? આ જ સવાલ ગૌતમ બુધ્ધને પરિત્યાગના માર્ગે દોરી ગયો હતો અને તેમને તમામ પ્રકારના માયાનાં બંધનોનો ત્યાગ કરવા મજબુર કર્યા હતા અને તેણે તેમની ઉપર પણ પુરુષની શાશ્વત કીર્તિનો કળશ ઢોળ્યો હતો. પરમ ભક્ત પ્રહલાદે કિશોર વયે પણ તેનાં સહાધ્યાયીઓને સંબોધતા કહ્યું હતું કે "મિત્રો ! તમે આપણી જ ઉંમરના કેટલાક કિશોરોને પડીને મૃત્યુ પામતા, અગ્નિદાહ દેવાતા કે દફનાવતા જોયા નથી?" આમ તે મૃત્યુની ઘટના પ્રત્યે તેમનું ધ્યાન દોરે છે, અને આ અનિવાર્ય હકીકતમાંથી બોધ લેવાનું અનુગ્રહ કરે

છે. તે તેમને પરમજ્ઞાન શીખવે છે. આથી જેઓ મુક્તિદાતા પરમ પ્રજ્ઞા પ્રાપ્ત કરવાની ઉત્કંઠા ધરાવે છે, તેઓ મૃત્યુની આ સંઘટના પ્રત્યે પ્રતિભાવ આપવા અને તેની તપાસ કરવા પ્રેરાય છે. મૃત્યુનો કોઇ ભય ઉત્પન થવો ના જોઇએ. તેને અશુભ ગણવું ના જોઇએ. કેવળ બીજાઓ મૃત્યુ પામશે અને તમે નહીં એવું માની તમારે આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરવા ના જોઇએ. મૃત્યુ પર વિચારવું તે હાલ અયોગ્ય અને નિરર્થક છે એમ ગણીને તમારે મૃત્યુ અંગેના તમારા પ્રતિભાવોને મુલતવી રાખવા ના જોઇએ. કારણ કે મૃત્યુ ઉપરનું ચિંતન એ વ્યક્તિની વાસ્તવિકતા ઉપરનું ચિંતન છે. આ સત્ય સમજી લેવું જોઇએ.

મનુષ્યને; આ દ્રષ્યમાન જગતની વાસ્તવિકતાને, તેના સ્વભાવ  આધારભૂતતાને સમજવા માટેની વિવેકબુધ્ધિ મળેલી છે. મૃત્યુની વાસ્તવિકતા, આ તમામ સમસ્યાનું કારણ છે, “હું કોણ છું?" આથી એ હકીકતને પણ બિનજરૂરી ગણી અવગણવી ના જોઇએ તેનાથી ભય પામીને તમારે દૂર ભાગવું ના જોઇએ કારણકે, તમે જો એવું કરશો તો તમે અજ્ઞાન અને મૂર્ખતાની દિશામાં પ્રથમ પગલું ભરો છો અને તમારા મનમાં મૂર્ખતાનાં વૃક્ષનાં બીજ વાવો છો. તમે માયાના સ્તંભને ટેકો આપો છો.

માનવીય અસ્તિત્વમાં છૂપાયેલું દરેક રહસ્ય મૃત્યુ ઉપરનાં ચિંતન સાથે ગૂંથાયેલું છે. જ્યારે મૃત્યુની તપાસ કરવામાં આવે છે ત્યારે દિવ્યતત્ત્વનાં ગૌરવ અને જ્ઞાન સંપૂર્ણપણે પ્રગટ થાય છે. કઠોપનિષદ અનુસાર નચિકેતાએ યમ પાસેથી માંગેલા ત્રણ વરદાનોમાંથી મુખ્ય વરદાન મૃત્યુ સંબંધિત હતું. “શું મનુષ્ય મૃત્યુ પછી પણ અસ્તિત્વ ધરાવે છે?” કેટલાક લોકો કહે છે કે, તે અસ્તિત્વ ધરાવે છે. કેટલાક કહે છે, નથી ધરાવતા. દરેક વ્યક્તિ પોતાની કલ્પના અનુસાર દલીલો કરે છે. આમાંનો ક્યો મત સાચો છે? મારી આ સમસ્યાનું સમાધાન કરો.” નચિકેતાએ રજુઆત કરી અને ઉત્તર મેળવવાનો આગ્રહ રાખ્યો. યમે તેની વાત અવગણવાની કોશિશ કરી તેમણે કહ્યું કે, “પુત્ર નચિકેતા? આ એક અણઉકેલાયેલું રહસ્ય છે. દેવોને પણ આ સંઘટના સમજાવવી મારે માટે અઘરી છે. આમ છતાં, તું આ વરદાન માટે વલખા મારે છે? તારે આ સમસ્યાની ચિંતા કરવાની શી જરૂર છે? તું એક નિર્દોષ નાનો કિશોર છે. તારે તો ઘણું જીવવાનું છે. હું તને અઢળક સંપત્તિ આપીશ. એનો સ્વીકાર કરીને અત્યંત સુખમય જીવન વ્યતિત કર. ગમે તેટલી ભૌતિક સંપત્તિ માંગ, એ બધી તારી જ છે. આવ ! માંગ અને પરમ સુખને પ્રાપ્ત કર." પરંતુ નચિકેતાએ જવાબ આપ્યો "ધર્મરાજા ! આ સંપત્તિ ગમે તેટલી વિપૂલ હશે, ગમે તેટલા સુખદાયી અનુભવની એ વૃષ્ટિ કરશે તો પણ તેમણે કોઇપણ પ્રકારના ગણગણાટ વિના તમારા પ્રભાવનો સ્વીકાર કરવો પડે છે. આ સૃષ્ટિમાં કોઇપણ તમારાથી બચી શકતું નથી. બચી શકે છે?

દરેક વસ્તુ મૃત્યુમાં વિલય પામે છે. તો પછી હું શા માટે કેવળ ક્ષણિક સુખ આપનારી ચીજોની અપેક્ષા રાખું? જેના ઉપર મારું હૃદય સ્થિત છે, એ વરદાન મને આપો. "મહાભારતમાં ધર્મરાજાને એક પ્રશ્નનો ઉત્તર આપવાનું કહેવામાં આવે છે કે, "આ જગતની સૌથી મહાન અજાયબ વસ્તુનું નામ આપો" અને ધર્મરાજા જવાબ આપે છે, "આપણે લોકોને રોજ મૃત્યુ પામતા જોઈએ છીએ છતાં આપણે વિચારતા નથી કે આપણે પણ મૃત્યુ પામીશું. આનાથી મોટી અજાયબ ચીજ કઇ હોઇ શકે?" એ જ રીતે પ્રસિધ્ધ ઋષિ યાજ્ઞવલ્કયે વૈરાગી જીવન અંગીકાર કર્યા બાદ પોતાની બે પત્નીઓ કાત્યાયનિ અને મૈત્રેયીને બોલાવી બંનેને તેમની સ્થાવર જંગમ મિલ્કત સરખા ભાગે વહેંચી દેવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. આ સાંભળીને તીવ્ર મેધા અને આંતરદ્રષ્ટિ ધરાવતી મોટી પત્ની મૈત્રીયીએ વિરોધ કરતાં, હસતાં હસતાં કહયું કે, "સ્વામી ! આ બધી સંપત્તિ મને આપીને તમે મને મૃત્યુથી બચાવીને અમરત્વ બક્ષી શકો છો? જો તમે મને એવી ખાત્રી આપો તો હું તેનો સાદર સ્વીકાર કરીશ. યાજ્ઞવલ્કયે તેને સમજાવતા કહયું કે, "આ સંપત્તિ જીવનમાં સુખ આપનારી છે. તારું કહેવું એમ છે કે, તું સુખમય જીવન જીવવા માંગતી નથી?" પરંતુ મૈત્રીયીએ પોતાની વાત ચાલુ રાખતા કહયું, "જો તમે કહો તે સાચું હોત તો તમે આ સંપત્તિના ઉપભોગ કરવાનું અને તેમાંથી સુખ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખ્યું હોત. તમે શા માટે એનો પરિત્યાગ કરી સંન્યાસી જીવન વ્યતિત કરવાનો નિર્ણય કર્યો છે? ના અમને છેતરવા તે યોગ્ય નથી. દુર્બળ મનની સ્ત્રીઓ અમારી સમક્ષ આ ભ્રામક ઘરેણાંઓ ધરીને ઉભી રહે છે. તમે જે સંપત્તિ રાખવા માંગતા નથી તે સંપત્તિ અમને કેવી રીતે શાંતિ અને સુખ આપી શકે? આ બધી ક્ષણિક ચીજો છે. તેનો નાશ નિશ્ચિત છે. તે ફરી અમને બંધનમાં બાંધે છે. અમે જે અજ્ઞાનનો ત્યાગ કરવા માંગીએ છીએ તેને તે મજબુત કરે છે. તે ઉદ્વેગ અને ચિંતાની વૃધ્ધિ કરનાર છે. તે મૂળભૂતપણે પ્રદૂષિત છે કારણ કે તે આત્માનાં ક્ષેત્રમાં આવતી નથી." મૈત્રીયીએ તેમની સમક્ષ આ સત્ય રજૂ કરતાં યાજ્ઞવલ્કય ચુપ થઇ ગયા અને અસમંજસમાં પડી ગયા. તેઓ તેમની સમક્ષ મસ્તક ઝૂકાવી ઉભા રહયા. ત્યાર બાદ મૈત્રીયીએ તેમનાં ચરણોમાં પડી કહયું "સ્વામી ! તમે તમામ રહસ્યોના જ્ઞાતા છો, તમે અમારી બુધ્ધિની કસોટી કરવા માટે અમને બોલાવી અમારી સમક્ષ આ પ્રસ્તાવ મૂકયો છે "મને કોઇ સુખ સાહ્યબીની ઇચ્છા નથી. મને સંપત્તિ અને મિલ્કતી ઝંખના નથી શાશ્વત પરમસુખ વરસાવે એવો માર્ગ મને બતાવો." ખરેખર કેવળ એક પરબ્રહ્મ જ સત્ય છે. અદ્વૈત દર્શન કહે છે કે, "બ્રહ્મમ્ સત્યમ્ જગત મિથ્યા; જીવો બ્રહ્મૈવ ના પરમ્" કેવળ બ્રહ્મ જ સત્ય છે, જગત એ ભ્રમ છે. જીવી અથવા તો વ્યકિત સ્વયં બ્રહ્મ સ્વરૂપ છે." મનુષ્ય આ જગતમાં જે અનુભવે છે તે સ્વપ્ન જેવું અવાસ્તવિક છે. સુખ અને આનંદ એ નફરત, ઇર્ષ્યા, અને લાલસાના રણની રેતીમાં દેખાતાં મૃગજળ જેવાં છે. હવે, જે વ્યકિતઓ આ મૃગજળને સાચાં માની તેની પાછળ દોડતી હોય તેઓ ગુરૂઓ શી રીતે બની

શકે? શું તેમને જ્ઞાની અને શાણા ગણવા યોગ્ય છે? તેઓ ભ્રામક સત્તાનાં ઉંચા આસનો પર બિરાજમાન છે. તેઓ પોતે જેનો અમલ કરતા નથી તે તેઓ લોકોને શીખવે છે. તેવા આદર્શો તેઓ લોકો સમક્ષ રજુ કરે છે. આથી આવી વ્યકિતઓ; જે જિજ્ઞાસુઓને આધ્યાત્મિક પ્રગતિની જરૂર છે તેમને માટે ઉદાહરણ રૂપ શી રીતે બની શકે? તેઓ સાચા નથી કારણ કે, ગુરૂના સિધ્ધાંતનો એક અંશ પણ તેમનામાં નથી.

સર્વેશ્વર કે સ્વામી જ કેવળ સાચા ગુરૂ છે તમામ જિજ્ઞાસુઓ માટેનો આ જ માર્ગ છે, આ શ્રધ્ધાને વળગી રહો.

# આ અને પેલું

દરેક સજીવ પોતાને "હું" થી ઓળખે છે. "હું રામ છું", "હું કૃષ્ણ છું", "હું સીતા છું", "હું રાધા છું". દરેક વ્યક્તિ "હું" ને પોતાની જાત સમજે છે અને જ્યારે પોતાની જાત અંગે કશું પણ કહેવાનું આવે ત્યારે તેને "હું" થી સંબોધે છે. જો પશુ-પક્ષી અને અન્ય સજીવો બોલી શકતા હોત તો તેઓ પણ પોતાને માટે "હું" સર્વનામનો ઉપયોગ કરતા હોત. પહાડોનાં શિખરો, ટેકરીઓ અને વૃક્ષો પણ બોલી શકતા હોત તો તેમણે પણ પોતાનો પરિચય આપતા જણાવ્યું હોત કે, "હું ટેકરી છું", "હું શિખર છું", "હું વૃક્ષ છું."

આ અંગે થોડું વિચારતા આપણને એ સ્પષ્ટ થશે કે "હું" ની અભિવ્યક્તિમાં કંઇક મોટું રહસ્ય સમાયેલું છે. એક નિરક્ષર વ્યક્તિ પણ આનો જ ઉપયોગ કરે છે. જેમણે દિવ્ય દ્રષ્ટિ - અરે ! ઇશ્વરને પણ પ્રાપ્ત કરી લીધા છે તેવા ઋષિ પણ આ જ અભિવ્યક્તિનો ઉપયોગ કરે છે અને પોતાની જાતને "હું" તરીકે ઓળખાવે છે. આમ છતાં, કોણે આ રહસ્ય ઉપર ચિંતન કર્યું છે? અને જેમણે આ રહસ્યને જાણવાની હિંમત કરી છે તેમાંથી કેટલી વ્યક્તિઓ તેને જાણવામાં સફળ થઇ છે? અને આ રહસ્યને જાણવાવાળી વ્યક્તિઓમાંથી પણ કેટલી વ્યક્તિઓએ આ શોધનો ઉપયોગ પોતાના જીવનને બદલવા માટે કર્યો છે? શું આ "હું" નો અર્થ અને મહત્તાનાં પ્રશ્ન સાથે પનારો પાડવામાં પ્રસિધ્ધ બુધ્ધિમાનો, પંડિતો અને પરમહંસો સફળ થયા છે ખરા?

ના. ચાલો આપણે જોઇએ કે, ભગવદ્ ગીતાનાં અઢાર પ્રકરણો અને તેના સાતસો શ્લોકો કડકડાટ એકધારા પ્રવાહમાં બોલી જનારા ગીતાના પ્રવક્તાઓ અને ભાષ્યકારો; આ "હું" શબ્દના અર્થો અને મહત્તાને સંપૂર્ણપણે સમજ્યા છે ખરા? ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે; "અહમ્ મોક્ષયિષ્યામિ" "હું તને મોક્ષ આપું છું" "મામેકં શરણં વ્રજ" "કેવળ મારા" એક "ના જ શરણે આવ" "મે જ્ઞાનમ ચ મામ વિધિ" "અને મને ક્ષેત્રના જ્ઞાતાનાં રૂપમાં પણ જાણ." અને આવા અન્ય શ્લોકોમાં પણ તેઓ "હું" શબ્દનો પ્રયોગ કરે છે. આથી આ અભિવ્યક્તિ "હું" સર્વવ્યાપી છે. માટે તેને સર્વનામ કહે છે, તે તમામ જીવાત્માનું નિશાન અને પ્રતીક છે. તેનાં અમર્યાદિત સ્વરૂપો અને દેખાવ છે. મણકાઓમાં પરોવાયેલા તારની માફક તે તમામ નામ-સ્વરૂપો સાથે સંકળાઇ તેમને એક સાથે બાંધે છે.

ગમે તેટલા નશ્વર નામો કે સ્વરૂપો કેમ ના હોય પરંતુ "હું" રહેશે. આથી આપણે આ સર્વવ્યાપી સર્વનામ "હું" જાણવો જરૂરી છે. જેથી આપણે તમામ જ્ઞાત વસ્તુઓને સમજી શકીએ. જે તેમને જાણી ચૂક્યા છે તેઓ જગદ્ ગુરુ, વિશ્વગુરૂ, સદગુરૂ કહેવાય છે.

આ શરીર એક પાત્ર, એક ઉપાધિ, એક આવરણ છે. છતાં પણ શારીરિક લક્ષણોના અને ભૌતિક બાબતોના આધારે લાદવામાં આવેલા તફાવતો અને ભેદભાવોમાંથી કેટલાક, " સ્પૃશ્ય " તરીકેનું ઉચ્ચપદ પામ્યા છે, તો કેટલાકની "અસ્પૃશ્ય" ગણી અવહેલના કરવામાં આવે છે. કેટલાક "ઉંચા" ગણાય છે અને બીજાને "નીચા" ગણવામાં આવે છે. જો પૈસા કે સુવિધા પરસ્ત જીવન માટેનાં સાધનો કમાવા માટે બુધ્ધિનો ઉપયોગ કરવામાં આવતો હોય તો આવી બુધ્ધિ કોઇ આદરને પાત્ર નથી અને આવી વ્યક્તિ પંડિત ગણાવાનો દાવો ના કરી શકે. વળી આવા વાકચાતુર્યની આવડત કોઇ ઉલ્લેખને પણ લાયક નથી. ખરેખર જ્યારે તમે તેની મહત્તામાં ડૂબકી લગાવો ત્યારે, "હું" શબ્દ તમને સર્વોપરી ઇશ્વર તરફ દોરી જાય છે. "તે તમે છો", "તે હું છું" "હું અને પેલો બંને એક છીએ." આ મહાન વેદ વાક્ય છે. "તત્ ત્વમ્ અસિ" આ તમામ શિક્ષણનું હાર્દ છે. સૌથી મોટો બોધ છે.

"હું" માં મૂર્તિમાન બનેલો આ પવિત્ર સિધ્ધાંત; ભલભલા વિદ્વાનોને પણ માર્ગદર્શક કે મદદગાર વિના કેવળ ચિંતન કરવાથી સમજાતો નથી. કેવળ, જેઓ સત્ય પ્રત્યે સભાન છે અને જેઓ પ્રમાણિકપણે સત્યમય જીવન જીવે છે, તેઓ જ આવા માર્ગદર્શક બની શકે. તે વિદ્વતા તર્ક અને વ્યાકરણની પરિસીમાથી પર છે. શ્રુતિઓ અને સ્મૃતિઓએ આપેલી આ ચેતવણીને નોંધી રાખો.

ખેર ! જયારે કોઇ વ્યકિત; સામાન્ય રીતે આ "હું" અને તેની અર્થ છાયાઓને જાણવા માગે છે, ત્યારે તેને કેવળ ત્રણ વાક્યમાં "તેનું" રહસ્ય બતાવી શકાય. હું દિવસ દરમિયાન સક્રિય રહું છું, જયારે હું જાગતો હોઉં છું. હું રાત્રે ઉંઘી જાઉં છું. હું જયારે ઉંઘમાં હોઉ છું, ત્યારે સ્વપ્ન નિહાળું છું. આમ દિવસ અને રાતની પ્રવૃત્તિ અને અનુભવ પછી હું મુત્યું પામું છું." જયારે કોઇ વ્યકિત આ વાક્યોને કોઇ વ્યકિતના વિધાન ગણે તો તે એવું તારણ કાઢી શકે કે, આ વાક્યો વ્યકિતએ તેનાં આ જન્મોમાં પ્રાપ્ત કરેલાં જ્ઞાન પર આધારિત હશે, "જયારે હું જન્મ્યો ત્યારથી "હું" નો પ્રારંભ થયો છે એવું તે માને છે. પરંતુ શું આ "હું" તેના જન્મ પૂર્વે હયાત હતો? જો તે હોય તો પછી હાલ અસ્તિત્વ ધરાવતી વસ્તુને જન્મેલી કેવી રીતે ગણી શકાય? આ દલીલ ધ્યાનમાં ન લઇએ તો પણ એક અસ્તિત્વ ધરાવતી વસ્તુને જન્મેલી કેવી રીતે ગણી શકાય? શું નામ; સ્વરૂપથી અલગ પડી ગયેલી વસ્તુ છે? શું તે ઇન્દ્રિયાતીત છે? જિજ્ઞાસુઓનાં મનમાં આવાં શંકાના મોજાંઓ ઉદભવે છે. એ વાત સ્પષ્ટ સમજી લેવી જોઇએ કે, "હું કેવળ એક જ ચોકકસ વસ્તુ, પદાર્થ કે અસ્તિત્વ સાથે સંકળાયેલી બાબત નથી. જયારે તમે "હું" ને ઓળખો છો અથવા તો "હું કોણ છું" તેનો સાચો જવાબ મેળવો છો ત્યારે એક વાત યાદ રાખો કે, તમે

સમગ્ર બ્રહ્માંડ અને તેનાં રહસ્યોને ઓળખી અને પારખી ગયા છો. વિશ્વમાં અભ્યાસ કરવા માટેના અગણિત વિષયો પડેલા છે ત્યારે આ "હું" શબ્દનો અર્થ જાણવાની આટલી ઉતાવળ શા માટે? આવો પ્રશ્ન પૂછી શકાય. કોઇપણ વ્યકિત બ્રહ્માંડનું રહસ્ય જાણી શકે અથવા "જીવી" કે "દેવ" એટલે શું એ જાણવા ઉપર પણ ધ્યાન આપી શકે. જયારે બ્રહ્માંડ, જીવાત્મા દિવ્યતત્ત્વ જેવા અતુલનીય ધ્યાન આપવા જેવા વિષયો પડયા છે ત્યારે શા માટે એ વિષયોને પડતા મૂકી સામાન્ય લોકો અને બાળકો જેનો ઉપયોગ કરે છે તેવા "હું" સર્વનામ વિશે અભ્યાસ કરવો જોઇએ? તેનાથી શું ફાયદો મળશે? લોકો આવું પૂછી શકે.

આ અભિવ્યકિત ખૂબ સાદી સરળ છે. પરંતુ તેનો અર્થ અનંત છે અને તે મૂળભૂત રીતે સંતોષકારક છે. આ જ કારણે મહાન ગુરૂઓ જિજ્ઞાસુઓને કહે છે કે, "તમારી જાતને જાણો" "તમારી જાત અંગે ચિંતન કરો. તે જ એકમાત્ર તમને મુક્તિઅપાવશે." શાસ્ત્રો તેની સાક્ષી પૂરે છે. "ય વિજ્ઞાનેન સર્વમ્ વિજ્ઞાતમ ભવતિ" અર્થાત તેને તમે જાણશો એટલે તમામ ચીજો જ્ઞાત બની જશે". શાસ્ત્રો આ તપાસની અગત્યતા અને મૂલ્યોને દર્શાવે છે અને આત્મતત્વની શોધની અગત્યતા સ્પષ્ટ કરે છે. પવિત્ર વેદોક્તિ, "તત્ ત્વમ્ અસિ" ની જેમ આપણને ખાત્રી આપવામાં આવે કે, "તમે જ આત્મા છો."

આથી, આધ્યાત્મિક ઉત્કંઠાની તૃપ્તિ માટે તમારે સૌ પ્રથમ તમે કોણ છો એ રહસ્યનો જવાબ મેળવવો પડશે. ત્યારબાદ તમને એ સમજાશે કે, તમે નિત્ય, શાશ્વત, કાલાતીત છો. તમારી ચેતનાને સત્યથી દૂર રાખનારા અજ્ઞાનનાં કાળાં વાદળોને દુર કરવામાં શાસ્ત્રો તમને મદદરૂપ થશે. ત્યારબાદ, તમે તમારા સાચા સ્વભાવની ચેતનાના અનુભવનો આનંદ માણી શકશો. જ્યારે સત્ય, પ્રકાશના ઉદય સાથે પ્રગટ થાય છે ત્યારે ચેતના જન્મે છે પરંતુ જે શાસ્ત્રો મનુષ્યને આ મહાન રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માર્ગદર્શન પૂરૂં પાડે છે અને એવા પ્રદેશમાં લઇ જાય છે, જ્યાં આવા આશીર્વાદ પ્રાપ્ત થઇ શકે તેનો આજે અભ્યાસ કરવામાં આવતો નથી. એના બદલે મનુષ્ય તેના પોતાના બાલિશ વિચારોનું અનુસરણ કરતો રહે છે તો પછી તે શી રીતે આત્મિક સિધ્ધાંતને પ્રાપ્ત કરી શકે? તો પછી તે શી રીતે આ આનંદના મૂર્ત સ્વરૂપ સુધી પહોંચી શકે? કેવળ દુન્યવી વિદ્વતા; શ્રુતિનો અર્થ જાણી ના શકે. ભક્તિ દ્વારા ઇશ્વરની કૃપા પ્રાપ્ત કરવી પડે છે અને તેની કૃપા જ, ઇશ્વરની કરુણા સભર આંખોની દ્રષ્ટિ જ તમને શ્રૃતિઓના અર્થો સમજાવી દેશે. કેવળ દિવ્ય પ્રજ્ઞાનાં મૂર્તસ્વરૂપ સમી વ્યક્તિઓ જ કેવળ નક્કી કરી શકે કે, મનુષ્યની આધ્યાત્મિક પ્રગતિ અને સુખાકારી માટે ખરેખર શું મદદરૂપ છે. બીજા ખાલી ફાફાં મારે છે. તેમને આ કાર્ય અસંભવ લાગે છે. કારણ કે, જે ગુરૂ પોતાને બચાવી શકતા નથી, તેઓ બીજાની રક્ષા શી રીતે કરી શકે? આજના ગુરૂઓ સમાજને સાફ કરવાની કોશિશ કરે

છે જ્યારે તેમનાં પોતાનાં ઘર અસ્વચ્છ છે. આવા ગરૂઓની સંખ્યા વધતી રહી છે. આથી, ભૂલો અને નિષ્ફળતાઓ અનેક ગણી વધી છે. તેમની રુકાવટોને ન્યાયોચિત ઠેરવવામાં આવે છે. અને અનેક રીતે સમજાવવામાં આવે છે. આથી ગૂંચવાડાઓ વધ્યા છે. પરિણામે અનેક દલીલો થાય છે અને સત્ય દ્રષ્ટિ સામેથી અદ્રશ્ય થઇ જાય છે. આ ગુરૂઓ; પોતાના પૂર્વગ્રહો અને પક્ષપાતોને અનુ કૂળ આવે એ રીતે શાસ્ત્રોનાં અર્થઘટનો કરે છે અને પોતાનાં વૈભવ-વૃધ્ધિનાં સાધનની જેમ તેનો ઉપયોગ કરે છે.

આ પરિસ્થિતિમાં ઇશ્વરની કૃપા એ જ મનુષ્ય માટે કેવળ એક આશા છે. એ જ એક માત્ર આપણાં માર્ગને આલોકિત કરનારી દિવાદાંડી છે. મનુષ્યને આધ્યાત્મિક સંઘર્ષમાં મળનારું એ જ એક આશ્વાસન છે. એ જ એક માત્ર સ્થિર મજબૂત વહાણ છે જે પાર ઉતારે છે. અનેક પંડિતો અને ગુરૂઓએ જાહેર કર્યું છે કે, આત્મશોધનો માર્ગ એ મનુષ્યની મુક્તિનો માર્ગ છે. “સ્વ વિમર્શો મોક્ષઃ આત્મશોધ મુક્તિ તરફ દોરી જાય છે” આ એક ખાત્રીપૂર્વક હકીકત છે. “તે આત્મા છે. એ મારી જાત છે." “હું અને આત્મા બંને જુદા નથી” “આત્મા અને પરમાત્મા અલગ નથી." “હું” સૂતરનો તાંતણો; કાપડના આત્માનો તાણો અને વાણો કે, જ્યારે “હું” નો તાંતણો જુદા જુદા શરીરોમાં જોવા મળે છે અને અનુભવે છે કે, દરેક શરીર બીજા કરતા જુદું છે ત્યારે આત્માનું કાપડ અદ્રશ્ય થઇ જાય છે. પરંતુ તાંતણો અને કાપડ બંનેમાં એક તત્વ છે – “કપાસ” આ જ પ્રમાણે પરમાત્મા પણ “હું” રુપી આત્મામાં હંમેશા રહે છે. કપાસ વિના, પરમાત્મા વિના, “હું” નો તાંતણો સંભવી શકે નહી. પરમાત્મા, આત્મા અને હું - આ ત્રણેય એક જ પરમાત્મા, દિવ્યાત્માનાં જુદાં જુદાં સ્વરુપો અને નામો છે.

## સ્તરો અને તબક્કાઓ

"હિન્દુ ધર્મે જુદા જુદા ઇશ્વરોને પૂજવાની છૂટ આપી છે. આના કારણે સંકુચિત વાડા અને જુથો ઉભા થયા છે. જેણે આ ભૂમિને ભય અને અશાંતિથી ભરી દીધી છે. આ મૂળભૂત ખામી જ તમામ આંતરિક ઝગડાઓ અને આંદોલનોની જડ છે.” ઘણાં નિરીક્ષકોનું આવું તારણ છે. પરંતુ આ તારણ સાચું નથી. આ વિવેકહીન વ્યક્તિઓના મનના તરંગોની તુચ્છ લડાઇ છે.

પશ્ચિમમાં સર્વ પ્રદેશોની પ્રજા વધતાં ઓછાં અંશે ખ્રિસ્તી ધર્મનું જ અનુસરણ કરે છે. તેઓ બધા એક જ ઇશ્વરને આદર આપતા હોવા છતાં જંગલી પશુથી પણ ભયાનક રીતે

એકબીજાની હત્યાઓ કરે છે. શું તેઓ યુધ્ધો કરી, ઝગડાઓથી દૂર રહેનારા નિર્દોષ સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધોને નિર્દય અસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ કરી આ ધરતી ઉપરથી મીટાવી દેતા નથી? શું આવા નિર્દય, ક્રૂર, મૂર્ખ અને પાશવિક વિધ્વંસ અને ભાતૃ - હત્યા માટે તેમનો ધર્મ કારણભૂત છે? બેશક, તેઓ એક જ ધર્મના છે તેમ છતાં આ આસ્થાના પડદા પાછળ કેટલાક ઝેરી ઇરાદાઓ ડોકિયાં કરે છે. જે તેમના સમગ્ર વ્યક્તિત્વને પ્રદૂષિત કરે છે. જૂથબંધી, લડાઇઓ અને યુધ્ધો માટે ધર્મ જરા સરખો પણ કારણભૂત હોઇ શકે નહીં.

જર્મનીમાં આપણા જેવા જ્ઞાતિનાં જુથો અને સાંપ્રદાયિક ઝગડાઓ માટે કોઈ સ્થાન નહોતું. તેમણે વિજ્ઞાન અને યંત્રવિદ્યામાં અસામાન્ય પ્રગતિ સાધી હતી. તેમનો તમામ રાષ્ટ્રોની મોખરે ઊભા રહી સામર્થ્ય, હિંમત અને વીરતા દર્શાવી હતી. આવું એક રાષ્ટ્ર ચાર વિજયી સત્તાઓ વચ્ચે વહેંચાઈ ગયું અને દરેક ઉપર અલગ અલગ રાષ્ટ્રનું શાસન સ્થપાયું હતું. જાપાનમાં પણ કોઇ ધાર્મિક ભેદભાવો અને જુથોનો ઝગડો નહોતો. તેણે પણ થોડા વર્ષો બીજા રાષ્ટ્રોની વેરભાવના સહન કરવી પડી હતી. આનું કારણ શું હતું? રાષ્ટ્રોના અધઃપતન માટે કેવળ ધર્મ જ કારણભૂત નથી.

કોઇપણ વ્યક્તિ એવા વિશ્વની કલ્પના કરી ના શકે જેમાં ભિન્નતા ના હોય. ભિન્નતા આંતરિક બુધ્ધિનાં પ્રફુલ્લનમાંથી જન્મે છે. દરેક વ્યક્તિનું જીવન આ બુધ્ધિ અને તેની અસરની બાહરી અભિવ્યક્તિ છે. નિષ્ક્રિય તેમજ નિષ્ક્રિય ના હોય તેવી ચીજો આ બુધ્ધિના જુદાં જુદાં રસ્તરની અભિવ્યક્તિઓ છે. પોપટ સીધી નજરે જુએ છે, કાગડો પણ જુએ છે પણ જરા જુદી રીતે. શિયાળ કુતરા કરતાં પરિસ્થિતિનો તાગ જુદી રીતે કાઢે છે. પ્રાણીઓનો સ્વભાવ એક પ્રકારનો છે. મનુષ્યનો સ્વભાવ બીજા પ્રકારનો છે. બે મનુષ્યો વચ્ચે તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનમાં ફરક છે. કેવળ જ્ઞાનમાં જ નહીં પરંતુ તેમના શારીરિક લક્ષણો અને વ્યક્તિગત મિજાજમાં પણ અનેક ભિન્નતા રહેલી છે. તેમના ગમા-અણગમા, તેમના વિચારો અને ભાવનાઓ, તેઓનાં જ્ઞાન અને વ્યવસાયના આધારે ઘડાય છે. આપણે આટલા દૂર સુધી જવાની જરૂર નથી. એક જ માતાનાં ગર્ભમાં ઉછરતાં જોડિયા બાળકો પણ એક સરખા નથી હોતા; તેમના સ્વભાવ જુદા જુદા હોય છે. આનું કારણ શું છે? કારણ છે બુધ્ધિના વિકાસમાં રહેલી ભિન્નતા.

આથી, મનુષ્ય કદાપિ આ ભિન્નતાથી મુક્ત થઈ શકશે નહીં, વૈશ્વિક સમાનતા એ એક અશક્ય ઝંખના છે. તેને આ પૃથ્વી પર સ્થાપિત કરવાની ઇચ્છા એક પરિકથા છે, આકાશ-કુસુમની શોધ છે. એક પ્રાણી એવી સમજણ સાથે જીવે છે કે, તે પ્રાણી છે. એક પક્ષી એવી

ચેતના ધરાવે છે કે પોતે પક્ષી છે. વિશ્વની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેનારી એક સ્ત્રી એવી ચેતના ધરાવે છે કે, તે સ્ત્રી છે, એ જ રીતે પુરુષ પણ માને છે કે પોતે પુરુષ છે. જ્યાં સુધી મનુષ્ય નિદ્રાધીન થતો નથી ત્યાં સુધી તેની આ ચેતના પ્રભાવી રહે છે અને જાગ્યા પછી ફરી ચાલતી રહે છે. મનુષ્ય આ જીવન દરમિયાન જે પ્રવૃત્તિઓ કરે છે તેનો ક્રમ મૃત્યુ તોડી નાંખે છે, જ્યાં તેનો અંત આવે છે. "યમ યમ વાપિ સ્મરણ ભાવમ્ ત્યજ યન્તે ક્લેવરમ્ - મનુષ્ય જીવનનાં અંતે પોતાને અતિશય વિચલિત કરનારી ભાવનાઓનું સ્મરણ કરીને પોતાના શરીરનો ત્યાગ કરે છે." અને ગીતા કહે છે;" તમ તમૈવેતિ કૌંતેય, સદા તદ્ભાવ ભવિતઃ તેની ભાવના હંમેશા જે તરફ તેને દોરી જાય છે એ દરજ્જાને તે પામે છે. હે કૌંતેય !" આગળના જીવનનો સ્વભાવ મનુષ્ય જ્યારે પોતાના દેહનો ત્યાગ કરે છે તે સમયે તેના મનમાં રહેલી ભાવનાઓ અનુસાર નક્કી થાય છે. ઉંડુ ચિંતન કરતાં જોઇ શકાશે કે મૂળભૂત સત્ય એ છે કે, દરેક વસ્તુનો આધાર બુધ્ધિનાં પરિષ્કરણથી સિદ્ધ કરેલી પ્રગતિ પર છે.

બાહરી સ્વરૂપમાં કેટલીક સામ્યતાઓ જોવા મળે તો પણ આંતરિક સ્વભાવમાં ઘણાં મોટા અને વિવિધ તફાવતો અસ્તિત્વ ધરાવે છે. સજીવોનો વંશ કે જાતિ મુખ્યત્વે તેનાં બાહ્ય લક્ષણોને આધારે નક્કી કરવામાં આવે છે. જે લક્ષણો ખરેખર તો તેની આંતરિક બુધ્ધિની બાહ્ય અભિવ્યક્તિ હોય છે. વ્યક્તિ; પ્રાથમિકપણે એક સ્વરૂપ છે. મનુષ્ય, વૃક્ષ, ટેકરી, ચકલી, શિયાળ, કૂતરો, કાગડો, સાપ, વીંછી આ બધા શબ્દો; આ સ્વરૂપો ધરાવતી જાતિઓનાં સભ્યોને દર્શાવે છે. વ્યક્તિનો નાશ થઇ શકે છે, પરંતુ જાતિ ચાલુ રહેશે. મનુષ્યો મૃત્યુ પામશે પરંતુ માણસ જાત જીવિત રહેશે. વૃક્ષ પડી જશે અને બળીને રાખ કે ધૂળ થઇ જશે, પરંતુ તેની જાતિનો કદી નાશ થતો નથી. સજીવ જાતિ શાશ્વત છે; તેનો સંપર્ણ વિનાશ કદી થશે નહીં.

જો આપણે આપણી રોજબરોજની જીંદગીમાં અનુભવીએ છીએ એવી નાની વાત ઉપર પણ વિચાર કરીશું તો પણ આ સત્ય આપણે જોઇ શકીશું. આપણે કહીએ છીએ કે, માનવજાતની દરેક વ્યક્તિમાં માનવીય લક્ષણો રહેલાં છે. પરંતુ જ્યારે આપણે એક વ્યક્તિનું મુલ્યાંકન કરીએ છીએ ત્યારે આપણે તેની નૈતિકતા અને આદતો, વર્તમાન દરજ્જો અને ભાવિ શક્યતાઓ ઉપર વિશેષ ધ્યાન આપીએ છીએ. તમામ ગાય એક જ જાતિની સભ્ય છે. પરંતુ ગાય ખરીદતી વખતે આપણે તેના વંશ અંગે જાણવા કોશિશ કરીએ છીએ. આપણે તેના શરીર ઉપર શુભ નિશાનીઓ છે કે નહીં તે જોવા પ્રયાસ કરીએ છીએ. તે ભરપૂર દૂધ આપવી જોઇએ. તે સુંદર, નાનું, શાંત પ્રાણી હોવું જોઇએ. આપણે કેવળ આવા અપેક્ષિત ગુણો ધરાવતી ગાય ખરીદશું.આ વંશની બીજી ગાયની જેમ એ કેવળ ગાય છે. એટલી હકીકતથી આપણને સંતોષ

થતો નથી. આપણે વંધ્ય કે જંગલી ગાય ખરીદતા નથી. આથી તમામ વધતાં ઓછા અંશે સરખી હોવા છતાં વ્યક્તિનું મૂલ્યાંકન તેનાં ગુણોના આધારે કરવું જોઇએ.

જ્યારે બીજા મુદ્દા ઉપર ઊંડી તપાસ કરવામાં આવે છે ત્યારે એ વાત સ્પષ્ટ થાય છે કે ઉંચ- નીચના ભેદભાવની ભાવના સ્વાભાવિક છે. પેશાબ અને મળ સામાન્ય રીતે એક સરખા અશુધ્ધ હોય છે તેમ છતાં ગાયના પેશાબને પવિત્ર ગણવામાં આવે છે. આવી માન્યતા બીજા પ્રાણીઓના મળ - મૂત્રને મળી નથી. તે બેશક અપવિત્ર છે. અગ્નિનો દાખલો લઇએ; કોઇ પણ સ્વરૂપમાં હોય તો પણ અગ્નિ; અગ્નિ જ છે. આપણે ઘરમાં ફાનસ સળગાવીએ છીએ, આપણા ચૂલામાં પણ અગ્નિ હોય છે. યજ્ઞોમાં જે અગ્નિની જ્વાળાઓ ઉઠતી હોય છે તે અગ્નિ સાદર પૂજાય છે; લોકો તેને નમન કરે છે. પરંતુ ફાનસ કે ચૂલાનાં અગ્નિનું મૂલ્ય એટલું ઉંચું નથી. ચિતા ઉપર મૃતદેહને અગ્નિદાહ આપતી વખતે નીકળતી જ્વાળાઓ અન્ય ઉપયોગ માટે લઇ શકાય તેવી શુધ્ધ ગણાતી નથી. કોઇ પણ વ્યક્તિ તેની ઉપર “રોટી” શેકશે નહીં. કોઇ તેનો આદર કરી તેને નમન કરશે નહીં. કારણ કે તે “હીન” “અપવિત્ર” “પ્રદૂષિત” ગણાય છે.

એ જ રીતે, મનુષ્યો એક સરખું શારીરિક સ્વરૂપ ધરાવતા હોવા છતાં, દરેક વ્યક્તિનાં શરીર અને તેણે ઓઢેલાં વસ્ત્રોની ખાસિયતોમાં તેમજ તેની ગુણવત્તા અને પ્રવૃત્તિઓમાં ફરક કરવો જરૂરી છે. તેમાંના કેટલાકને “ઉંચા” અને કેટલાકને "નીચા” ગણવામાં આવશે. વિજળીના ગોળાઓ પણ બધા એક સરખો પ્રકાશ આપતા નથી. કેટલાક તેજસ્વી હોય છે તો કેટલાક ઝાંખા હોય છે. દરેક બલ્બમાં એક સરખો વિદ્યુત પ્રવાહ વહેતો હોવા છતાં કેટલાક તેની પૂર્ણ ક્ષમતા દર્શાવે છે જ્યારે બીજા દર્શાવી શકતા નથી.

આપણે સ્વીકારવું જોઇએ કે વિશ્વની ઉત્ક્રાંતિ માટે; ચેતનાના ભિન્ન ભિન્ન સ્તરો, કાર્યકુશળતાના તબક્કાઓ, ઉંચ-નીચ, પવિત્ર-અપવિત્ર, ધાર્મિક-અધાર્મિક જેવા ભેદભાવ આવશ્યક પૂર્વશરત છે; તે અનિવાર્ય છે. તે દિવ્ય ઇચ્છા દ્વારા નક્કી થયા છે.

# મનુષ્ય અને ઇશ્વર

મનુષ્યની ઉત્ક્રાંતિની પરમગતિ અને પરમ ધ્યેયની પ્રાપ્તિ માટે, ધર્મ અને આધ્યાત્મિક શિસ્ત ખૂબ જ જરૂરી છે. ધર્મ; વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેની, જીવ અને દેવ વચ્ચેની કડી છે. જો તે ના હોય તો જીવન અરાજક બની જાય. એક ટેકરી ઉપર ફસાયેલી ગાય સામેની ટેકરી ઉપર જવા માંગે છે પરંતુ વચ્ચે પાણીથી ઉભરાતી નદી છે. આથી સામેની ટેકરી ઉપર પહોંચવા માટે તેને જરૂર છે એક સેતુની. આ સેતુ તે ધર્મ છે. વ્યક્તિગત જીવન અને વિશ્વધર્મની વચ્ચે સ્વભાવની નદી તેની તમામ ગુંચવણો અને જટીલતા સાથે વહે છે. આ નદી ક્યાંથી આવે છે. તેણે આટલાં પાણી કેવી રીતે સંચિત કર્યા અને ક્યાં તેનો અંત આવશે તે શોધવું અઘરૂં છે. પરંતુ સદભાગ્યે, આપણી પાસે દરેક માનવ સમુદાયમાં સેતુ બાંધનારાઓ છે, જેઓ લોકોને પાર ઉતારવામાં મદદ કરે છે.

આપણી પાસે કદાચ એકાધિક સેતુ હશે પરંતુ દરેકનો હેતુ એક જ છે. ભારતના ઋષિ-મુનિઓએ બાંધેલા સેતુનું નામ છે સનાતન ધર્મનો સેતુ. આ સેતુ શાશ્વત છે. તે સનાતન એવા વેદોના પાયા ઉપર ચણાયેલો છે. આથી તેને સનાતન ધર્મનો સેતુ કહે છે. તેને ઘણીવાર વૈદિક સેતુ, વૈદિક માર્ગ કે આર્ય માર્ગ જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે. આ માર્ગ પ્રશસ્ત કરનારાઓને શોધી કાઢવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. આ જ કારણે તેમણે વ્યથિત થઇ આ માર્ગને “અકર્ત” કે અનાયોજિત ગણાવી તેની શોધ પડતી મુકી હતી. તેમણે મનોમન આશ્વાસન મેળવી લીધું કે, આ વેદો સ્વયં ઇશ્વરના શબ્દો છે અને તે જ તેનો રચયિતા છે.

સદીઓથી પ્રતિપાદિત થયેલા તમામ ધર્મો અને આધ્યાત્મિક માર્ગો બેશક પુનિત છે; કારણકે તે તમામ ઇશ્વરના દૂતો દ્વારા રચાયા છે. તેઓ પુરુષોમાં શ્રેષ્ઠતમ હોવાને કારણે ઇશ્વરે તેમની પસંદગી કરી હતી. બુધ્ધ, ઇસુ ખ્રિસ્ત, જરથુષ્ટ્ર, મહમંદ પેગંબર વગેરે વિશ્વભરમાં જાણીતા છે. તેમના શાસ્ત્રો, આદર્શો અને વિચારો તેમના અનુયાયીઓમાં એ રીતે માન્ય બન્યા છે કે, તેમના ધર્મ તેમનાં નામોથી ઓળખાય છે.

એ સમયનો આદર્શ ધર્મ ઇશ્વરનો સંદેશ ગણાતો હતો એટલે તેમજ તે સંદેશ ઈશુખ્રિસ્ત પ્રસારિત અને પ્રચારિત કર્યો હોવાથી તેમનું નામ એ ધર્મને આપવામાં આવ્યું છે. એ જ રીતે બુધ્ધના નામને બૌદ્ધ ધર્મ સાથે સાંકળવામાં આવ્યું છે. કારણકે તે ધર્મ એક દિવ્ય સાધન તરીકે તેમના દ્વારા પ્રેરણા અને પ્રચાર પામ્યો હતો. મહમંદ પેગંબરે ઇશ્વરનો સંદેશો સાંભળી શાસ્ત્ર અને સિધ્ધાંતો પ્રતિપાદિત કર્યા હતા અને તેમના અનુયાયીઓએ મહમંદના અનુયાયીઓ

તરીકે ઓળખાય છે. આથી આ તમામ ધર્મો શ્રેષ્ઠતમ મનુષ્યોએ અને ઇશ્ર્વરના આદર્શ દૂતો દ્વારા કહેવાયા છે, એમ કહેવું તે જરાય ખોટું નથી.

દિવ્ય પ્રજ્ઞા; વિશ્વવ્યાપી અને સર્વગ્રાહી છે માનવીય બુધ્ધિ સંકુચિત મર્યાદામાં પૂરાયેલી છે. ધર્મગ્રંથો કેવળ એક જ ધ્યેયની વાત કરે છે પરંતુ તેઓ તેને પામવાનાં જુદાજુદા માર્ગો દશાર્વે છે. દરેક માર્ગ ચોકકસ ધર્મ હોઈ શકે અને તેના શાસ્ત્રો અને શિષ્યને બીજા કરતા જુદા ગણી શકાય. આથી રામ, ઇશુ, જરથુષ્ટ્ર, બુધ્ધ, મહંમ્મદ અને અન્ય બીજા એક છે તેમ કહેવું સાચું નથી.

ખ્રિસ્તી ધર્મ કહે છે કે, ઇશ્વરે મનુષ્યને પોતાની પ્રતિકૃતિ જેવો રચ્યો છે. અલ્લાહે પણ એમ જ કર્યું હતું, એવું કહેવાય છે પારસી અને બૌધ્ધ ધર્મે પણ સર્જન અંગે લગભગ આવી જ વાત કરી છે. પરંતુ વૈદિક ધર્મોનો મત આનાથી ભિન્ન છે. વ્યકિત એ ઇશ્વરની માફક શાશ્વત છે. તે ઇશ્વરની ચિનગારી છે. જો “જીવી" (અસ્તિત્વ) ના હોય તો દેવ પણ ના હોઇ શકે. આ વાત વેદમાં વિશેષ ભારપૂર્વક કહેવાય છે. બીજા ધર્મોના અનુયાયીઓ તાજેતરમાં આ સત્યને સમજતા થયા છે. દરેક વ્યકિતનું વર્તમાન જીવન એ ભૂત અને ભાવિ જીવન વચ્ચેનો કેવળ મધ્યાંતર છે. તે હવે પછીનું એક પગથિયું છે. આ વાત વેદમાં દર્શાવવામાં આવી છે. તે આપણને ભૂત અને ભાવિ જન્મો વચ્ચેનો સંબંધ સમજાવે છે. અન્ય કોઇ ધર્મે ભૂત અને ભાવિ જીવન વિશે આટલી બધી વાતો કરી નથી.

બીજો મુદ્દો ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જીવનના આ ચાર હેતુઓમાંથી વિવિધ ધર્મોએ મોક્ષ કે મુકિતના તબક્કાને જુદી જુદી રીતે વર્ણવ્યો છે. દરેક ધર્મ કોઇનેકોઇ સિધ્ધાંત પ્રતિપાદિત કરે છે અને તે જ સિધ્ધાંતમાં શ્રધ્ધા રાખવા પર ભાર મૂકે છે. આથી તેઓ જે અનુભવોનું વર્ણન કરે છે તેમાં કોઇ સમજૂતી કે સામ્યતા જોવા મળતી નથી. અનુભવ અંગેનું હિન્દુ ધર્મનું વર્ણન અલબત્ત તમામ ધર્મના અનુયાયીઓ પ્રાપ્ત કરી શકે છે વિભિન્ન ધર્મોમાં આ વર્ણનોની વિગતો અંગે સમજૂતી પણ હોઈ શકે. પરંતુ સંપૂર્ણ અનુભવો એ જ રીતે વર્ણવવામાં આવ્યા નથી. આનું કારણ એ છે કે, કાલાતીત એવો હિન્દુ ધર્મ ખરેખર સર્વોપરી છે. બીજા ધર્મો તેમણે પસંદ કરેલા હિન્દુ ધર્મના કેટલાક સિધ્ધાંતો ઉપર આધારિત છે અને તેમના પ્રદેશોની પરંપરા અને સંસ્કૃતિ મુજબ તેને વિકસાવવામાં આવ્યા છે. આથી આ બીજા ધર્મોમાં ઘણીવાર હિન્દુ આસ્થાનાં અંર્તોહિત સત્યો જોવા મળે છે. હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિ એકધારા પ્રવાહની જેમ વહી રહ્યા છે.

હિન્દુ ધર્મમાં; અનુષ્ઠાનો અને ઉત્સવો, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અહર્નિશ ઉજવવાનું કહેવામાં આવ્યું છે. આમાંના ઘણા ખરાં; યજ્ઞ, યાગ અને દિવ્ય શકિતઓને આપવામાં આવતી આહુતિઓ અંગેના છે. વ્યકિત ગર્ભવસ્થાથી લઇ મૃત્યુ અને ત્યાર પછીના પરમ લોકને પામે ત્યાં સુધીનાં અનુષ્ઠાનો અને ઉત્સવોથી સંતુષ્ટ થયા વિના વિસ્તૃત શિસ્ત કે આચાર સંહિતા તૈયાર કરવામાં આવ્યા છે. બીજા કોઇ પણ ધર્મમાં આટલા બધા અને આટલા વિસ્તૃત, જીવન અંગેના નિયમો નથી. આથી તમામ ધર્મો સમાન છેએમ કહેવું સાચું નથી. તેમણે હિન્દુ ધર્મમાંથી થોડાઘણાં નિયમો અપનાવ્યા હશે કારણ કે હિન્દુ ધર્મ પ્રારંભથી જ તેની ઉપર ભાર મૂકતો આવ્યો છે.

કર્મ અથવા અનુષ્ઠાનની આટલી ભારે યાદીને અમલમાં મૂકવા માટે મનુષ્યમાં ભકિત, જ્ઞાન અને યોગ અર્થાત્ શ્રધ્ધા સમજ અને આત્મસંયમ હોવા જરૂરી છે. ધર્મ એ મહાવપ સમા ધર્મનું મૂળ છે. તે તેની શકિતનો શાશ્વત સ્ત્રોત છે.ભક્તિના નીરથી તેનું સિંચન થાય છે. તેના પર્ણો અને પુષ્પો; ત્યાગ અને સદાચાર છે. ફળો તે જ્ઞાન છે. વૃધ્ધિના આ તબક્કાઓમાં જો કોઇ અવરોધ કે મુશ્કેલી આવે આર્થાત્ કોઇ નિયમ પણ ચૂકી જવાય તો આ વૃક્ષ ઉપર આવનારા જ્ઞાનરૂપી ફળો ઉપર તેની અવળી અસર થશે.

આધ્યાત્મિક પ્રગતિ માટેની આવી કડક યોજના કેવળ હિન્દુ ધર્મમાં જ જોવા મળે છે. અન્ય કોઇ ધર્મમાં નહીં. હિન્દુ ધર્મ એ પ્રાચીન ઋષિ મુનિઓએ પોતાના સાચા અનુભવોમાંથી તારવી અને તૈયાર કરેલું અમૃત છે. તે પુસ્તકોમાં પ્રાપ્ય સામગ્રીઓ એકત્ર કરી મૂકેલો સંગ્રહ નથી.

કોઇપણ વ્યકિત માટે તેને જે યોગ્ય લાગે તે ધર્મ કે નિયમો અપનાવવા તે યોગ્ય નથી, કારણ કે તેઓ એમ માને છે કે, જીવન કેવળ ચાર દિવસનો ખેલ છે અને એટલે તેમણે નીતિમત્તા અને આત્મસંયમ જાળવવાની જરૂર છે. જીવન એક લાંબી સફર છે અને ધર્મ; વર્તમાન માટે શાંતિ અને ભાવિ માટેની પ્રેરણાની વૃષ્ટિ કરે છે. આપણે એ માનવું જોઇએ કે આપણે વર્તમાનમાં જે સંજોગોમાંથી પસાર થઇ રહ્યા છીએ તે આપણાં પૂર્વનાં કર્મોનું પરિણામ છે.

લોકો; પોતાની વર્તમાન સ્થિતિ માટે તેઓ પોતે કારણભૂત છે અને વર્તમાનમાં કરેલાં સત્કર્મોથી સુખી ભવિષ્યનું નિર્માણ શક્ય બનશે એમ જાણીને સંતુષ્ટ રહે તે શાંતિનો મહાસ્ત્રોત છે. આ મોટી પ્રેરણા છે. આ દિશામાં જીવન ચાલે તો જ નીતિમત્તા અને આત્મ સંયમનું

જીવનમાં સ્થાન શક્ય બને. આ બે આદર્શોને વળગી રહેવાની શકિત; ધર્મ દ્વારા પૂરી પડાતી પ્રેરણા અને ઉત્સાહમાં રહેલી છે.

આપણે ધર્મનો ઉદભવ કે અંત નક્કી ના કરી શકીએ. એ જ રીતે વ્યકિત કે જીવનાં ઉદભવ અને અંત અંગે નિર્ણય આપવો મુશ્કેલ છે. હિન્દુ ધર્મ અનુસાર જીવ; કાલાતીત છે અને વર્તમાન જીવન; તેનાં જ પૂર્વેના વિચારો અને કર્મોની ઘટમાળમાં મળેલું જીવન છે. જીવી; ઇશ્વરના કોપ કે કૃપાને પરિણામે હાલમાં અસ્તિત્વમાં આવેલો નથી. “તે” આ વર્તમાન અસ્તિત્વ માટે કારણભૂત નથી. સનાતન ધર્મ આ ઘોષણા કરે છે.

ધર્મ કોઈપણ સમયે, કેવળ વ્યક્તિગત બાબત બની શકે નહીં. આમ પ્રતિપાદિત કરવું કદાચ શક્ય છે. કારણ કે દરેક વ્યકિતની આસ્થા તેના પોતાનામાં રહેલી છેઅને દરેક વ્યકિત પોતાની વર્તણૂંક અને પ્રવૃત્તિઓમાં આ શ્રધ્ધાને વ્યક્ત કરતી હોય છે. પરંતુ આ વિધાન કેટલું સાચું છે? ઘણાં વિદ્વાનો પોતાના સંતોષ ખાતર કહે છે તેમ, ઈશ્વર, ધર્મ કે વર્ણ જેવું કશું નથી એમ કહેવું તે યોગ્ય નથી. ઇશ્વરનું અસ્તિત્વ નથી એવું કહેનારા અને તમામ ધર્મોમાં પ્રતિપાદિત કરવામાં આવેલા, વ્યકિતની પ્રવૃત્તિઓના માર્ગદર્શન અને અનુસરણ માટેના આદેશોને અંધશ્રધ્ધા ગણાવનારા લોકોની મોટી સંખ્યા આપણને જોવા મળશે. આ લોકો અબુધ કે અભણ નથી.જ્યારે આવી વ્યકિતઓ આધ્યાત્મિક માન્યતાઓને અને આચરણને અંધશ્રધ્ધા કહે છે ત્યારે આપણે તેમના વિધાનને કેટલું મહત્વ આપી શકીએ? જો તેઓ પોતાના હ્રદયમાં આવી વાત ધરાવતા હોય તો સમાજને કોઇ ફરિયાદ ના હોઈ શકે. કારણ કે તેમાં તેમનું કોઇ નુકશાન નથી. પરંતુ તેઓ ચૂપ રહેશે નહીં. ઉદાહરણ તરીકે કેટલાક લોકો તાડી, બ્રાંડી, દારૂ વગેરે જેવા નશાકારક પીણાંઓનું પણ સેવન કરે છે. શું આને પણ વ્યક્તિગત બાબત ગણી શકાય? બીજા તેનાથી રાજી થશે? ગમે તેટલા ભાર સાથે આ બાબતને અંગત ગણાવવામાં આવે તો પણ આ ખરાબ ટેવ જુદી જુદી ખુલ્લી કે પ્રચ્છન્ન રીતે સમાજ ઉપર અસર કરે જ છે. બીજું કશું નહી તો પણ તે તેની દુષ્ટ અસર તો ફેલાય જ છે. જ્યારે સામાન્ય લોકો આવી નુકશાનકારક ટેવોમાં ડૂબેલા હોય ત્યારે આ જોખમ નગણ્ય કહેવાય પરંતુ જ્યારે સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત વડિલો એવું કરે ત્યારે સામાન્ય માણસ પણ એ દૂષણના રાહે ચાલે છે. વ્યાસ અને વાલ્મીકિની કૃતિઓ ઘણી પ્રાચીન છે. વિતેલા યુગોનાં એવાં લખાણને પુરાણ કહેવામાં આવે છે. તે ઉચિત છે. પરંતુ તેના રચનાકાળથી આજ સુધીમાં સદીઓ વિતવા છતાં સમયનો કોઇ પ્રભાવ તેના પર પડયો નથી. અન્યથા આજે પણ હિમાલયથી સેતુ સધી આ ભૂમિ પર વસતા લોકોની આ કૃતિઓ પ્રત્યેની ચાહના અને માંગ એટલી જ તીવ્ર ના હોત. તેનું લખાણ એટલું ચેતનવંતુ અને તાજગી

સભર છે કે તેની ઉપર કાળની કોઇ અસર થઇ નથી. કોઇપણ વ્યક્તિ, કોઇપણ સ્થળ અને સમયે આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે તો તેમાં તે તલ્લીન થઇ જાય છે.

મનુ-ધર્મશાસ્ત્ર અનન્ય છે. ઇતિહાસમાં કોઇપણ દેશમાં આવો ગ્રંથ જોવા મળતાં નથી. કોઇપણ વ્યક્તિએ, કોઇ કાળે આ જ પ્રકારનું પુસ્તક લખ્યું છે? હિંદુ ધર્મના સિધ્ધાંતો અને જેમાં તે લખાયેલા છે તે શાસ્ત્રોમાં ભૌતિક વિજ્ઞાનની સ્તુતિ કરવામાં આવી નથી. ભૌતિક વિજ્ઞાનની દિવસે દિવસે પ્રગતિ થઇ રહી છે પરંતુ  ભૌતિક વિજ્ઞાનના જે સિધ્ધાંતોને આજે સાચા માનવામાં આવે છે તેનું કાલે ખંડન કરવામાં આવે છે. અને એ જ સંઘટનાને સમજાવતા નવા સિધ્ધાંતો તેનું સ્થાન લે છે. તો પછી શાશ્વત અને સનાતન આત્માના સત્યો; આવા ભૌતિક વિજ્ઞાનનો આદર શી રીતે કરી શકે? આજના ભૌતિક વિજ્ઞાનીઓ આ વલણને અંધશ્રધ્ધા" ગણાવે છે. તેઓ તેને ફગાવી દેવા માગે છે. તેઓ તમામ આત્મગત અને વસ્તુગત હકીકતોને તપાસવા માંગે છે. અને તેની આકરી કસોટી કરવા માંગે છે. તેઓ જ્યારે આને વાસ્તવિકતા (સત્ય) ની શોધનો સ્વતંત્ર માર્ગ ગણે છે ત્યારે તેઓ પોતાને ગૂંચવાડામાં મૂકે છે. પરંતુ આ સાચું નથી. આમાં બહુ ઊંડા ઉતરવાની અને નવા શાસ્ત્ર રચવાની જરૂર નથી. દરેક માર્ગ અને સિધ્ધાંત પ્રાપ્ય છે જ. આપણે કેવળ તેને સમજવાની જરૂર છે.

પશ્ચિમના કાંટથી સ્પેન્સર સુધીના દાર્શનિકોએ કેવળ દ્વૈત-અદ્વૈત અને વિશિષ્ટ અદ્વૈતવાદના કેટલાંક પાસાંઓ ઉપર જ કામ કર્યું છે. હિન્દુઓએ ઘણાં વર્ષો પૂર્વે આ બાબત અંગે સંશોધનો કર્યા છે અને પોતાની સમજને શાસ્ત્રો અને સિધ્ધાંતો સુધી સીમિત બનાવી દીધી છે.

## રંગ અને વર્ણવ્યવસ્થા

હિન્દુ ધર્મ અને જીવન અંગેના તેના નિયમો; વર્ણ વ્યવસ્થા અને આશ્રમ ઉપર આધારિત છે. ચાલો, ધર્મનો પ્રથમ-વર્ણાશ્રમનો-સિધ્ધાંત લઇએ. વેદાંતની ચર્ચામાં વપરાતો માયા શબ્દ સામાન્ય રીતે ઉદાસીનતા, ઉપેક્ષા અને આલોચનાનો ભોગ બન્યો છે એજ રીતે વર્ણ વ્યવસ્થા અને તેના પર આધારિત ભેદભાવોને  પણ માનવ સર્જિત ગણાવી વખોડી નાખવામાં આવ્યા છે. પાયાના સિદ્ધાંતને પણ આ જ રીતે તમામ પ્રકારની વિવેક બુધ્ધિની વિરોધી ગણાવી વખોડી કાઢવામાં આવ્યો છે. કારણ કે તે આ વિશ્વને મિથ્યા ગણાવી તેનો અનાદર કરે છે. સ્મૃતિ કહે છે "ચાતુર્વણ્યમ્ મયા સૃષ્ટિમ્-ચાર વર્ણો મારું સર્જન છે." શ્રુતિ કહે છે, "બ્રાહ્મણસ્ય મુખમ અસિત,

બાહુરાજાન્યાઃ કૃતઃ અર્થાત્ બ્રાહ્મણ (બ્રહ્માનાં) મુખમાંથી જન્મ્યાં છે અને રાજાઓ બાહુમાંથી ઉદ્દભવ્યા છે." આથી એ સ્પષ્ટ થાય છે કે, વર્ણો ઇશ્વરે સર્જ્યાં છે. આમ છતાં જો એવું પ્રચારિત કરવામાં આવતું હોય કે વર્ણ વ્યવસ્થા વિનાશક ભેદભાવો ઉપર રચવામાં આવી છે તો વાંક આ શબ્દનાં ખોટા અર્થઘટનનો છે.

સમાજમાં આજે કોઇ સાચા વર્ણો રહ્યા છે ખરાં? વર્ણ ખરેખર શું છે? આ હકીકત જાણવાનો કોઇ પ્રયાસ થયો છે ખરો? ના, વર્ણ એક શબ્દ છે. દરેક શબ્દનો પણ કોઇ અર્થ હોવો જોઇએ? વૃક્ષ અસ્તિત્વ ધરાવે છે એ સાબિત કરવા માટે વૃક્ષ શબ્દ પર્યાપ્ત છે. શબ્દ કેવળ ધ્વનિ છે, પરંતુ તે કોઇક અસ્તિત્વને સૂચવે છે. હાથી શબ્દનો ધ્વનિ, તે પ્રાણીના અસ્તિત્વની સાબિતી છે. એ જ રીતે જ્યારે બિલાડી, કૂતરો, શિયાળ શબ્દો સાંભળીએ છીએ ત્યારે માનસપટ સામે આ પ્રાણીઓનાં સ્વરૂપો રજૂ થાય છે. ધ્વનિ આપણાં પૂર્વે પણ હતો. આપણે ધ્વનિનાં જાળામાં જન્મ્યા છીએ. આપણે તેનું સર્જન કર્યું નથી. જો આપણે ધ્વનિ ઉત્પન્ન કરવા અને અર્થપૂર્ણ શબ્દોમાં તેને આકાર આપવા માંગતા હોઇએ તો આપણે લોકોનાં જુથો અને ચીજવસ્તુઓની જરૂર પડે છે આથી, આજના દરેક શબ્દ સાથે અર્થ જોડાયેલો હોવો જોઇએ. આપણે તેની ઉપર આપણી પસંદગીના અર્થો લાદી ના શકીએ. પોતાના આગવા અર્થો ધરાવતા શબ્દો આપણાથી પણ પૂર્વેના સમયથી અસ્તિત્વ ધરાવે છે. આપણે જે કાંઇ અને જ્યારે જરૂર પડે તે મુજબ તેનો કેવળ ઉપયોગ જ કરીએ છીએ.

શબ્દ સાથે વાણી સંકળાયેલી છે. સંસ્કૃતમાં તેનો અર્થ છે "પદ". સંસ્કૃતમાં તમામ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ માટે શબ્દ છે - પદ+અર્થ = પદાર્થ, અર્થાત્ શબ્દાર્થ, ટેકરી શબ્દનો ફલિતાર્થ ધરતી કે રેતીની ઢગલી એવો થાય છે. એ જ રીતે બ્રાહ્મણ અને શુદ્ર શબ્દો આપણને સૂચવે છે કે આ શબ્દોનો જવાબ આપનાર કોઇ વ્યક્તિઓ હતી. "કોણ બ્રાહ્મણ છે? અને કોણ બ્રાહ્મણ નથી?" જેવા સવાલો આજે અપ્રસ્તુત બની ગયા છે. આપણે કેવળ "શબ્દ" ની વિભાવનાઓ અને તેના "અર્થો" જાણીએ છીએ. સમગ્ર બ્રહ્માંડ "શબ્દ" અને તેના "અર્થ" માં સમાયેલું છે. (તે કેવળ "નામ" અને "સ્વરૂપ" છે.)

શ્રુતિ (વેદો) જણાવે છે કે, "વાચારંભાનામ વિકારો નામધેયમ્" નામ અને સ્વરૂપ, શિવ અને પાર્વતી સક્રિય-નિષ્ક્રિય, વસ્તુ અને પ્રતિબિંબ, ચંદ્ર અને ચાંદનીની માફક એક જ અભિન્ન એકમ છે. આમ છતાં દુનિયાદારી માટે શબ્દ  ખૂબ અગત્યતા ધરાવે છે. વિચારોમાંથી શબ્દો સ્ફૂરે છે. વિચારો અનુભવોના આધારે ઘડાય છે. અનુભવ આપણી ઇચ્છાઓ પર આધારિત છે અને ઇચ્છા, અજ્ઞાન, માયા, અવિદ્યા કે પ્રકૃતિમાંથી જન્મે છે. અને તે પણ મૂળભૂત રીતે દિવ્ય

તત્ત્વ ઉપર આધારિત હોવાને કારણે માયાનો અંધકાર; અજ્ઞાન અવિદ્યા કે પ્રકૃતિ આપણાં ઉપર પ્રભાવી ના બનવા જોઇએ. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારનું કોઇ સ્થાન નથી. ઇશ્વરે જાહેર કર્યું છે કે, "હું અનેક રૂપ ધારણ કરીશ." અને તે ઇચ્છા બ્રહ્માંડમાં પરિણમી અને તે તેનું શાશ્વત સંચાલન કરે છે. આથી; નામ અને સ્વરૂપ, ઇશ્વર ઇચ્છાનાં પરિણામો છે, મનુષ્યની ઇચ્છાનાં નહીં. જો મનુષ્ય એવો દાવો કરે કે, તેણે તેમનું સર્જન કર્યું છે તો તે અસંગત દાવો ગણાશે. સર્વશક્તિમાન ઇશ્વરની જ તે ઇચ્છા છે. આ જ કારણે તેને આપણે સર્વોપરી ગણીએ છીએ. શું ઈશ્વર "અસ્તિત્વ ધરાવે છે?" એ પ્રશ્નના ઉત્તર માટે ઇશ્વર શબ્દનું અસ્તિત્વ જ તેની નિર્વિવાદ સાબિતી બની રહે છે.

આ વિશ્વ અનેકવિધ પદાર્થોનું બનેલું છે અને તે દરેક પદાર્થ નામ ધરાવે છે. આ પદાર્થો સાથે આ નામો શી રીતે સંકળાયા તે કોઇ જાણતું નથી. જો કોઇ પ્રયાસ કરવામાં આવે તો પણ તેનું પરિણામ કેવળ ધારણામાં જ મળશે, સત્ય જાણવા મળશે નહીં. આથી એવું તારણ કાઢવું બહેતર ગણાશે કે, તે દિવ્ય રીતે ઉતરી આવ્યા છે. જન્મથી મૃત્યુ વચ્ચે વપરાતા શબ્દો અથવા તો જન્મ પૂર્વે અને જન્મ બાદ ચાલતા કે ચાલી રહેલા શબ્દો; માતા અને બાળકોને સૂચવતા શબ્દો કે ધર્મ પરાયણતા, અધર્મ, સ્વર્ગ અને નરક જેવા શબ્દો બેશક માનવ સર્જિત નથી પરંતુ દિવ્ય મુક્તિ છે. આ ઘોષણા માટે અધિકૃત ગ્રંથો છે.

ચાલો એક વાત સ્વીકારીએ શું કોઇ વ્યક્તિ; અર્થ વગરનો કેવળ શબ્દ આ કે અન્ય વિશ્વમાં હોય તેવું એક પણ ઉદાહરણ આપી શકે? ના ! તે અશક્ય છે. દરેક શબ્દ; અર્થ ધરાવે છે અને તે અર્થ ઇશ્વરનો નિર્ણય સૂચવે છે. જ્યારે મનુષ્યો આ વાત સમજશે ત્યારે તેઓ જીવનનું રહસ્ય જાણી શકશે.

આથી જ્યારે એ ઘોષણા કરવામાં આવે છે કે, બ્રાહ્મણો બ્રહ્મના મુખમાંથી ઉત્પન થયા, "બ્રહ્મણસ્ય મુખમ્ આસિત" કે ચાર વર્ણો મેં ઉત્પન્ન કર્યા છે. "ચાતુર્વણ્યમ્ મયા સૃષ્ટિમ્" ત્યારે શું એ વાત સિધ્ધ નથી થતી કે "વર્ણ" શબ્દથી જે અર્થ ફલિત થાય છે તેનું અસ્તિત્વ હશે. જે વ્યક્તિના ઉદાહરણો આપવામાં આવ્યા છે, તે વ્યક્તિઓ તે શબ્દનું પ્રતિનિધિત્વ કરતી હશે? શું આ ઘોષણાથી એ વાત સ્પષ્ટ નથી થતી કે, સ્વયં ઇશ્વરે જ આ જુથોને તેમનાં વલણો અને પ્રવૃત્તિનાં આધારે વર્ગોમાં વિભાજિત કર્યા છે?

આથી, વર્ણ શબ્દનો અર્થ જો આપણે શુધ્ધ વિચારો સાથે ઊંડું ચિંતન કરીશું તો જ સર્વાંગીપણે સમજી શકાશે. વર્ણ શબ્દનો સામાન્ય રીતે પ્રચલીત અર્થ છે "રંગ". પરંતુ આ શબ્દ એ અર્થ સાથે કેવી રીતે સંકળાયો તે ઘણા જાણતા નથી. આ શબ્દની સાચી મહત્તા

જાણવા માટે આ વાત જાણવી જરૂરી છે. વર્ણ શબ્દની ધાતુ છે વૃ-તેનો અર્થ "વર્ણન" તેમજ "ગણતરી" ની પ્રક્રિયા એવો પણ થાય છે. આથી વર્ણ શબ્દનો અર્થ થાય છે. "વિગતવાર ધ્યાનમાં લીધા બાદ આનંદ સાથે સ્વીકારવું." જ્યાં સુધી રંગનો સવાલ છે ત્યાં સુધી સફેદ, લાલ અને કાળો આ મૂળ રંગો છે. બીજા રંગો મેળવણીથી થાય છે. સફેદ રંગ સાત્ત્વિક; લાલ રંગ રાજસિક અને કાળો રંગ તામસિક ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. આ સર્જનનું રહસ્ય છે. વ્યક્તિ જે પ્રકૃતિ કે ગુણોની અપેક્ષા કરે કે તેને અપનાવે છે તે મુજબ તેનો જન્મ થાય છે. આથી તેઓ જે વર્ણમાં જન્મ્યાં છે તે તેમણે પોતે નક્કી કરેલું છે. કોઈ બાહ્ય સત્તાએ નહીં. ક્યા ચોક્કસ ગુણો તેઓ પસંદ કરશે કે કેળવશે તેનો આધાર તેમના બૌધ્ધિક સ્તર ઉપર છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, મનુષ્યની ઇચ્છા તેની બુધ્ધિને ઘડે છે. બુધ્ધિ કર્મોને આકાર આપે છે, અને કર્મો (પ્રવૃત્તિઓ) જીવનનાં ચારિત્ર્ય અને સ્વભાવને નક્કી કરે છે. "ગુણ કર્મ વિભાગસાઃ" નું આ સાચું અર્થઘટન છે.

જ્યારે શ્રુતિ અને સ્મૃતિનાં લખાણો વિગતવાર ચોક્કસ જાતિ, ધર્મ, પરિવાર અને વિભાગોમાં વ્યક્તિનાં જન્મ, જીવન અને મૃત્યુ થવાં પાછળનાં કારણો વર્ણવે છે, ત્યારે લોકો આ જ પ્રતિપાદિત સિધ્ધાંતોને સમજી શકતા નથી અને પોતાની સીમિત બુધ્ધિ અનુસાર તેનાં અર્થઘટનો કરે છે અને તેમાંથી સંતોષ મેળવે છે.

નર્યા અજ્ઞાન સિવાય આ બીજું શું છે? અથવા તો તે પોતે બધું જાણે છે તેવું મિથ્યાભિમાન છે? કારણકે અહંકાર ખુદ અજ્ઞાનનું બીજ છે. સારાંશ એ છે કે, વર્ણ વ્યવસ્થા, સામાજિક દરજ્જો, પરિવાર અને ધર્મ પણ ગુણ અને કર્મ દ્વારા નિર્ધારિત થાય છે. મનુષ્યની પોતાની ઇચ્છાને આધીન નથી. વેદોએ આમ કહ્યું છે. તેઓ કહે છે કે, તે બધું દિવ્ય ઇચ્છા દ્વારા નિર્ધારિત થયું છે.

ભારતને કર્મભૂમિ-કર્મક્ષેત્ર-ઇશ્વર તરફ દોરી જતાં કર્મોની પવિત્ર ભૂમિ એવું નામ મળ્યું છે. દરેક મનુષ્ય, દરેક સ્થળેથી ઇશ્વર તરફ દોરી જતાં કર્મોની આ પવિત્ર ભૂમિ તરફ નીકળેલો યાત્રાળુ છે. કર્મ એ ભારતની અનિવાર્ય શરત છે, તે કર્મોની દિવ્યતાને આગળ ધરે છે અને તમામ કર્મોની આધ્યાત્મિક સાધના તરફ વાળે છે. આ જ કારણે ભારત ઉપરોક્ત નામોથી ઓળખાય છે.

આ ભૂમિના પવિત્ર ગ્રંથો (શ્રુતિ) જોરશોરથી કહે છે કે, મનુષ્ય પોતાના ભાગ્યનો ઉંચા કે નીચા સામાજિક દરજ્જાનો, સમૃધ્ધિ કે ગરીબીનો, મુક્તિ કે બંધનનો નિર્માતા છે; "સા યત્ ક્રતુરાસ્મિન લોકે, પુરુષો ભવતિ તથે તઃ પ્રાપ્યે ભવતિ" "મનુષ્ય આજે આ વિશ્વમાં જીવન

વ્યતિત કરતી વખતે જે સ્વરૂપ ધારણ કરવાની ઝંખના કરે છે તે સ્વરૂપ તે મુત્યુ બાદ પ્રાપ્ત કરે છે.” આ શ્રુતિની ઘોષણા છે. આથી એ સ્પષ્ટ થાય છે કે કર્મથી જ્ઞાન નિર્ધારિત થાય છે અને આ જીવનના સમૃધ્ધિ કે ગરીબી, ચરિત્ર અને વલણો, બુધ્ધિનાં સ્તરો, હર્ષ અને શોક વગેરે આપણાં પૂર્વ જન્મનાં કર્મોનાં સંચિત ફળો છે. આથી વ્યકિતનું ભાવિ જીવનઃ અહીં અને આજે (વર્તમાનમાં) તેની બુધ્ધિનાં સ્તર અનુસાર તેણે કરેલાં કર્મોને અનુરૂપ હશે તેવું અનુમાન અનિવાર્ય છે. કેટલીક વ્યકિતઓ જન્મથી ઉમદા હોવા છતાં કુકર્મો કરે છે. બીજા જન્મથી વર્ણ વ્યવસ્થા અનુસાર “નીચા” કુળમાં જન્મ્યા હોવા છતાં સત્કર્મો કરતા હોય છે. આવું શાથી બને છે? આ સવાલ હંમેશા આપણને પજવે છે. બ્રાહ્મણ તરીકે જન્મેલી વ્યકિત કુકર્મો કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેનું રાજસિક અને તામસિક સ્તરો સુધી અધઃપતન થાય છે. જે વ્યકિતઓ ઉતરતા વર્ણમાં જન્મી છે તેઓ સાત્વિક સ્તર તરફ ઉર્ધ્વગતિ કરે છે અને સત્કર્મો કરે છે. ઉપરોકત પ્રકારના બ્રાહ્મણો કેવળ જન્મે બ્રાહ્મણ છે. કર્મે બ્રાહ્મણ નથી. બીજા કેવળ જન્મથી નીચા છે તેમના કર્મોથી નીચા નથી. વેદો વર્ણોમાં જન્મ અને વર્તણૂકોનો સમન્વય જરૂરી સમજે છે.

વિશ્વમાં શુધ્ધ સાત્વિક સ્વભાવની વ્યકિત મળવી દુર્લભ છે. આવી વ્યકિતઓ ઉમદા જન્મ પામીને રાજસિક કર્મોમાં સંકળાય છે. તેઓ પોતાના કર્મો દ્વારા જાહેર કરે છે કે, તેઓ મિશ્ર વર્ણના છે. વેદોએ આવા મિશ્ર સ્વભાવ અને વર્ણવ્યવસ્થા ઉપર પડનારી તેની સંભવિત અસરોની ઉપેક્ષા કરી નથી. વેદો નિસ્પક્ષ છે. તેઓ કોઇ એક પ્રત્યે અનુગ્રહ અને બીજા પ્રત્યે પૂર્વગ્રહ રાખતા નથી. તેઓ એક પ્રકારનાં લોકોનો ઉત્કર્ષ કરી બીજા પ્રકારના લોકોની અવહેલના કરતા નથી. તેઓ કેવળ સત્ય કહે છે.

એક ઉદાહરણ ધ્યાનમાં લઇએ કૌશિક; ક્ષત્રિય અર્થાત તેઓ રાજસિક સ્વભાવના હતા. આમ છતાં તેમના પૂર્વ જન્મનાં કર્મોને પરિણામે તેમનામાં સાત્વિક ગુણો અને ચેતના પ્રવેશ્યાં અને તે સત્યને માર્ગે નીકળી પડ્યા. તેમણે આત્મ પરિવર્તન દ્વારા પોતાની ચેતનાનું શુધ્ધ સ્થિતિમાં પરિષ્કરણ કર્યું. તેમણે ચેતનાના તે સ્તરેથી જે મંત્રોચ્ચાર કરેલો તે ગાયત્રીમંત્ર કહેવાયો. તેઓ વિશ્વામિત્ર અર્થાત્ સમગ્ર વિશ્વના મિત્ર તરીકે જાણીતા છે. બ્રાહ્મણોએ તે મંત્રને દિવ્ય બક્ષિસ જાણી અપનાવ્યો અને તેનો સાદર પાઠ કરી વિપૂલ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આથી કૌશિક જન્મે ક્ષત્રિય હતાં. પરંતુ તેઓ કર્મે બ્રાહ્મણ બન્યા અને તેઓ વેદો દ્વારા પણ સ્વીકૃત બન્યા છે. આમ એ સ્પષ્ટ થાય છે વેદો કોઇપણ પૂર્વગ્રહો કે ભેદભાવો વિના સમગ્ર માનવજાતનો માર્ગ પ્રશસ્ત કરે છે. તેઓ વ્યકિતના વિચારો અને કાર્યો ઉપર ધ્યાન આપે છે. આ અંગે આધુનિક વિચારકોને કેટલીક આશંકાઓ હશે. આ સ્વભાવિક છે. ચાલો તેમની

આશંકાઓને તપાસીએ. જયારે એવું કહેવામાં આવે કે, દિવ્યાત્માએ વર્ણવ્યવસ્થા ઘડી છે ત્યારે આવી વ્યવસ્થા બધા દેશોમાં મૌજુદ હોવી ના જોઇએ? બેશક, તે આ ભારત પૂરતી સીમિત ના હોઈ શકે. આ તેમની દલીલ છે. પરંતુ જે કોઇ વસ્તુનું સર્જન થયું હોય તે બધે જ અસ્તિત્વ ધરાવતી હોવી જોઇએ, એવો કોઇ નિયમ નથી. આ અપેક્ષાને પરિપૂર્ણ કરવી શકય નથી.

જીવનની પ્રક્રિયા સંબંધિત નિષેધો અને પ્રાથમિકતાઓને આવરી લેતા ધારાધોરણો પ્રત્યેક પ્રદેશ તેનાં વાતાવરણ અને હવામાન, તેની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનાં સંદર્ભમાં ઘડવામાં આવ્યા છે, તે ખૂબ જ સ્વાભાવિક છે. ભારતમાં ઉગતું વૃક્ષ બીજા દેશોમાં પણ ઉગતું હોય તેવો કોઇ નિયમ નથી. આપણે એવી દલીલ ના કરી શકીએ કે, આકાશને ભરી દેતા તારાઓ પૃથ્વી ઉપર પણ હોવા જોઇએ. પાણીમાં રહેતી માછલીઓ ટેકરી ઉપર પણ રહેવી જોઇએ, એવો કોઇ નિયમ નથી. કેવળ ઇશ્વર જ જાણે છે અને નકકી કરે છે કે શું, કયારે અને કયાં હોવું જોઇએ? બાકી બધા અશક્તિમાન છે. જન્મ જેવી ઘટના; સ્થળ, સમય, કારણ જેવા સંજોગો દ્વારા નિર્ધારિત થાય છે તે આપણી અનુકૂળ કે પ્રતિકુળ જરૂરિયાતો અને પ્રતિભાવોથી બંધાયેલી નથી. આ કારણે કેવળ પ્રત્યક્ષનાં જ અવલોકનો અને અભ્યાસો વર્ણવ્યવસ્થા અંગેની આશંકાને ગૂંચવી મૂકશે. આવી આશંકાઓ સ્વાભાવિક છે. વાસ્તવિકતા કે સત્યનું હાર્દ અહમનાં પ્રપંચથી અલગ અને ભિન્ન છે. જયારે લોકો પોતાના તરંગો અનુસાર કાર્ય કરવાનું અને મનમાં સ્ફૂરે તે બોલવાનું શરૂ કરે છે, ત્યારે આપણે કેવળ તેમને નર્યાં અજ્ઞાનમાં નમૂનાઓ ગણાવી શકીએ.

# પ્રવૃત્તિ અને કર્મ

વિશ્વના દેશોને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરી શકાય. એક કર્મભૂમિ અને બીજી ભોગભૂમિ. જે દેશોમાં લોકો આધ્યાત્મિક ઉદ્દેશોવાળી પ્રવૃત્તિઓમાં સમર્પિત હોય તે દેશો કર્મભૂમિ છે અને જે દેશોમાં લોકો કેવળ ઇન્દ્રિય સુખનો માર્ગ અપનાવે છે તે ભોગભૂમિ છે. ભારત કર્મભૂમિ છે. જ્યાં લોકોએ તમામ પ્રવૃત્તિનું એક યોગ્ય ધ્યેય આપણી અંદર અને બહાર વાસ કરતા ઇશ્વરની સ્તુતિ કરવાનું શોધી કાઢયું છે.

કર્મો; અનિવાર્ય છે તે દરેક વિચારમાં આવશ્યંભાવિ છે. તે બે પ્રકારનાં છે. લૌકિક અને વૈદિક. જે કર્મ કેવળ જીવનને ટકાવી રાખવા માટે જ કરવામાં આવે છે તે લૌકિક છે. મનુષ્યને દિવ્યતત્વ તરફ ઉન્નત કરનારા વૈદિક કર્મો વેદો અને વેદાંત, શાસ્ત્રો અને સ્મૃતિઓ ઉપર આધારિત છે. આવાં કર્મો; માનસિક ભાવનાત્મક કે દૈહિક ત્રણમાંથી ગમે તે પ્રકારનાં હોઈ શકે. આ કર્મો; વ્યકિતનાં પૂર્વજન્મનાં કે આ જન્મનાં કર્મો કે પ્રવૃત્તિઓ દ્વારા નિર્ધારિત થાય છે. મનુષ્યનાં પૂર્વ જન્મોનાં પરિણામે નિર્ધારિત થતાં આ જન્મનાં કાર્યોને મનુષ્યનું પ્રારબ્ધ કહે છે. મનુષ્યના ભાવિ જન્મ ઉપર અસર કરનારા વર્તમાનમાં કર્મોને આગામી કહે છઅને મનુષ્યનાં જન્મ જન્માંતરોનાં કર્મોના આધારે પ્રાપ્ત થયેલાં કર્મોને મનુષ્યનાં સંચિત કર્મો કહે છે.

ભારતમાં શ્રુતિ અને સ્મૃતિનાં ગ્રંથોએ આ રીતે, વ્યકિતનાં જીવનમાં તે જે સંજોગો નિર્માણ કરે છે. તેના આધારે આ કર્મોને વર્ગીકૃત કર્યા છે. કર્મ શબ્દ ટૂંકો અને સરળ છે. બધા તેનો મુક્તપણે ઉપયોગ કરે છે અને વિસરી જાય છે પરંતુ જે વિચાર અને આદર્શો તે સૂચવે છે તે માણસ જાત માટે ખૂબ મહત્વનાં છે. કર્મ કેવળ દૈહિક નથી; તે માનસિક, શાબ્દિક અને શારીરિક પણ છે. દરેક વ્યકિત પોતાની વિવેક બુધ્ધિ અનુસાર તેનાં મૂલ્ય અને આધારભૂતતાને સમજે છે.

કર્મ મનુષ્યની લૌકિક, શાસ્ત્રીય અને આધ્યાત્મિક દરેક પ્રવૃત્તિને આવરી લે છે. આ ત્રણેય ધારાઓ ખરેખર તો પરસ્પર સંકળાયેલી છે. લૌકિક કર્મ; ગુણ અવગુણને અનિવાર્ય ગણે છે. શાસ્ત્રીય કે ધર્મગ્રંથ સંબંધિત કર્મ; ઉમદા જિજ્ઞાસુઓના પેઢી દર પેઢીનાં અનુભવો સાથે સંતૃપ્ત થયેલું છે. આધ્યાત્મિક કર્મ, ખુદ પોતે જ હૃદયની પરિશુધ્ધતા પ્રત્યે સમર્પિત છે. જેથી તેમાં ઈશ્વરનો વાસ પ્રતિબિંબિત થાય છે. કર્મ; જીવનનાં ચક્રને ધૂમાવતો રહેતા અને તેને અવિરત કાર્યરત રાખતો અને હંમેશ તીવ્રથી તીવ્રતમ્ ગતિએ વહેતો રહેતો પ્રવાહ છે.

કર્મનો અર્થ છે. ગતિ અથવા તો ગતિને ઝંખનારી ચીજ. વાયુ અવકાશમાં ગતિ કરે છે. વહેતી હવા ઉર્જા ઉત્પન્ન કરે છે. વાયુની ગતિ દ્વારા ઉત્પન્ન થતું ઘર્ષણ છૂપાયેલી ઉર્જાને પ્રગટ કરે છે. જ્યાં સુધી શ્વાચ્છોશ્વાસ ચાલુ રહે છે ત્યાં સુધી સજીવો પોતાનાં શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખી શકે છે. જેટલો ઝડપી શ્વાસ, એટલું ગરમ શરીર. ઉષ્મા એ અગ્નિની ખાસિયત છે. અગ્નિ એ પાણીનો ઉદભવ-સ્ત્રોત છે. સૂર્ય, વાદળો સર્જે છે. પાણીના અણુઓ બીજા તત્વો સાથે ભળી જાય છે અને "પૃથ્વી" કે જમીનમાં ઉતરી જાય છે. જમીન; વનસ્પતિઓ અને વૃક્ષોને ઉત્પન કરી પોષે છે. જે વૃક્ષો મનુષ્યને આહાર આપી તેનું પોષણ કરે છે અને તેમને સ્વસ્થ અને સહૃદયી રાખે છે. આ વનસ્પતિઓ અનાજ આપે છે. જેના ઉપર મનુષ્યનું જીવન નભે છે અને જે વીર્ય સંતતિને જન્મ આપે છે. તે આ અનાજની દેણ છે. આમ સર્જનનું કર્મ કાર્યાન્વિતબની ચાલુ રહે છે. સમૃતિ; આ રીતે પ્રક્રિયાનું વિવરણ આપે છે.

ટૂકમાં; કર્મને અહીં એક ગતિ, પ્રગતિ, ઉત્ક્રાંતિ અને આનુવાંશિક પરિણામોનાં રૂપ જોઇ શકાય છે. આ વિપુલ પ્રવાહ, આ અવિરત ગતિનો કોઇ સ્થિર, ગતિહીન આધાર હોય તે સ્વાભાવિક છે. આને જ આત્મા કે પરબ્રહ્મ કહ્યો છે. પરબ્રહ્મે જયારે પરમેશ્વરનું સ્વરૂપ ધારણ કર્યું અને જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા આ ત્રણ તૃષ્ણાઓ અભિવ્યક્ત થઇ ત્યારે આત્માનાં આ આધાર ઉપર સૌ પ્રથમ ગતિનો સંચાર થયો હતો. આ આદિ સંચાર કે ગતિને આદિમ ધર્મ, અસ્તિત્વનું કશુંક બનવાનું કર્મ કે સૃષ્ટિનું કર્મ કહે છે. કર્મની અગત્યતા એ છે કે તે દિવ્યતત્ત્વનાં ત્રણ પાસાંઓ બ્રહ્મા (સૃષ્ટિના સર્જનહારા) વિષ્ણુ (સૃષ્ટિના પાલનહારા) અનેમહેશ્વર (સંહારક) ને અનિવાર્ય બનાવે છે. કર્મનો સિધ્ધાંત; તારાઓ, નિહારિકાઓ અને અન્ય અવકાશી પદાર્થોને ગતિમાં રાખે છે. આ જ સિધ્ધાંત દુનિયામાં બનતી તમામ ચીજોનું સંચાલન અને નિયમન કરે છે. તેનો તાગ પામવો અશકય છે. કર્મ; કયાં, કયારે ન્હોતું તેનાં સ્થળ કાળનો અંદાજ મેળવવો અશકય છે. શું, શા માટે ક્યારે અને કેવી રીતે બનશે તેની સચોટ આગાહી કરવી મનુષ્યની ક્ષમતા બહારનું કામ છે. તે એક શાશ્વતકાળથી બીજા શાશ્વતકાળ સુધી નિર્ધારિત થયેલું છે.

વ્યકિત દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ કે કામને જે રીતે કર્મો કહેવામાં આવે છે એ જ રીતે વ્યકિત દ્વારા કામમાં વ્યસ્ત નહીં રહેવાની પ્રવૃત્તિને પણ કર્મ કહે છે. જયારે આપણે વ્યકિતને શાંત બેઠેલી કે કશું પણ ના કરતી અવસ્થામાં જોઇએ છીએ ત્યારે આપણે તેને પ્રવૃત્તિ મુકત કહીએ છીએ. તો પછી આવી વ્યકિત કર્મ કરે છે તેવું શી રીતે કહેવાય? અથવા તો "તે કશું પણ કામ કરતી નથી" "તે કોઇપણ પ્રવૃત્તિમાં વ્યસ્ત નથી" એવું કહીએ છીએ ત્યારે તેનો અર્થ શો સમજવો? આ વિધાનનો અર્થ કેવળ એટલો જ છે કે, તે "પોતાની જાતને પ્રવૃત્તિથી દૂર રાખવામાં વ્યસ્ત છે" આથી એવું સિધ્ધ થાય કે, આ માણસ થોડો સમય પ્રવૃત્તિ કરવામાં વ્યસ્ત

રહે છે અને થોડો સમય પ્રવૃત્તિથી દૂર રહેવાના કામમાં વ્યસ્ત રહે છે. અર્થાત તે કર્મ તેમજ અકર્મ બંનેમાં વ્યસ્ત છે. જો વ્યકિત કર્મ સાથે સંકળાયેલી હોય તો તેવી વ્યક્તિ કામને પોતાનું કર્તવ્ય ગણી, પૂજા ગણી કરે છે અને જે વ્યકિત કોઇપણ ફળની આશા રાખ્યા વિના કામ કરે છે ત્યારે તે કર્મમાં પણ અકર્મનું આચરણ કરે છે તેવું કહેવાય. આ સર્વોચ્ચ સાધના છે.

સજીવનું સૌ પ્રથમ કાર્ય; "પ્રાણવાયુનાં શ્વસન અને સંચારનું હતું આપણને વિચારતા નવાઇ લાગે કે, તે કેવી રીતે બન્યું હશે. આ એક આશ્ચર્યકારક રહસ્ય છે. કોઇપણ વ્યકિત આ દુન્યવી જીવન જીવતી વખતે તેની આસપાસની હવા શ્વાચ્છોશ્વાસમાં લેવાનું નિશ્ચય કરતી નથી. તે એક અનિચ્છિત કાર્ય છે. કેવળ મનુષ્ય જ નહીં પરંતુ દરેક સજીવ આ મહાન અજાયબીનો સાક્ષી છે. એવી આશંકા ઉઠાવી શકાય કે, માણસની જાણ કે નિર્ણય વિના મનુષ્ય સાથે કશું પણ કેવી રીતે સંભવી શકે? આ સવાલનો જવાબ એવી કબુલાત સાથે આપી શકાય કે મનુષ્ય આવાં રહસ્યો પામી શકતો નથી. "પ્રકૃત્તિ" આનું કારણ છે, એવો જવાબ આપવાનો પ્રયાસ કરીએ તો પણ સવાલ તો રહે છે જ." પ્રકૃત્તિ ખરેખર છે શું? જયારે જીવન શરૂ થાય છે ત્યારે શ્વાસ શરૂ થાય છે. આ એક સ્વયં સંચાલિત સ્વાભાવિક કે કુદરતી પ્રવૃત્તિ છે એવું કહેવાય છે. પરંતુ આ બધી સ્પષ્ટતાઓ જુદા શબ્દોમાં કરેલી એકની એક વાત છે. એવું પણ કહી શકાય કે જયારે કાર્ય અગત્યનું હોવાં છતાં પણ આપણે તે કેવી રીતે થાય છે તે અંગે અજ્ઞાન ધરાવતા હોઇએ છીએ. જે વ્યકિત શ્વાચ્છોશ્વાસ કરે છે તેને માટે પણ શ્વાસની ક્રિયા તે એક આશ્ચર્યકારક ક્રિયા છે. યોગીઓ પોતાની નાડીઓ અને હ્રદયના ધબકારાઓ તેમજ શ્વાચ્છોશ્વાસની ક્રિયાઓને પોતાની ઇચ્છાથી બંધ કરે છે. આ હકીકતને આપણે ધ્યાનમાં લઇએ છીએ ત્યારે આપણને સમજાય છે કે ઇચ્છા શકિત કર્મને પ્રેરણા આપે છે. કર્મ કોઇ હવામાં અધ્ધર લટકતી વસ્તુ નથી. જ્યાં સુધી આપણે કર્મ કરતા નથી. ત્યાં સુધી કાર્યો દેખાતા નથી. "ન જાતિ ઇચ્છતિ જેતતે" આ ન્યાયશાસ્ત્રમાં કહેલો સ્વયંસિધ્ધ સિધ્ધાંત છે" વ્યકિત જાણે છે એટલે ઇચ્છે છે, ઇચ્છે છે એટલે કર્મ કરે છે" વેદાંત સુત્ર પણ આજ સત્ય કહે છે "યદ્ ધ્યાતિ તદ્ ઇચ્છતિ" (જે વસ્તુ પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ તે કામ થાય છે) "યદ્ કરોતી તદ્દ ભવતિ" (મનુષ્ય જે કાર્ય કરે છે તે અનુસાર તે બને છે).

વ્યકિતનો વ્યક્ત સ્વભાવ તેની આકાંક્ષાના આધારે ઘડાય છે. તેની પોતાની આશાઓ, અપેક્ષાઓ, પ્રયાસો અને સિધ્ધિઓ દ્વારા પોતાની જાતનું ઘડતર કરે છે. પોતાના ભાવિ જીવનનું આયોજન પણ તે પોતાના નિર્ણયો અને કાર્યો દ્વારા કરે છે. તેની વિવેક બુધ્ધિ તેના પર દબાણ કરે છે અને તેની ઇચ્છાને એક ચોકકસ દિશામાં વાળે છે અને તેની પ્રકૃત્તિ કહેવામાં આવે છે. જયારે એક વખત એ વાતનો ખ્યાલ આવી જાય છે કે, વ્યકિતની અભિરુચિ અને આકાંક્ષાઓ

નકકી કરાવામાં તેની પોતાની બુધ્ધિનું સ્તર મુખ્ય પરિબળ બની રહે છે, ત્યારે પ્રકૃત્તિની પકડમાંથી મુકિત મેળવવાનાં માર્ગનું અનુસરણ કરવું સરળ બને છે.

કર્મ સામાન્ય રીતે “કામ” તરીકે જાણીતું છે. તમામ પ્રકારની પ્રવૃત્તિઓ અને લેવડ દેવડને “કામ” કહી શકાય. કોઇપણ કામ ઉંચું કે નીચું નથી. જીવનનો ઉત્થાન અને ઉત્કર્ષ માટે કરવામાં આવતાં કાર્યો પવિત્ર છે. આ કારણે કર્મને અતિ પવિત્ર અને ઇચ્છનીય ગણી બિરદાવવામાં આવ્યું છે. હિન્દુ લોકો સારા કે ખરાબ નસીબ, હર્ષ અને શોક, સુખ અને દુઃખને કર્મના અનિવાર્ય ફળો તરીકે વર્ણવે છે. અને આથી જે વ્યકિત; પીડા; રોગ કે દુ:ખનો પ્રતિકાર કરતી નથી તેને આળસુનું બિરૂદ આપવામાં આવે છે. આ અર્ધસત્ય છે. તે કર્મના માર્ગદર્શક સિધ્ધાંતો અને દર્શનની ઉપેક્ષા કરે છે અને તેને કેવળ આ દુન્યવી કે ભૌતિક પ્રવૃત્તિના સંદર્ભમાં જ સમજે છે. આ મત ચોકકસ વિભાગની પ્રગતિમાં મદદરૂપ થવા માટે જ કેવળ અપનાવવામાં આવે છે.

તમારા પોતાના અનુભવોમાંથી કેટલાક ઉદાહરણો લઇએ. એક ઓફિસમાં કામ કરતો કર્મચારી, પોતાની મહેનત પર ગુજરાન ચલાવતો એક ખેડુત; કેવળ ગુજરાન ચલાવી શકાય તેટલું કમાવા શારીરિક મહેનત કરતાં એક કુલી, તેમજ કુંભાર, લુહાર, સુથાર, ધોબી, હજામ આ બધાજ પોતાનાં કામો અંગે સભાન હોય છે. અને તેઓ જાણે છે કે, તેઓ જો પોતાનું કામ નિષ્ઠાપૂર્વક ના કરે તો તેમનાં, જીવન સરળતાથી ચાલી શકે નહીં. આથી તેઓ પોતાની બુધ્ધિ, કુશળતા અને અપેક્ષાઓ અનુસાર પોતપોતાના વ્યવસાયો કરે છે. પરંતુ આવા લોકોને વધારાની પ્રવૃત્તિ કરવા માટેની સૂચના કે પ્રેરણા આપવાની શી જરૂર છે. આપણે આ કાર્ય જયારે તેઓ તેમનું કર્તવ્ય ના બજાવતા હોય કે ના બજાવી શકે તેમ હોય ત્યારે હાથ ધરવું પડે છે.

અર્જુનના કિસ્સામાં તે વિષાદની લાગણીથી ઘેરાઇને પોતાના કર્તવ્ય અંગે દ્વિધામાં પડે છે અને શસ્ત્રો હેઠા મૂકી લડવાનો ઇન્કાર કરે છે. શ્રી કૃષ્ણ તેને કહે છે, “તારે કેવળ કર્મ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે અને તારૂં કર્તવ્ય કરતા રહેવાનું છે. કર્મ કરવું અને કેવળ કર્મ જ કરતાં રહેવું એ તારૂં કર્તવ્ય છે" ઇશ્વરની આ અમર અમૃતમય સલાહ હતી. આ સલાહ અન્ય અનેક લોકોએ ટાંકી છે. પરંતુ અહીં એ દર્શાવવું જોઇએ કે, આ સલાહધર્મ પરાયણતાની પુનઃસ્થાપનાના સંદર્ભમાં આપવામાં આવી હતી. તે પવિત્ર ગ્રંથો અને શાસ્ત્રો દ્વારા માન્ય કરાયેલ પ્રવૃત્તિઓના સંદર્ભમાં છે તે કોઇ દુન્યવી કે ઇન્દ્રિયગમ્ય અને પ્રાણી સહજ પ્રવૃત્તિઓ જેવી કે ખોરાક, આવાસ અને જીવનસાથી મેળવવા જેવી પ્રવૃત્તિઓના સંદર્ભમાં નથી.

ધર્મરાજા અને બીજાઓ ; દુન્યવી બાબતોમાં ભળી ગયા હતા. અને તેઓ આ દુન્યવી પરિસ્થિતિઓ સાથે પનારો પાડવામાં પ્રવીણ હતા. તેઓ હંમેશા ચાતુર્વેવર્ણે વ્યવસ્થા અને જીવનના ચાર આશ્રયો માટે નકકી કરવામાં આવેલી ફરજો અને જવાબદારીઓનું સતત અનુસરણ કરતા હતા. તો પછી શા માટે તેમને યુધ્ધમાં વ્યસ્ત થવા માટે પ્રેરવા, સમજાવવા કે આદેશ આપવો જોઇએ? કૃષ્ણ; કેવળ અર્જુનને જ અનેક દલીલો કરી હાથમાં ધનુષ્ય બાણ ઉઠાવવા સલાહ આપે છે. "તુ ક્ષત્રિય જાતિમાં જન્મ્યો છે. આ વર્ણનું કામ અન્યાય સામે લડવાનું છે. દુરાચારી સામે લડવું તે તારી જવાબદારી છે. તારુ એ કર્તવ્ય છોડીશ નહીં.મનુષ્ય પોતાની પ્રકૃત્તિ દ્વારા મળેલાં વલણોથી બંધાયેલો હોય છે. વળી એ પણ ધ્યાનમાં લેવું જોઇએ કે, મનુષ્યે એક યા બીજી પ્રવૃત્તિમાં હંમેશા વ્યસ્ત રહેવું પડે છે. તે એક ક્ષણ માટે પણ તેનાથી અલિપ્ત રહી શકતો નથી. તમને મળેલાં પૈતૃક કે આનુવાંશિક વલણો અને આવડતોને અનુરૂપ રહી પ્રવૃત બનો તે સૌથી શ્રેષ્ઠ ગણાશે."

કુળ ધર્મ અર્થાત્ પોતે જે વર્ગ કે જાતિનો છે તે માર્ગનો આ બોધપાઠ તેને શીખવવામાં આવે છે. કેવળ ખોરાક વગેરે મેળવી શકાય તેવી જ પ્રવૃત્તિ ના કરી શકાય? વિમાન, વહાણો, કારખાનાઓ, દવાખાનાઓ આ બધાં કર્મો કે કાર્યોનાં ફળો છે. તે બધાં પણ દુન્યવી ભૌતિક "કામ" સાથે જ સંકળાયેલા છે. આ પ્રકારનાં કામ જીવન જીવવા માટે અગત્યનાં છે અને અહીંનું સુખી જીવન હવે પછીની આધ્યાત્મિક પ્રગતિ માટેની તૈયારી છે. દુન્યવી કાર્યોમાં વ્યકિતની પ્રવૃત્તિઓ જેટલી વધુ ભૂલ ભરેલી કે ખોટી હશે; તેટલી વ્યકિત, સમાજ અને રાષ્ટ્રને સફળતા પ્રાપ્ત થશે. આમ છતાં મનુષ્ય દુન્યવી સફળતા અને કીર્તિ માટે જેટલા પ્રયાસો કરે છે તેટલા કાર્યદક્ષતા અને ઉત્સાહ સાથે આધ્યાત્મિક પ્રગતિ સાધવાના પ્રયાસો હાથ ધરતો નથી. આ ખરેખર એક કરુણતા છે.

# પ્રાર્થના

આપણે લૌકિક અને આધ્યાત્મિક કર્મો વચ્ચેના સંબંધોને પણ તપાસવા જોઇએ. આપણે ખેતીલાયક બનાવવા ખેતરને ઊંડે સુધી ખેડીએ છીએ. સારું બિયારણ પસંદ કરી તેને ચાસમાં ઓરીએ છીએ. સંભાળપૂર્વક છોડનું પાલનપોષણ કરીએ છીએ. વાવેતરને નુકશાન કરનાર ઘાસફૂસને દૂર કરીએ છીએ. છોડ ઉપર કીડા ના પડે એટલા માટે તકેદારી રાખીએ છીએ. આમાંના પ્રત્યેક પગલાંઓ જ્યારે અને જેમ જરૂરિયાત અનુસાર સંભાળપૂર્વક અને વિલંબ વિના અમલમાં મુકવા તૈયાર રહીએ છીએ. પરંતુ આ બધાં છતાં આપણે ચોક્કસ શી રીતે કહી શકીએ કે, આપણી મહેનતનાં ફળ આપણાં ઘરે પહોંચશે અને આપણે તેનો ઉપયોગ કરવા તેને સાચવી રાખી શકીશું? પાણીની નહેર ગમે તે દિવસે સૂકાઇ જઇ શકે છે. આકાશ ક્યારેક અતિશય વરસાદની વૃષ્ટિ કરે અથવા તો જરા પણ વરસાદ ના વરસાવે. કદાચ કીડાઓ વધુ શક્તિશાળી પૂરવાર થાય અને જ્યારે પાક દેખાય એ જ સમયે ત્રાટકી તેનો નાશ કરી શકે છે. પરંતુ આવા વિનાશની સામે પણ મનુષ્યએ પોતે સર્વસ્વ ગુમાવી દીધું છે એમ માની હારી જવું ના જોઇએ.

જો પાકને સમયસર વરસાદ ના મળે તો મનુષ્ય આકાશમાં રસાયણો ઉડાડી કૃત્રિમ વરસાદની વૃષ્ટિ કરાવી શકે છે. પરંતુ આ રીતે વરસાવેલો વરસાદ પોતાના જ ખેતરમાં વરસશે તેની શી ખાત્રી? કૃત્રિમ સાધનો ઇશ્વરના મિજાજને વશમાં કરી શકતા નથી. જ્યારે તમામ માર્ગો બંધ થઇ જાય છે અને મનુષ્ય વરસાદ માટે ઇશ્વરને પ્રાર્થના કરવાનો નિર્ણય કરે છે, ત્યારે પ્રાર્થના શી રીતે કરવી, કેવા સ્વરૂપમાં કરવી વગેરે સવાલો તેની સામે આવે છે. સર્વનાશ દેખાઈ રહ્યો છે. એક માત્ર શરણું પ્રાર્થનાનું છે. "ઓ ઇશ્વર વરસાદનાં પાણીની અસહ્ય તરસથી મારા ખેતરનો પાક ઝડપથી સુકાઇ રહ્યો છે. નહેરમાં એક ટીપું પણ પાણી નથી. જેનાથી માણસ અને પશુઓની તરસ છીપાવી શકાય. આથી મારા પર દયા કર અમને પુષ્કળ વરસાદ આપ."

દરમિયાનમાં એક બીજો સવાલ ઉદભવે છે. પડોશીએ કોઇ ઉત્સવનું આયોજન કર્યું છે. વરસાદ વરસે તો તેનો કાર્યક્રમ બગડે અને ભાગ લેનારાઓને ખૂબ તકલીફ પડે તેમ છે. આથી તે પણ પ્રાર્થના કરે છે, "હે દેવ ! જ્યાં સુધી આ ઉત્સવ પૂરો થાય નહીં ત્યાં સુધી વરસાદને રોકી રાખજે."

આ બંને અરજદારો ભગવાનના સાચા ભક્ત છે. એક વરસાદની માગણી કરે છે અને બીજો વરસાદનો વિરોધ કરે છે. ઇશ્વર આ પરિસ્થિતિમાં શું કરે? કોની પ્રાર્થના તેણે પરિપૂર્ણ કરવાની?

બેશક, નિષ્ઠાપૂર્વક, પૂરી શ્રધ્ધા સાથે કરેલી પ્રાર્થનાનો જવાબ આપવો તે પરમતત્ત્વની ખાસિયત છે. પરંતુ જ્યારે ભક્તોની પ્રાર્થનાઓ પરસ્પર વિરોધી હોય ત્યારે તેણે પોતાની કૃપા શી રીતે વરસાવવી? ઇશ્વર મુક્ત છે. તેની ઇચ્છા એ જ નિયમ છે. પરંતુ તે પોતાના પ્રેમ અને કરુણાથી બંધાયેલો છે.

રાજા; પ્રજાની દરેક વ્યક્તિની ઇચ્છા સંતોષી શકે નહીં. તે તેમની તમામ ઇચ્છાઓ પરિપૂર્ણ કરવા શક્તિમાન છે એવો દાવો કરી ના શકે. શા માટે? કારણ તે પોતાની પણ તમામ ઇચ્છાને પરિપૂર્ણ કરી શકતો નથી. જો તે પોતાની પ્રત્યેક ઇચ્છાને પરિપૂર્ણ કરવાની કોશિશ કરે તો પ્રજા બેશક, તેની સામે વિદ્રોહ કરશે અને તેને સત્તાના સિંહાસન પરથી ઉથલાવી દેશે. તેની સામે આ ભય હંમેશ રહેલો હોય છે. કારણકે, તે ગમે તેટલો શક્તિશાળી રાજા કેમ ના હોય તો પણ તેણે કેટલાક નિયમોને આધીન રહેવું પડે છે અને ન્યાયી શાસન માટે નિર્ધારિત થયેલી કેટલીક મર્યાદાઓને માન આપવું પડે છે. આ મર્યાદાઓ કદાચ તે રાજા દ્વારા જ નિર્ધારિત કરવામાં આવી હશે, તો પણ એક વખત નક્કી થયા બાદ તે પણ તેનાથી બંધાયેલો છે અને તેણે પણ તેનો આદર કરવો પડે છે. જો તે આ નિયમોને કોરાણે મૂકે, તેનું ઉલ્લંઘન કરે તો અરાજકતા ઉભી થશે. કારણ કે પ્રજા પણ તેને કોરાણે મૂકવાની પોતાની આઝાદીને અમલ મૂકશે, "યથા રાજા તથા પ્રજા."

જે વ્યક્તિ કાનૂનનો ઘડવૈયો છે તેણે કાયદાનું પાલન કરવું જ જોઇએ, તે તેનાથી દૂર રહી ના શકે. રાજાએ હંમેશા પોતાની પ્રજાનાં કલ્યાણ અને સુખાકારીનો આદર્શ જાળવી રાખવો જોઇએ. તેમનાં કલ્યાણ અને સુખાકારી તેના પોતાના કલ્યાણ અને સુખ માટે પણ ખૂબ જ જરૂરી છે. બંને ખૂબ જ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે.

પોતાની પ્રજાની યોગ્ય અને આવકારદાયક ઇચ્છાઓને સંતોષવી એ રાજાનું અનિવાર્ય કર્તવ્ય છે. આ કારણે રાજા પોતાના કર્તવ્યનું અસરકારક અને સરળતાથી પાલન થાય તે માટે રાજ્ય અને પ્રજા સંબંધિત તમામ બાબતો ઉપર જાતે જ ધ્યાન આપવાને બદલે પોતાના હાથ નીચેનાં અધિકારીઓને આ કાર્ય સોંપે છે. આ લૌકિક રાજ્યોના શાસકોએ; કલ્યાણ, સમૃધ્ધિ અને પ્રગતિની ખાત્રી પૂરી પાડવા કેટલીક બંધનકર્તા મર્યાદાઓ અને શરતો, શિસ્ત અને કર્તવ્યો તૈયાર કર્યા છે. તો કલ્પના કરો કે સમગ્ર બ્રહ્માંડ માટે જવાબદાર એવા ઇશ્વરે આવી કેટલી વધુ

મર્યાદાઓ લાગુ કરવી પડે? કુદરતનાં જુદાં જુદાં પાસાંઓ સરળ અને સલામત રીતે કાર્ય કરે તે માટે તેણે દોષ રહિત નિયમો સૂચવવા પડે છે. આ નિયમો કેટલી મોટી સંખ્યામાં અને કેટલા સાર્વત્રિક હોવા જોઇએ; એનો માત્ર વિચાર કરો ! તે કુદરતનાં એક એક કર્મ અને અકર્મને લાગુ પડે છે. પ્રત્યેક એકમ પોતાની આગવી મર્યાદાઓ અને નિયમો ધરાવે છે. આ નિયમો ખુદ વધતાં - ઓછા અંશે બૃહદ પરિપ્રેક્ષ્યની મર્યાદામાં હોય છે. તે પ્રત્યેક પોતાની સરકાર, સંકલનકારી કર્તવ્યો, જવાબદારીઓ અને પરસ્પર સહકાર સાથે કામ કરતાં અંગો સાથેના અલગ વડાઓ ધરાવે છે.

પીડિતોની; સમયસરની સહાય અને માર્ગદર્શન માટેની પ્રાર્થના યોગ્ય એકમો ધ્યાનમાં રાખે છે. આથી, અજ્ઞાનને કારણે કે સંભાળની ઇચ્છાથી મોટા વડાને ઉદ્દેશીને આવેદન કરવામાં આવે તો તે શું કરી શકે? અરજી તેને ઉદ્દેશીને ભૂલથી કરાઇ હોવાથી તેના ઉપર પોતાને “નિસ્બત નથી” એ પ્રકારની નોંધ લખી તેને કોરાણે મૂકી શકે. આથી ચોક્કસ લાભો અને ઉદારતા માટેની પ્રાર્થનાઓ સંબંધિત વિભાગોને ઉદ્દેશીને થવી જોઇએ. વરસાદ સાથે નિસ્બત ધરાવતા દેવ વરુણ છે. આથી વરસાદ માટેની પ્રાર્થના તેમને ઉદ્દેશીને કરવી જોઇએ, કારણકે તે એક માત્ર આવી પ્રાર્થનાઓને ધ્યાનમાં લેવાના અધિકારી છે. એ જ રીતે આરોગ્ય અને સુખાકારી માટેનો અધિષ્ઠાતા સૂર્ય છે. ગણપતિ; સદ્કાર્યોમાં નડતાં વિઘ્નોને દૂર કરવાના વિભાગના વડા છે. ભૂદેવી; વનસ્પતિ અને શાકભાજીની દેવી છે. કૃષિ પાકો અને ઔષધીય વનસ્પતિઓનું પાલન ચંદ્ર કરે છે. આ રીતે દૈવી તત્ત્વોનું દરેક જુથ; જે તે કાર્યોનાં નિરીક્ષણ અને પ્રબંધ માટે અધિકૃત એવા ઓછા દૈવી અધિકારીઓ ધરાવે છે. તેમને દેવી-દેવતાઓ કહે છે. જેઓ મનુષ્યની આ પ્રત્યેક ઇન્દ્રિયોનાં નિરીક્ષણ, રક્ષણ અને માર્ગદર્શન માટેનાં દેવી-દેવતાઓ છે.

એવો સવાલ થઇ શકે કે, “ઈશ્વર એક છે તો પછી તે પોતે આપણી પ્રાર્થના સાંભળી તેને પરિપૂર્ણ કેમ ના કરી શકે? આ સવાલ એક ભૂલના આધારે કરવામાં આવે છે. આ એક નબળી શ્રધ્ધાની નિશાની છે. બેશક ઈશ્વર એક જ છે. પરંતુ બ્રહ્માંડની સરકારમાં નીતિ નિયમોની પ્રવૃત્તિનાં જુદાં જુદાં ક્ષેત્રો હોવા જરૂરી છે. જો તમે મને પત્ર લખો અને સરનામું કોઇ બીજાનું લખો તો તે જે સરનામું લખ્યું હશે ત્યાં જ પહોંચશે. તે તમે ઇચ્છો છો તે વ્યક્તિને મળશે નહીં. આ જ રીતે તમારે તમારી અભ્યાર્થનાની પૂર્તિ કે ઇન્કાર માટે સંબંધકર્તા દેવોને સંબોધીને જ પ્રાર્થના કરવી જોઇએ. તો પછી એ દેવ તમારી સમસ્યામાં રસ લેશે અને ઉકેલ માટેના પોતે ભરી શકે તે પગલાં ભરશે.

પ્રાર્થના તૈયાર કરતાં પહેલાં વ્યક્તિએ પાત્રતા અંગે તપાસ કરી લેવી જરૂરી છે. આ તપાસથી વ્યક્તિનાં વિચારો અને નિર્ણયો, આશાઓ અને અપેક્ષાઓ દ્રઢ શ્રધ્ધામાંથી જન્મેલા છે કે નહીં તે સ્પષ્ટ થશે. સાચની કસોટી શી રીતે કરવી? લોકો સોનાનો એક ટુકડો લે છે અને પથ્થર ઉપર તેનાથી એક રેખા અંકિત કરે છે. ત્યારબાદ તેઓ તેને તપાસે છે અને ગુણવત્તા નક્કી કરે છે. તમારી શ્રધ્ધાની ગુણવત્તા સ્પષ્ટ કરતી કસોટી તમે ઇશ્વર દ્વારા નિર્ધારિત થયેલાં કાર્યો અને નિષેધોનું પ્રમાણિકપણે આચરણ કરો છો કે નહીં તે છે. તમારી માન્યતાઓ અને કાર્યોમાં શ્રધ્ધા વ્યક્ત થવી જોઇએ. તેના હાર્દમાં પવિત્રતા રહેલી હોવી જોઇએ. તે પ્રેમ અને કરુણા સભર હોવા જોઇએ, જેનાથી આકર્ષાઈને ઇશ્વર તમારા ઉપર કૃપા દ્રષ્ટિ કરે.

આવી પવિત્ર માન્યતા અને શ્રધ્ધામાંથી ઉત્પન્ન થતી પ્રવૃત્તિ વૈદિક ગ્રંથોનાં કર્મ ખંડનું ધ્યેય છે. આ માનવ પ્રગતિનું મૂળ છે; સુખી માનવ અસ્તિત્વનો શ્વાસ છે, તે મનુષ્યની ભૂખ ભાંગી શકે તેવો એક માત્ર ખોરાક છે. તે મનુષ્યની તરસ છીપાવનાર જીવનને ટકાવી રાખનારું પાણી છે. કર્મ; પોતાની વાસ્તવિકતાની શોધ અને જાણવાની જરૂરિયાતની જેમ અનિવાર્ય રીતે મનુષ્ય સાથે બંધાયેલું છે. આથી મનુષ્યની પ્રથમ અને હંમેશની ફરજ એ થઇ પડે છે કે તે વેદો કે તેમના દ્વારા સ્વીકૃત એવી પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો રહે.

ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા ઇશ્વર સુધી પહોંચાય છે અને તેમની કૃપા પામી શકાય છે.

૧) વ્યક્તિગત સંસ્થાઓ પ્રેરિત ના હોય તેવી પ્રવૃત્તિ

૨) નિસ્વાર્થ પ્રેમમાંથી ઉદભવતી પ્રવૃત્તિ

૩) શુધ્ધ આત્મામાંથી ઉદભવતી પ્રાર્થના

આ ત્રણ બાબતો એવી છે, જેના પ્રત્યે ઇશ્વર ધ્યાન આપે છે અને તે સીધી ઇશ્વર સુધી પહોંચે છે. બાકીની પ્રવૃત્તિઓ માટે જે તે સંબંધિત દેવતાઓ છે. જેઓ તેનો નિકાલ લાવે છે. આથી પ્રાર્થનાઓ નિસ્વાર્થ, પ્રેમસભર અને પ્રાર્થનાથી મળનારી બક્ષિસના મોહથી મુક્ત હોવી જોઇએ.

ધર્મગ્રંથોના સંદર્ભમાં વારંવાર ઉપયોગમાં લેવાતો શાસ્ત્ર શબ્દનો અર્થ છે, જે અધિકાર સાથે હુકમ આદેશ અને સૂચન કરે છે. “જમતાં પહેલાં ખોરાકને બરાબર રાંધો, બીજને વાવતાં પહેલાં જમીનને ખેડો.” શાસ્ત્રોમાં આવા આદેશો હોવાની જરૂર નથી. નવજાત વાછરડાંએ ગાયનાં આંચળમાં રહેલા દૂધથી પોતાની ભૂખ મીટાવવાની છે, આવો આદેશ કોણ આપે છે? અને ક્યાં આ આદેશ લખવામાં આવ્યો છે? વ્યક્તિ પોતાના પોષણ સાથે જ જન્મે છે.

ખરેખર તો પોષણ પહેલા તૈયાર હોય છે અને જેનું પોષણ કરવાનું છે તે વ્યક્તિનો જન્મ પાછળથી થાય છે. મનુષ્યના આહાર અને જીવન ધોરણ; આ બંને, પૂર્વજન્મમાં સંઘર્ષ કરતાં, તેઓએ કરેલા સારા નરસાં કર્મોનાં સંચિત ફળો ઉપર  આધારિત છે. તે વિઘ્નો દૂર કરવા માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે. અને આ સંઘર્ષમાં સફળતા પ્રાપ્ત કરવા જરૂરી કૌશલ્ય કેળવે છે. પરંતુ માનવ પ્રગતિ માટેનું ખરેખર મૂલ્યવાન એવું માર્ગદર્શન મનુષ્યની સમજ અને ક્ષમતાની બહારનું છે. આમ છતાં, તેનાં ચરિત્ર અને વર્તણૂંક, તેના અભિગમો અને અભિરુચિઓની ખાસિયતોનું વેદોમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. અને શાસ્ત્રોમાં તેની વચ્ચેની ભેદરેખા આંકવામાં આવી છે. વેદો અને શાસ્ત્રો અનુસાર કર્મ; લૌકિક સ્તરે મનુષ્યો માટે આવશ્યક છે. સીમિત વ્યક્તિઓએ એ સમજવું જોઇએ કે શાસ્ત્રોમાં સુચવેલાં કર્મો આ લોકમાં મનુષ્યનું શ્રેય કરે છે અને પરલોકમાં તેને શાંતિ અને સેવાદિતા બક્ષે છે.

લાભદાયી પ્રવૃત્તિઓની કલામાં “માણસજાતની સેવા” કેન્દ્રસ્થાને રહેલી હોય છે. બેશક, જે વ્યકિત આ ધ્યેયને અનુસરે છે તેનું પણ ભલું થાય છે. કારણ કે તે જે સમુદાયની સેવા કરે છે તેનો તે પોતે પણ સભ્ય છે. તે આવા અદ્ભુત સાહસનો સહભાગી છે. સેવાનાં કાર્યમાં વ્યસ્ત રહેતી વખતે આ સત્ય જાણવું અને તેનાથી સભાન હોવું તે ખૂદ સેવા માટેની પરમ ઝંખના છે.

આજે, આપણે સર્વત્ર “માનવ સેવા એ જ માધવ સેવા છે.” “લોક સેવા એજ લોકેશ સેવા છે” “જન સેવા એ જ જનાર્દનની સેવા છે” “જીવ સેવા એ જ દેવ સેવા છે." જેવા સૂત્રો સાંભળીએ છીએ - આ દરેક સૂત્ર મનુષ્યની સેવામાં જ પ્રભુ સેવા રહેલી છે એ વિચાર ઉપર ભાર મૂકે છે. આ વિચાર ખૂબ સાચો છે અને આધારભૂત છે. પરંતુ ઘણાં લોકોએ સેવાની પધ્ધતિ અંગે ઝાઝું વિચાર્યું નથી. માણસજાતની સેવા માટેનું આહવાન સંભળાય છે જે આવકાર્ય છે પરંતુ, કેવી રીતે ક્યાં આ સેવા-કાર્ય અમલમાં મૂકવું તે અંગેની વિચારણા કે નિર્ણય કરવામાં આવ્યા નથી. દરેક વ્યક્તિ પોતાની અભિરુચિ અને પ્રેરણાને અનુસરે છે. આમાંની સૌથી બળવત્તર પ્રેરણા આત્મશ્લાઘાની છે. જે સેવાનો અંચળો ઓઢીને આવે છે. “સેવાનાં નામે ના તો લૌકિક સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે કે ના તો આધ્યાત્મિક ઉથ્થાનમાં આગળ વધાય છે. સર્જનને બદલે વિનાશ હાંસલ થાય છે. એકને મદદ કરવી, બીજા જોડે સહકાર સાધવો, ત્રીજા પ્રત્યે સહાનુભૂતિદાખવવી જ્યારે લોકો પરાજય, રોગ કે વેદનાગ્રસ્ત હોય ત્યારે એકને મદદ કરવી, બીજાને સહકાર આપવો, ત્રીજાને સહાનુભૂતિ દર્શાવવી-આ તમામ પ્રવૃત્તિઓનો પ્રસાર થવો જોઇએ અને તે કેવળ ભક્તિ પૂરતી જ ન હોવી જોઇએ. બલકે, વિશ્વની સંવાદિતા અને સુખાકારીને લક્ષ્યમાં રાખીને થવી જોઇએ.

સેવા માટેના સંગઠનો અને તેની દોરવણી માટેનાં દિશા સૂચનો આપણા પ્રપિતામહ સમા ઋષિ મુનિઓએ સદીઓથી નિર્ધારિત કરેલાં છે. આપણા પૂર્વજો માનતા હતા કે વિશ્વના કલ્યાણ માટેનું વ્યક્તિનું પ્રદાન એ જ ખરેખર ધર્મનું આચરણ છે અને તેને જ ખરેખર "સેવા" ગણી શકાય. હાથીનાં વિશાળ વર્તુળાકાર પગલાંની છાપમાં અનેક પ્રાણીઓનાં પગલાંઓનો સમાવેશ થઇ જાય છે. એ જ રીતે ધર્મનાં પગલાંમાં સમાજ અને માણસજાતની સેવાનો પણ સમાવેશ થઇ જાય છે. આવો વિશ્વાસ હતો આપણા મનીષીઓનો. ધર્મે સારા આદર્શોને પ્રેરણા આપી છે. પૂર્વજોએ માતાનાં ધાવણ સાથે તેનું પણ પાન કર્યું છે. આથી, તેમનું ધર્માચરણ; શુધ્ધ, અતિન્દ્રિય અને સર્વોપરી ધ્યેયની પ્રાપ્તિ માટે ફળદાયી રહ્યું છે. એ પ્રાચીન સમયમાં એવું માનવામાં આવતું હતું કે, ભૂખ્યાને જમાડવા, બેઘર લોકો માટે આવાસોની જોગવાઇ કરવી, મંદિરો બાંધવા, કુવા તળાવો ખોદાવવા, આ તમામ મનુષ્યની સુખાકારી માટેનાં પ્રબંધો છે. આવા વિચારોનો પ્રચાર કરનારા સારા લોકોને શોધી એકઠા કરવામાં આવતા તેમનું પોષણ અને રક્ષણ કરવામાં આવતું અને સમગ્ર ગામો તેમને માટે ફાળવવામાં આવતા હતા. કૃષિલાયક જમીનો ફાળવવામાં આવતી. આ આગેવાનોની કીર્તિનો શીતળ ચાંદની જેવો પ્રકાશ હજુ આજ સુધી જીવંત છે અને તે આપણને માણસ જાતની સેવાનાં કાર્યમાં પ્રેમ, અનુકંપા અને જ્ઞાન પૂરા પાડે છે.

## પ્રધાન હેતુ

માણસજાતની શાંતિ અને સંવાદિતા માટેનું સૌ પ્રથમ પગલું છે દરેક વ્યકિત ધર્મનું અથવા તો પોતાના ધર્મ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા નિતિ-નિયમોનું આચરણ કરે. જો વ્યકિત પોતાના ધર્મ અને તેને બંધનકર્તા સિધ્ધાંતોને વળગી રહે તો તે પોતાનું અને બીજાનું પણ શ્રેય કરી શકે છે. આ સંદર્ભમાં ધર્મનો અર્થ થાય છે પોતાના દેશની સાંસ્કૃતિક પરંપરાને અનુરૂપ કાર્યો કરવાં. આ દેશનાં ધર્મના પ્રત્યેક પાસાંમાં વિશ્વશાંતિ અને વિશ્વની સમૃધ્ધિનો આદર્શ અનિવાર્ય છે.

"અથતો કર્મ જિજ્ઞાસા", "હવે કર્મને તપાસીએ" આ રીતે કર્મનાં રહસ્યની બૌધ્ધિક શોધ ચાલુ થાય છે. જે આપણાં શાસ્ત્રમાં વ્યાપક ફલક સુધી ફેલાયેલી છે. ઉદાહરણ તરીકે, દાન કે બક્ષિસ આપવા તે ખૂબજ યોગ્ય પ્રકારનું કર્મ છે; પરંતુ આપણે એ અંગે સભાન હોવા જોઇએ કે, અહંકાર આવાં કર્મને; દૂષિત કરી અયોગ્ય બનાવે છે. શાસ્ત્રોમાં કહયું છે કે, વર્તમાનમાં કરેલા અનેક પરોપકારથી ભાવિ જીવનમાં સુખ પ્રાપ્ત થાય છે. આથી વ્યકિત આ વાત ધ્યાનમાં રાખે

તો તે તેને સદકર્મો કરવા તરફ દોરી જાય છે. ઘણી વ્યકિતઓ ભાવિનો વિચાર કરતી નથી. તેમ છતાં એવું કહી શકાય કે મોટા ભાગની પરોપકાર કે દાનની પ્રવૃત્તિઓ અહમ્ સંતોષવાના હેતુથી ચાલતી હોય છે. આ એક સર્વવિદિત હકીકત છે.

લોકો બીજાને મદદ રૂપ થવામાં ગૌરવ અનુભવે છે. તેઓ ઇચ્છે છે કે દાનાર્થી અને દયાવાન તરીકે તેમની પ્રશંશા થાય. આ અભિગમ તેમનાં અજ્ઞાનને વ્યકત કરે છે. અજ્ઞાન; વાસ્તવિકતા અથવા તો માયા પ્રત્યેની સભાનતાના અભાવમાંથી જન્મે છે. વેદો અને શાસ્ત્રોમાં ઋષિઓ; શું કરવું જોઇએ અને શું ના કરવું જોઇએ તે અંગે જણાવતા અહિંસા, અનુકંપા, વિશ્વસેવા, પરોપકાર વગેરે ગુણોને આવશ્યક ગણાવે છે. સંત વિદ્યારણ્યે આ બધાં ગુણોને ભારતીય જ્ઞાનનો સાર ગણાવ્યો છે. પ્રજ્ઞા; જ્ઞાનના તમામ સ્ત્રોત અને તેને પ્રાપ્ત કરવાની તમામ કલામાંથી એકત્રિત કરવામાં આવેલું અમૂલ્ય અમૃત છે. તે શાસ્ત્રોમાંથી મંથન કરી એકત્રિત કરવામાં આવેલું મધૂર, જીવનદાયી માખણ છે. “આ સપાટ છે" કે “ આ ગોળ છે ” કે “આ ટેકરી છે” “આ ઘર છે” કે “આ સિંહાસન છે” એવા ભેદને પારખવાની અને જાહેર કરવાની ક્ષમતા તે પ્રજ્ઞા નથી. આ "એક સામાન્ય માન્યતા છે. તે કેવળ જ્ઞાન છે. ત્યાર બાદ; માણસ જયારે સાચા-ખોટા, સારા-ખરાબ વચ્ચે ફરક કરી તેને જાણી શકે છે ત્યારે આપણે એવાં જ્ઞાનને સુજ્ઞાન (સારું જ્ઞાન) કહીએ છીએ. “આ પ્રવૃત્તિ મારાં અને બીજાના ભલા માટે છે." જ્ઞાન અને સુજ્ઞાન બંને; મનુષ્યની બુધ્ધિમાં સીમિત હોય છે. વિજ્ઞાન એ જ્ઞાનનો ઉચ્ચ તબકકો છે, જયારે વ્યકિતનું હૃદય; સત્ય ; અહિંસા અને અનુકંપા પ્રત્યે નિષ્ઠાવાન બને છે. આવી વ્યકિત બ્રહ્મ અને બ્રહ્માંડના સર્જનહાર સહિત પોતાની જાત અને સમુદાયને સમજી શકે છે અને કોઇપણ સંશય કે વિસંવાદિત વિના એ સમજણ અનુસાર જીવે છે. અજ્ઞાન; શોકને જન્મ આપે છે. વિજ્ઞાન; હર્ષ બક્ષે છે. કોઇ વ્યકિત પોતાને વિજ્ઞાનના થયેલા અનુભવ અંગે કહેતા ખચકાટ અનુભવાતી હોય તો તેને કસોટી કરી તે અનુભવ ભૌતિક છે કે આધ્યાત્મિક તે તપાસવા કહો કે “શું તે તેને વિશુધ્ધ આનંદ આપે છે?” અને તેના આધારે તેને વર્ગીકૃત કરવા કહો. વિજ્ઞાનનો માપદંડ ધર્મ છે. ધર્મનું આચરણ જેટલું વધુ હશે એટલી વધુ વ્યકિત વિજ્ઞાનનિષ્ઠ બનશે.

વિજ્ઞાન દ્વારા કરવામાં આવતા કામથી રાષ્ટ્રને શાંતિ અને સમૃધ્ધિ મળે છે. ધર્મનું પતન વિજ્ઞાનનો લોપ સૂચવે છે. ધર્મનિષ્ઠા કે ધર્મના લોપના આધારે યુગો નકકી કરવામાં આવ્યા છે. જયારે ન્યાય અને સંવાદિતા સંપૂર્ણપણે અને નિર્ભયપણે પ્રર્વતતા હોય ત્યારે એવું કહેવાય છે કે, ધર્મ જમીન ઉપર ચારપગે સલામત રીતે ચાલી શકે છે. જે સમયે આવું હતું તે યુગને કૃતયુગ કહે છે. જયારે  ન્યાય અને સંવાદિતા ઓછા થવા માંડયા ત્યારે લોકોને લાગ્યું કે, ધર્મ ત્રણ પગે ખોડંગાતો ચાલે છે. આ વિકલાંગ યુગને ત્રેતાયુગ કહેવામાં આવ્યો. જયારે ન્યાય અને

સંવાદિતા કૃતયગ કરતાં ચોથા ભાગના રહે છે ત્યારે ધર્મે બે પગે ઉભા રહી સંઘર્ષ કરવો પડે છે, તેને દ્વાપરયુગ કહેવામાં આવ્યો છે. જયારે લોકો ન્યાય અને સંવાદિતાને માન આપતા નથી અને તે નામશેષ થઇ જાય છે. ત્યારે ધર્મ કેવળ એક પગ પર ઉભો રહે છે. શાસ્ત્રો આને કલિયુગ ગણાવે છે.

ભારતીયોની પ્રજ્ઞાનું પોષણ ધર્મે કર્યું છે. ભારતીય વિચારધારા દ્રઢપણે એવું માને છે કે “વસ્તુગત જગત” મૂળભૂતપણે અવાસ્તવિક છે અને તે શીખવે છે કે જીવન પ્રત્યેનું આપણું મમત્વ અને તેની સમસ્યાઓ એક ભ્રમણા છે. જે આપણી વાસ્તવિકતા ઉપર અસર કરી શકે નહીં. તેમ છતાં આપણી વિચાર ધારાનાં મૂળ સમા શાસ્ત્રોએ આપણને ધર્મનો ત્યાગ કરવાની સલાહ આપી નથી. કારણ કે પરમ અને અંતિમ સત્યને પામવા માટે ધર્મ અનિવાર્ય છે. જેઓ વસ્તુગત જગતને “સત્ય" માની જીવે છે. તેમને સમજાવવા માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં પુરુષાર્થોના પરંપરાગત ધ્યેય નિર્ધારિત કરવામાં આવ્યા છે.

આ ચાર પુરુષાર્થોમાંથી ધર્મને અગ્રીમ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રથમ ત્રણ પરુષાર્થોથી પ્રાપ્ત થતી મોક્ષની અવસ્થાને અંતમાં દર્શાવવામાં આવી છે. જે વ્યક્તિ ધર્મે નિર્ધારિત કરેલા માર્ગે સમૃદ્ધિ અને પોતાની ઇચ્છાઓની પૂર્તિ કરવા માગતી હોય તે જ કેવળ સફળતા પ્રાપ્ત કરી શકે છે. એ માર્ગે મોક્ષ મળે છે, જે મનુષ્યને પરમ આશીર્વાદ બક્ષે છે.

આમ છતાં, જીવી અથવા તો વ્યક્તિની જાત; ઇચ્છા અથવા કામની જાળમાં ફસાયેલી રહે છે. ધર્મ અને મોક્ષનાં ધ્યેય તેને દેખાતાં નથી અથવા તો તેમાં તેને રસ પડતો નથી. તે અર્થ અને કામનાં લૌકિક સુખમાં ડૂબતી, તરતી, આનંદ માણતી રહે છે. આ પ્રકારનાં સ્વભાવની વ્યક્તિ માટે આ કોઇ નવાઇની વાત નથી.

ખોરાકની શોધ કરવી, ભયથી દૂર રહેવું, આળસ અને નિંદ્રાનો આનંદ માણવો. આ બાબતોમાં મનુષ્ય અને પ્રાણીઓ બંને સરખા ઉત્સુક અને રચ્યાપચ્યા રહે છે. મોક્ષની શોધ અને ધર્મનું આચરણ-મનુષ્યને પ્રાણીઓના સ્તરથી ઉંચા સ્તરે મુકે છે. તેની ઝંખના વિનાની વ્યક્તિ મનુષ્ય કહેવડાવવાને લાયક નથી.

વિજ્ઞાન અથવા પરમ પ્રજ્ઞાના આદર્શને આગળ ધરવા માટે આપણાં અને અન્ય દેશોના લોકો ભારતની પ્રશંસા કરે છે. અહીં એવી શ્રધ્ધા રહેલી છે કે, ઇશ્વર સર્વ દેશોમાં વસે છે. અહીં ધર્મ અને અધર્મનાં વચ્ચેની ભેદરેખા આંકવાના નિરંતર પ્રયાસો થતા રહ્યા છે. ન્યાય અને સદાચાર સાથે મૂલ્યો સંકળાયેલા છે. સર્વ સજીવો પ્રત્યેની દયા અને અહિંસાને પણ આચરણમાં મૂકવા જેવા ઉચ્ચ આદર્શો માનવામાં આવ્યા છે. સત્ય અને અસત્યને પારખવા માટે પ્રયાસો

થયા છે. હજુ પણ મંદિરો બંધાય છે. અને તે આધ્યાત્મિક ધ્વનિથી પરિપૂર્ણ થાય છે. બીજા દેશોમાં દેવળો અને મસ્જિદો જેવાં દેવસ્થાનો મનુષ્યો દ્વારા ચણાયાં છે પરંતુ તે એટલાં પ્રાચીન નથી તેમજ એટલાં દિવ્યત્ત્વથી ભરેલાં પણ નથી.

તમામ ધર્મો એક છે, ભારતનો આ સંદેશ છે. સંખ્યા અને તેનાં અંગોનાં સ્વભાવમાં ફરક હશે, પરંતુ બધાનો સંદેશ એક જ છે. આ ભારતની શોધ છે અને તેણે માણસ જાત સામે કરેલી ઘોષણા છે.

ઇશ્વરને સંબોધીને પ્રાર્થના કરવા માટે એક વ્યક્તિ; એક પથ્થરને; બીજી વ્યક્તિ ધાતુના એક ટૂકડાને; ત્રીજી લાકડાંના ટૂકડાંને પ્રતીક તરીકે પૂજે છે. પરંતુ બધા જ પ્રાર્થનાને અગત્યતા આપે છે. અને તેની શુભ અસરોમાં વિશ્વાસ ધરાવે છે. એક વ્યક્તિ પ્રાર્થના કરતી વખતે પૂર્વ દિશામાં મુખ રાખે છે. બીજી વ્યક્તિ પશ્ચિમ દિશાને પવિત્ર ગણે છે. પરંતુ બંનેની પ્રાર્થનામાં એક જ ઇચ્છા અને અભાવ વ્યક્ત થાય છે. આ ભારતીય ઋષિઓ અને વિદ્વાનોનું તારણ છે. પરંતુ, આપણે કેટલાંક વિશિષ્ટ લક્ષણોને પણ ધ્યાનમાં લેવાં જોઇએ. ઉદાહરણ તરીકે, ઇશ્વરની અનુભૂતિ એટલી ગહન હોય છે કે, વ્યક્તિ તેને પોતાનો આપ્તજન સમજી પ્રાર્થનામાં એક વચનમાં તેને સંબોધન કરે છે “તું શું આ નહીં કરે?” કે “શું તું મારી રક્ષા કરવા અસમર્થ છે?” અથવા તો “શું તું બહેરો છે?” આ ભારતીયોમાં જોવા મળતી લાક્ષણિકતા છે.

વ્યક્તિ જે કંઇ અનુભવે છે, વિચારે છે, તે અનુભૂતિ અને વિચારોમાં પોતાની જાતને એકાકાર કરી નાખે છે. તે ઇશ્વર છે એ સત્ય સાથે જો તે ભળી જાય તો તે દિવ્ય બની શકે છે. અલબત્ત, જો તે એવા ખોટા ખ્યાલમાં રાચવા માંડે કે તે આ ભૂમિનો રાજા છે તો તેને લોકો પાગલ ગણશે. કદાચ તેને દેશદ્રોહી ગણી તેનો શિરચ્છેદ પણ કરવામાં આવે. ઇશ્વર તમારી સાથે વિવેકશૂન્ય કે શિરજોરી જેવો વ્યવહાર કરતો નથી. દરેક વ્યક્તિ દિવ્યાત્મા છે. ભારતીય પ્રજ્ઞાનો આ અંતિમ ચૂકાદો છે.

તર્ક અને બૌધ્ધિક શોધખોળો સત્યનો કેવળ આંશિક પરિચય આપી શકે છે. આ સૃષ્ટિની તમામ વસ્તુઓના અનેક તબક્કાઓ અને પરિણામો છે. વિવેક બુધ્ધિ કેવળ એક દ્રષ્ટિકોણ છે. તે કેવળ એક તબક્કાને જોઇ શકે છે. વેદો દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા કર્મોથી પરિશુધ્ધ અને સ્પષ્ટ થયેલી બુધ્ધિ બંને તબક્કાઓને જોવામાં સફળ થાય છે. શુધ્ધિકરણ અને સ્પષ્ટતાની પ્રક્રિયામાંથી પસાર થયા વિના વિવેક બુધ્ધિ કેવળ ભૌતિક વિશ્વની સીમા મર્યાદામાં જ કાર્ય કરે છે. આથી આપણી સામે મૂકવામાં આવતું તારણ પણ આંશિક સત્ય હોઈ શકે. પરંતુ વૈદિક રાહની પરિષ્કરણ અને પરિશુધ્ધિકરણ કરવાની પ્રક્રિયાને આધીન બુધ્ધિ આપણી સમક્ષ

વસ્તુગત જગતની સંપૂર્ણ સચ્ચાઇનું ચિત્ર રજુ કરે છે. મોટા ભાગના બીજા ધર્મો બુધ્ધિ પર આધારિત સિધ્ધાંતો પર આધાર રાખે છે. ભારતીયો; ક્ષણિક અને ક્ષણભંગુર વિશ્વની સીમા મર્યાદાની પારની દુનિયાને પ્રકાશિત કરનારા શાસ્ત્રો ધરાવે છે.

આ વિશ્વ એક સ્થૂળ બ્રહ્માંડ છે. વ્યક્તિ સૂક્ષ્મ બ્રહ્માંડ છે. પ્રથમ બ્રહ્માંડ છે, બીજું પીડાંડ છે. પરંતુ બંનેનું મૂળભૂત સત્ય એક સમાન છે કે, ઇશ્વર સ્વતંત્ર છે. અને તે અન્ય કોઇ ચીજ કે હકીકતોથી અલિપ્ત છે. જ્યારે આ વાતને આ રીતે સમજવામાં આવે છે ત્યારે તેને બ્રહ્મ કહે છે. જ્યારે તે બ્રહ્માંડની ચેતનામાં પ્રવેશે છે, ત્યારે તેને પરબ્રહ્મ કહે છે. બ્રહ્માંડનું મૂળભૂત સત્ય આત્મા છે. વ્યકિતનું મૂળભૂત સત્ય પણ આત્મા છે. આત્માથી ભિન્ન જે કંઇ ભાસે છે તે માયા કે મિથ્યા છે. મિથ્યા કે માયા એક અવસ્થા છે, જે આત્મશોધ શરૂ થતી નથી ત્યાં સુધી વાસ્તવિક લાગે છે. પરંતુ આત્મશોધ બાદ અવાસ્તવિક લાગે છે. તે આ વિશ્વ અને તેના કલ્પિત આધારનો કેવળ આભાસ છે. આ આભાસ અજ્ઞાન કે માયાને કારણે ઉદભવે છે. જે શક્તિ બ્રહ્માંડ સાચું છે, એવો ભ્રમ ઉભો કરે છે, તે પણ આત્મામાંથી જ ઉદભવે છે. જ્યારે આ શક્તિ કાર્યાન્વિત બને છે અને આત્મા તેને ધારણ કરે ત્યારે તેને પરમાત્મા કહેવામાં આવે છે. આત્મા; સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. માયા પણ તામસિક, રાજસિક અને સાત્વિક એવી ત્રણ પ્રાકૃતિક ગુણોની બનેલી છે. તે ઇચ્છા શક્તિ, ક્રિયા શક્તિ અને જ્ઞાન શક્તિનાં રૂપમાં વ્યક્ત થાય છે. તમસ ગુણો; મૂળભૂત એક અને કેવળ એકને છૂપાવી ભિન્નતાનું રૂપ ધારણ કરે છે. રજસ ગુણો; સત્ય અને જ્ઞાનના આનંદની શોધ કરે છે. સત્ત્વ ગુણ; એ સ્પષ્ટ આયનો છે, જે પોતાની સમક્ષ બનતી તમામ ચીજો અને ઘટનાઓનું સાચું ચિત્ર આપે છે. તે પરબ્રહ્મને પ્રતિબિંબિત કરે છે અને ઇશ્વરની સચ્ચાઇને સ્પષ્ટ કરે છે. આ રીતે વ્યક્ત થતો ઇશ્વર “તેની” ઇચ્છાથી જગત કે બ્રહ્માંડનું રૂપ ધારણ કરે છે. પ્રતિબિંબિત ઇશ્વર; માયા કે ભ્રમણાની ક્ષમતા ધરાવતો નથી. જે રીતે તળાવનાં ચોખ્ખાં પાણીની સપાટી ઉપર ફીણ અને પરપોટા થાય છે તેમ આત્માનો મૂળભૂત સ્વભાવ; માયાનાં આ ભ્રામક દેખાવ તેમજ તેની નીપજ સમા આ વિવિધ નામ-રૂપધારી જગત દ્વારા કલંકિત થતો લાગે છે. માયાના ત્રણ સ્વરૂપો જ્યારે સંતુલન ધારણ કરે છે ત્યારે બ્રહ્માંડને અવ્યક્ત કહેવામાં આવે છે. આ “બીજ-અવસ્થા" કહેવાય છે કારણ કે તેમાં આનુષાંગિક બધી જ વિભિન્નતાઓ છુપાયેલી અને સમાયેલી હોય છે. જ્યારે તમસ્ અને રજસ્ ગુણોનો પ્રભાવ વધે છે ત્યારે સર્જન થાય છે અને બ્રહ્માંડ અસ્તિત્વમાં આવે છે. તે સજીવોને કર્મો કરવા પ્રેરે છે. જ્યારે અને જે સ્વરૂપે પ્રત્યેક ગુણો બીજા ગુણો ઉપર પ્રભાવી બની વ્યક્ત થાય છે ત્યારે ભ્રામક શક્તિ આ ત્રણ ગુણો દ્વારા નિર્ધારિત થાય છે. જ્યારે સત્ત્વ ગુણ પ્રભાવી બને છે. ત્યારે તેને આત્મ - માયા કહે છે. જ્યારે રજસ્ ગુણો ઉત્કર્ષ પામે છે ત્યારે તે અવિદ્યાનું રૂપ ધારણ કરે છે. તમસનો પ્રભાવ વધે છે ત્યારે તે તામસી બને છે. જ્યારે આત્મા સાત્વિક ગુણોને વ્યક્ત કરે છે

ત્યારે તે ઇશ્વર સ્વરૂપ ધારણ કરે છે. રજસ્ ગુણોને વ્યક્ત કરે છે ત્યારે તે જીવનું રૂપ ધારણ કરે છે અને જ્યારે તે તમસ્ ગુણો વ્યક્ત કરે છે ત્યારે તે દ્રવ્યનું રુપ ધારણ કરે છે. ઇશ્વર, જીવ અને દ્રવ્ય વચ્ચેની ભિન્નતા બિબાં કે ઉપાધીના કારણે છે. જો કોઇ ઉપાધિ કે બિબાં ના હોય તો આ ત્રણેય આત્મા જ છે. બ્રહ્માંડઃ ઇશ્વર, જીવ, અને દ્રવ્ય સ્વરુપ હોવાથી તેને ખરેખર આ ત્રિવિધ સ્વરૂપે વર્ણવી શકાય. આ બ્રહ્માંડ ; તમામ સજીવો અને  પરમ હિત માટે અસ્તિત્વમાં આવ્યું છે. જ્યારે આપણે કહીએ છીએ કે, આત્મા; સાત્વિક, રાજસિક અને તામસિક ગુણો સાથે વ્યક્તિ અને દ્રવ્યની છબીઓ ઉત્પન્ન કરે છે ત્યારે એક મુદ્દા ઉપર ભાર મૂકવો જોઇએ, જે આયનો છબી અંકિત કરે છે તેની ક્ષમતા મર્યાદિત છે. તે કેવળ તેની, સમક્ષ કે પ્રત્યક્ષ કે પદાર્થ હોય છે તેનું જ પ્રતિબિંબ પાડી શકે છે. પરંતુ, જ્યારે આ આયનો આંતરગોળ કે બહિર્ગોળ હોય કે તેની સીધી સપાટી ધુળવાળી હોય તો સ્પષ્ટ ચિત્ર ઉપસતું નથી. આનાથી પદાર્થને કોઇ અસર થતી નથી. કેવળ પ્રતિબિંબ વિકૃત કે ધૂંધળું મળે છે. પરંતુ આ પ્રતિબિંબના આધારે હંમેશા વસ્તુને જ વખોડવામાં આવે છે. માયા કે અજ્ઞાનને કારણે, બ્રહ્મ પણ વિરૂપ સ્વરૂપે દેખાય છે. અને આ વિકૃતિની બાહ્ય ખાસિયતો ખૂદ બ્રહ્મ સાથે સંબંધિત ગણવામાં આવે છે. પરમેશ્વરની છબી પણ માયાના આયનામાં પ્રતિબિંબિત થાય છે. જે રીતે દૂધનું દહીંમાં રૂપાંતરણ થાય છે તેમ, બ્રહ્મ; જગત કે બ્રહ્માંડમાં રૂપાંતરિત થાય છે. આ રૂપાંતરણ માયાની હાથ ચાલાકી છે. બ્રહ્મ; માયાનો સ્વામી છે. તેને આધીન નથી. તે માયાની શકિતને મુક્ત કરી તેને દોરે છે. આથી, વ્યક્તિમાં રહેલ બ્રહ્મ કે પરમેશ્વર સર્વ શક્તિમાન અને સર્વજ્ઞ તરીકે જાણીતો છે. જીવ, ઈશ્વર અને દ્રવ્ય (ભૂત) આ ત્રણેય વ્યક્તિની પ્રગતિમાં પોત પોતાની રીતે ફાળો આપે છે.

સર્વે કામનાઓની પૂર્તિ ઇશ્વર છે. આ બ્રહ્માંડમાં સર્વે આનંદ પ્રમોદની ચીજો “તેની” ઇચ્છાથી ઉદભવી છે. તે કોઇ અપેક્ષા ધરાવતો નથી. તેણે આ બ્રહ્માંડનું સર્જન પોતાની કોઇ અપેક્ષા કે અભાવની પૂર્તિ માટે કર્યું નથી. સજીવોનાં શ્રેય માટે તેણે સહન કર્યું છે. કૃષ્ણ કહે છે, “ના મે પાર્થ અસ્તિ કર્તવ્યમ્ ત્રીશુ લોકેશુ કિંચન - હે પાર્થ ! આ ત્રણે લોકમાં હું કોઇપણ કર્તવ્યથી બંધાયેલો નથી." સર્જન અભિવ્યક્તિ કે ઉદભવ “તેનો” સ્વભાવ છે. આથી, તેના માટે “લીલા-વિનોદી” જેવું સંબોધન કરવામાં આવે છે. “તેની” ઇચ્છાશક્તિ; દરેક સજીવોમાં ચૈતન્ય ભરી દે છે અને તેમને જાગૃત અને સક્રિય રાખે છે તે દરેકને તેમના વિચારો, શબ્દો અને કર્મોનાં ફળો આપે છે. આથી તેને “કર્મ ફળ પ્રદાતા” પણ કહે છે. ઇશ્વરની દરમિયાનગીરી વિના કર્મનું કોઇ ફળ મળતું નથી કે ચોક્કસ કર્મનું પરિણામ નિશ્ચિત સ્વરૂપે મળશે જ તે નક્કી થતું નથી. આ ઉપરાંત, ઋષિઓજાહેર કરે છે કે, કર્મ ક્ષણિક હોય છે. વિચાર આવે છે અને કર્મ થાય છે. આથી આપણે એ સ્વીકારવું રહ્યું કે, દરેક વસ્તુ ઇશ્વરના આદેશને આધીન છે, જે આપણી મર્યાદિત બુધ્ધિથી સમજી શકાતું નથી. તે તેને આધીન છે, એમ માનવું રહ્યું.

જન્મો વચ્ચેનો અંતરાલ ગમે તેટલો લાંબો હોય, ગમે તેટલાં જન્મો વીતી ગયા હોય તો પણ વ્યક્તિએ પોતે કરેલાં કર્મોનાં ફળ ભોગવવાં જ પડે છે. તે તેમાંથી છટકી શકતી નથી, કર્મનાં મૂળ કે ક્યારે તે ઉદભવ્યું તે અંગેનાં ચિંતનને કોઈ સ્થાન ના હોઇ શકે. કારણ કે તેનાં મૂળ; સમય કે કાળનાં આરંભ સાથે જ મળી શકે છે. વ્યક્તિ; ઇશ્વર, બ્રહ્માંડ, કર્મ અને અજ્ઞાનના આરંભને પામી શકતી નથી. આ તમામ કાલાતીત છે. ભગવત્ગીતામાં કૃષ્ણ કહે છે, "ગહના કર્મણો ગતિઃ અર્થાત્ કર્મની ગતિ અતિશય ગહન (સૂક્ષ્મ) અને પામવી મુશ્કેલ છે." વ્યક્તિને જન્મ જન્માંતરો બાદ પણ કર્મનાં ફળ ભોગવવાં પડે છે. ઇશ્વર સનાતન સાક્ષી છે. તે તમારા પ્રત્યેક કર્મની અધિષ્ઠાતા એવી શક્તિ છે. આ દ્રષ્ટિએ જોતાં આપણે એ સમજવું રહ્યું કે, ઇશ્વર અને વ્યક્તિ બંને પરસ્પર અભિન્નપણે બંધાયેલા છે. સજીવોની ગેરહાજરીમાં ઇશ્વર સંભવી ના શકે. જો બાળકો જ ના હોય તો "પિતા" શબ્દનો કોઈ અર્થ રહે ખરો? આથી, ઇશ્વરે; સજીવોને પ્રવૃત્તિનું ક્ષેત્ર આપવા માટે અને તેમને તેમનાં કર્મોનાં ફળ આપવા માટે આ જગતનું સર્જન કર્યું છે, એવું કહી શકાય. પંચતત્વો પણ આ જ હેતુ સિધ્ધ કરે છે. તેઓ પણ કર્મોનાં ફળોની ગુણવત્તા અને માત્રાના આધારે જીવનનાં દૈહિક વાહનોની રચના કરે છે. જ્યાં સજીવો પોતાના સૂચિત સદગુણો કે ભયાનક પાપનું ભાથું લઇ આ જન્મ પછી વાસ કરે છે. આવા લોકોને દ્રશ્યમાન લોક કે શરીરો સાથે કોઇ સંબંધ નથી.

જીવન સિધ્ધાંત અને વ્યક્તિ સિધ્ધાંત બંનેનો અર્થ એક જ થાય છે. બંને દશાવે છે કે, તેઓ બંને અવિદ્યા કે સત્યની ચેતનાના અભાવમાંથી ઉદ્દભવ્યા છે. વળી આનું કારણ પણ ગુણોનું બંધન છે. વ્યક્તિમાં બીજાં બે ગુણો રહેલાં હોવા છતાં તે રજોગુણની બનેલી હોય છે. ખુદ જગત અથવા બ્રહ્માંડનું સર્જન પણ ત્યારેથયું છે જ્યારે સત્ય; અવિદ્યા કે ભ્રમણાનાં પડળો પાછળ ઢંકાઇ જાય છે. એક જ સમયે આ ત્રણે ગુણો વ્યક્ત થતાં હોવા છતાં વ્યક્તિનાં જન્મ-જન્માંતરનાં કર્મોના કુલ પરિણામોને કારણે આ ત્રણ ગુણોમાંથી એક ગુણ પ્રભાવી બને છે. જેના આધારે વ્યક્તિ ભિન્ન પડી જાય છે. જ્યારે તે સાત્વિક ગુણો વિશેષ ધરાવે છે ત્યારે તે ઇશ્વર પ્રત્યે પરમ ભક્તિ ધરાવતી અને તેની દિવ્ય શોભાનો આદર અને ગુણગાન ગાતી વ્યક્તિ કે ભાગવત્ બને છે. રાજસિક ગુણોના પ્રાધાન્યથી વ્યકિત; વિચક્ષણ બુધ્ધિવાળી બને છે અને આવી વ્યક્તિ દિવ્ય તત્ત્વ પરત્વે બહુ ઉંચી અપેક્ષા ધરાવતી નથી. જો તે તામસિક ગુણવાળી વ્યક્તિ હશે તો દેહ સાથે બંધાયેલી રહેશે અને તે પશુ-પક્ષી જેવી જ જરૂરિયાતો ધરાવતી હશે.

બુધ્ધિને કારણે ભ્રમણાનાં જાળામાં ફસાયેલો જીવી એવી કલ્પના કરે છે કે તે એક "પરિણામ" છે. અને એટલે કોઇક "કારણ" સાથે બંધાયેલ છે. આ સત્ય પ્રત્યેની અજાગ્રત

અવસ્થા; આત્મ-વિદ્યા દ્વારા દૂર થવી જોઇએ. તે જીવ અને જગત, (આત્મા અને વસ્તુ, મનુષ્ય અને બ્રહ્માંડ) વચ્ચેની ભિન્નતાનો નાશ કરે છે. મનુષ્યને આ વીરતાપૂર્ણ દ્વંદ્વમાં મદદ કરવા અને તેને સત્ય પ્રત્યે જાગૃત કરવા માટે વેદો; કર્મો અથવા તો કર્મકાંડ જેવી ઇચ્છનીય પ્રવૃત્તિઓ સૂચવે છે. જ્યાં સુધી વ્યક્તિ અવિદ્યામાં ફસાયેલી રહે છે, ત્યાં સુધી ધર્મ, અધર્મ, કર્મ, ભક્તિ અને જ્ઞાનની આ વિભાવનાઓનો આદર કરવો રહ્યો. અને વ્યક્તિનું જીવન તે અનુસાર ઘડવું રહ્યું. જ્યાં સુધી વ્યક્તિ બ્રહ્માંડની દેખીતી “અનેકવિધતા” માં પ્રસ્થાપિત થયેલી રહે છે. ત્યાં સુધી તે વ્યક્તિમાં રહેલા ઇશ્વર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી મર્યાદા અનુસાર તે કર્મ કરે છે.

બ્રહ્માંડનું મૂળભૂત રીતે દરેક “જીવી” માટે તેના માનસપટ ઉપર પડતી છબીથી વિશેષ કશું નથી. આથી, જ્યાં સુધી વ્યક્તિ મન અને તેની પ્રક્રિયાને સમજે નહીં ત્યાં સુધી બ્રહ્મનો સિધ્ધાંત સમજવો અઘરો છે. જેઓ આકાશનાં ખરા સ્વભાવને સમજતા નથી, તેઓ તેનો ધૂળ અને ધૂમાડાથી ભરેલો ગુંબજ સમજી બેસવાની ભૂલ કરે છે. એ જ રીતે વાસ્તવિકતા પ્રત્યેની અજાગૃત અવસ્થાને કારણે લોકો આત્માને બુધ્ધિમાં પૂરાયેલો કે મૂર્તિમંત થયેલો; કર્મ અને કર્મનાં ફળોનાંઉપભોગમાં વ્યસ્ત; હર્ષ અને શોકનાં બંધનોમાં બંધાયેલો; સુખ અને દુ:ખમાં તેમજ બંધન અને મુક્તિના ઝગડામાં ફસાયેલો માને છે. આત્મા અને સત્ય બંને અભિન્નપણે પારસ્પરિક રીતે જોડાયેલા છે છતાં પણ પરમ સત્ય સ્વાભાવિક રીતે જ જુદું ભાસે છે. અવકાશ એક છે પરંતુ પાત્રોની ભિન્નતાને પરિણામે તે ઘર, કુંજો, મકાન અને ફલકમાં બંધ હોય તેવું લાગે છે. આવા વિભાગીય અસ્તિત્વમાં કોઇ સચ્ચાઇ રહેલી નથી. આ તમામ “પાત્રો” માં એક જ અવકાશ રહેલો છે. ઘર, તળાવ, ટેકરી વગેરે જુદાં જુદાં નામ, સ્વરૂપ, ઉપયોગ અને વર્તણૂકની ખાસિયતો અને વિશેષતાઓ ધરાવતા પાત્રો છે. એ જ રીતે જીવો પણ જુદાં જુદાં નામો અને સ્વરૂપો, વર્તણૂકની વિશેષતાઓ અને ખાસિયતો ધરાવે છે; પરંતુ, મોતીઓને આરપાર પરોવી તેમને એક સાથે પકડી રાખતા તારની માફક દરેક વ્યક્તિમાં રહેલી પરમ ચેતના એક જ છે.

અજ્ઞાનને કારણે જેને આપણે ભૂલથી “હું" તરીકે ઓળખીએ છીએ તે આત્મા છે. જ્યાં સુધી આ સત્યને પામવામાં આવતું નથી ત્યાં સુધી મનુષ્ય અનેકવિધતા અને પરિવર્તનના સકંજામાંથી મુક્ત થતો નથી. ધર્મગ્રંથો આપણને આ વાસ્તવિકતા જણાવે છે અને તેને સમજવાનો અનુગ્રહ કરે છે કે, જો તેને જાણવામાં આવે તો બાકીની તમામ વસ્તુઓને જાણી શકાશે, ધર્મગ્રંથો (શ્રુતિ) કહે છે કે, જ્યારે આપણે આત્માને જાણીએ છીએ ત્યારે બાકીની બધી ચીજો જાણી શકાય છે. જગત (બ્રહ્માંડ); કેવળ સાપેક્ષ દ્રષ્ટિએ જોતા વાસ્તવિક છે; તે આંશિક દ્રષ્ટિએ મિથ્યા છે. તેને જાણવાનો કોઈ ફાયદો નથી, તે નિરર્થક છે. તે જીવનનો ન્યાયોચિત હેતુ નથી. જ્યારે આત્માના સિધ્ધાંતની ચેતના પ્રાપ્ત કરાવાના પ્રયાસો સિધ્ધ થાય છે ત્યારે જીવન

શ્રેષ્ઠ રીતે વ્યતિત થાય છે અને માનવીય પ્રયાસો બહેતર દિશામાં દોરી શકાય છે. શ્રુતિ; મનુષ્યને બીજી નિઃસાર દોડાદોડી નહીં કરવા ચેતવે છે. શ્રુતિ ગ્રંથો અને સ્મૃતિઓ, ઇતિહાસ અને પુરાણો જેવાં અન્ય સાહિત્ય આપણને ક્યાંય એ શીખવતાં નથી કે બ્રહ્માંડનું સર્જન શી રીતે થયું અથવા તો તે તેના ઉદગમ અને પ્રક્રિયાના અભ્યાસ કરવા કે તેને સમજવાની સલાહ આપતું નથી. તેઓ આવાં જ્ઞાનના અભાવને આપત્તિજનક ગણતા નથી એટલું જ નહીં પરંતુ તેને એક અસંભવ કાર્ય પણ ગણાવે છે.

બ્રહ્માંડ કેવી રીતે ઉદભવ્યું કે તેનો અંત ક્યારે આવશે તેની ચિંતા શા માટે કરો છો? તેના બદલે તમારી જાતની ચિંતા કરો. "આ બોધપાઠ આ ધર્મગ્રંથો આપે છે "."તમારી જાતને જાણો." એક વખત તમે તમારી જાતને જાણશો એટલે બીજી તમામ ચીજો સ્વયં સ્પષ્ટ થઇ જશે. તમે બ્રહ્માંડમાં રહેલાં પીડાંડ છો. તમે સ્થૂળ બ્રહ્માંડમાં રહેલું સૂક્ષ્મ બ્રહ્માંડ છો. તમામ માટીનાં ઘડાને જાણવા માટે કેવળ એક માટીના ઘડાને જાણવો પર્યાપ્ત છે. તમે જ્યારે તમારી જાતને જાણશો એટલે બીજું બધું જાણી શકશો. બાળકને રડવાનું બંધ કરી ફરી આનંદ પ્રાપ્ત કરવા સમજાવવા અને તેને ખુશ કરવા આયા એક પરિકથા કહે છે. આયાનો એકમાત્ર હેતુ બાળકને શાંત કરવાનો છે; પરિકથા તો કેવળ એક સાધન છે. આ જ રીતે માયાના આરંભહીન આકર્ષણથી અંજાયેલો અને પૂર્વ જન્મો દરમિયાન કેળવાયેલાં અનેક વલણોથી બંધાયેલો જીવી તેની સામે દેખાતા બ્રહ્માંડનાં મૂળની શોધ કરવાનું ટાળી શકતો નથી. શ્રુતિ આવી શોધનો જે શબ્દોમાં જવાબ આપે છે તેનાથી ક્ષણિક રાહત મળે છે. કારણકે, બ્રહ્માંડનું સર્જન કેવી રીતે થયું એ સવાલ: કેવી રીતે સ્વપ્નનું સર્જન થયું એ સવાલ સાથે સામ્યતા ધરાવે છે. સ્વપ્નનો ઉદ્ભવ નિદ્રામાંથી થાય છે. બ્રહ્માંડનો ઉદભવ માયામાંથી થાય છે જે રીતે સ્વપ્ન માટે કોઇ વ્યવસ્થા કે કાયદો નથી એ રીતે બ્રહ્માંડ પણ રહસ્યો અને માયાથી ભરેલું છે. કેવળ “એક” જ સત્ય છે. સ્વપ્નમાં દેખાય છે તેમ “બે” નહીં. આ અદ્વૈત દર્શન છે. સર્જનના ઉદભવ જેવો જ એક બીજો સવાલ જે મનુષ્યને પજવે છે તે છે, આ અજ્ઞાન શી રીતે જન્મે? આનો ઉકેલ સમજાવતા વશિષ્ઠ ઋષિ શ્રી રામચંદ્રને કહે છે, “હે રામ ! મનુષ્યમાં અજ્ઞાને શી રીતે પ્રવેશ કર્યો એ પ્રશ્નમાં તારી જાતને ગૂંચવવાને બદલે તું તેમાંથી છૂટકારો પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કર એવો મારો અનુગ્રહ છે". આ બોધ કેવળ રામને લાગુ પડતો નથી. પરંતુ સમગ્ર માનવ જાતને લાગુ પડે છે. આ વસ્તુગત જગત પાછળ રહેલાં સત્યને જેઓ સમજી શકતા નથી તેવા તમામને એ મદદ રૂપ થાય છે. વ્યકિતનાં આંતરિક અનુભવો કે, આ જગત સતત પરિવર્તન પામતી સંઘટના છે અને તેની ઉપેક્ષા કરવાને અજ્ઞાન એવું નામ આપવામાં આવ્યું છે.

તો પછી આ સવાલની પળોજણ શા માટે? સ્વીકારો કે તમારું આ અજ્ઞાન છે અને જીવન-મૃત્યુની ઘટમાળનાં ચક્ર સાથે આ બદલાતા રહેતા જગત પ્રત્યેની માયામાંથી છૂટકારો મેળવવાના સંઘર્ષને પડતો મૂકો આ અજ્ઞાન; બ્રહ્મ સાથે સંકળાયેલું છે કે જીવીમાંથી ઉદભવે છે? એ પ્રકારની દલીલ અજ્ઞાનનો એક બીજો પૂરાવો છે. બેશક, આ અજ્ઞાન દૂર કરવાની આવશ્યક પધ્ધતિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. કારણકે તેનાથી બેશક જ્ઞાન પ્રાપ્ત થશે. જ્ઞાન; પ્રકાશ છે. અજ્ઞાન; અંધકાર છે. જ્યાં સુધી પ્રકાશ પ્રજ્વલિત થતો નથી ત્યાં સુધી જ અંધકાર રહે છે.

# આંતરિક શોધ

વશિષ્ઠ ઋષિએ રામને કહયું કે, “પરમ પ્રજ્ઞાના ઉદભવ સાથે આ તમામ ચીજો અદ્રશ્ય થશે અને તેની ઓળખ ગુમાવી દેશે. રામ ! તારે કેવળ એ જાણવાની જરૂર છે કે, આ અજ્ઞાન કેવી રીતે વૃધ્ધિ પામે છે અને કેવી રીતે એનો નાશ કરી શકાય.”

આ સલાહમાં એક રહસ્ય સમાયેલું છે. આ બ્રહ્માંડનો ઉદભવ શામાંથી થયો એ રહસ્યનો ઉકેલ મેળવવા માટે કરેલી સદીઓ સુધીની શોધખોળો નિષ્ફળ ગઇ છે. કેવી રીતે તે ઉદભવ્યું? જો તેનું વ્યકિતગત કારણ હોય તો આ તપાસમાં સફળતા પ્રાપ્ત થઇ હોત. બ્રહ્માંડ કે જગત એવી કોઇ ચીજ નથી. “આ જગત શી રીતે ઉદભવ્યું? શાં માથી તે ઉદભવ્યું?” આ પ્રશ્નો; “દોરડાં” ઉપર “સાપ” શી રીતે દેખાય છે અને ભય ઉત્પન કરે છે?” એ સવાલને મળતો આવે છે કેવળ દોરડું જ છે. દ્રષ્ટાની કુંઠિત બુધ્ધિ સંધ્યા સમયે દોરડાંને સાપ માની બેસે છે. અર્થાત્ બુધ્ધિએ ઉત્પન્ન કરેલા ભ્રમને કારણે આવું બને છે, બીજા શબ્દોમાં કહીએ તો ખોટી ધારણાનો આધાર અજ્ઞાન છે.

બ્રહ્મ એક દોરડું છે. ભ્રમને કારણે કુંઠિત થયેલી બુધ્ધિ તેને સાપ જેવું માને છે. આપણે બ્રહ્મને જગત સમજીએ છીએ. આપણે એકને બીજી વસ્તુ માની લઇએ છીએ. આથી આ જગત એક પદાર્થ છે જે આપણી પોતાની બુધ્ધિમાં ઉદભવ્યું હતું અને આ જ ભ્રામક ચેતનામાંથી પ્રગટ થયું છે. આ રીતે ભ્રમણામાંથી ઉદભવતી વસ્તુ અને નિર્બળ બુધ્ધિ દ્વારા તેને અપાયેલી બહાલી કદી સાચી ના હોઈ શકે જયારે ભ્રમ દૂર થાય છે ત્યારે આ દોર્બલ્ય અદ્રશ્ય થાય છે. અને આ રીતે ઉદભવેલું જગત પણ અદ્રશ્ય થઇ જાય છે. “અહમ અજ્ઞા" “હું અજ્ઞાની છું." દરેક વ્યકિતએ પોતાની જાત અંગેની આ સચ્ચાઇને સ્વીકારવી રહી. તે પોતાની જાત અંગે આવી ઘોષણા કરવામાંથી છટકી ના શકે. તમામ પવિત્ર ગ્રંથોમાંનું તારણ એ છે કે, “આ બ્રહ્મ છે” તેને બાજુ પર રાખીને જો વ્યકિત હજુ પણ એવો દાવો કરે કે તે “હું” છે તો તે એવું સિધ્ધ કરે છે કે, તે અજ્ઞાની છે. એવી શંકાઉદભવી શકે કે, શું આપણી જાતને ભૂલી જઇ અને પોતે કંઇક બીજી વ્યકિત છે એમ માનવું શકય છે ખરું ? આપણે આગળ જોઇ ચૂકયા છીએ કે મિથ્યાની સ્વીકૃતિ અજ્ઞાની મનુષ્યની નિશાની છે. સંધ્યા સમયે સત્ય ઉપર ભ્રમણાનો પડદો ઢંકાઇ જાય છે. રસ્તા પર પડેલા દોરડામાં સાપનાં દર્શન થાય છે. ભ્રમણા આપણી ચેતના ઉપર અસર કરે છે અને બુધ્ધિમાં વિકાર ઉત્પન્ન કરે છે. આથી આપણે આનંદ અને ઉન્માદના સુખનો સાચો સ્વભાવ શું છે તે ભૂલી જઇએ છીએ. લોકો પોતાની જાત ઉપર વ્યકિતમત્તાની મર્યાદા લાદે છે અને

પોતાને જીવ માને છે. તેઓ એવું માને છે કે એ સુખ તેમની બહાર વસ્તુનિષ્ઠ જગતમાં રહેલું છે, અને તેઓ આ સંસારમાં બદલાતા અવિશ્રાંત વિશ્વમાં રચ્યા પચ્યા રહે છે. તેઓ ભાગ્ય અને નસીબનો બેવડો પ્રહાર સહન કરે છે.

શ્રુતિ, વેદો અને પવિત્ર ગ્રંથોએ આવી વ્યકિતઓ આત્મ તત્ત્વને જાણવા અને અનુભવવા માટેનાં સાતત્યપૂર્ણ પ્રયાસો દ્વારા પોતાનાં જીવનને બદલી શકે તે માટે ઘણું શીખવ્યું છે.

અદ્વૈતવાદીઓ અજ્ઞાન જેવી ચીજને જાણવામાં વ્યસ્ત રહેતા નથી. “ હું સુખી નથી મને આનંદ નથી. હું આ ઝંખુ છું. મારે આ પામવું જ જોઇએ ” આવી ઝંખના વ્યકિત અથવા જીવીને રહે છે. આ અભિગમ અજ્ઞાનનું હાર્દ છે. આથી, જો તમે તમને અલગ અને કુંઠિત કરનારા આ અજ્ઞાનનો નાશ કરવા પ્રયાસ કરો છો તો તમારે આ અભિગમને બદલવો જોઇએ અને એવો વિશ્વાસ ઉભો કરવો જોઇએ કે, “ હું આનંદનું મૂર્ત સ્વરૂપ છું, હું એકાત્મ સ્વરૂપ છું ” અગાઉનો અભિગમ ધરાવતી વ્યકિત જીવત્વ બુધ્ધિ પામે છે.અર્થાત્ વ્યકિતનિષ્ઠ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. અને જે વ્યકિત બીજા પ્રકારનો અભિગમ વિકસાવે છે તે વૈશ્વિક પ્રજ્ઞાને પ્રાપ્ત કરે છે. અસ્તિત્વ ના ધરાવતા સવાલોનો બોજ વેંઢારવાને કારણે મનુષ્ય ગૂંચવાડામાં ધૂળ ઉડાડતો, જન્મ - મૃત્યુનાં ચક્ર સાથે નિસહાય બંધાઈ વિષાદથી પોતાની જાતને શ્રાપ આપ્યા કરે છે.અદ્વૈતવાદી ગ્રંથો ; મનુષ્યને આ અજ્ઞાન સામે ચેતવવા માટે અને તેને દુ: ખ અને ભૂલોમાંથી ઉગરવાનું જ્ઞાન આપવા રચાયા છે. ખરેખર કહીએ તો જ્યાં સુધી આપણે આપણી જાત બંધનમાંછે એવું અનુભવીએ છીએ ત્યાં સુધી આપણે અજ્ઞાન છીએ. ખરેખર, આપણું સર્જન કરવામાં આવ્યું નથી. “ આ જગતમાં મારી સાથે મારા જેવા બીજા જીજ્ઞાસુઓ પણ છે. જેઓ આનંદ કે સુખની શોધ કરી રહયા છે. આ શોધમાં મને હર્ષ અને શોક મળ્યા છે અને જન્મ તેમજ મૃત્યુનો ભેટો થયો છે. ” આ મૂળભૂત અજ્ઞાન છે. “ આપણે વિચારો અનુસાર બનીએ છીએ ” આ વસ્તુગત જગત અને તેમાંથી ઉદભવતા સુખનાં મુલ્યની આધારભૂતતા અંગેના વિચારો અજ્ઞાનમાંથી ઉદભવતા હોવા છતાં તે આપણું આંતરિક ઘડતર કરતા નથી. ચાર બાબતોના અભાવને કારણે તેઓ આવાં બીબાંમાં ઢળેલા રહે છે.

(૧) આધ્યાત્મિક પ્રગતિ પ્રત્યેનું ધ્યાન

(૨)દ્રઢ વિશ્વાસ

(૩) ભકિત અને

(૪) ઇશ્વરની કૃપા

આ ચારમાંથી એકનો પણ અભાવ હોય તો મનુષ્ય શાશ્વત સત્યનાં પરમાનંદનો આનંદ અનુભવી શકતો નથી.

આપણું ચિંતન ; પ્રત્યક્ષ અને ઉપરછલ્લા સ્તરનું ના હોવું જોઇએ, આ દિશાનું ચિંતન આપણને જે બ્રહ્માંડ નથી તેને માનવા તરફ દોરી જાય છે. તે આપણને ભૂલાવી દે છે કે, આપણું મન જ આ વૈશ્વિક પ્રમાણોનું વિશાળ દ્રશ્ય રચે છે અને તેને સત્ય તરીકે રજુ કરે છે. એ ખરેખર નવાઇની વાત છે કે, આ વિશાળ બ્રહ્માંડનો આધાર " મને આવું લાગે છે કે નથી લાગતું " તેના પર છે. " જો તમને એવું લાગે કે તે છે તો તે છે " અને જો તમને એવું લાગે કે " નથી તો તે નથી " આનો અર્થ એવો થયો કે આપણે મનુષ્યનાં મનની પ્રક્રિયાને ઉંડાણ પૂર્વક તપાસવી જોઇએ. એવું કયારેય બન્યું છે ખરું કે કોઇ ચીજનો વિચાર તેના અસ્તિત્વ તરફ દોરી ગયો હોય અને તેનાં ઇન્કારથી તે ચીજ અદ્રશ્ય થઇ ગઈ હોય ? અથવા તો આ તારણ કેવળ કલ્પના માત્ર છે ? આ દિશાના ચિંતનથી, બેશક, સત્ય સ્પષ્ટ થશે. અંધકારમાં ભૂલથી અજ્ઞાન વશ દોરડાની જગ્યાએ સાપ દેખાય છે, કોઇક કારણસર જયારે સત્ય સમજાય છે અને જોનારને લાગે  કે, આ કંઇ સાપ નથી પરંતુ દોરડું છે " અને સાપ અદ્રશ્ય થઇ જાય છે કારણકે તે કેવળ ભ્રમણા હતી. આથી, અનુભવ કે વિચાર ; સાપનું સર્જન અને નાશ કરવા શકિતમાન છે. વિચારોનું પ્રતિપાદન ; સર્જન કરે છે અને ઇન્કાર તેનો નાશ કરે છે આ બંને " વિચારો " તરીકે વર્ગીકૃત કરાયેલી માનસિક પ્રક્રિયાઓ છે.

જુદા જુદા સ્તરો અને શ્રેણીઓ હોવા છતાં આ બધા વિચારો જ છે.આ વિચારો કયાંથી ઉદભવે છે ? શું તે સ્વયંસ્ફૂર્તપણે ઉદભવે છે ? આ સવાલનો જવાબ છે. " બુધ્ધિ કર્મ અનુસારિણી " " આપણી બુધ્ધિ કર્મોને અનુસરે છે " કર્મનો સૌ પ્રથમ હેતુ છે: " મને સુખ અને સંવાદિતા પ્રાપ્ત થવા જોઇએ " આ હેતુ આ વિશ્વને વાસ્તવિક માનવાનાં અજ્ઞાનમાંથી ઉદભવે છે.

પ્રજ્ઞા વિનાનું શિક્ષણ, વિવેક બુધ્ધિથી વંચિત રાખનારું કેવળજ્ઞાન, બુધ્ધિ વગરનું કર્મ, વ્યવહારિક શાણપણ વિનાનું પાંડિત્ય, લાયકાતો વિનાની સત્તા, સત્ય વિનાનું વિધાન, સૂર વિનાનું સંગીત, ભકિત વિનાનો આદર, સામાન્ય બુધ્ધિ અને ચરિત્ર વિનાનો માણસ, વિનમ્રતા વિનાનો વિધાર્થી અને પ્રેરણા વગરની વાતચીત આ બધાથી કોઇ ઉપયોગી હેતુ સિધ્ધ થતો નથી.

વધુમાં ; પવિત્ર ગ્રંથો દ્વારા પ્રતિપાદિત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વ્યકિતએ અનુભવથી પ્રજ્ઞા પ્રાપ્ત કરવી પડે છે. વ્યકિતગત અનુભવ વિનાનું જ્ઞાન નિરર્થક છે. જો આપણી અંદર પડેલું જ્ઞાન સ્થગિત હશે તો તેનો કોઇ ઉપયોગ નથી. તે કેવળ એક પ્રકારનાં પાંડિત્યનું સ્વરૂપ છે. જો આવું શિક્ષણ વ્યવહારમાં મૂકાય  તો તે ગણના પાત્ર બને છે. જો વિશ્વનાં કલ્યાણ માટે

ઉપયોગ કરવામાં ના આવે તો પ્રાપ્ત કે સંચિત કરેલી સંપત્તિનો કોઈ અર્થ નથી. એ જ રીતે કેવળ પુસ્તકિયું જ્ઞાન એ નિરર્થક કસરત છે. જ્ઞાન આશીર્વાદ રૂપ ત્યારે જ બને છે જયારે તે કાર્યમાં અમલી બને અને માણસ જાતનું ભલુ કરે છે. જ્ઞાનને અનુભવમાં અમલી બનાવવું ત્યારે જ શકય છે જયારે વ્યકિત; જાણવા, જોવા અને પ્રવેશવાના ત્રણ તબકકાઓમાંથી પસાર થાય છે.

પ્રથમ ; વ્યકિતએ આ ક્ષેત્રનાં નામાંકિતોનાં પવિત્ર ગ્રંથોમાં રહેલાં અમૂલ્ય સત્યો અંગે જાણવું જોઇએ. જયારે તમે એ અંગે જાણશો ત્યારે તમે સ્વાભાવિક રીતે જ તેમાં રસ લેશો. ત્યાર બાદ તમને એ સત્યોને કોઇપણ કિંમતે જોવાની ઉત્કંઠા જાગશે. આ શીખવાનો પહેલો તબકકો છે.

બીજા તબકકામાં ; તમે આ પવિત્ર ગ્રંથો જ્યાં પણ પ્રાપ્ત હશે ત્યાં તેને પ્રાપ્ત કરી કાળજીથી તેનું અનુસરણ અને તપાસ હાથ ધરો છો. તમે વાંચી અને સીધું જ તેને જોઇ શકો છો. ખૂબ ખંતથી તમે ચિંતન કરો છો, ગ્રહણ કરો છો અને તેનો આનંદ માણો છો. આ રીતે તમે થોડો સંતોષ મેળવો છો કે, તમે કેટલાક પાયાનાં સત્યોને પારખ્યાં છે. આ જોવાનો બીજો તબકકો છે.

તમે પ્રથમ બે તબકકામાં પ્રગતિ સાધો એટલું પૂરતું નથી. જે તમે જાણ્યું અને જોયું છે તેનો તમારે અનુભવ કરવો જોઇએ. અનુભવનાં ક્ષેત્રમાં પ્રવેશ કરતી વખતે વ્યકિતએ પોતાનાં આદર્શ સાથેનું સંપૂર્ણ તાદાત્મ્ય અનુભવવું જોઇએ. આહાર લીધા પછી જો વ્યકિત સુઇ જાય તો તેનાથી અપચો થાય છે. જો વ્યકિત રોજ જરૂરી માત્રામાં ભોજન કરે અને થોડો શારીરિક શ્રમ કરે તો તેનાથી આહારનું પાચન થશે અને તેનું લોહી બનશે. તે પોષણ પૂરું પાડશે. આ જ રીતે આપણે જે જાણ્યું અને જોયું છે તેને આપણાં દેશની પ્રગતિ અને માણસજાતનાં કલ્યાણ અર્થે સમજી અને ઉપયોગમાં લઇ અનુભવ અને પ્રવૃત્તિમાં અમલી બનાવવું જોઇએ.

પુસ્તકોના ફકરાઓ યાદ રાખી અને પ્રવચનો આપવા સહેલાં છે. કેવળ પુસ્તકો વાંચી પ્રાપ્ત કરેલું જ્ઞાન પુસ્તકિયું જ્ઞાન છે. આપણે જે કાંઇ સાંભળી, જોઇ અને સમજયા છીએ તે થોડા ઘણા અંશે પણ વ્યવહારમાં મૂકવું જોઇએ. આ પ્રવેશનો તબકકો છે.

પ્રાચીન પવિત્ર કથામાં કેટલાંક અમૂલ્ય સત્યો રહેલાં છે. અમૂલ્ય રત્નો તેમાં છૂપાયેલાં છે. તેમાં અણુ સંબંધિત ઘણાં વૈજ્ઞાનિક સત્યો પણ મળી આવશે. વિધાર્થીઓએ આ છુપાયેલા સત્યોને ખોળી કાઢવા પ્રયાસો કરવા જોઇએ અને માનવ કલ્યાણના પ્રયાસોમાં તેને અમલી

બનાવવા જોઇએ. તેમનામાં નહિ શોધાયેલાં સત્યોને શોધી કાઢવાની ઉત્કંઠા અને નિર્ધાર હોવા જોઇએ. તેમણે પ્રવચનો આપવા કે ચર્ચા સભાઓમાં હાજર રહેવાથી સંતોષ માનવો ના જોઇએ.

જેઓ શોધખોળ કરવાની સાચી ભાવના ધરાવે છે. તેઓ જ કેવળ આ વિશ્વમાં સાચાં જ્ઞાનનો પ્રસાર કરે છે. કેવળ ઉપરછલ્લાં જ્ઞાનનો કોઇ ફાયદો નથી, સીધા અનુભવમાંથી પ્રાપ્ત થયેલાં જ્ઞાનથી ચઢિયાતું કોઇ બીજું જ્ઞાન નથી. આવું જ્ઞાન સ્વ - પ્રયાસ, પહેલ, નિર્ધાર અને સાતત્ય પૂર્ણ પ્રયાસો દ્વારા પ્રાપ્ત થયેલું હોવું જોઇએ. આ જ્ઞાન પ્રાયોગિક વિકાસ અને ઉત્પાદન વૃધ્ધિ માટે ઉપયોગમાં લેવું જોઇએ. જેનાથી દેશની પ્રગતિ શકય બનશે. અનુભવમાંથી શાણપણ કેળવવું જરૂરી છે. પરંતુ આપણાં દેશની સુખાકારી માટે તેને લાગુ કરવા, સક્ષમ બનવા માટે વિવેક બુધ્ધિને વિકસાવવી પણ એટલી જ જરૂરી છે. વિવેક બુધ્ધિ વિનાનું શિક્ષણ અને વિવેક વિનાનું જ્ઞાન બંને નકામા છે. શિક્ષણ એક ચીજ છે અને વિવેક બુધ્ધિ તે બીજી બાબત છે. વિવેક બુધ્ધિ તે આપણને સારાં નરસાંને પારખતાં શીખવે છે અને જે તે પરિસ્થિતિમાં જુદાં જુદાં પાસાંઓને કેટલું મહત્વ આપવું તે નકકી કરવાની ક્ષમતા બક્ષે છે. વિવેક બુધ્ધિ એ શાણપણનો એક ઘટક છે. વિવેક બુધ્ધિ વિના વ્યકિત સાચા માર્ગને અનુસરી શકે નહી. તે તમામ કાર્યમાં વિવેક બુધ્ધિ દર્શાવવા માટેની વ્યવહારિક શાણપણની નિશાની છે. આણ્વિક ઉર્જાના ક્ષેત્રમાં સંશોધન કરીને કોઇપણ વ્યકિત વિધ્વંશક શસ્ત્રો શોધી શકે છે જેનાથી સમગ્ર વિશ્વને એક જ સેકન્ડમાં ભસ્મીભૂત કરી શકાય. આ જ આણ્વિક શકિત ; ઔધોગિક અને કૃષિ ઉપયોગ માટે વાપરી દેશને એક હસતા બાગમાં બદલી શકે છે. એક શિક્ષિત વ્યકિતએ પોતાના કાર્યનો સાચો માર્ગ અપનાવવામાં પોતાની વિવેક બુધ્ધિ દાખવવી જોઇએ. મનુષ્યનાં સંશોધનો અને શોધખોળોનો હેતુ વિનાશ કે વિધ્વંસ તરફ દોરી જવાનો ના હોવો જોઇએ. વિવેક બુધ્ધિ આપણને તેનો યોગ્ય ઉપયોગ કરી ઉત્પાદનની વૃધ્ધિ અને માનવ કલ્યાણનાં પ્રોત્સાહનના કામમાં લાગુ કરવાનું માર્ગદર્શન આપે છે. જ્ઞાન અને વિવેક બુધ્ધિ ધરાવતો માણસ સંપત્તિ કે હોદો ધરાવતો ના હોય તો પણ તેનાં આદર અને સન્માન થશે. જ્ઞાન અને વિવેક બુધ્ધિ વિનાનો માણસ પછી તે આગળ પડતોશિક્ષણ શાસ્ત્રી, પ્રખ્યાત વિજ્ઞાની કે લાખોપતિ હશે તો પણ કદી આધ્યાત્મિક પ્રફુલ્લન પામી શકશે નહીં. જ્ઞાન અને વિવેક બુધ્ધિ વિનાની વ્યકિત ; ધર્મ અને અધર્મ વચ્ચે પણ ફરક કરી શકતી નથી. આથી, દરેક વિધાર્થીએ ; સૈદ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ અવિરત જ્ઞાન અને વિવેક બુધ્ધિ હાંસલ કરતા રહેવા જોઇએ. તેણે જ્ઞાનની સાથે દૂરદ્રષ્ટિ પણ વિકસાવવી જોઇએ અને સમાજનો ઉત્કર્ષ કરવા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ.

જ્ઞાન, વિવેક બુધ્ધિ અને અનુભવ ઉપરાંત વ્યકિત ; પ્રેરણાદાયી સામાન્ય બુધ્ધિ ધરાવતી હોવી જોઇએ. તે પુસ્તકો દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી, તેને પ્રાપ્ત કરવા માટે વ્યકિતએ લાંબી સફર કરવી પડે છે. આ હેતુથી આપણા પૂર્વજો તીર્થ સ્થળોમાં પુણ્યાત્માઓનાં દર્શન માટે તેમની સાથે વાત કરવા અને તેમનાં ચરણ સ્પર્શ કરવા યાત્રાએ જતા હતા. તેમણે ઇશ્વરનાં આ અનેકવિધ વિશ્વમાં અનેક સ્થળો અને વસ્તુઓ પણ જોઇ છે. અને તેમાંથી તેમણે અનેક બોધપાઠો પણ લીધા છે. કુદરતમાં એવી ઘણી વસ્તુઓ છે જે જ્ઞાન આપવા અમૂલ્ય બોધપાઠો શીખવે છે. આવા પદાર્થોનાં ઉદગમ અને સ્વભાવને ગ્રહણ કરવામાં સામાન્ય બુધ્ધિનો વિકાસ સમયેલો છે. વ્યકિતએ ઇતિહાસ, સંસ્કૃતિ અને સભ્યતાની મહત્તાને ગ્રહણ કરવી જોઇએ અને તેનો પ્રચાર કરવો જોઇએ. જે વ્યકિત આવો પ્રચાર કરવા માંગતી હોય તેણે આત્માના સ્વભાવને પારખવો જોઇએ. આ વિશ્વમાં ભૌતિક વિજ્ઞાન, સંગીત, સાહિત્ય, કલા અને ગણિત જેવી શિક્ષણની વિવિધ શાખાઓ છે. જ્ઞાનનાં આ તમામ સ્વરૂપોમાં આત્મજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે.તેને પ્રાપ્ત કર્યા વિના વ્યકિત આનંદ કે શાંતિ પ્રાપ્ત કરી શકતી નથી. વ્યકિત ; વિશ્વમાં નામના અને માન્યતા પ્રાપ્ત કરે તો પણ તેને આત્મજ્ઞાન વિના સુખનો અનુભવ થશે નહીં. “ આત્માનું જ્ઞાન ” “ ઇશ્વરનું જ્ઞાન ” અને “ આધ્યાત્મિક જ્ઞાન ” આ તમામનો અર્થ એક જ થાય છે કે આત્મા અને ઇશ્વર પ્રત્યેની પૂર્ણ ચેતના વિકસાવનારૂં જ્ઞાન. આત્મજ્ઞાન એટલે એવું જ્ઞાન કે જે મેળવવાથી બાકીની બધી વસ્તુને જાણી શકાય. આત્મજ્ઞાની માણસને બેશક સર્વજ્ઞ કહી શકાય.

બિન સાંપ્રદાયિક શિક્ષણ આપણને ચિરસ્થાયી અને શાશ્વત શાંતિ આપતું નથી. આત્મજ્ઞાન જ માત્ર આપણને દુ:ખના મહાસાગરને પાર કરવામાં મદદરૂપ થઇ શકે છે. આથી બધાજ મનની શુધ્ધતા દ્વારા પ્રાપ્ત થતું આત્મજ્ઞાન મેળવવા પ્રયાસ કરે છે. મનની શુધ્ધતા ધર્મનિષ્ઠ કામો, પવિત્ર પગલાંઓ, સદભાવ અનુકંપા અને ભકિત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ઇશ્વરને ઉદ્દેશીને ભરેલાં નિસ્પૃહ પગલાં હૃદયને શુધ્ધ કરે છે. જ્ઞાનનો સૂર્ય શુધ્ધ હૃદયમાં ઉદિત થાય છે. આવાં જ્ઞાનનું પ્રભાત મનુષ્યને ઇશ્વરનાં દરજ્જાનું પદગૌરવ બક્ષે છે. ઇશ્વરનું આ પરમપદ પ્રાપ્ત કરવાની શોધમાં મનુષ્યનો યત્ન એ પ્રાથમિક પગલું છે. ઇશ્વરની કૃપા એ બીજું અગત્યનું પરિબળ છે. કોઇપણ વ્યકિત પ્રયાસ કરી આત્મ - જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. પુરુષો અને સ્ત્રીઓ, ધનિકો અને ગરીબો સર્વે પોતાનાં હૃદયમાં આધ્યાત્મિક જ્ઞાનની જયોતિ જલાવવા માટે લાયક છે. વંશ અને ધર્મ, જાતિ અને સંપ્રદાયના ભેદભાવો માર્ગમાં આડે આવતા નથી. કોઇ વ્યકિત બિનસાંપ્રદાયિક શિક્ષણ ધરાવતી ના હોય, ભૌતિક વિજ્ઞાનનો કોઇ આધાર ધરાવતી ના હોય કે તે દુન્યવી કથાથી સુમાહિતગાર ના હોય તો તેનો કોઇ વાંધો નથી. આધુનિક વિશ્વમાં આ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એટલું સહેલું નથી. સાથે સાથે વ્યકિતએ નિરાશા અને વિષાદને કારણે પોતાના પ્રયાસ છોડી દેવા ના જોઇએ.

કેટલાક લોકો અવિશ્રાંતપણે બિનસાંપ્રદાયિક શિક્ષણના ભોગે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેઓ બંને ગુમાવે છે. અને બંને વચ્ચે ઉદ્દેશહીન ભટક્યા કરે છે, આવું કથન પણ અનિચ્છીય છે. બિનસાંપ્રદાયિક શિક્ષણની અવગણના કરવી ના જોઇએ. બિનસાંપ્રદાયિક વિદ્યામાં પ્રવીણતા પ્રાપ્ત કરતી વખતે આધ્યાત્મિક દ્રષ્ટિ પ્રાપ્ત કરવી લાભદાયી છે. આથી, યુવાનોએ રોજ ઇશ્વરનું ધ્યાન ધરવા માટે થોડો સમય ફાળવવો જોઇએ. યુવાનો પ્રવૃત્તિમય વાતાવરણમાં ઉછરે છે. અને સુખી અને શાંતિમય ભારત તેમજ વિશ્વનું નિર્માણ કરવા પોતાની સર્વોત્કૃષ્ટ ક્ષમતા સાથે પ્રયાસ કરે છે. તેમણે સત્તાની ખેવના છોડી દેવી જોઇએ. ભ્રષ્ટાચાર અને અનૈતિકતાને નિર્મૂળ કરવાની ઇચ્છા અને સખત પરિશ્રમ કરવાની ઝંખના દરેક વિધાર્થીનાં હૃદયમાં દ્રઢપણે સ્થાપિત થવી જોઇએ. ભારતમાતાનાં ભાવિનો આધાર તેમના ઉપર છે.અને તે તેની રાહ જોઇ રહી છે. પોતાની માતાની સેવા કરવાની અને તેને ખુશ કરવાની ફરજ બાળકોની હોય છે, એ જ રીતે ભારતમાતાને સુખી કરવાની ફરજ પણ દરેક બાળકની છે. માતૃભૂમિની નિસ્વાર્થ સેવા કરવાનું કાર્ય વ્યકિતના જીવનનો પવિત્ર આદર્શ હોવો જોઇએ. આ રીતે ભારતમાતાની સમર્પિત ભાવે સેવા કરવામાં વ્યસ્ત રહેવું તે તમામ ભારતીયોની ફરજ છે. આ ઋણ અદા કરવાની ભૂમિકાને "દેશનીતિ ” પણ કહી શકાય. આથી દરેક વિધાર્થીએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો વિશાળ પરિપ્રેક્ષ્ય ધ્યાનમાં રાખવો જોઇએ. એક ચરિત્રહીન વ્યકિત પોતાનો ઉત્કર્ષ સાધી શકતી નથી અને દેશનાં પણ કોઇ કામમાં આવતી નથી.

બલિદાન એ પણ ચરિત્રનું એક પાસું છે. આ પણ એક ગુણ છે. જે યુવાનોએ વિકસાવવો જોઇએ. ઘણીવાર એવું વિચારવામાં આવે છે કે, પરમાર્થ અને દાનનાં કાર્યો બલિદાનનાં કાર્યો છે. પરંતુ દાન અને બલિદાન વચ્ચે મોટો ફરક છે. દાન આપનારા લોકો કેવળ પોતાની સંપતિનો એક હિસ્સો બીજાને આપે છે. જમીનની બક્ષિસ, અન્નનું વિતરણ, શારીરિક શ્રમનું પ્રદાન (કરસેવા) શિક્ષણ અને જ્ઞાનનો પ્રચાર વગેરે આ શ્રેણીનાં કાર્યો છે. દાનનાં કામો દ્વારા કોઇપણ મનુષ્ય પોતાના સર્વસ્વનો ત્યાગ કરતો નથી. આનાથી એક કદમ આગળ જઇ કેટલાક લોકો પોતાના ખપ પૂરતું રાખી બાકી બધું સમાજને આપે છે. આવા લોકો વિશ્વમાં ઉંચુ સ્થાન પ્રાપ્ત કરે છે. આપણા પવિત્ર ગ્રંથો સૂચવે છે કે, વ્યકિતએ પોતાની મિલ્કતમાંથી એક હિસ્સો ગરીબ અને નિસહાય લોકોને આપવો જોઇએ. આ સૂચનોને અવગણીને વ્યકિતએ લાલચુ, કંજુસ માણસોની માફક ; સ્વાર્થી, નિર્દયી અને અપ્રમાણિક રીતે લાખો રૂપિયા સંચિત કરવા ના જોઇએ. આવી કૃપણ વ્યકિત ; વહેલી કે મોડી, કોઇ મોટી આપત્તિ કે અધઃપતનની ભોગ બને છે તે અનિવાર્ય છે.

અપ્રમાણિક રીતે એકત્ર કરેલી સંપત્તિ ગરીબોના રકતનાં શોષણનું પરિણામ છે. યુવાનોએ આવી અપ્રમાણિક હસ્તિઓના ગુલામ બની જીવન જીવવાના સાધન તરીકે શોષણનો રાહ અપનાવવો ના જોઇએ. ઇશ્વર પણ આવા શોષણખોર સ્વાર્થી જીવનને માફ કરશે નહીં. બીજાને આનંદ કે સંપત્તિ આપ્યા વિના તેનો સંચય કરનારી વ્યકિતનું તેના મૃત્યુ બાદ ભર્ત્સના થશે. આવા લોકોનાં સંતાનોની  પણ ભર્ત્સના થશે. સંચિત સંપત્તિના ચાર વારસદારો છે. પ્રથમ ;દાનશીલ,બીજો ;રાજા, ત્રીજો ; અગ્નિ અને ચોથો ; વારસ ચોર છે. પ્રથમ દાવેદાર દાનશીલ છે. તેના ફાળે મોટો હિસ્સો જાય છે. વિધાર્થીઓએ આ સત્યની મહત્તાને સમજવી જોઇએ અને પોતે પ્રાપ્ત કરેલી સંપત્તિનો માનવ કલ્યાણ માટે ઉપયોગ કરવો જોઇએ.

સમર્પણ કે બલિદાન એ સર્વોચ્ચ પગલું છે. સાચા સમર્પણની ભાવના ધરાવતી વ્યકિત બીજાઓને પોતાની સૌથી પ્રિય અને મોટામાં મોટી વસ્તુ કોઇપણ પ્રકારનાં હિચકાટ કે ક્ષોભ વિના હસતાં હસતાં અને આનંદથી આપે છે. ત્યાગી પોતાનાં દેહને તણખલાં સમો ગણી તેનો ત્યાગ કરતા પણ ખચકાતો નથી. બલિદાનનો અર્થ ; સંપત્તિ, સોનું અને ભૌતિક વસ્તુઓથી વિશેષ કશુંક આપવું એવો થાય છે. મનુષ્યમાં જન્માંતર દરમિયાન જમા થયેલા નફરત, ઇર્ષ્યા, ક્રોધ જેવા દુર્ગુણોને તિલાંજલી આપવી જોઇએ. સમર્પણ દ્વારા મળતાં સુખથી મોટું કોઇ સુખ નથી. કેવળ સમર્પણ કરનારા લોકો જ અમૃતનાં સંતાનો છે. કારણકે તેઓ હંમેશા જીવિત રહે છે. જયારે આપણે આપણાં મહાકાવ્યનો અભ્યાસ કરીએ છીએ ત્યારે, આપણને આવી બલિદાન કે સમર્પણની ભાવનાઓની મૂર્તિઓ સમાન અનેક પાત્રોનો પરિચય થાય છે. સીબી અને બલિ જેવા રાજાઓ, દધીચિ અને કર્ણ જેવા વીરોનાં ચરિત્રો આ શ્રેણીમાં આવે છે. આજે આપણને રાજનૈતિક આગેવાનો અને વિધાર્થીઓમાં આપણે સમર્પણની ભાવનાવાળી વ્યકિતઓની જરૂર છે. તેમણે સ્વાર્થી વૃત્તિને ભૂલી જઇ, અહમ ભાવને દબાવી દઇ, મનનાં દૌર્બલ્યનો અંત આણી ન્યાયની સ્થાપના અને સમાજનાં કલ્યાણની પ્રતિજ્ઞા લેવી જોઇએ. દુર્ભાગ્યવશઃ શબ્દો તેની મહત્તા ખોઇ બેઠા છે. બલિદાન, ન્યાય, ધર્મ પરાયણતા અને સેવા જેવા શબ્દો આજે તેનાં ખરાં અર્થો ગુમાવી બેઠા છે અને એક ધંધો બની ગયા છે. સ્વાર્થ વૃત્તિ આજે મહાકાય બની વિદ્યાર્થીઓ,રાજકારણીઓ અને શિક્ષણશાસ્ત્રીઓ વચ્ચે વિનાશક રાક્ષસની માફક નાચી રહી છે. સત્તાની લાલસા અને હોદ્દાની કામના આજે લોકોનાં મન ઉપર પ્રભાવીબની ગઇ છે. એક વખત બલિદાન, સમર્પિત જીવન અને પાપ - શોધન માટે જાણીતો આપણો દેશ આજે ઐદિક આનંદ માટેનો અખાડો બની ગયો છે. દેશના અનેક દુઃખો અને બિમારીઓનું આ જ કારણ છે.

આ પરિસ્થિતિનો અંત આવવો જ જોઇએ અને બહેતર જીવનની દિશામાં આમાં પરિવર્તન આવવું જોઇએ. ત્યારે આપણા ઇતિહાસનું પુનરાવર્તન થશે અને આપણાં અગાઉનાં

ગૌરવની પુનઃસ્થાપના થશે. તમારી ભૂમિમાંથી હજારો સમર્પણની ભાવનાવાળા આત્માઓ ઉભા થવા જોઇએ. દરેક યુવાન ભારતીયે ફરી એકવાર સમર્પણની ભાવનાથી સમૃધ્ધ થવું જ જોઇએ.

બલિદાન એ ઉપભોગ કરતા વિષેશ મધૂર છે. બલિદાન જીવનનું ધ્યેય બની જવું જોઇએ. કેવળ બલિદાન દ્વારા જ વ્યકિત શાંતિ મેળવી શકે. જ્યાં સુધી મન પોતે શાંત નહીં થાય ત્યાં સુધી દુઃખ દૂર થશે નહીં. વિષાદે કાયમ માટે આપણામાં વાસ કર્યો છે. આત્માની શાંતિ વિના ગમે તેટલી માત્રામાં સંપત્તિ હોય તો પણ તેનો કોઈ અર્થ નથી. ત્યાગવૃત્તિ સાથે કર્મનાં ફળો ધરી દેવા તેને બલિદાન કહી શકાય. ઉપનિષદો મુકત કંઠે કહે છે કે કેવળ બલિદાન જ અમરત્વ તરફ દોરી જાય છે. બલિદાન એ પરિશુધ્ધતાની મુખ્ય નિશાની છે. આથી દરેક વિધાર્થીએ પોતાનાં જીવનમાં બલિદાનની ભાવના કેળવવી અને દાખવવી જોઇએ. તેણે વિલાસિતતાના રોગનો ભોગ બનવું ના જોઇએ. દુર્ભાગ્યવશ, આજે એક એવો મત પ્રવર્તે છે કે શિક્ષણ, નોકરી માટે છે. નહીં કે જ્ઞાનજયોતિ માટે. આ વિચારણીય મુદ્દો છે. જ્ઞાન તે પ્રકાશ છે. જ્ઞાનનો પ્રકાશ પાથરવો તે શિક્ષણનું ધ્યેય છે. આવું જ્ઞાન મનુષ્યને ખરી શકિત પ્રદાન કરે છે. જ્ઞાન આપણને પદાર્થ અને વ્યકિત વચ્ચેનાં પારસ્પરિક સંબંધોને પારખવા અને દરેક વસ્તુનાં પુર્વોદાહરણ અને પૂર્વ હેતુને જાણવા શકિતમાન બનાવે છે. આ જ્ઞાનના પ્રકાશે મનુષ્યનાં અસ્તિત્વમાં શી રીતે પ્રવેશ કર્યો ? વેદો અને વેદાંત ; ઉપનિષદો, કુરાન, ગ્રંથસાહેબનાં મહાન પુસ્તકો ઉમદા આત્માઓનાં જીવન ચરિત્રો ભૌતિક અને પ્રૌધોગિક વિજ્ઞાન, મનોવિજ્ઞાનના પુસ્તકો દ્વારા મનુષ્ય આ પ્રકાશને પામે છે. જ્ઞાનની સાથે વિવેક બુધ્ધિ અને તર્ક સંગત વિચાર પધ્ધતિ પણ વાંચીને પ્રાપ્તકરી શકાય છે. વ્યકિતએ પવિત્ર ગ્રંથોમાંથી પ્રતિપાદિત કરવામાં આવેલાં જ્ઞાન ઉપર જ આધાર રાખવો ના જોઇએ પરંતુ અનુભવ જન્ય જ્ઞાન ઉપર પણ આધાર રાખવો જોઇએ.

શિક્ષણનું સ્વરૂપ અને વિષયવસ્તુ બંને બદલાવાં જોઇએ. સ્ટોકહોમ યુનિવર્સિટીના પ્રોફેસર ગુન્નાર મિર્ડૉલે ૧૯૭૨માં દિલ્હીની મુલાકાત લેતી વખતે કહેલું કે, "ભારતની શિક્ષણ વ્યવસ્થા પ્રગતિશીલ નથી. તે એવી માનસિકતાને પોષે છે કે, આપણે આપણાં હાથ ધૂળવાળા કરવા ના જોઇએ ". તમામ ભારતીયોએ, ખાસ કરીને વિદ્યાર્થીઓએ આ શબ્દોને યાદ કરવા જોઇએ. આ વિધાન વિજળીનાં પંખા નીચે એરકંડીશન કમરામાં, શારીરિક શ્રમ કે તેનાં તનાવ અને મહેનત વિના પરસેવા અને મેલની ઉપેક્ષા કરી પોતાનાં ઇસ્ત્રી કરેલાં વસ્ત્રોમાં એક કરચલી પણ ના પડે તેવું સુવિધા પરસ્ત જીવન જીવનાની આપણા વિધાર્થીઓની માનસિકતા તરફ અંગુલિ નિર્દેશ કરે છે.

આ અભિગમ ; શિક્ષણ દ્વારા શીખવવામાં આવેલા આજ્ઞાંકિતતા અને વિનમ્રતાના આદર્શોથી જોજનો દૂર છે. વિદ્યાર્થીઓએ સમાજમાં પોતાની આસપાસના લોકોને પોતે મેળવેલા પવિત્ર આદર્શો શીખવવા જોઇએ. તેમણે ગ્રામ્ય પ્રદેશોમાં વાઘનાં બચ્ચાંઓની જેમ ઉછરવું જોઇએ અને તમામ પ્રદૂષણોથી તેમને મુકત કરવા જોઇએ. તેમણે નિરક્ષર ગામવાસીઓને ભણાવી તેમને સ્વમાન સાથે સૌમ્યતાથી જીવવાની તાલીમ આપવી જોઇએ. વિદ્યાર્થીઓએ ગામવાસીઓ સાથે પ્રયાસો હાથ ધરી તેમને આગળ કરવા જોઇએ. આજનાં વિદ્યાર્થીઓએ પોતાના નમૂના રૂપ જીવન દ્વારા આ વિશ્વ સમક્ષ જીવનના આદર્શો મૂકવા જોઇએ.

## શાશ્વત સત્યો

વેદો તમામશાસ્ત્રોની જનેતા છે, વેદો શ્વાચ્છોશ્વાસની માફક સ્વયં ઇશ્વર દ્વારા ઉદભવ્યા છે. લાંબા સમયની તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત થયેલા ખજાનાનાં મૂર્ત સ્વરૂપ જેવા આ વેદોને મહાન ઋષિઓએ, શ્રેણીબધ્ધ ધ્વનિનાં સ્વરૂપમાં પ્રાપ્ત કર્યા અને તેમણે ગુરૂ - શિષ્ય પરંપરા દ્વારા મૌખિક શબ્દોથી વિશ્વ ભરમાં તેમને  પ્રસારિત કર્યા હતા. વેદો “ સંભળાયા ” હતા એટલે અને પેઢીઓથી એ રીતે સચવાયેલા હોવાથી તેને “ શ્રુતિ ” કહે છે. વેદો અંતહીન છે. કોણે વેદોની રચના કરી ? આજ સુધી તેમનાં નામો જાણી શકાયા નથી. જેમણે આ વેદોનું ગાન કર્યું હશે તે ઋષિઓને કદાચ કીર્તિની કોઇ ખેવના હશે નહીં, કારણકે વેદોમાં કયાંય પણ તેમનાં નામોનો ઉલ્લેખ નથી. કદાચ તેમને માટે પોતાનાં નામો કે કબીલા કે સંપ્રદાયની કોઇ અગત્યતા હશે નહીં. આ ઋષિઓ જે હોય તે પણ તેઓ સર્વજ્ઞ હતા, એટલું નિશ્ચિત છે. કારણકે વેદોમાં જોવા મળતી સમાનતાની ભાવના આવી જ્ઞાની વ્યકિતઓનાં અંતર્હિત ગુણો છે. આથી વેદો સર્વશકિતમાન એવી વિભૂતિઓ દ્વારા વિશ્વને પ્રદાન કરવામાં આવ્યા છે તેમ કહેવું તે યોગ્ય જ છે. “ વેદ ” શબ્દની વ્યુત્પત્તિ “ વિદ્” ધાતુમાંથી થઇ છે. “ વિદ્ ” એટલે “ જાણવું ”. ' વિદમ તુ આનેના ઇતિ વેદા : ” જે તમામ જ્ઞાનનું રહસ્યોદ્ઘાટન કરે છે અને સ્પષ્ટ કરે છે તે વેદ છે ” વેદો સીમિત બુધ્ધિથી જાણી શકાતા નથી. તેમજ સીમિત અનુભવોથી પણ તેને પામી શકાતા નથી. પવિત્ર વેદો બધાને જે સૂચવે છે તે વ્યકિતની આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી છે તે વ્યકિતને તમામ પ્રકારના દુઃખ અને ગ્લાનીમાંથી બહાર આવવાનાં સાધનો અને પધ્ધતિઓ સુચવે છે. તે વ્યકિતને તમામ આધ્યાત્મિક શિસ્ત શીખવે છે. જે ચિર સ્થાયી શાંતિ આપી શકે. કોઇપણ વ્યકિત વેદોના ઉદભવ કે અંતને જાણી શકયું નથી. આથી, તેને અનાદિ અને સનાતન કહી બિરદાવવામાં આવે છે. તેના પ્રથમ અને અંતિમને પારખી શકાયા ન હોવાથી તે નિત્ય છે, નિરંતર છે. મનુષ્યની બુધ્ધિ દૂષિત છે. પરંતુ વેદમાં દોષનો અંશ સુધ્ધાં ના હોવાથી એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે, વેદો મનુષ્યનું સર્જન ના હોઇ શકે.

વેદો તેમની પોતાની અધિકૃતતા ધરાવે છે. પ્રત્યેક વૈદિક ધ્વનિ પવિત્ર છે કારણ કે તે વેદનો હિસ્સો છે. જેઓ વેદોમાં અને તેની અધિકૃતતામાં વિશ્વાસ ધરાવે છે, તેઓ વ્યકિતગત રીતે આ અનુભવી શકે છે. મહાન ઋષિઓ આવા અનુભવોથી સંપન્ન હતા અને તેમણે જ્ઞાનના સ્ત્રોત તરીકે તેની પ્રશંશા કરી હતી. આ અનુભવો સ્થળ-કાળથી નિરપેક્ષ છે. તેમની આધારભૂતતા અને મૂલ્યો; કેવળ ભારત જ નહીં પરંતુ બીજા દેશના લોકોએ પણ સ્વીકાર્યા છે. એવું કહી શકાય કે, વેદોએ મૂળભૂત સત્યો પ્રતિપાદિત કર્યા છે.

વૈદિક ધર્મો કયારે ઉદ્દભવ્યા તે આપણે જાણતા નથી, પરંતુ બીજા ધર્મો પાછળથી આવ્યા છે. આ ફરક છે. આથી, જો સનાતન સત્યને જાણવું હોય તો તેને મનુષ્ય જે કૌશલ્ય અને સામર્થ્ય ધરાવે છે તેનાથી જાણવું અશકય છે. માનવીય બુધ્ધિ કેવળ કેટલીક સીમાઓમાં જ કામ કરી શકે છે “બુધ્ધિ ગ્રાહ્યમ્ અતીન્દ્રિયમ્” પરંતુ વેદો બુધ્ધિની પરિસીમાની બહાર છે. બુધ્ધિ સીમિત છે. તે કેવળ ઇન્દ્રિયો અને ઇન્દ્રિયગમ્ય અનુભવોના આધારે શોધાયેલી હકીકતો સાથે જ પનારો પાડી શકે છે. તે કેવળ દ્રષ્યમાન અને વ્યવહાર્યનાં ક્ષેત્રમાં જ કાર્ય કરી શકે છે.

વેદ માતા તેમનાં સંતાનો - માણસ જાત - પ્રત્યે દયાળુ છે. માણસ જાતની પ્રબળ ઇચ્છાને સ્વીકાર્ય બનાવવા અને તેનું ઉથ્થાન કરવા તેણે કાળની વિભાવના અને તેના ઘટકો જેવાં કે વર્ષો, મહિનાઓ, દિવસો, કલાકો, મિનિટો અને સેકંડોની વિભાવના રજુ કરી છે. ઇશ્વરને પણ કાળનાં બંધનોથી બંધાયેલો ઘોષિત કરવામાં આવ્યો છે. વ્યકિત અથવા જીવ; કાળ અને સ્થળનાં ચક્રમાં ફસાયેલો છે. અને તેમાંથી મુકત થવાનાં ઉપાયથી અજાણ તે આ ચક્રમાં ઘૂમરાયા કરે છે. વેદો તેને આ સત્ય સમજાવવાનું અને તેની જાતને આ સંકુચિતતામાંથી મુક્ત કરવાનો ઉપાય બતાવવાનું કામ કરે છે. વેદ માતા કરુણમયી છે. તે તેનાં સંતાનોને સંશય અને અસંતોષમાંથી મુકત કરવા ઝંખે છે. તે કોઇને ઉત્તેજિત કે ભ્રમિત કરવાની ઇચ્છા રાખતી નથી. જ્ઞાની પુરુષો આ બરાબર જાણે છે.

ગુરૂત્વાકર્ષણ આ પૃથ્વી ઉપર ક્યારથી અસ્તિત્વ ધરાવે છે તે કોઇ જાણતું નથી. પૃથ્વીના ઉદભવ સાથે તેનો પણ ઉદભવ થયો છે. પૃથ્વી અને તેનું ગુરૂત્વાકર્ષણ બંને અભિન્ન છે. કેટલાક લોકો તેને પારખી શક્યા નથી અથવા તો તે દ્રશ્યમાન નથી, એટલા જ માત્રથી પૃથ્વીમાં તેના અસ્તિત્વનો ઇન્કાર કરવો તે મુર્ખામી છે. પરંતુ આ બળ પૃથ્વીના અસ્તિત્વ સાથે હયાત હોવા છતાં હકીકત એ છે કે, આ વૈશ્વિક પરિબળને કોઇ જાણતું નહોતું. જયારે મનુષ્ય તેનાથી અજાણ હતો ત્યારે પણ આ પરિબળ કાર્યાન્વિત હતું. આખરે, પશ્ચિમના ભૌતિકશાસ્ત્રી ન્યુટને જુદા જુદા સિધ્ધાંતોનું વિશ્લેષણ અને જુદા જુદા પ્રયોગોનાં અવલોકનોના આધારે જાહેર કર્યું કે, પૃથ્વી

પોતાનું ગુરૂત્વાકર્ષણ બળ ધરાવે છે. આખી દુનિયાએ તેનાં વિધાનને સ્વીકાર્યું અને તેનાં સત્યમાં વિશ્વાસ મૂક્યો. પરંતુ, આ પરિબળ; ન્યુટને ઘોષણા કરી તે પૂર્વે પણ હંમેશા કાર્યાન્વિત હતું. તે પ્રયોગોનું નિદર્શન કરવામાં આવ્યું ત્યારે એકાએક કાર્યાન્વિત બન્યું નહોતું.

વેદો સનાતન સત્યો છે; તેઓ આ ભૂમિનાં લોકોએ તેને શોધી કાઢ્યા, આચરણમાં મૂક્યા અને અનુભવ્યા તે પૂર્વેથી અસ્તિત્વ ધરાવે છે. પશ્ચિમનાં ભૌતિકશાસ્ત્રીઓએ તેમના પ્રયોગો બાદ ગુરૂત્વાકર્ષણનાં અસ્તિત્વની ઘોષણા કરી હતી. તેમ આ ભૂમિના પ્રાચીનોએ વેદોની અધિકૃતતા દર્શાવી હતી. અહીં, પણ વેદો; શોધાયા અને આચરણમાં મૂકાયા તે પૂર્વેથી અસ્તિત્વ ધરાવતા હતા. ન્યુટનનો ગુરૂત્વાકર્ષણનો સિધ્ધાંત આખી દુનિયામાં લાભદાયી નીવડ્યો છે. આ સિધ્ધાંતો તમામ સ્થળ-કાળને લાગુ પડતા સાર્વત્રિક સત્યોને વ્યકત કરે છે. 'તે કેવળ પશ્ચિમનાં દેશો પૂરતા સીમિત નથી. એ રીતે વેદો; કેવળ ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર પૃથ્વીના લોકો માટે સત્ય છે.

ભારતને વેદોની જન્મભૂમિ ગણવી તે સાચું નથી. વધુમાં વધુ એટલું કહી શકાય કે, ભારતના લોકોએ તેને શોધી કાઢયા છે. શા માટે એક સ્થળની ઘટના અન્ય સ્થળે પણ બનતી નથી ? આવો સવાલ કરવો તે પણ અસ્પષ્ટ મનની નિશાની છે; દૈવી લેખકો નકકી કરે છે કે, શું કયારે બનવું જોઇએ. તે જે રીતે નકકી કરે છે, તે મુજબ ઘટના બને છે. વેદોનાં પ્રાગટય અને વિકાસ માટે ભારતનું વાતાવરણ અનુકૂળ હતું. વેદો! આ ભૂમિનાં ઋષિઓનાં હૃદયો તરફ આકર્ષિત થયા હતા.

બીજા દેશોએ ભોગનું અનુસરણ કર્યું હતું. અને એટલે તેમનું વાતાવરણ દુન્યવી ઇચ્છાઓ અને સિધ્ધિમાં રત હતું. આથી વૈદિક સંદેશ ત્યાં સહેલાઇથી સમજી શકાયો નહતો. ભારતમાં ભૌતિક હેતુઓની સાથે સાથે આધ્યાત્મિક શોધનું પ્રામાણિકપણે અનુસરણ કરવામાં આવી રહ્યું હોવાથી અહીંના લોકો, વેદમાતાનાં પ્રાગટય માટે સદભાગી બન્યા. બેશક, આનો અર્થ એવો નથી કે, વેદમાતા બીજા લોકોને આશીર્વાદ આપતા નથી કે ત્યાં તેની અનુપસ્થિતિ છે. ગુરૂત્વાકર્ષણનાં બળની જેમ તે સર્વત્ર હયાત છે. વેદો સર્વવ્યાપી છે. ભારતના વિર ઋુષિઓ; ઇન્કાર અને ત્યાગની સાધના, ધ્યાન ધરવાની તેમની ક્ષમતા તેમજ તેના આચરણનાં કારણે મળતા પરમાનંદનાં પરિણામે વેદોનો સંદેશ ઝીલી શક્યા હતા. તેઓ એટલા નિ:સ્વાર્થ અને કરુણા અને પ્રેમ સભર હતા કે, તેમણે પોતાના સંસર્ગમાં આવનારાઓ સાથે પોતે જે સાંભળ્યું અને અનુભવ્યું તેની રજુઆતો કરી હતી. આથી તેઓ “મંત્ર દ્રષ્ટા” કહેવાય છે. તેમનાં સિધ્ધાંતની લાંબી પરંપરામાં આ સંદેશ યુગોનો પંથ કાપી આગળ વધતો રહયો છે અને સમગ્ર

પૃથ્વી પર ફેલાયો છે. સતત વહેતા રહેતા પૂરની માફક, રહસ્યમય વેદોનાં; ઋષિઓએ એક દ્રષ્ટાની માફક દર્શન કર્યા હતા. ભારતના લોકો આ ત્રુણ પ્રત્યે પૂરેપૂરા સભાન છે.

ભારતના ધર્મગ્રંથો વેદો-વેદાંતો-ઉપનિષદો, સ્મૃતિઓ, પુરાણો અને ઇતિહાસ અનેરાં જ્ઞાનનો ભંડાર છે. આ પ્રત્યેક મીઠાં દૂધનો એક એક મહાસાગર છે. દરેક ગ્રંથ પુનિત અને પવિત્ર છે. સમુદ્રનાં પાણીને ઉલેચવા ગમે તેટલા પંપ કામે લગાવીએ તો પણ તેની માત્રા ખતમ થતી નથી, સૂર્યની ગરમીથી તેનાં પાણીનો  વિપૂલ જથ્થો વરાળ બને છે, તેનાં વાદળો બંધાય છે. વરસાદ વરસે છે. આનાથી મબલખ પાક મળી રહે છે. ધરતી; વનસ્પતિથી લીલીછમ રહે છે. નવાઈની વાત એ છે કે આટલી મોટી માત્રામાં પાણીનો જથ્થો આકાશમાં જઇ પાછો ધરતી ઉપર વરસે છે છતાં પણ સમુદ્રની સપાટી એક ઇંચ પણ નીચી જતી નથી. વધુમાં, હજારો જીવંત નદીઓ પોતાનાં નીર સમુદ્રમાં ઠાલવતી હોવાં છતાં સમુદ્રની સપાટી વધતી દેખાતી નથી. એ જ રીતે જે વ્યકિતઓએ ધર્મગ્રંથોમાં રહેલા બોધપાઠોને આચરણમાં મુકી પ્રાપ્ત કરેલી તેની આધારભૂતતાની ચેતના સાથે આ ગ્રંથો અંગેનાં પોતાના જ્ઞાનમાં વધારો કર્યો છે . તેમને ગમે તેટલા સ્રોત અને માત્રામાં થતી તેમની પ્રશંસા કે નિંદાની કોઇ જ અસર થતી નથી. તેમનાં હૃદયો; શુધ્ધ, નિસ્પૃહ અને શાંત જ રહે છે. ભારતનાં પવિત્ર ગ્રંથો આવા શકિતદાયક બોધપાઠોના ગઢ સમાન છે.

અલબત્ત, કોઇપણ વ્યકિત પોતાની ધીરજ અને બૌધિક કુશળતા જેટલા જ આ બોધપાઠો શીખી શકે છે. આ ગ્રંથોમાં પ્રવીણતા મેળવી અને આ બોધપાઠોને ખરેખર આચરણમાં મૂકવાના અનુભવ પ્રાપ્ત કરીને વ્યકિત બીજાઓ સાથે આ દિવ્ય પ્રકાશ અને આનંદ અંગે આદાન પ્રદાન કરી શકે. ભારતનાં ધર્મગ્રંથો આ સત્યોને વાસ્તવિક આચરણમાં મૂકવા પર અને તેનો અનુભવ કરી તેની સચ્ચાઇની પ્રતીતિ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે.

જો કોઇ વ્યકિત ભારતના પવિત્ર પુસ્તકો અને ધર્મગ્રંથોને સ્પષ્ટપણે સમજવાની, તેના સંદેશને ગ્રહણ કરવાની, ઇચ્છા ધરાવતી હોય તો તેણે સંસ્કૃત ભાષા શીખવી જોઇએ. તે આ જવાબદારી અને કર્તવ્યને ટાળી ના શકે. સંસ્કૃતનું નામ પડતાં આપણામાંથી ઘણાનો પૂર્વગ્રહ યુક્ત અભિગમ સામે આવે છે. “સંસ્કૃત તો મૃત પ્રાયઃ સંસ્કૃતિની મૃત ભાષા છે - સમકાલીન આધુનિકો આવો દાવો કરશે. તેઓ આ ભાષાને વખોડતા કહે છે કે, તે કેવળ અર્થહીન સૂત્રો, ઝડપભેર નામશેષ થઇ રહેલાં અનુષ્ઠાનો, ઉત્સવો અને લગ્ન વિધિઓમાં અને ક્રિયાઓ પૂરતી બચી છે. એવું પણ કહેવામાં આવે છે કે, તે શીખવી બહુ અઘરી છે. આવી માન્યતા, આધુનિકોનાં મનના આવા વંધ્ય અભિપ્રાયો અને ખોટાં વલણો દૂર કરવા જોઇએ.

સંસ્કૃત એક અમર ભાષા છે. તે શાશ્વત અવાજ છે. તેનો સાદ સદીઓથી સંભળાઇ રહ્યો છે. તે વિશ્વભરની તમામ ભાષાઓમાં રહેલું મૂળભૂત જીવંત સત્વ ધરાવે છે. સંસ્કૃતને તમામ ભાષાઓની જનની તરીકેનો આદર આપો. તેની મહાનતાની અવગણના ના કરો અથવા તો તેના અંગે અનુચિત વાતો ના કરો. જયારે તમે વેદોએ પ્રદાન કરેલા મધુપર્કથી તમારી તરસ છીપાવવા માંગો છો, ત્યારે તમારે સંસ્કૃત શીખવું જ જોઈએ. વેદોનાં અર્થઘટનો કરવાં અને તેનાં આંતરિક હાર્દ અને રહસ્યોને સવિસ્તાર સમજવાં માટે ઋષિઓ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને જયોતિષશાસ્ત્ર જેવા પૂરક વિજ્ઞાનોના પાઠયપુસ્તકો પાછળ મૂકી ગયા છે. તેમનાં સંશોધનો અને પુસ્તકો; જ્ઞાનનાં અનેક ક્ષેત્રો જેવા કે ખગોળશાસ્ત્ર, ભૂગોળ, ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, જ્ઞાનશાસ્ત્ર, સંગીત, માનસશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર સુધી ફેલાયેલાં છે. પશ્ચિમનાં વિજ્ઞાનીઓ; તેમણે શોધી કાઢેલી અજાયબીઓ અને બીજા વિજ્ઞાનોમાં તેમણે શોધી કાઢેલા સત્યો પ્રત્યે માનની લાગણી અનુભવે છે.

આ ઋષિઓએ આપેલી કડીઓથી તેમને ફાયદો થયો છે. તેઓ આ પ્રાચીન મનીષીઓની શોધોમાંથી પ્રેરણા મેળવી તેમાં વધુ સંશોધનો કરી રહ્યા છે. તેમણે એ સ્વીકાર્યું છે કે, આ ઋષિઓ ગ્રીકોનાં ખગોળીય જ્ઞાન કરતાં ખૂબજ આગળ હતા. વેદો અને તેનાં પૂરક સાહિત્યમાં આપણે જોઇ શકીએ છીએ કે, અણુનાં અસ્તિત્વ અને તેના વિસ્ફોટની સંભાવનાઓ જેવાં કુદરતનાં ઘણાં રહસ્યો અગાઉથી જ સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. જેને આધુનિક વિજ્ઞાને ક્રાંતિકારી શોધો તરીકે બિરદાવ્યા છે. અથર્વવેદના ઘણાં વિભાગો તેમને અગત્યની માહિતીઓની ખાણ જેવા લાગ્યા છે. જર્મનીએ નાડીગ્રંથો અને જન્મકુંડળીઓ, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ, રસાયણશાસ્ત્ર, વિષ-વિજ્ઞાન, ગણિત, ઇત્યાદિનાં તાડપત્રો ઉપર લખાવેલી હસ્તપ્રતોનું સંશોધન કરવા એક વિશેષ સંસ્થાન અને યુનિવર્સિટીની સ્થાપના કરી છે. તેઓ આ કામ સફળ થાય એટલા માટે સંસ્કૃત ભાષા શીખી રહયા છે. અમેરિકા, રશિયા અને અફઘાનિસ્તાનમાં પણ કેવળ યુનિવર્સિટીઓ જ સંસ્કૃત ભાષા દાખલ કરવા ઉત્સક નથી પરંતુ વિદ્વાનો પણ તેના ઉપર ભાર મૂકે છે. વિદેશીઓ ભારતના આ ગ્રંથોને સદભાગ્ય પૂર્ણ શોધનાં રત્નો સમાન ગણાવે છે.

યોગ-વિજ્ઞાનનું ભૂતકાળમાં ભારતીયોમાં ખૂબ પ્રાધાન્ય હતું. આજે પણ ઘણા દેશમાં આ વિજ્ઞાનનો અભ્યાસ કરવામાં આવે છે. અને સમગ્ર અમેરિકા અને રશિયામાં યોગાસનો શીખવતી અનેક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. ભારતમાં, અલબત્ત જયારે યોગના અભ્યાસ કે ધ્યાનનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે લોકોનો એવો પ્રતિભાવ હોય છે કે, તે વેદાંતની એક જ્ઞાન શાખા સાથે સંબંધિત આધ્યાત્મિક માર્ગ છે. યોગનું નામ પડતા અનેક લોકોનાં મનમાં આ શબ્દથી ગાઢ જંગલમાં સાધુના ભગવા વસ્ત્રો ધારણ કરી ફળો અને કંદમૂળો ઉપર પોતાનું

જીવન ગુજારતા કોઇ એકલવાયા તપસ્વીનું ચિત્ર ઉપસી આવે છે. તેમનો મત એવો છે કે, યોગ-સાધના એક પ્રાચીન આધ્યાત્મિક શિસ્ત છે, જેને આવા ગૃહ વિહોણા સાધુઓ અનુસરતા હતા. આ એક અજ્ઞાનવશ કરેલી ધારણા છે; તે બિલકુલ સાચી નથી. યોગ વિજ્ઞાનમાં આજે પશ્ચિમના દેશમાં ભૌતિક  વિજ્ઞાનીઓ અને બીજાઓ શોધ કરી રહ્યા છે.

આજના આ યંત્ર વિજ્ઞાનના યુગમાં શાંતિમય જીવન જીવવું વધુને વધુ મુશ્કેલ બની રહયું છે. મનુષ્ય જુદા જુદા પ્રકારના માનસિક વ્યાધિનો ભોગ બની રહયો છે. અમેરિકા અને ઇંગ્લેંડ જેવી સભ્યતાના મોખરાના દેશોમાં લોકોએ રાત્રિની પ્રાકૃતિક નિંદ્રાનું સુખ ગુમાવી દીધું છે. તેઓ ઉંઘની ગોળી ગળી કૃત્રિમ નિંદ્રા લેવાનો અનુભવ જ ધરાવે છે. આવી અને બીજી બિમારી દૂર કરવા લીધેલી બીજી ગોળીઓને પરિણામે તેઓ હૃદય રોગ અને રકતચાપના (બ્લડપ્રેશરના) રોગના ભોગ બની રહ્યા છે. અંતમાં તેઓ પોતાની જાતને ભગ્ન નૌકાના હવાલે કરે છે. આવું જીવન ખૂબ જ કૃત્રિમ છે. લોકો ભય અને આવેગમાં ડૂબેલા રહે છે. માનસિક દ્રષ્ટિએ એક બાજુ અને શારીરિક દ્રષ્ટિએ બીજી બાજુ તેમને કોઇ ચેન નથી. દવાઓ; કેપ્સ્યુલ્સ અને ગોળીઓનું ઉત્પાદન લાખોની સંખ્યામાં થાય છે. પરંતુ સામાન્ય આરોગ્યની સ્થિતિ સુધરી નથી . આ ઉપરાંત, નવી અનેકવિધ બિમારીઓ ઉદભવી છે અને તે ખૂબજ ઝડપથી વિકાસ પામી રહી છે . કેટલાક પાશ્ચાત્ય બુધ્ધિજીવીઓને એવું લાગ્યું છે કે, તેમનું એકમાત્ર શરણું યોગ છે ! તેમણે સ્વાનુભવના આધારે પોતાના તારણોની ખાત્રી મેળવી છે અને વધતી શ્રધ્ધા સાથે યોગ અપનાવ્યો છે.

વેદો મનુષ્યનું સૌથી જૂનું સાહિત્ય છે પરંતુ હવે “સાહિત્ય" શબ્દ ચાલું લખાણો માટે વપરાય છે. તેનું કોઇ આંતરિક મૂલ્ય કે મહત્તા નથી. તેઓ વાચકોમાંરહેલા સારાં ચરિત્રનાં ગુણો ભૂંસી નાખે છે. તેઓ સત્યના માર્ગનું અનસરણ કરતા નથી. પરંતુ સાહિત્ય એક એવો શબ્દ છે. જે ભ્રામક વાતો કરનારાં લખાણો કે કવિતાઓ માટે વાપરી શકાય નહીં તે વ્યકિતનાં અહમમાંથી ઉદભવવું ના જોઇએ. વેદો; ભારતના આધ્યાત્મિક જીવનમાં વસતો આત્મા છે. લોકોને જીવંત રાખનારો તે પ્રાણવાયુ છે. તેની અસર આશ્ચર્યકારક છે. તેઓ મંત્રોના ધ્વનિથી ભરેલા છે. વૈજ્ઞાનિક પ્રક્રિયામાંથી જેઓ પસાર થાય છે. તેમને તેનો અનુભવ થાય છે. તેઓ તાંત્રિક પ્રકારનાં પ્રતીકો અને સૂત્રોમાંથી પણ પ્રાપ્ત કરી શકાય તેવી શકિત આપે છે. “તંત્ર” નો અર્થ છે, વ્યકિતના ખુદના ભલા માટે મંત્રોનો ઉપયોગ કરવાનું સાધન અને પધ્ધતિ. “મનુષ્ય કેવળ શારીરિક અને ભૌતિક શકિત જ ધરાવે છે. તે જયારે જીવનનું યંત્ર; મંત્ર અને તંત્રથી ચલાવવાનું શરૂ કરે છે. ત્યારે તેનું કર્મ, પવિત્ર અને પુનિત બને છે. સાધનાની આ પધ્ધતિ વેદોની કર્મકાંડની સાધના છે. પ્રાચીન ત્રષિઓએ આ જાણ્યું હતું અને માણસ જાત માટે તેમણે

તે ચાર વેદોમાં સાચવી રાખ્યું. આ સત્યને ગ્રહણ નહીં કરી શકનારા, પોતાની જાતને "આધુનિક" ગણાવતા લોકો કહે છે કે, વેદોમાં કેવળ કાવ્યો અને મંત્રો છે અને જેને રટણ કે ગોખણ પટ્ટી દ્વારા વૃધ્ધો શીખે છે. કેવળ આધુનિકો જ નહીં પરંતુ "આગળ પડતા પંડિતો" નો વિશેષ દરજ્જો જેમને પ્રાપ્ત છે, જેઓ લોક ચાહના મેળવી ચૂકયા છે તેવા લોકો પણ વેદોનો ઉપયોગ આધ્યાત્મિક માર્ગમાં ઉન્નતિ પ્રાપ્ત કરવા માટે કરતા નથી, પરંતુ કેવળ પોતાની ભૌતિક સુવિધામાં વૃદ્ધિ કરવા માટે જ કરે છે. વેદો જેને માટે અસ્તિત્વ ધરાવે છે તે પવિત્ર કાર્યો શોધી કાઢવા તેઓ અશકિતમાન છે. જયારે પણ અવકાશ મળે છે ત્યારે તેઓ શિષ્યવૃત્તિનો ફાયદો મેળવે છે. પરંતુ તેઓ પોતાના દૈનિક જીવનને પાવન કરવા વેદોનો ઉપયોગ કરવા ઉત્સુક કે શક્તિમાન નથી. પરિણામે, "આધુનિકોને" વેદોમાં વિશ્વાસ કેળવવો અસંભવ લાગે છે.

જયારે પંડિતો પોતે જે શીખ્યા છે તે વેદોનું આચરણ કરવા પ્રયાસ કરતા ના હોય અને તેઓ તેમના પોતાના બાળકોને શ્રધ્ધા વિના વેદોનાં ગૌરવની વાતો કરતા હોય ત્યારે તેઓ સમગ્ર સમાજમાં અશ્રધ્ધા ઉભી કરે છે.

વૈદિક ઋચાઓના અર્થથી અજાણ વ્યકિતઓ પોતાના અજ્ઞાન છતાં ભરી બજારમાં આ પવિત્ર મંત્રોનું યંત્રવત રટણ કરતાં ચાલ્યા જતા હોય છે. વિદેશીઓ ખાસ કરીને જર્મન વિદ્વાનો; વેદોને ગોખીને શીખ્યા નથી. તેમ છતાં તેઓ સમજયા છે કે આ મંત્રોમાં અનહદ શકિત રહેલી છે અને તેમાંથી તેનો સંચાર થાય છે. તેઓ સદીઓ પૂર્વે વેદોના વિભાગો તેમના પોતાના દેશમાં લઇ ગયા હતા અને તેના ઉપર ધીરજ અને મહેનત સાથે સંશોધન કાર્યો હાથ ધર્યા હતાં. પરિણામે, તેમણે અજ્ઞાત રહસ્યોને છતાં કર્યા છે. તેમણે જાણ્યું છે કે વેદોમાં મનુષ્યની પ્રગતિના આશીર્વાદ આપનારી તમામ કલાઓનાં રહસ્યો સમાયેલાં છે.

વેદનાં વિશેષણ સાથે અનેક ધાર્મિક ગ્રંથો રચાયા છે. ધનુર્વિદ્યાનો વેદ, આયુર્વેદ, જયોતિર્વેદ, (તારાઓ અને ગ્રહોનો વેદ) આવા ઘણાં પુસ્તકો રચાયાં અને પ્રસારિત થયાં છે.

ઋષિ વિશ્વામિત્રે ગાયત્રી મંત્ર શોધી કાઢયો હતો જે સૂર્યની શક્તિની સ્તુતિ છે. આ મંત્રમાં અનંત શકિત ભરેલી છે. તે શકિતદાયક સૂત્ર છે. તે ખરેખર આશ્ચર્યકારક એવી અનહદ શકિત ધરાવે છે. કારણકે તેનો અધિષ્ઠાતા દેવ સૂર્ય છે. રામાયણના વિદ્યાર્થીઓ જાણે છે કે, આ જ ઋષિ વિશ્વામિત્રે રામને "આદિત્ય હૃદયમ્" ના મંત્ર દ્વારા સૂર્ય ઉપાસના કરવાની પ્રેરણા આપી હતી. ગાયત્રી મંત્રે વિશ્વામિત્રને કેટલાક દુર્લભ શસ્ત્રોનો ઉપયોગ કરવાની શકિત આપી હતી. આ શસ્ત્રો; મંત્રોનું શ્રધ્ધા પૂર્વક રટણ કરવાથી તેમનાં વશમાં થતાં હતાં. આ શકિત તેમણે આ માર્ગે પ્રાપ્ત કરી હતી. વિશ્વામિત્ર મહાન વિજ્ઞાની બની શકે તેમ હતા અને તેઓ આ બ્રહ્માંડની

પ્રતિકૃતિ રચી શક્યા હોત. જે વ્યકિત પોતાના બાહુબળ અને ઇન્દ્રિયોનું સામર્થ્ય વધારવા શકિતમાન હોય તેને આજે “વિજ્ઞાની” કહે છે. પરંતુ આ વિજ્ઞાની શબ્દ ભૂતકાળમાં જેમણે આધ્યાત્મિક શક્તિ વિકસાવી હોય, જેમણે આપણી અંદર રહેલા દિવ્યાત્મા અંગેના સુત્રો શોધી કાઢયા હોય, જેઓ શ્રધ્ધા અને ભક્તિમય જીવન વ્યતિત કરતા હોય અને જેઓ રોજબરોજનાં વાસ્તવિક જીવનમાં સ્વયંસ્ફૂર્તપણે આ શકિત દર્શાવી શકતા હોય, તેમને માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો. બીજી બાજુ આજના “વિજ્ઞાનીઓ” થોડું ઉપર છલ્લું જ્ઞાન ધરાવે છે. તેઓ જે કંઇ શીખ્યા હોય તેને અતિશયોકિત પૂર્વક રજુ કરે છે. તેમને દેખાવ અને અભિમાન દર્શાવવા ગમે છે. તેઓ પ્રશંસાની બાષ્પ ઉપર સવાર થઇ આકાશમાં ઉડે છે. આવી અસંગતિ વિજ્ઞાનીઓનાં સાચાં લક્ષણોથી વિપરિત છે. કારણ કે તેઓ ખૂબ નમ્ર અને સૌમ્ય સ્વભાવના હોય છે. તેમને ખબર છે કે તેઓ ગમે તેટલું જાણે તો પણ તેઓ જે જાણતા નથી એવું ખૂબ વિશાળ ક્ષેત્ર પડેલું છે અને જે કંઈ થોડું તેઓ જાણે છે તેને માટે દિવ્યાત્માની કૃપા જવાબદાર છે.

વિશ્વામિત્ર વિજ્ઞાની હતા જેમણે આ સત્ય જાણ્યું હતું. આથી તેમનાથી કોઇ મોટો વિજ્ઞાની નથી. પરંતુ આવી અનહદ શક્તિમત્તાવાળા સાધુ હોવા છતાં આ દેશના લોકો તેમને યાદ કરતા નથી. તેઓ એ વિદેશીઓનો આદર કરશે જેમણે તેમની મહાનતાની ઝાંખી કરાવી તેઓ એ સંશોધકોમાં વિશ્વાસ મૂકશે જેમણે વેદોના મૂલ્યવાન બોધપાઠો દર્શાવ્યા છે. વેદ; ભારતની માતા છે. પરંતુ તેના સંતાનો હવે તેનો આદર કરતા નથી. તેઓ સાવકી માતાનો આદર કરે છે અને તને માને છે. અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થાનું આ પરિણામ છે.

ભારતના પ્રાચીન ઋષિઓની વૈજ્ઞાનિક-સિધ્ધિઓ અંગે વધુને વધુ તપાસ કરતાં આપણને ભારદ્વાજ ઋષિએ અવકાશમાં ઉડી શકે તેવા વિમાનની રચનાનું કરેલું વર્ણન મળે છે. મનોવિજ્ઞાન એટલું વિકસી ચૂકયું હતું કે, તેઓ જે ઘટના બની હોય તેનું પુનર્નિમાણ કરી શકતા હતા. અને જે બનવાનું હોય તેની આગાહીઓ કરી શકતા હતા. તબીબી વિજ્ઞાન ભારતમાં ખૂબજ વિકાસ પામ્યું હતું. ભારદ્વાજ ઋષિએ પણ માણસ જાતનાં ભલા માટે આ વિજ્ઞાન શીખવ્યું હતું. અત્રેય ઋષિએ આ વિજ્ઞાન અને ચિકિત્સા પધ્ધતિનો પ્રચાર કરવાનું કાર્ય હાથમાં લીધું હતું. સંત ચરકે તમામ શોધખોળોને “સંહિતા” કે સંગ્રહમાં ગ્રંથસ્થ કરી હતી. તેમના નામ સાથે આ ગ્રંથ ચરક સંહિતાના નામે ઓળખાય છે. તેમાં વિસ્તાર પૂર્વક રોગ નિદાન, ચિકિત્સા અને સુશ્રુષા પધ્ધતિઓ, વાજીકરણ, સહેલાઇથી શોધી ના શકાય એવી બાબતો વર્ણવવામાં આવી છે. પ્રાચીન કાળમાં વેદાંત; દરેક વિભાગ, દરેક વર્ણ, દરેક સમુદાય અને દરેક વંશના અનુયાયીઓ અને સ્ત્રી-પુરુષો તમામ વ્યકિતઓની ન્યાય સંગત સંપત્તિ હતું. વેદાંતનો અર્થ છે “જ્ઞાન”. આ

“જ્ઞાન” કયા ક્ષેત્રનાં જ્ઞાન સાથે સંબંધિત છે ? આ જ્ઞાન આત્માનાં જ્ઞાન પર આધારિત છે. આ જ્ઞાન; જીવની પરમ પ્રાપ્તિ છે. મનુષ્ય પોતાની જાત પ્રત્યે સભાન બને તેનાથી મોટી બીજી કઇ પ્રાપ્તિ હોઇ શકે ? પોતાની જાતને જાણવાની સંભાવના ઉપરનો વિશ્વાસ શ્રુતિ અને સ્મૃતિના તમામ વિદ્યાર્થીઓ માટે ખૂબજ જરૂરી છે. દેખાતી વસ્તુથી દ્રષ્ટા-આત્મા-તદ્દન ભિન્ન છે. આ સાર્વત્રિક રીતે સ્વીકૃત સત્ય છે . “હું” જે જુએ છે તે કોણ છે ? દરેક સ્વરૂપ કે આકાર ધરાવતી વસ્તુઓને ઇન્દ્રિયો અને આંખો દ્વારા પારખવામાં અને જોવામાં આવી છે. આંખો; ભૌતિક શરીરને, બીજી વ્યકિતઓને, જંતુઓને, કીડાઓ અને ચીજોને જુએ છે. શરીર પણ એક વસ્તુ છે. જેને બીજી વસ્તુઓની સાથે આંખ જુએ છે. આથી આપણે એવું તારણ શી રીતે કાઢી શકીએ કે આ શરીર તે “હું” છું ? તો પછી આ “હું” ખરેખર છે કોણ ? અગ્નિ સળગે છે અને પ્રકાશ ફેલાવે છે. તે વસ્તુઓને ગરમીથી દઝાડે છે અને પોતાના પ્રકાશથી પ્રકાશિત પણ કરે છે. અગ્નિ જેની સાથે ક્રિયાશીલ બને છે તે વસ્તુથી તે ભિન્ન છે. હવે; કોણ આ સત્યને જાણે છે કે, “અગ્નિ" અને “તે જે ચીજને બાળે છે તે વસ્તુ” બંને જુદા છે ? જયારે લાકડાનો ટૂકડો બળે છે, અગ્નિ તેમાં હયાત હોય છે અને તેમાં સમગ્રપણે સક્રિય હોય છે. એજ રીતે આત્મા સમગ્ર શરીરમાં વ્યાપેલો છે અને તે તેને જુદાં જુદાં કાર્યો કરવા શકિતમાન બનાવે છે. દિવા દ્વારા ફેલાવાતો પ્રકાશ તે એક સાધન છે જે આપણને રાત્રે સુચના આપે છે કે “આ પ્યાલો છે" “આ થાળી છે”. આંખ પણ આવું એક સાધન છે. જે આપણને સૂચવે છે કે, “આ ઘર છે."  “આ સિંહાસન છે" આ પથ્થર છે” આંખ તે આત્મા નથી. દિવાની ગેરહાજરીમાં આંખ અથવા તો આંખની ગેરહાજરીમાં દિવો; ઘર, સિંહાસન, પથ્થર, ગ્લાસ કે પ્લેટનું જ્ઞાન આપી શકતા નથી. દિવો અને આંખ બંને પ્રકાશનાં માધ્યમો કે સાધનો છે. આંખનું સાધન, શરીરને જુએ છે કે તે કયાં સ્થિત છે. જે દેખાય છે તે શરીર; આથી એ સાધનથી જુદું છે. ઇન્દ્રિયો; શ્રવણ, સ્વાદ, દ્રષ્ટિ, સ્પર્શ અને ગંધનો અનુભવ કરનારી છે. જયારે આંખને આપણે સાધન તરીકે જાણી ચૂકયા છીએ ત્યારે બીજી ચાર ઇન્દ્રિયોને પણ સાધનો તરીકે ઓળખવી જોઇએ. આ તમામ ઇન્દ્રિયો મનના અંકુશ તળે છે. મન તેનો સ્વામી છે. આ મન પણ કોઈબીજા સ્વામી દ્વારા નિયંત્રિત અને ટેવાયેલું છે. મન મનુષ્યનું હાર્દ આત્મા હોઇ ના શકે.

બુધ્ધિ; મન દ્વારા મળતી માહિતીને તપાસે છે. તે નિર્ણય કરવાનું એક સાધન છે. ઉદાહરણ તરીકે એક તિક્ષ્ણ ચપ્પુની કલ્પના કરો ચપ્પુ ગમે તેટલું તિક્ષ્ણ હશે તો પણ તે પોતાની મેળે ફળને કાપી શકશે નહીં કે ના તો તે એક પાતળો દોરો પણ કાપી શકશે. જયારે કોઇ વ્યક્તિનો હાથ તેને પકડે ત્યારે તે આ કામ કરી શકે છે . બુધ્ધિ પણ આવા ચપ્પુ જેવી છે. તે “હું” આત્મા વિના નિસહાય છે “હું" કે આત્મા એ તેને ધારણ કરવી પડે છે.

ત્યારબાદ આપણે મનુષ્યના બીજા સાધન પ્રાણ કે પ્રાણવાયુને ધ્યાનમાં લેવો જોઇએ. ચાલો એ નકકી કરીએ કે આપણે તેને “હું” તરીકે ઓળખી શકીએ કે નહીં ? ગાઢ નિદ્રામાં મનુષ્ય જાગૃત હોતો નથી કે તે શ્વાસ લે છે અને શ્વાસનો “પ્રાણવાયુ” સક્રિય છે. જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિની ત્રણ અવસ્થાઓમાં પ્રાણ ત્રણે અવસ્થામાં હાજર હોય છે. મનુષ્ય સ્વપ્નાવસ્થામાં જાગૃત અવસ્થાના અનુભવોને જાણી શકતો નથી કે ના તો સ્વપ્નાવસ્થાના અનુભવો તે જાગૃત અવસ્થામાં જાણી શકે છે. નિંદ્રા દરમ્યાન પ્રાણ; બુધ્ધિ કે સ્મૃતિને સક્રિય કરતો નથી તેઓ નિષ્ક્રિય જેવા ભાસે છે. જયારે સ્વામી સક્રિય હોય ત્યારે તેના અશ્રિતો શાંત ના રહી શકે. તે હંમેશા એક સરખો સક્રિય રહેતો ના હોવાથી પ્રાણને પણ “હું” કે આત્મા ગણી ના શકાય.

હવે અહમ્ ને તપાસીએ. બે ક્ષેત્રોમાં અહમ્ ક્રિયાન્વિત બને છે . આથી તેના બે અર્થો છે :

(૧) આત્મ પ્રેમ અહંકાર, “દેવાત્મા” દેહ ચૈતન્ય, બહરી “હું”

(૨) આંતરિક “હું” પ્રત્યાગ-આત્મા

જે વ્યકિતઓ આ ભેદને જાણતા નથી તેઓ પોતાની જાતને ગૂંચવાડામાં નાંખે છે અને એવું પ્રતિપાદિત કરે છે કે “હું” દેહાત્માને લાગુ પડે છે. પરંતુ, આ ખોટું છે. આપણે જેને જોઇએ છીએ તે શરીર એક સાધન છે. તે એક પદાર્થ છે. તે જોવાની વસ્તુ છે. દ્રષ્ટા નથી. અહમ્ આત્મા સ્વરૂપ હોય તો તેને કેવી રીતે ઓળખી શકાય ? આ અહમ્ પણ જે “દેખાય છે” તેની શ્રેણીમાં આવે છે. તે નિંદ્રા સમયે ગેરહાજર હોય છે અને ભ્રામક સ્વપ્નો બતાવે છે. સત્ય; નિરપેક્ષ રહે છે. જે બે અવસ્થામાં ગેરહાજર રહે છે, તે સત્ય શી રીતે હોઇ શકે ?

આ તપાસના પરિણામે, એ સ્પષ્ટ થાય છે કે ઇન્દ્રિયો, મન, બુધ્ધિ, પ્રાણવાયુઓ માંથી એક્કેયનો આત્મા તરીકે સ્વીકાર થઇ શકે નહીં અને તેમને એ માન્યતા પ્રાપ્ત થઈ શકે નહીં. આથી, પ્રશ્ન ઉઠે છે કે, બીજું શું, બીજું કોણ આત્મા છે ? તેના કોઇ પ્રવેશ કે પ્રસ્થાન નથી. તેના કોઇ હાથ પગ નથી. તેમાં કોઇ અંગો અને ઉપાંગો નથી. તેમાં કોઇ દોષ કે કલંક નથી. તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે અને વિશાળથી પણ વિશાળ છે. અવકાશની જેમ તે “હું” અને “મારાં” થી પર છે. જેમ અગ્નિ ઉર્જા છે. અને સૂર્ય પ્રકાશ છે. તેમ તે ચેતના છે. તેને વિષાદ કે ભ્રમણા સાથે કોઈ સંબંધ નથી. તે ચિર સ્થાયી ઉન્માદ, પરમાનંદ છે તે તમામ અસ્તિત્વોનું હાર્દ-હૃદય છે. તે સર્વમાં રહેલી ચેતના છે. તે તમામ દ્રષ્યમાન વસ્તુઓનો દ્રષ્ટા છે. દરેક જણ ઇન્દ્રિયગમ્ય અનુભવો બાદ જાહેર કરે છે કે, “હું જોઉ છું”. "હું સાંભળું છું” “હું ચાખું છું” વગેરે. પરંતુ આ ખરેખર સાધનો કહેતાં હોય તેવી વાતો છે. આત્માની નહીં. આત્મા એક આંશિક દ્રષ્ટા, એક શ્રેણીનો દ્રષ્ટા એક અદ્રષ્ટા કે ભ્રામક દ્રષ્ટા નથી.

બુધ્ધિ પણ ચંદ્રની માફક સ્વયં પ્રકાશિત નથી. ચંદ્રની જેમ તે તેની નજીકના સ્ત્રોતના પ્રકાશને પરાવર્તિત કરે છે. બ્રહ્માંડીય બુધ્ધિનું પ્રતિનિધિત્વ આત્મા કરે છે.

સૂર્ય એ બ્રહ્માંડની આંખ છે. જગત ચક્ષુ છે. આ નામ સૂર્યનાં બીજા પદાર્થો સાથેનાં સાનિધ્યના આધારે આપવામાં આવ્યું છે. સૂર્યને અહમ્ ભાવ કે માલિકી ભાવ નથી અને કોઇ ઇચ્છા કે ઝંખના નથી. તેની હાજરી માત્રથી અંધકાર અદ્રશ્ય થઈ જાય છે અને પ્રકાશ આખા જગતને આવરી લે છે. આથી, તે પ્રકાશક કહેવાય છે. પરંતુ તે આ કામ તેનું કર્તવ્ય હોય તેમ જાગૃતપણે કરતો નથી. આત્મા પણ કોઇ કર્તવ્ય ધરાવતો નથી. જો એવું પૂછવામાં આવે કે આત્મા "કર્તા" શી રીતે બન્યો ? તો તેનો જવાબ એ છે કે, લોહ ચુંબકની નજીક રહેલી સોય તેના તરફ આકર્ષાઇને ખસે છે. એટલા માટે લોહચુંબક “કર્તા" ગણી શકાય ? હવે મૂળભૂત સવાલ ઉઠી શકે, શું આત્માનું અસ્તિત્વ સિધ્ધ કરી શકાય ? આત્માનું અસ્તિત્વ સાબિત કરવાની કોઇ જરૂર નથી. જો આત્મા કેટલીક દલીલો અને તર્કથી સિદ્ધ થઇ શકતો હોય તો જે વ્યકિત આ દલીલો અને તર્ક કરે તેને જ પ્રસ્થાપિત કરી દેવી જોઇએ. વ્યકિત ફરી આત્મા બનશે.

બેશક, કેટલાક લોકો એવો જવાબ આપી શકે કે, વેદો આત્માના અસ્તિત્વનો અધિકૃત પૂરાવો છે અને વેદો દ્વારા આત્માનો અનુભવ અને આધારભૂતતા સિધ્ધ થાય છે, વેદોએ કેટલીક પ્રવૃત્તિને અનાત્મિક ગણી તેનો નિષેધ કરાવ્યો છે. તેમણે કેટલીક અન્ય પ્રવૃત્તિ જેવી કે દાનઃ નૈતિક આચરણને આત્મિક ગણાવી છે. પરંતુ આત્મા સ્વયં સિધ્ધ છે. તે જ તેનો સાક્ષી છે. તેનું અસ્તિત્વ કોઇ હકીકત કે ચીજોથી સિધ્ધ થઇ શકે નહીં.

વેદોનાં પૂરક ગ્રંથો શાસ્ત્રો જણાવે છે કે ઇશ્વર; જ્યાં પણ છ પ્રવિણતાઓ : (૧) ઉત્સાહ (૨) સાહસ (૩) ધૈર્ય (૪) સદબુધ્ધિ (૫) શક્તિ અને (૬) પરાક્રમ જોવા મળે છે ત્યાં વસે છે. મનુષ્ય ઉદ્ઘાટન પ્રસંગે મંગલાચરણમાં ગણપતિની પ્રાર્થના કરી આ છ પ્રવીણતાઓની બક્ષિસ માંગે છે. જે આપણી ચેતનાને શુધ્ધ કરી આત્માના દર્શન કરાવે છે. વ્યકિતએ; હૃદયમાં હિંમત ધરી પોતાના આત્મિક વિશ્વની શોધ ચલાવવી જોઇએ. એ કોઇ કાયરનું કામ નથી. દુષ્ટ વ્યકિતઓ, વિચલિત શ્રધ્ધાવાળા, સંશયી, દુઃખી, મુખમુદ્રાઓ વાળા વગેરે આખું જીવન રોગીઓની જેમ વ્યતિત કરે છે, યોગીઓની માફક નહીં.

આ “જ્ઞાની” અને “અજ્ઞાની” મનુષ્યને પારખવાની ભેદરેખા છે. કૃષ્ણ આનંદ સાથે હસતા હસતા વાત કહે છે; અર્જુન વિષાગ્રસ્ત અવસ્થામાં તેમને સાંભળે છે. જ્ઞાની હંમેશા આનંદમાં રહે છે તે હસતો રહે છે. અજ્ઞાની, વિષાદ ગ્રસ્ત હોય છે એ રડતો રહે છે .

વિજય હાંસલ કરવા માટે આત્માના સ્વભાવની તપાસ કરતી વખતે વ્યક્તિએ સનાતન ધર્મનાં ગ્રંથોમાં જણાવેલા ચાર આશ્રમોમાંથી પસાર થવું પડે છે. દરેક વ્યક્તિ આ પ્રત્યેક તબક્કામાંથી પસાર થતી વખતે આ ગ્રંથોમાં સુચવ્યા મુજબ તેના કર્તવ્યો અને જવાબદારીઓ પ્રત્યે સભાન રહે છે અને આત્મિક ચેતના તરફ દોરી જાનારું જ્ઞાન શીખે છે.

બાળપણનાં વર્ષો બાદ મનુષ્યનાં જીવનમાં આશ્રમનો ક્રમ અમલમાં મૂકાય છે. ત્યાં સુધી તે પોતાનાં કર્તવ્યો અને જવાબદારીઓ અંગેનું વિશેષ જ્ઞાન એકત્ર કરી શકતો નથી. બાળપણ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ મનુષ્યનાં જીવનના તબક્કાઓ છે. આમાં પૂરક એવા જ્ઞાનના તબક્કાઓ પણ આવે છે. બાળપણમાં પ્રથમ તબક્કે તે અજ્ઞાન અને “નિર્દોષતા” માંથી જ્ઞાનનાં વિશ્વમાં પ્રવેશે છે. જ્યાં ગુરૂ તેનો શિષ્ય તરીકે સ્વીકાર કરે છે .ત્યારબાદ તેણે કોઇપણ પ્રકારના બોજ કે બંધનની લાગણી વિના ગુરૂની સેવા કરવાની અને તેમની આજ્ઞાનું પાલન કરવાનું રહે છે .

યુવાનીના તબક્કામાં તેણે સમાજ સાથે તેની પ્રગતિ અને સલામતી માટેના સાધનો અને પગલાં અંગે વિચારોનું આદાન-પ્રદાન કરવાનું હોય છે. તે પોતાના જીવન નિર્વાહ માટે કમાવાનું શરૂ કરે છે. અને પોતાની આવકનો બુધ્ધિપૂર્વક ઉપયોગ કરે છે. તેની ઉંમર કરતા નાની વયના યુવાનોને દાખલો પૂરો પાડી તેમને સામાજિક દ્રષ્ટિએ ઉપયોગી માર્ગ પર ચાલવાનું માર્ગદર્શન પૂરું પાડવાની જવાબદારી તેની છે. એ જ સમયે તેણે વડિલોનાં પગલે પગલે ચાલવું જોઇએ અને તેની પોતાની પ્રગતિમાંથી તેમના અનુભવોમાંથી બોધપાઠ શીખવો જોઇએ.

ત્રીજા પુખ્તાવસ્થાનાં તબક્કામાં વ્યક્તિએ કેવળ પોતાની નહીં પરંતુ આમ લોકોની પ્રગતિ ઉપર પણ ધ્યાન આપવાનું હોય છે. અને તે પણ પુખ્ત વ્યક્તિની જવાબદારી છે. અને તેણે તે માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવું જોઇએ. તેણે સમગ્ર માણસજાતની શાંતિ અને સમૃધ્ધિ માટે જરૂરી વિશાળ દ્રષ્ટિ કેળવવી જોઇએ. અને પોતાની ક્ષમતા અને પ્રાપ્ય સંસાધનોની મર્યાદામાં રહી તે પોતાનું યોગદાન આપવું જોઇએ.

વૃધ્ધાવસ્થા એ ચોથો તબક્કો છે. વ્યક્તિ આ તબક્કે પહોંચે ત્યાં સુધીમાં તેણે જાણી લીધું હોય છે કે, આ વિશ્વમાં મળતો આનંદ ક્ષણભંગુર છે. આથી તે આધ્યાત્મિક આનંદના પરમજ્ઞાન સાથે સજ્જ હોવી જોઇએ. જે આનંદ આશીર્વાદનાં આંતરિક પ્રફૂલ્લનમાં ડોકિયું કરતાં પ્રાપ્ત થાય છે. તેના પોતાના અનુભવો દ્વારા તેનું હૃદય કોમળ અને કરુણાસભર બની જવું જોઇએ.

તેણે કોઇપણ પ્રકારના ભેદભાવો વિના તમામ વ્યક્તિની પ્રગતિ માટે કાર્યરત થવું જોઇએ. અને તેણે બીજાઓ સાથે પોતે મેળવેલાં જ્ઞાન અને પોતાના અનુભવોના ફાયદાઓ અંગે વિચાર વિમર્શ કરવો જોઇએ.

આ રીતે મનુષ્ય-જીવનના જુદા જુદા તબક્કાઓ માટેના વ્યવસાયો અને તદસંબંધિત અભિગમો નક્કી કરવામાં આવ્યા છે. જ્ઞાનની પ્રતીતિ માટે વાંચન જેટલું જ આચરણ પણ મહત્વનું છે. જ્ઞાનની સાથે સાથે યુવાનોએ નમ્રતા, સન્માન, ઇશ્વર પ્રત્યેની ભક્તિ અને દ્રઢ શ્રધ્ધા જેવા સદગુણો પણ કેળવવા જોઇએ. તેણે સત્કર્મોમાં વ્યસ્ત રહેવું જોઇએ અને તેનો આનંદ માણવો જોઇએ. પુખ્તાવસ્થામાં સંપત્તિ કમાવા અને સમાજ સુધારાના કાર્યોમાં સામેલ થવા સાથે સદાચાર જાળવવા અને પ્રોત્સાહન આપવા પ્રત્યે તેમજ ભૌતિક ધારા ધોરણોનાં આચરણ પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. વ્યક્તિની ધર્મપરાયણ વર્તણૂકો અને આધ્યાત્મિક સાધના સુધારવાનાં પગલાંઓ લેવાં જોઇએ. ચેતનાના તમામ સ્તરો શુધ્ધ થવા જોઇએ અને ત્યારબાદ પવિત્ર કાર્યો તરફ તેને વાળવી જોઇએ.

'પુખ્ત વયે, પરિવાર અને સમાજનાં પોષણ ઉપરાંત વ્યક્તિએ પોતાના બાળકો અને સમાજ સમક્ષ દાખલો બેસે તે માટે ઉચ્ચ આદર્શો સાથેનું જીવન જીવવું જોઇએ. સમાજનું મૂલ્ય ઓછું આંકવાનો અને કેવળ પરિવારનો જ ફાયદો જોવાનો પ્રયાસ કરવો ના જોઇએ. કારણકે આવા પ્રયાસો નિષ્ફળ જવા જ સર્જાયા છે. વ્યક્તિ પોતાના કર્મોની શુધ્ધિ કરીને અને તે પ્રવૃત્તિનો પોતાની જાત માટે ઉપયોગ કરીને બ્રહ્મ-સિધ્ધાંતને સમજી શકે છે. વ્યક્તિ કઇ જ્ઞાતિમાં જન્મી છે અથવા તેણે કેટલા બૌધિક સાધનો વસાવ્યા છે અથવા તો તે વેદોમાં કેટલો પ્રવીણ છે તેના આધારે બ્રહ્મના સિધ્ધાંતને કદી પણ સમજી શકાતો નથી.

જે વ્યક્તિ જન્મી છે તે મૃત્યુને ટાળી શકે નહીં. કોઇક સમયે કોઈક સ્થળે તે નિશ્ચિત છે. પ્રત્યેક ક્ષણે અનેક લોકો જન્મે અને મૃત્યુ પામે છે. પરંતુ મનુષ્યે એ શોધી કાઢવું જોઇએ કે કેવી રીતે મૃત્યુને “ટાળવું”. હવે મનુષ્યના હાર્દમાં રહેલો આત્મા તે કદી જન્મતો નથી; તે જન્મ ધારણ કરતો ના હોવાથી મૃત્યુ પામી ના શકે. તે જેની સાથે સંબંધિત હતો તે દેહ મૃત્યુ પામે છે. દેહનો મર્મ સમજવાની ભ્રમણા કે આ દેહ વાસ્તવિક છે તે સ્વયં મૃત્યુ છે. આ ભ્રમણા પ્રત્યેની માયા તે જ મરવાનું કામ છે. આ ભ્રમણામાંથી મુક્ત થવાનો અર્થ છે અમરત્વ પ્રાપ્ત કરવું. આ શરીરનું વિઘટન થાય છે. આત્માનું નહીં. આ શરીર દરેક ક્ષણે પરિવર્તન પામે છે. અને તેનું અંતિમ પરિવર્તન તે મૃત્યુ છે. જ્યારે આપણી જાત, આપણો આત્મા બદલાયા વિના યથાવત રહે છે

જ્યારે લોકો આ પરિવર્તનશીલ શરીરને પોતાની જાત ગણી "હું" થી ઓળખે છે ત્યારે તે "હું" મૃત્યુ પામે છે. પરંતુ વાસ્તવિક "હું" મૃત્યુ રહિત છે.

ઉત્કર્ષની જોરદાર પ્રવૃત્તિ અને પોતાની જાતની સચ્ચાઇની નિર્ભય તપાસનું આચરણ વધુને વધુ થતા આ "શરીર તે આપણી જાત છે" એવી ચેતનામાંથી બહાર નીકળી શકાય છે અને તેનો ઇન્કાર થઇ શકે છે. તાડના વૃક્ષનાં ફળોને જુઓ જયારે તે કાચાં હોય છે. ત્યારે છાલ, ગર્ભ અને બીજને અલગ કરવાં સહેલા નથી, એ જ રીતે જે લોકો ઇન્દ્રિય ઇચ્છાઓ પ્રત્યેની આસકિત ધરાવે છે અને આત્માની ચેતનાને કદી પણ પામી ના શકે. જયારે તાડનું ફળ પાકે છે ત્યારે તેનું કવચ તૂટી જાય છે. તેનો ગર્ભ બીજથી અલગ થઇ જાય છે. અને બીજને કોઇપણ પ્રયાસ વિના અલગ કરી શકાય છે. ચિંતન અને નિસ્વાર્થ પ્રવૃત્તિ ચેતનાને પરિપક્વ કરે છે અને આત્મા આ શરીરથી સ્પષ્ટ અને શુધ્ધ સ્વરૂપે અલગ થઇ શકે છે.

આ શરીર; પાંચ આવરણો પાછળ આત્માને છુપાવે છે. આ આવરણોને ત્રણ શ્રેણીઓમાં વર્ગીકૃત કરી શકાય; સ્થૂળ, સુક્ષ્મ અને કારણાત્મક, દૈહિક આવરણ (માંસ અને લોહી, અસ્થિ વગેરે) અને જૈવિક આવરણ (શ્વાસ) મળીને સ્થૂળ શરીર બને છે. જયારે આ બંને આવરણોનું - અર્થાત્ આ સ્થૂળ શરીરનું વિઘટન થાય છે ત્યારે શરીર પણ નાશ પામે છે અને ફરી ઉભું થઇ શકતું નથી. સૂક્ષ્મ શબ્દનો સંસ્કૃતમાં અર્થ "નાનો" એવો થાય છે. તેના એક બીજો અર્થ પણ છે "જે પ્રસરે છે તે". હવા પાણી કરતાં વધુ પ્રસરે છે. અવકાશ હવા કરતાં વધુ પ્રસાર પામે છે. મુક્ત આત્માની સરખામણીમાં અવકાશ પણ "સ્થૂળ" હોવા છતાં તેમને ગરમ કરતાં કે સળગાવતા સ્થૂળ સ્વરૂપ ધારણ કરે છે.

આ વિશ્વનો એવો નિયમ છે કે જે દ્રષ્યમાન છે તે અદ્રષ્યનું કારણ છે. વ્યકત; અવ્યકતને વ્યકત કરે છે. પ્રચ્છન્ન આત્મા આ પ્રત્યક્ષ જગતનું કારણ છે. "બનવા" પાછળ અસ્તિત્વ રહેલું છે અને અંતે "બનવું" હોવામાં-અસ્તિત્વમાં ભળી જાય છે. વ્યકત અવ્યક્તમાં ભળી જાય છે. ગાય દૂધ આપે છે. એ રીતે પરમ વિભૂતિ પાસેથી માયાની શકિત વહે છે. પાંચ તત્વોના સાપેક્ષ સંયોગથી આ જગત (પ્રકૃત્તિ) અસ્તિત્વમાં આવ્યું હતું. પ્રત્યક્ષ અભિવ્યકત થાય છે. આ બ્રહ્માંડ સંમિશ્રિત સ્વરૂપે સમજાય છે. જે રીતે દૂધ, મલાઇ, દહીં, માખણનું મિશ્રણ છે. તેને ગરમ કે ઠંડુ કરી તેમાં દહીં મેળવી, દહીં બનાવી, દહીંને વલોવવાથી તેમાંથી માખણ છૂટું પડે છે. એજ રીતે વૈશ્વિક પ્રક્રિયાઓ અને ગરમી-ઠંડીની ઉથલપાથલોથી પંચતત્વો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) છૂટા પડયા હતા અને માખણના દડા જેવી પૃથ્વી વલોવવાની પ્રક્રિયાની નીજપ છે. જો કોઇ વ્યકિત કે વસ્તુમાં ત્રણ ગુણો (તટસ્થ, ધૈર્યશીલ અને નિષ્ક્રિય) માંથી જે ગુણો પ્રભાવી

હોય તેના આધારે આપણે તેને એ ગુણો વાળી કહીએ છીએ. એ જ રીતે કોઇપણ સર્જાયેલી વસ્તુમાં પ્રભાવી એવા તત્વનું નામ તેને આપવામાં આવે છે. આ જ કારણે આપણે જે લોકમાં વસીએ છીએ તેને ભૂમિ કે પૃથ્વી કહે છે. આકાશનાં ક્ષેત્રમાં જ્યાં પાણી પ્રધાન છે તે લોક ભૂવલોક અને સર્વલોક તરીકે જાણીતા છે. તેમાં રહેલો પદાર્થ પ્રવાહ અને ઝરણાઓમાં વહે છે.

ટૂંકમાં; જે પાંચતત્વોના રૂપમાં દેખાય છે તે બ્રહ્માંડ; તે ઇશ્વર ઉપર અવાસ્તવિક વ્યકિત અને પાંચ તત્વોની મારેલી છાપ છે. પ્રકૃત્તિ તરીકે દેખાતા અવાસ્તવિક જગતની આરપાર ઇશ્વરને જોઇ શકાય છે. આ સતત પરિવર્તન પામતી અનેકવિધતા તે વાસ્તવિકતાનું વિકૃત ચિત્ર છે. ભૂલ; તેનું પ્રતિબિંબ પાડતા આયનામાં છે. મન જે સમજે છે, મગજ જે ધારે છે, તેને સત્ય તરીકે રજૂ કરે છે. તેની કોઇ આધારભૂતતા નથી. આયનો ધૂળથી આચ્છાદિત છે અને તેની સપાટી બિલકુલ ચોખ્ખી નથી. ઇશ્વરને કોઇ માયા નથી; તેનો કોઇ ઇરાદો કે ભ્રમમાં પાડવાની જરૂરિયાત નથી. તે કોઇ ઇચ્છા પણ ધરાવતો નથી કે આમ બનવું જોઇએ. પરંતુ મનુષ્ય પોતાના અજ્ઞાનવશ જે વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી તેને જુએ છે અને એવું માને છે કે તે જેવી દેખાય છે એવી જ ખરેખર છે. તેની આ કમજોરીને અધ્યાસ કહે છે.

જયારે ઇશ્વર પ્રકૃત્તિ સ્વરૂપે પ્રતિબિંબિત થાય છે ત્યારે આ પ્રતિબિંબ માયાનું સ્વરૂપ ધારણ કરે છે. દૂધ દહીંમાં રૂપાંરિત થાય છે, તેમ ઇશ્વર; જગત કે અવિરત બદલાતા રહેતા વિશ્વ કે માયા કે અપરિવર્તન શીલ દિવ્યતત્ત્વની છબીનું રૂપ ધારણ કરે છે. તેની ઇચ્છા; તેના એક સ્વરૂપને અવાસ્તવિક અનેકવિધ સ્વરૂપોમાં રૂપાંતરિત કરે છે. અને તે તેની ઇચ્છાથી તેનો અંત લાવી શકે છે. તે માયાનો સ્વામી છે.

ઇશ્વર સર્વવ્યાપી, સર્વજ્ઞ છે. આપણી જાત, સ્વત્વ અને પ્રકૃતિ આ ત્રણમાંથી પ્રકૃતિનો હેતુ મનુષ્યની કામનાની પૂર્તિ કરવાનો છે. ઇશ્વરની કોઇ કામના કે ઇચ્છા નથી. તે પૂર્ણતમ્ અને પરમ સિધ્ધ છે. દરેક અસ્તિત્વોનો અને દરેક અસ્તિત્વ માટેનો આનંદ સ્વયંભૂપણે ઇશ્વર પાસેથી વહે છે; તેણે ગીતામાં કહેલા શબ્દો છે. “આ ત્રણેય લોકમાં મારૂં કોઇ કર્તવ્ય નથી હે પાર્થ !” તેણે કેવળ તમામ સજીવોની ચેતનાનાં પોષણ માટે કર્તવ્યનું સર્જન કર્યું છે. તેનું કોઇ કર્તવ્ય કે ઋણ નથી. તે તમામ પ્રવૃત્તિના પરિણામો લાવે છે. તેના વિના, કોઇપણ કર્મનું કોઇ પરિણામ આવતું નથી. કયા કર્મનું શું પરિણામ આવવું જોઇએ તે એ જ નક્કી કરે છે.

# પૂજનની પધ્ધતિઓ

વેદો ખૂબ જ પ્રાચીન તેમજ સનાતન એવું મનુષ્યએ શોધી કાઢેલું જ્ઞાન કે શાસ્ત્ર છે. અર્થાત્ મનુષ્યએ તેને ખોળી કાઢયા છે. તેણે કેવળ આત્માની ગહન શાંતિમાંથી તેને પુનઃ પ્રાપ્ત કર્યા છે. આથી વેદો મનુષ્યને ઇન્દ્રિયાતીત અને અલૌકિક એવા સત્યની દ્રષ્ટિ આપી શકે. મનુષ્યની બુધ્ધિથી તેને સમજી શકાતા નથી. કારણ તે લોકાતીત છે. આથી, તેમને "પરમવ્યોપ" મહાન રક્ષક, અવિનાશી અને સત્ય કહે છે. આ નામ વિશેષણો ઋગ્વેદથી શરૂ થતા ચારેય વેદોને લાગુ પડે છે.

વેદ શબ્દ મૂળભૂતપણે પરમેશ્વર કે સર્વજ્ઞ માટે વપરાયો હતો "વેત્તિ ઇતિ વેદાઃ" "જે જાણે છે તે વેદ છે" ત્યાર બાદ તે સમાજના સિધ્ધાંત તરીકે વપરાતો હતો "વિદ્યતિ ઇતિ વેદ" અર્થાત્ જે જ્ઞાન આપે છે તે વેદ છે. ઋગ્વેદ અને બીજા વેદો સર્વજ્ઞ ગુણો ધરાવે છે. આથી આ અર્થ પણ યોગ્ય છે. પાછળથી આ શબ્દ; વેદ સાથે સંબંધિત પ્રવૃત્તિઓ-ધાર્મિક, આર્થિક, સાંકલ્પિક અને આધ્યાત્મિક સંદર્ભમાં વપરાતો થયો. પરમેશ્વર બધાનો દ્રષ્ટા છે. વેદની તમામ ઋચાઓ જેને સંબોધીને લખાઇ છે તે મહાવિભૂતિ છે. વેદ; મનુષ્યને ઇશ્વરની દ્રષ્ટિ પામવાનું સામર્થ્ય બક્ષે છે. અને જેઓ એવી દ્રષ્ટિને પામ્યા છે તેઓ ઋષિ કહેવાયા છે. વેદોએ તેમને માર્ગદર્શન આપ્યું છે. ઘણાં શ્લોકો, ઋચાઓ અને ઉદ્ઘોષણાઓ તેમાંથી ઉદભવ્યા છે. પરિણામે પરમેશ્વર ખૂદને બ્રહ્મસૂત્રમાં બ્રહ્મર્ષિ કહયા છે. પરમેશ્વર શિવનાં ૧૦૧ નામોમાં મહર્ષિ અને મુખ્યર્ષિ જેવા નામો આપણને મળે છે. વેદોને પણ ભકિતનું રૂપ આપી ઋષિ તરીકે ઓળખવામાં આવ્યા છે. બ્રહ્મ એક બીજો શબ્દ છે જે પરમેશ્વર તેમજ વેદ બંને માટે વપરાય છે. આથી બ્રહ્મને પામવા સિવાયની અન્ય કોઇ ઇચ્છા વિના જે કાર્યો કરવામાં આવે છે તેને પણ બ્રહ્માની પ્રવૃત્તિ કે બ્રહ્મયજ્ઞ કહે છે. ઋષિનો યજ્ઞ એ બલિદાનનું કાર્ય છે. જેનું આયોજન તેમાંથી મળતા ફળો પ્રાપ્ત કરવાની કોઇ ઇચ્છા વિના કેવળ સત્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે.

આવાં બલિદાનનાં કર્મો કે યજ્ઞો કરતી વખતે "સ્વાહા" શબ્દ ઉચ્ચારવામાં આવે છે. યજ્ઞો પવિત્ર અને પુનિત કાર્ય છે. આહુતિ આપતી વખતે કે વેદની ઋચાનું રટણ કરતી વખતે બોલવામાં આવેલો આ "સ્વાહા" શબ્દ ખૂબ જ અગત્યતા ધરાવે છે. કેશવાય સ્વાહા, પ્રાણાય સ્વાહા, ઇન્દ્રાય સ્વાહા, આ શબ્દો આ રીતે ઉપયોગમાં લેવાય છે. સામાન્ય રીતે તેનો અર્થ નીચે પ્રમાણે આપવામાં આવે છે. "હે દેવ આનો સ્વીકાર કરો. આ દ્રવ્ય જે અમે આ પવિત્ર અગ્નિમાં હોમીએ છીએ તેને તમે સંપૂર્ણપણે આરોગો જેથી કરીને આ અગ્નિ દ્વારા તે કેશવ, પ્રાણ, ઇદ્રદેવને પહોંચશે." કેટલીક આશંકાઓ ઉદભવી શકે કે, કોઇક અનિવાર્ય અપેક્ષા માટે અગ્નિને

પ્રાર્થના શા માટે કરવામાં આવે છે ? કારણ કે અગ્નિનો એ સ્વભાવ છે કે તેનામાં જે કંઇ નાંખવામાં આવે છે તેને તે બાળે છે. પરંતુ શાસ્ત્રીય અર્થ જુદો છે . કાલિદાસ તેનાં કાવ્ય “કુમારસંભવ” માં હિમાલયને "દેવતાત્મા” અર્થાત્ દિવ્યતત્ત્વનું મૂર્ત સ્વરૂપ કહી વર્ણવે છે. શાસ્ત્રો દિવ્ય શરીર અને લૌકિક શરીર વચ્ચેનો ફરક દર્શાવે છે. દરેક વ્યકિતનાં દૈવી શરીરો આપણી ઇન્દ્રિયોથી પામી શકાતા નથી. જયારે તેને આહુતિ આપવામાં આવે છે. ત્યારે તે પવિત્ર બને છે .

વેદોમાં આહુતિનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે. સ્વીકૃતિ દ્વારા જેની આહુતિ આપવામાં આવે છે અને જેમને આહુતિ આપવામાં આવે છે તે બંને એક બની જાય છે. આ કિસ્સામાં કોને આહુતિ આપવામાં આવે છે. કોણ આહુતિને સ્વીકારે છે ? અગ્નિ ! અગ્નિ, સૂર્ય, જીવનનું પોષણ કરનાર પ્રાણવાયુની ઉષ્મામાં રહેતી દિવ્ય શકિત વગેરે આ આહુતિને સ્વીકારે છે. વિધિ દ્વારા યોગ્ય મંત્રોચ્ચાર સાથે, અગ્નિમાં આહુતિ આપી “સ્વાહા” બોલવામાં આવે છે. આ કેવળ ઉદગારો નથી. તે પ્રાયશ્ચિત કે પાપ-મોચન છે. જે આ અનુષ્ઠાનમાં રહેલી પ્રાર્થનાની અનુભૂતિ છે .

વેદો; છંદ તરીકે પણ ઓળખાય છે. જેનો અર્થ થાય છે આનંદ સભર. આ શબ્દના બિરાદરી કે ગોત્ર સાથે સંબંધિત અર્થો પણ છે-જેવાકે મજબુત, જીવંત, કવચ યુકત વગેરે આ તમામ વિશેષણો અને લક્ષણો વેદોનાં હોવાનું કહેવાય છે ત્યારે ઉપર જણાવેલ નામ ખૂબ જ યોગ્ય છે. વેદો એ જે પવિત્ર વિધિઓ અને અનુષ્ઠાનો પ્રતિપાદિત કર્યા છે. તેનાથી કેવળ તેમાં સામેલ થનારાઓને જ માત્ર નહીં પરંતુ સમગ્ર વિશ્વ અને પરલોકને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. પરમાનંદના સ્ત્રોત સમા પરમેશ્વરને શાસ્ત્રોમાં યજ્ઞાંગ વૈદિક (અનુષ્ઠાનને તેના અંગો), યજ્ઞ વાહન (વૈદિક અનુષ્ઠાનનોને તેનાં વાહન) સ્વરૂપે જાણવામાં આવ્યા છે. જયારે પરમાત્મા આકાર ધારણ કરે છે, ત્યારે તેની પ્રથમ અભિવ્યકિત હિરણ્યગર્ભ (સોનેરી ગર્ભ) ની હોય છે. આ પણ પરમાનંદનું મૂર્ત સ્વરૂપ છે. ગરુડ પક્ષી તેમનું વાહન છે. પરમેશ્વરને વૃષરથ કહે છે. અર્થાત્ ધર્મના પ્રતિક સમો વૃષભ તેમનો સારથિ છે. આજ કારણે આપણને વિષ્ણુનાં મંદિર સામે ગરૂડની મૂર્તિ અને શિવના મંદિર સામે વૃષભ કે નાંદીની મૂર્તિ મૂકાયેલી જોવા મળે છે.

છેદમ શબ્દનો મૂળ અર્થ વેદનાં બીજાં અગત્યનાં પાસાંને સમજાવે છે, કવચ ધારણ કરવું, પોષવું કે કલ્યાણ માટે પ્રેરણા કે પ્રોત્સાહન આપવું, દુન્યવી બાબતમાં અવિશ્રાંત પણે વ્યસ્ત રહેતા મનુષ્યોની અંતિમ મુકિત વગેરે અર્થો આ શબ્દ સાથે જોડાયેલા છે. મનુષ્ય હંમેશા નફા કમાવાના હેતુથી પ્રવૃત્તિઓ કરે છે તેમને ધર્મપરાયણ સ્ત્રી પુરષ બનાવવા જોઇએ. સાથે

સાથે તેમને ફળ અને છાયા આપે એ માટે જીવન વૃક્ષની રક્ષા કરવી જોઇએ . વેદોએ કર્મપ્રેમીઓનું વિનાશ સામે; અધર્મનું શરણ લેવાના મોહ સામે અને સંશયાત્માઓ સામે રક્ષણ કરવું જોઇએ. વેદો માર્ગદર્શન અને શિક્ષણ બંને પૂરા પાડતાં હોવાથી આ કાવ્યો સંપર્ણપણે છંદોબદ્ધ છે. રક્ષણહારની ભૂમિકામાં તેઓ તેમના પર વિશ્વાસ મૂકનારા તમામને પરમાનંદ બક્ષે છે. “છંદના છંદાસિ” કવચ કરવાથી તેઓ છાંસદ બને છે.

વૈદિક અનુષ્ઠાનો જેને સામૂહિક સંદર્ભમાં યજ્ઞો કહે છે, તે અંગેની એક પુરાણ કથા છે. એક વખત યજ્ઞ : કાળિયાર મૃગનું રૂપ લઇ દેવો પાસેથી પલાયન થઈ, ગયો હતો. દેવો તેને શોધવા નીકળ્યા પરંતુ તેમને કેવળ મૃગચર્મ જ હાથમાં આવ્યું. આ મૃગચર્મ યજ્ઞ અર્થાત્ અનુષ્ઠાનનું પ્રતીક બન્યું. આ મૃગચર્મના શ્વેત, શ્યામ  અને બદામી રંગો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું પ્રતિનિધિત્વ કરે છે. અને આ કારણે તેને પવિત્ર ગણી આદર આપવામાં આવે છે. ત્રણ વેદો કે ત્રણ જ્ઞાનમાં પ્રવીણતાનાં પ્રતીકનું સન્માન તેને પ્રાપ્ત છે. તમામ વૈદિક વિધિઓના સમયે રક્ષણાર્થે ગવાતી છાંદસની ઋચાઓનાં પઠન સમયે, આ વિધિમાં ભાગ લેનારાઓ અને મુખ્ય પુરોહિતો આ મૃગચર્મનો ઉપયોગ કરે છે. તેનાં ત્રણ રંગો ત્રણ લોકનું પ્રતિનિધિત્વ કરે છે, એવું પણ મનાય છે. આથી જે, તેના પર બિરાજે છે કે તેને પહેરે છે તેમને વેદની ઋચાઓ અને આહુતિઓ આપવાથી ત્રણેય લોકનું પુણ્ય પ્રાપ્ત થાય છે. વૈદિક યજ્ઞોના જ્ઞાતાઓને વૈદિક ગ્રંથોમાં “ગર્ભસ્થ શિશુ” તરીકે વર્ણવવામાં આવ્યા છે. જે રીતે ગર્ભમાં રહેલું શિશુ તેની ભીડાયેલી આંગળીઓ સાથે દંડવત પ્રણામ કરતી સ્થિતિમાં માતાનાં પેટમાં આવૃત હોવાથી સલામત હોય છે. એ રીતે યજ્ઞનો આરંભ કરતાં પુરોહિતો માતાવેદના પ્રતીક સમાન આ મૃગચર્મને શરીરે ઓઢવું જોઇએ. મનુષ્યની દ્રષ્ટિએ તે કેવળ મૃગચર્મ છે પરંતુ વૈદિક અનુષ્ઠાન દરમિયાન તે “કવચ” બની જાય છે. આ જ કારણે તેને ઓઢતાં પહેલાં પ્રારંભમાં તેને ઉદ્દેશીને પ્રાર્થના કરવામાં આવે છે. “તમે કવચ છો હે ચર્મ ! મારું; ચર્મની માફક રક્ષણ કરો” મનુષ્યને શોક, ઇજા અને અહિત સામે રક્ષણ આપતું હોવાથી આ ચર્મ સુખ અને પરમાનંદ આપવા આવ્યું છે. ત્રિમૂર્તિ ઇશ્વરમાંના બીજા વિષ્ણુ આ પરમાનંદની મૂર્ત સ્વરૂપ છે. અને વૈદિક બલિ પરમાનંદની વૃષ્ટિ કરે છે. વિષ્ણુની સ્વયંમ્ યજ્ઞ સ્વરૂપે પ્રશંસા કરવામાં આવી છે. (યજ્ઞ વાઇ વિષ્ણુ) ભગવાન વિષ્ણુ ત્રણ વેદોનું મૂર્ત સ્વરૂપ છે.

ઉપાસનાનો અર્થ છે ભકિતના પરમસુખની સિધ્ધિ સ્વરૂપ દિવ્યતત્ત્વની પ્રાપ્તિ વૈદિક પરંપરામાં આ સિધ્ધિ હાંસલ કરવા માટે ચાર માર્ગોને ન્યાયસંગત અને ફળદાયી ગણાવી માન્ય ગણવામાં આવ્યા છે. આ માર્ગો સત્યવતી, અંગવતી, અન્યવતી અને નિદાનવતી છે . આપણે થોડી વિગતે આ માર્ગોને તપાસીશું. સત્યવતી : શાસ્ત્રો દિવ્ય તત્વની વ્યાખ્યા આ રીતે

કરે છે. “સર્વ વ્યાપીનમ્ આત્માનામ્ ક્ષીર સર્પિત ઇવ અર્પિતમ્ - જે રીતે દૂધમાં ઘી એક એક બુંદમાં સમાયેલું છે તે રીતે આત્મા સર્વવ્યાપી છે. જ્યારે જિજ્ઞાસુ આ વિશ્વાસ સાથે પોતાની સાધના શરૂ કરી સત્યની શોધ ચલાવે છે. ત્યારે તેને સત્યવતી (સત્ય પર આધારિત) ઉપાસના કહે છે. “માયા ઇતિત્તમ ઇદમ સર્વમ, જગદ્યુકતા મૂર્તિનામ્ ઇશ્વર કહે છે, “મારા અવ્યકત સ્વરૂપમાં હું સમગ્ર બ્રહ્માંડમાં વસી આ રહસ્યનું સંચાલન કરું છું. મારામાં આ સર્વેને જુઓ આ સર્વેને હું તેમાં વસુ છું એ રીતે જુઓ, ”જયારે કોઇ સત્યવતી માર્ગ તેને સફળતા તરફ દોરી જાય છે. ત્યારે “હું” આ તમામ સ્વરૂપે અને તમામ સ્વરૂપોમાં તેને મળીશ" ઈશ્વર આવી ખાત્રી આપે છે. જે કોઇ વ્યકિત આ સત્યવતી માર્ગનું અનુસરણ કરશે તેને તે સર્વવ્યાપકતા અને અનુભવાતીતાને ઓળખવાની દ્રષ્ટિ આપવાનું વચન આપે છે.

અંગવતી; અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર અને અન્ય બીજા વૈશ્વિક અસ્તિત્વ છે તે તમામ અસ્તિત્વોનાં જીવનને ટકાવી રાખનારો શ્વાસ છે. તે સર્વને આલોકિત કરનારો અગ્નિ છે. વનસ્પતિને પોષણ પૂરું પાડનારો અને જીવનદાતા વરૂણ છે. આથી, તેને કાંતો અગ્નિ કે વાયુ કે વણ સ્વરૂપે આદર આપી શકાય કારણ કે  તે કૃપામયી બની આ ફળદાયી સ્વરૂપો ધારણ કરે છે. આ આંગિક અભિવ્યકિત કે અંગ સ્વરૂપોની સાધના કરવાના માર્ગને અંગવતી માર્ગ કહે છે. અંગનો અર્થ છે - હકીકત, લક્ષણ.

અન્યવતી; જિજ્ઞાસુ અનેક સ્વરૂપો ધરાવતા દિવ્યાત્માનું ચિત્ર બનાવી તે પ્રત્યેક સ્વરૂપમાં જોવા મળતા ગુણોના પ્રતીક બનાવી, દિવ્યાત્માની ઉપસ્થિતિને પામવા પ્રયાસ કરે છે. દિવ્યાત્માનું એક સ્વરૂપ શંખ (આદિ શબ્દો કે ધ્વનિનું પ્રતીક) ચક્ર (સમયનું પ્રતીક) અને ગદા (શકિત અને ગૌરવનું પ્રતીક) ધારણ કરેલા સર્વવ્યાપી વિષ્ણુનું છે. સત્તા અને વિઘ્નોને દૂર કરવાની ઇચ્છા વ્યકત કરતા સ્વરૂપ (વિઘ્નેશ્વર) ની સાથે સંકળાયેલ એક દંતશૂળ બુધ્ધિની તીક્ષ્ણતા અને ધ્યાનને વ્યકત કરે છે. ઇશ્વર કે શિવ (વિઘટન અને વિલયનું સ્વરૂપ) ત્રિશૂળધારી છે . આ ત્રણ શૂળો; ભૂત, ભાવિ અને વર્તમાનનું પ્રતિનિધિત્વ કરે છે. કર્તવ્ય પરાયણતા કે ધર્મના પ્રતીક સમા રામ હંમેશા ધનુષ્યધારી છે. જે સીધું લક્ષ્યવેધી બાણ (ઇચ્છા) ફેંકે છે. વૈશ્વિક પ્રેમની અભિવ્યકિત સમા કૃષ્ણનાં મુગટમાં મોરપીંછની કલગી - શોભે છે, જે મોરપીંછ તેમની કૃપાની હજાર આંખોનું પ્રતીકછે. તેના હાથમાં વાંસળી છે. જેનાથી તેઓ મધૂર સૂરો છેડે છે. આ વાંસળી અહંકાર રહિત, ઇચ્છા રહિત જિજ્ઞાસુનું પ્રતિક છે. જ્ઞાનના સ્વરૂપ તરીકે વિણાવાદિની સરસ્વતિ દેવીનું ચિત્ર છે. વિણા એક તંતુ વાદ્ય છે. આ વિણા : સત્યમ્ , શિવમ, અને સુંદરમ્ ના નાજુક સ્પર્શ સાથે ઝંકૃત થઇ સૂરમય સંગીત રેલાવતા હૃદયનાં તારનું પ્રતીક

છે. જિજ્ઞાસુ આ આનંદદાયક મૂર્તિઓ અને તેમનાં ગુણોનાં પ્રતીકોનાં મહત્વનું ધ્યાન ધરે છે અને તેમના હૃદયમાં વસતા પરમાત્માનો આદર કરે છે. આ માર્ગને અન્યવતી માર્ગ કહે છે.

નિદાનવતી : આ માર્ગ ધીમો છે. પરંતુ જયારે દરેક પગલું ચકાસીને ભરવામાં આવે છે ત્યારે હંમેશા તેમાં પ્રગતિ હાંસલ થાય છે.

(૧) સર્વનામ (ઇશ્વરની કીર્તિ સાંભળવી )
(૨) કિર્તનમ્ (તેની અનન્ય ઉદારતાનું કિર્તન કરવું)
(૩) વિષ્ણોઃ સ્મરણમ્ (ઇશ્વરનું હંમેશા સ્મરણ કરવું)
(૪) પાદ સેવનમ્ (ઇશ્વરના ચરણ પખાળવાની ઇચ્છા રાખવી)
(૫) અર્ચનમ્ (ઇશ્વરની પ્રતિમા કે મૂર્તિની પૂજા કરવી )
(૬) વંદનમ્ (ઇશ્વરની કૃપાનો આભાર વ્યકત કરવો)
(૭) દાસ્યમ્ (ઇશ્વરની ઇચ્છાને આધીન થવું)
(૮) સખ્યમ્ (ઇશ્વર સાથે એકાત્મ થવું)
(૯) આત્મ નિવેદનમ્ (વિચારો, શબ્દો અને કાર્યો તેને સમર્પિત કરવા)
(૧૦) તન્મય આસકિત (તેનામાં ભળી જવાની ઝંખના કરવી)
(૧૧) વિરહ આસકિત (તેનાથી સહેજ અળગા હોવાની વેદના અનુભવવી)

આ અગિયાર તબક્કાઓમાંથી જિજ્ઞાસુએ પસાર થવું પડે છે. જેથી પરમાનંદની અંતિમ પરિપૂર્તિ પ્રાપ્ત કરી શકાય છે. આ માર્ગને “ધીમો અને નિશ્ચિત” નિદાનવતી માર્ગ કહ્યો છે.

જયાં સુધી સરળતા અને વ્યવહાર્યતા ને લાગે વળગે છે ત્યાં સુધી આ ચાર માર્ગો (સત્યવતી, અંગવતી, અન્યવતી અને નિદાનવતી) માંથી પ્રત્યેક તેની આગળનાં માર્ગ કરતા વિશેષ પ્રશંશનીય છે. તેઓ આખરે વૈશ્વિક ઇચ્છા સાથે એકત્વ પ્રદાન કરે છે.

શાસ્ત્રોમાં દર્શાવાયેલી અને જિજ્ઞાસુઓ દ્વારા આચરણમાં મૂકવામાં આવતી વિભિન્ન ઉપાસનાઓ કે સાધનામાંથી પ્રતીક ઉપાસના અથવા તો પ્રતિરૂપ ઉપાસનાનો સમાવેશ અંગવતી ઉપાસનામાં કરવામાં આવ્યો છે. “સર્વતઃ પ્રાણિઃ પદમ તતઃ સર્વતાંક્ષી શિરો મૂખમ્ - સર્વ દિશામાં તેના હાથ, પગ, શિર અને મુખ છે” ઇશ્વર (માધવ) ના હાથ દરેક દિશામાં છે. કારણકે તે સર્વમાં સમાયેલો છે તે સર્વેની આંખો દ્વારા જુએ છે તે તમામ શિરમાં વસીને વિચાર યોજના અને નિર્ણય કરે છે તે સર્વનાં મુખો વડે આહાર કરે છે. તે પ્રત્યેક કાન વડે સાંભળે છે. આથી તમે કોઇ એક સ્વરૂપમાં તેની પૂજા કરીને સર્વ સ્વરૂપોમાં તેની પૂજા કરી શકો છે. આ સર્વોચ્ચ આદર્શ છે. તે તમામ અસ્તિત્વમાં છૂપાયેલો છે. તે અવ્યકત અને તમામ વ્યકત

સ્વરૂપોમાં વસે છે. આ પ્રતિરૂપ ઉપાસના છે. અર્થાત્ તે દરેકમાં રહેલો છે એ ભાવે તેની ઉપાસના કરવી શાસ્ત્રમાં બીજી ઉપાસનાઓનો પણ ઉલ્લેખ છે.

ભાનોપાસના: આ ઉપાસનામાં ઇશ્વરને પરમ સૌન્દર્ય, ઉંડી અનુકંપાવાળો સર્વ શકિતમાન વગેરે ગણી તેની આરાધના કરવામાં આવે છે.

ગીતોપાસના : આ ઉપાસનામાં ઈશ્વરને ગીતાનો ગાયક અને પથ પ્રદર્શક, સ્વામી અને ઉપદેશક, ગણી તેની આરાધના કરવામાં આવે છે. મહાભારતના મહાકાવ્યને પાંચમાં વેદ તરીકે આદર આપવામાં આવે છે તેમાં આ જીવન અને પરલોકમાં પરમ ધ્યેયની પ્રાપ્તિ માટે મનુષ્યએ પાળવા જરૂરી એવા નીતિમતાનાં નિયમો દર્શાવવામાં આવ્યા છે.

તે ધર્મપરાયણ જીવન અને આધ્યાત્મિક ઉન્નતિ માટેની માર્ગદર્શક દિશાની અખૂટ મંજૂષા છે. અહીં, ઇશ્વરને ધર્મક્ષેત્રના રંગમંચ ઉપર વૈશ્વિક નાટકમાં તમામ વેષભૂષા અને ભૂમિકાઓ યોજનાઓ અને પ્રતિ યોજનાઓ નાટકના અંત અને યુકિત પ્રયુકિતઓ સાથે તેની પોતાની રીતે અદ્ભૂત ભૂમિકા ભજવતા જોઇ શકાય છે. આ નાટક એ મહાભારત છે. આ નાટક મહાભારતનું મહાકાવ્ય છે. આ નાટકમાં અભિનેતા અને અભિનેત્રીઓ , સંવાદો અને લખાણો, નિર્દેશો અને ગીતો તેણે જ પ્રયોજ્યા છે. પાત્ર, દિગ્દર્શક, પ્રેક્ષક સર્વે તે જ છે. આ માધવ છે જે દરેક ચીજ વસ્તુ અને અસ્તિત્વમાં વ્યક્ત તેમજ કાર્યાન્વિત થાય છે. એક બાજુ અસીમ ભૌતિક શકિતઓ; અધાર્મિક લાલચો સાથે પ્રેરી રહી છે અને બીજી બાજુ આત્માની સદા ધાર્મિક એવી મર્યાદિત શકિત છે. આ બે પરિબળો વચ્ચેની આ વૈશ્વિક લડાઇમાં ઇશ્વર; સત્તા સામે સત્યના વિજયની પરમ મૂર્તિ સમા મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે. આ મહાભારતનો અર્ક છે. ભગવદગીતા; દિવ્ય વિજયોત્સવનું મહાગાન છે. આ મહાકાવ્ય આપણને જે હાર્દ શીખવવા માગે છે તે આ ગીતામાં છે. “કરિશ્યે વચનમ્ તવ - તારા શબ્દોનું પાલન કરીશ” અને ઇશ્વર જીજ્ઞાસુઓને ચેતવણી આપે છે કે સ્વધર્મે નિધનમ્ શ્રેય - તમને સોંપાયેલા કર્તવ્યોને પરિપૂર્ણ કરવામાં તમારી સલામતી અને સમૃધ્ધિ રહેલી છે “આપણાં તમામ કર્મોને આ માપદંડથી મૂલવવાં જોઇએ. ઇશ્વરની ભકિતના સમર્પણનાં માર્ગને તિલાંજલી આપવી ના જોઇએ. કારણ કે તે તમને સર્વાંગી સુખ અને આનંદ તરફ દોરી જાય છે. આથી ઉલટું જો વ્યકિત પોતાની આંખો બંધ કરી પોતાનાં મનમાં એવો ખ્યાલ ભરી દે છે કે, પોતે બ્રહ્મ છે તો તે આનંદ ગુમાવી દેશે અને ઉદ્વેગનો ભોગ બનશે. જયારે તમે ડાંગરની ફોતરીઓને ફૂટો ત્યારે તેમાંથી ડાંગર મળે ખરી ? અને કૃષ્ણ આ બ્રહ્મ સિવાય બીજું કશું નથી.

**<u>અદ્વૈતોપાસના</u>** : “ગાયના શરીરમાં દૂધ રહેલું છે. દૂધમાં ઘી છે. દૂધનું દહીં બનાવવા તેમાં થોડું મેળવણ ઉમેરવું પડે છે. દહીંને વલોવીને માખણ જદું કરી, તેમાંથી ઘી બનાવવામાં આવે છે. આ ઘી જ્યારે વ્યક્તિ ખાય છે ત્યારે તેને શક્તિ પ્રાપ્ત થાય છે. આ જ રીતે, ઇશ્વર સર્વ વ્યાપી હોવા છતાં તેને શોધવો પડે છે અને સમજવો પડે છે. જેથી પરમસુખ, ચેતના પ્રાપ્ત કરી શકાય. જે રીતે રાઇમાં તેલ રહેલું છે. છાશનાં વલોણામાં માખણ રહેલું છે, જમીનમાં પાણી રહેલું છે, લાકડામાં અગ્નિ સમાયેલો છે તેમ ઈશ્વર સર્વ ચીજોમાં રહેલો છે. ત્યાં તેનાં અસ્તિત્વ અંગેની સભાનતા કેળવવા આધ્યાત્મિક પ્રયાસો જરૂરી છે. જ્યારે તેને આત્મસાત કરવામાં આવે છે ત્યારે બંનેની એકાત્મતા પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિ ત્યારબાદ “દ્વૈત” ભાવનો કે “ભેદ” નો અનુભવ કરશે નહિં. કેવળ એકની ચેતના એ “મુક્તિ” છે. બંધનોનો વિચ્છેદ છે.

**<u>વિશિષ્ટ - અદ્વૈતપાસના</u>** : રામાનુજે એ સમસ્યા ઉપર ધ્યાન આપ્યું હતું કે જિજ્ઞાસુઓએ ઇશ્વરને પોતાનાથી જુદો ગણી તેની આરાધના કરવી જોઇએ કે તેને પોતાની જાતમાં રહેલો માની તેને પૂજવો જોઇએ ? તેમનો જવાબ એ હતો કે, જીવન આ શરીરનો આત્મા છે; ઇશ્વર એ જીવનનો આત્મા છે. ઇશ્વર દાતા છે, શક્તિ છે, પાલક છે. તેને તમારા આત્મામાં શોધો. પરમ સાર્વભૌમિક પુરુષમાં તમામ તત્વો રહેલાં છે અને તે તમામ સર્જનમાં વસનારો અને આંતરપ્રેરણા આપનારો છે. ભકિતભાવથી તેને શરણે જઇ તેની કૃપા પ્રાપ્ત કરવાથી તેને જાણી અને અનુભવી શકાય છે. તેની અનુભવાતીતતા અને સર્વવ્યાપકતાને બરાબર સમજો. વ્યકિતએ પોતાની ભૂલોને અનુભવી તેના ગૌરવને પામવા માટે અહમનો ત્યાગ કરવો જોઇએ, જિજ્ઞાસુનો માનસિક અભિગમ આધ્યાત્મિક પ્રયાસ; એક કેન્દ્રી અવિચલ અને અથાક હોવા જોઇએ : “તત્ત્વ ઇવ સર્વમ્ મમ દેવ દેવઃ - તું જ સર્વસ્વ છો હે દેવોના દેવ” “તું ઝંખના છો ,તું માર્ગ છો, તું ધ્યેય છો”

**<u>દ્વૈતોપાસના</u>** : દ્વૈતવાદી દ્રષ્ટિકોણ અનુસાર ઇશ્વર અને મનુષ્ય વચ્ચેનો સંબંધ પતિ - પત્ની જેવો છે. પત્ની જે રીતે પતિને આદર આપે છે એ રીતે સદા મુકત, સદાપૂર્ણ એવા વિષ્ણુને આદર આપવો જોઇએ. આવા સાધકોમાં, ચૈતન્ય નોંધપાત્ર છે. તેમણે એક આગવી ચૈતન્યોપાસના પ્રસ્થાપિત કરી હતી. શ્રી કૃષ્ણનાં ચરણ સ્પર્શને પામવાની ઉત્કટ ઇચ્છા વિના મુકિત પ્રાપ્ત થઇ શકતી નથી. શા માટે ? આવી ઉત્કટ ઇચ્છા વિના બધ્ધિનું શુધ્ધિકરણ પણ શક્ય નથી. આવું ચૈતન્યનું કહેવું હતું. તેમણે કહ્યું કે, આંતરિક પરમાનંદમાં એકાકાર થવા શકિતમાન ઋષિઓ અને બીજા શ્રીહરિના શુભ, શકિતદાયક, પવિત્ર ગુણોનું ધ્યાન ધરી પરમ ચેતનાના ઉન્માદનો આનંદ પ્રાપ્ત કરી શકે છે. આ પરમાનંદને પામવા માટે કોઇ લખાણ કે ગ્રંથની જરૂર નથી. વ્યકિત આ દિવ્ય ઉન્માદનાં મોજાંમાં ડૂબકી લગાવીને તમામ સામાજિક

વર્તણૂકનાં ધોરણોની તમા કરતીનથી અને તમામ રૂઢિઓથી દૂર રહે છે. તે મોટા સાદે શ્રી હરિના નામનું કિર્તન કરે છે, આનંદની છોળો ઉડાવે છે અને દિવ્ય સુખમાં નાચી ઉઠે છે. તેમજ નિષ્કલંક સાચા પરમાનંદનો અનુભવ કરે છે. તેને એવું લાગે છે કે પ્રભુના ચરણોથી આ જમીનના કણેકણ પવિત્ર બની ગયા છે. આ રીતે તેઓ ઇશ્વરમય બની ઇશ્વરનાં ગુણગાન ગાય છે. ચૈતન્યએ આ સાધનાને સરળ અને ફળદાયી ગણાવી છે. તેમનું પ્રમુખ ધ્યેય ઇશ્વરના ગૌરવ અને દયાનાં સંગીતમય વૃંદગાનથી ઉદભવતા ઉન્માદનાં મોજાઓમાં દેહ ચૈતન્યના અભાવની સ્થિતિને પામવાનું હતું.

બીજું એક પૂજાનું સ્વરૂપ છે. જે નોંધવા લાયક છે, ગોવદેય ઉપાસના. શ્રી કૃષ્ણને પુરુષોત્તમ તરીકે અવ્યકત સર્વ વ્યાપકતામાં સૂત્રબુધ્ધ અને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. એ જ રીતે રાધાને અવ્યકત વૈશ્વિક શક્તિ તરીકે સૂત્રબધ્ધ અને સમાવિષ્ટ કરવામાં આવી છે. આ બંનેનાં મૂર્ત ચિત્રને કૃષ્ણ-રાધા કે રાધા-કૃષ્ણ તરીકે ઓળખવામાં આવે છે. કૃષ્ણનું બીજું નામ માધવ છે. માધવનો અર્થ છે પ્રકૃતિનો સ્વામી. આથી આ ઉપાસના કે આરાધનાનું નામ રાધા-માધવ ઉપાસના એવું છે. આ માર્ગના અનુયાયીઓ; તમામ પ્રકારનાં બંધનોમાંથી મુક્તિ બક્ષે એવા આધ્યાત્મિક ઉન્માદ તરફ દોરી જવા શક્તિમાન બનવા આ નામનું કિર્તન કરે છે. આ ઉપાસનાના આચાર્ય કે સ્થાપકો જાહેર કરે છે કે, આ જ પ્રાપ્ત કરવા જેવું ધ્યેય છે. ઇશ્વર સ્વયં સુખના મધુપર્કનું મૂર્ત સ્વરૂપ છે. સજીવો જ્યારે આ મધુપર્કનું પાન કરે છે ત્યારે જ આ આધ્યાત્મિક સુખમાં એકાકાર થઇ જાય છે. શ્રુતિના ગ્રંથો એવી ઘોષણા કરે છે કે, જેઓ આનંદમાં જન્મ્યા છે તેઓ જ આનંદમય જીવન જીવી શકે છે. રાધા-મોહનનું પવિત્ર નામ આ અમૂલ્ય અમૃતના ખજાનાની ચાવી છે.

રાધા-મોહન એ પ્રકૃતિ-પુરુષ છે અને આ યુગલ; જીવાત્મા અને પરમાત્મા, વ્યક્તિગત આત્મા અને વૈશ્વિક આત્મા, તરંગો અને સમુદ્રનાં દ્વૈતનું પ્રતિનિધિત્વ કરે છે. આ નામ સાથે બંનેની આરાધના કરવામાં આવે છે. વલ્લભાચાર્ય કહે છે કે, “કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્” “કૃષ્ણ સ્વયં ઇશ્વર છે” તેની પ્રાપ્તિ વૈશ્વિક આત્માની પ્રાપ્તિ છે, જે સાચા એકાત્મવાદીનું ધ્યેય છે.

<u>**શૈવોપસના**</u> પણ એક નોંધપાત્ર માર્ગ છે. આ માર્ગ લિંગના પ્રતિક દ્વારા શિવની આરાધના કરવા ઉપર ભાર મૂકે છે. “લિંગમ્ સર્વ કાલમ્” અનંત લિંગ આદિમ શક્તિનું પ્રતીક છે. જે આ બ્રહ્માંડની રચના કરનારા મૂળ તત્વોના ઉદભવ, સ્થિતિ અને પ્રગતિનું મૂળ કારણ છે. લિંગ; સ્વયં શિવનું સ્વરૂપ છે અને તેને એ સ્વરૂપમાં પામવાથી અંતિમ ધ્યેય કે મુક્તિ પ્રાપ્ત થાય છે.

**વીર શૈવોપાસના** : એક અને કેવળ એક, સર્વવ્યાપી અને સનાતન પરમેશ્વર શિવની આરાધના કરવાની હિમાયત કરે છે. લિંગ કે ઇશ્વરના પરમસુખમાં વ્યક્તિનું એકાકાર થવું એ તમામ સાધનાની પરાકાષ્ઠા છે, મુક્તિની પ્રાપ્તિ છે.

**પાશુપતોપસના** : જીવ; પ્રકૃતિમાંથી ઉદભવતા ગુણો કે સ્વરૂપોનાં બંધનમાં બંધાયેલો છે. પશુપતિ (શિવ) ની આરાધના આ બંધનમાંથી મુક્તિ મેળવવા કરવામાં આવે છે.

**શાક્તોપાસના** : "સર્વ દેવા મયી દેવી" "દેવી એ જ સર્વ દેવ સમાન છે." આદિ પરાશક્તિને દિવ્ય તત્વનાં તમામ સ્વરૂપોની પારાશીશી ગણવામાં આવી છે. વૈશ્વિક ઉત્કંઠા, પ્રકૃતિ; અનેકવિધ સ્વરૂપોના ઉદભવનું કારણ છે. મહેશ્વર; આ પ્રમાણે વ્યક્ત થવાની ક્ષમતા ધરાવે છે, આથી તેને આવું નામ આપવામાં આવ્યું છે. મહેશ્વર અને પરા શક્તિ, એક જ પરિબળનાં બે પાસાંઓ છે. આ દ્વિ-વિધ પરિબળ; આકાશના વ્યાપથી પૃથ્વી સુધી સમગ્ર વિશ્વનું પ્રેરક બળ છે. અવ્યક્ત પરમ પુરુષ; સ્ત્રી સ્વરૂપ જગત, માયા કે પરાશક્તિ તરીકે વ્યક્ત થાય છે. દરેક વ્યક્તિમાં; જ્ઞાન શક્તિ અને કર્મ સ્વરૂપે તેનો અનુભવ થાય છે.

**જૈનોપાસના** : (મારવાડી સમુદાયે; ઇશ્વરની આરાધનાનો વૈષ્ણવ માર્ગ અપનાવ્યો છે. વિષ્ણુની શંખ, ચક્ર, ગદા અને કમળ ધારણ કરેલી પરંપરાગત મૂર્તિઓ જૈન મંદિરોમાં જોવા મળે છે.) જૈનોનો મંત્ર છે નવકાર મંત્ર.

નમો અરિહંતાણંઅરિહંતને નમસ્કાર
નમો સિધ્ધાણં  સિધ્ધોને નમસ્કાર
નમો આયરિયાણં આચાર્યોને નમસ્કાર
નમો ઉવજઝાયાણં  ઉપાધ્યાયને નમસ્કાર
નમોલોયેમોલોયે સવ્વસાહૂણં  આ લોકના સૌ સાધુઓને નમસ્કાર.

આ પાંચ પ્રકારના સન્માનથી તમામ પાપ કર્મોની દુષ્ટ અસરો દૂર થાય છે. આ મંત્રના અર્થનો અનુભવ કરનાર વ્યક્તિને સમૃધ્ધિ મળે છે.

જૈનો કહે છે કે, જ્યારે વ્યક્તિ આ વૈશ્વિક આદરભાવ સાથે એકાકર થાય છે. ત્યારે તે મોક્ષ પ્રાપ્તિ કરે છે.

**શિખ ઉપાસના** : આ આરાધનામાં વ્યક્તિને આત્માનો પરિચય કરાવનાર તેનું અસ્તિત્વ વ્યક્તિની વાસ્તવિકતા છે એ હકીકત પ્રત્યે તેને જાગૃત કરનાર ગુરૂનું સ્થાન સર્વોપરી છે.

ગુરૂઓના શિક્ષણનો સંગ્રહ ગ્રંથસાહેબને શિખો માન અને આદર આપે છે. આ ઉપાસના ભારતીય આધ્યાત્મિક પરંપરામાંથી પ્રતિપાદિત કરવામાં આવી છે. તેના વિચારો; ભારતીય સાંસ્કૃતિક પ્રવાહનું મુખ્ય હાર્દ છે.

<u>ખ્રિસ્ત ઉપાસના</u> : પ્રભુ ઇશુ રક્ષણહાર છે. મનુષ્ય; જાણે-અજાણે તેના સ્વભાવથી જ પાપ કરે છે. ઇશુએ મનુષ્યને પાપ-મુક્ત કરવા અને તેના આત્માને પવિત્ર કરવાના ઉદ્દેશથી વધસ્તંભ પર ચડી પોતાના લોહીની આહુતિ આપી હતી. પ્રભુ ઇશુ અને બાઇબલમાં લખાયેલા તેમનાં બોધ વચનોનું અનુસરણ કરી તેમની આરાધના કરો - આ ખ્રિસ્ત ઉપાસના છે. તેનાં ગુણગાન ગાવા અને સ્તુતિ દ્વારા તેમને આદર આપવો તે આ ઉપાસનાની પધ્ધતિ છે.

<u>મુસ્લિમ ઉપાસના</u> : "ઇમામદારી કૈદ મેં હો પેગંબર મેં ભરોસા" "આત્મવિશ્વાસ કેળવો અને પેગમ્બર ઉપર બધો ભાર છોડી દો." જીવનના પ્રત્યેક ક્ષણે અલ્લાહની શક્તિ ઉપર પૂરો વિશ્વાસ ધરાવવો; દરેક પગલે તેને ઓળખો, આ અર્થપૂર્ણ જીવન જીવવા માટેના નિયમો છે. વ્યક્તિ જ્યારે તેના દેહનો ત્યાગ કરે, ત્યારે તેણે અલ્લાહના દરબારમાં તેની સચ્ચાઇ સિધ્ધ કરવાની રહે છે. આથીવ્યક્તિએ અંત સુધી અલ્લાહે બતાવેલા સીધા માર્ગનું અનુસરણ કરવું જોઇએ.આ માટે પવિત્ર કુરાન માર્ગદર્શક છે. તેનો આદર કરવો જોઇએ અને તેને આચરણમાં મૂકવું જોઇએ. આ આધ્યાત્મિક સૂચનાનું આ ઉપાસનામાં પાલન કરવું જોઇએ.

"અલ્લાહો અકબર લા ઇલ્લાહ ઇલ્લ અલ્લાહ" આ ઇસ્લામનું પવિત્ર સૂત્ર છે. તે દર્શાવે છે કે, અલ્લાહ સર્વોપરી સત્તા છે; અલ્લાહ આ જગતનો નિર્વિવાદ શાસક છે. તે જ એક માત્ર બંદગી કરવા યોગ્ય છે. ભાગવત ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે." "મારાથી શ્રેષ્ઠ કોઇ નથી ." કુરાનનું સૂત્ર પણ આ જ કહે છે. મુસ્લિમ ઉપાસના પણ એ જ સત્ય પર આધારિત, એ જ આધ્યાત્મિક આચરણનું એક સ્વરૂપ છે.

આ સઘળી ઉપાસનાઓ સ્પષ્ટ કરે છે કે, મનુષ્ય પોતે સંચિત કરેલી તેની પોતાની સચ્ચાઇની સદીઓ લાંબી શોધ, ખાસ કરીને ભારતમાં આરંભી છે, ત્યારે આ વિપૂલ આધ્યાત્મિક ખજાનો તેને દુઃખ અને બંધનમાંથી છોડાવી શકશે. આ ખજાનો એટલો વિશાળ અને એટલો ઉંડો છે કે, તે સદીઓ વિત્યા પછી પણ એટલો જ વિશાળ અને એટલો જ ઉંડો રહ્યો છે. અને આરાધનાનાં બીજા સ્વરૂપો કે પધ્ધતિઓના ઉદભવ કે આગમનની તેને કોઇ અસર નથી થઇ.

આ ઉપરાંત, ભારતનું આધ્યાત્મિક જ્ઞાન આજે તમામ દેશોને પ્રજ્વલિત કરતું, સમગ્ર વંશોને આવરી લઇ, સમગ્ર માણસ જાતને પ્રસન્ન કરતું, વધતા જતા અંધકાર વચ્ચે પણ એક અખંડ જ્યોત સાથે પ્રકાશિત એવી વિજયી દિવાદાંડી સમું ઉભું છે.

ભારતની આ પવિત્રભૂમિમાં જન્મ લેવાથી વધુ મહાન સદભાગ્ય બીજું કોઇ નથી. જે ભૂમિનો અદભૂત અને સેવાભાવી સંસ્કૃતિનો ભંડાર વિશ્વને બચાવી શકે તેમ છે. આ આશીર્વાદ પ્રત્યે સચેત બનવું તે બેશક, એક અસીમ આનંદનો ઉત્સવ છે.

# દિવ્ય શરીર

ભારતીય સંસ્કૃતિના સામાજિક આધારને યોગ્ય રીતે સમજવો જોઇએ. માણસ જાતને; તેના જન્મજાત સ્વભાવ અને અભિરુચિને ધ્યાનમાં લેતા ચાર જૂથોમાં વહેંચી શકાય છે. આ જુથો છે; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ભેદ "ઉતરતા" લોકો ઉપર "ચઢિયાતા" લોકોનું આધિપત્ય સ્થાપિત કરવા માટેની કોઈ સ્વાર્થી ષડયંત્રકારી યોજના નથી કે ન તો તે માનવ વિકાસને રૂંધવાની ઈર્ષાળુ યોજનાનું પરિણામ. તેને દરેક વ્યક્તિનાં વલણો અને અભિરુચિઓને પોષીને માનવીય સિધ્ધિને પ્રસારવાની એક યોજના ગણવી બહેતર ગણાશે. તે માનવ પ્રગતિને સિધ્ધ કરવાનો રાજમાર્ગ છે. તે કેવળ માનવ પ્રવૃત્તિની સંવાદિતા અને સામાજિક સુખાકારી સિધ્ધ કરી શકાય તેવા નિયમોને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.

ગીતાચાર્ય, ભગવાન કૃષ્ણે કહ્યું છે કે , "ચર્તુવર્ણ્યેમ્ મયા સૃષ્ટમ્ ગુણ કર્મ વિભાગસહ તસ્ય કર્તારમપિ મામ વિધિ અકર્તારમ અવ્યયમ્"

"મેં જ મનુષ્યોના ગુણો અને કર્મોને ધ્યાનમાં રાખી આ ચાર વર્ણોની રચના કરી છે. હું જ તેનો કર્તા છું અને હું જ તેનો અપરિવર્તનશીલ અકર્તા પણ છું." આ રીતે વર્ણવ્યવસ્થા ગુણો અને કર્મોના આધારે સ્થાપવામાં આવી હતી. આદિકાળમાં આ વિશ્વ સાત્ત્વિક સ્વભાવનું હતું. પરિણામે સર્વ મનુષ્યો બ્રાહ્મણ હતા. ત્યારબાદ જુદા જુદા વ્યવસાયો અને અભિરુચિ અને પસંદગીઓના આધારે લોકો જુદા જુદા વર્ણોમાં વિભાજિત થયા. એક અને કેવળ એક ઋષિઓ અને મનીષીઓનો બ્રાહ્મણ વર્ગ; ચરિત્રોમાં ભિન્નતા આવતા સામાજિક ન્યાય અને સંવાદિતાને ધ્યાનમાં લઇ વિભાજિત થયો. શાંતિપર્વ (મહાભારત) માં ભૃગુઋષિએ આ અંગે ભારદ્વાજ ઋષિના પ્રશ્નનો ઉત્તર આપતા કહ્યું હતું. "જે બ્રાહ્મણોને ઐહિક સુખ પ્રિય હતા; જેઓ અહંકાર,

ક્રોધ, મોહ અને અન્ય કામનાઓથી ગ્રસ્ત બન્યા; તેમના જન્મજાત સાત્ત્વિક સ્વભાવમાં રજોગુણ ભળ્યો અને પરિણામે તેમને ક્ષત્રિય ગણવામાં આવ્યા. ખરેખર તમામ બ્રાહ્મણો સાત્ત્વિક ગુણોના હોઇ શકે નહીં કે ન તો તેઓ સર્વે શુધ્ધ અનુષ્ઠાનોની પ્રવૃત્તિ પ્રત્યે સમર્પિત થઇ શકે. જેઓ સત્યનાં સાત્ત્વિક આદર્શને વળગી ના રહ્યા અને જેમણે રાજસિક અભિરુચિ સાથે મિશ્રિત તમો ગુણોને અપનાવ્યા અને જેઓ તામસિક અને રાજસિક બંને ગુણોવાળા હતા તેઓ વૈશ્ય ગણાયા. બાકીના જેઓ હિંસાચાર વાળા વ્યવસાયોમાં સામેલ હતા અને જેઓ સ્વચ્છતાનું આચરણ કરતા નહોતા અને જેમણે જીવન નિર્વાહ માટે તામસિક સાધનો અપનાવ્યા તેમને શુદ્રો ગણવામાં આવ્યા. આ રીતે બ્રાહ્મણોએ જુદા જુદા વર્ણોની ઘોષણા કરી અને માનવ સમાજની સુરક્ષા અને સલામતીની ખાત્રી પૂરી પાડી; આ શ્રુતિનું કહેવું છે"

જેઓ શુધ્ધ સાત્ત્વિક ગુણો ધરાવે છે તેઓ બ્રાહ્મણ છે, જેઓ રાજસિક ગુણો ધરાવે છે અને પરિણામે હિંમત અને વીરતાથી સજ્જ છે, તેઓ ક્ષત્રિય છે. જેઓ પરાક્રમ કે વીરતા ધરાવતા નથી અને જેઓ વેપાર-વાણિજ્યની લાયકાત ધરાવે છે અને જેઓ આ કૌશલ્યનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માગે છે તેઓ વૈશ્ય છે. આ વર્ગમાં રજો અને તમો ગુણો રહેલાં છે. બીજા જેઓ સન્યાસી બનવાની કે વિદ્વતા હાંસલ કરવાની અભિરુચિ ધરાવતા નથી કે સાધના કરતા નથી, કે યુધ્ધ કરવાની શક્તિ કે જરૂરી હિંમત ધરાવતા નથી અથવા તો વેપાર અને વાણિજ્ય માટેનાં જરૂરી વિશેષ કૌશલ્ય ધરાવતાં નથી; તેઓ તામસિક પ્રકારના વ્યવસાયોમાં વ્યસ્ત રહે છે. આ શુદ્રો છે. તેઓ પોતાના શ્રમ વડે પોતાનું ગુજરાન ચલાવે છે અને તે દ્વારા માણસ જાતની સમૃધ્ધિ અને શાંતિમાં પોતાનો ફાળો આપે છે.

ઉપર જણાવેલા ચાર વર્ણો અલગ-અલગ નથી પરંતુ એક જ શરીરનાં ચાર અંગો છે. આમાંથી કોઇ ચઢિયાતું અને કોઇ ઉતરતું નથી. પ્રત્યેક અંગ પોતાનું કાર્ય કરે છે, જેથી શરીર તંદુરસ્ત સુખી રહે અને દરેક અંગ પોતાની ભૂમિકામાંથી ચેતનાની પરમ અવસ્થાને પામી શકે, આમ આવા વિશાળ આદર્શો પર આધારિત પ્રાચીન વૈદિક વર્ણવ્યવસ્થાને દિવ્ય યોજના તરીકે સ્વીકારવામાં આવી હતી. આ યોજનામાં સત્ય રહેલું છે કે આ ચાર વર્ણો; એક જ દિવ્ય વિશ્વ વિભૂતિ કે પુરુષના ચાર અંગો હતા.

ઋગ્વેદના પુરુષ સૂક્તનાં દિવ્ય વિધાનને ધ્યાનમાં લેવા આ સત્ય સ્પષ્ટ થશે;

બ્રાહ્મણસ્ય મુખમ આસિત

બાહુ રાજન્યોઃ કૃતઃ

ઉરુ તદ્ અસ્ય યદ્ વૈશ્યઃ

પાદભ્યામ શુદ્રો અજાયતઃ

આ ઘોષણામાં શુધ્ધ સાત્ત્વિક ગુણોવાળા, પરમજ્ઞાન ધરાવતા લોકો અર્થાત્ બ્રાહ્મણોને વિશ્વ પુરુષના મુખ ગણાવવામાં આવ્યા છે. પ્રધાનપણે હિંમતવાળા, શારીરિક રીતે બળવાન અને સાત્ત્વિક તેમજ રાજસિક ગુણો ધરાવતા ક્ષત્રિયોને વિશ્વ પુરુષનાં બાહુઓ ગણવામાં આવ્યા છે. રાજસિક અને તામસિક ગુણોના મિશ્ર સ્વભાવવાળા અને વેપારની કળામાં પ્રવીણ વૈશ્યોને વિશ્વ પુરુષની જાંઘ ગણવામાં આવ્યા છે. અને શારીરિક શ્રમ કરનારા તામસિક ગુણો ધરાવતા શુદ્રોને વિશ્વ પુરુષનાં ચરણો ગણવામાં આવ્યા છે. આમ ઋગ્વેદમાં ઇશ્વરને આવા ઘટકોનાં અજાયબ અને અદ્ભુત મૂર્ત સ્વરૂપ તરીકે વર્ણવવામાં આવ્યા છે.

પરંતુ આ પવિત્ર, અતિશય મહત્ત્વની વર્ણવ્યવસ્થા; સંકુચિત દ્રષ્ટિકોણ અને આદર્શોવાળા બુધ્ધિહીન, સ્વાર્થી મનુષ્યોના હાથમાં પડી ગઇ. તેમણે તેમના તરંગી આદેશો તરીકે તેને લેખિત સ્વરૂપે વ્યાખ્યાયિત કરી. તે દ્વારા તેમણે વિશ્વનું મહાન અહિત કર્યું. પરિણામે આજે આ વ્યવસ્થાને લઘુમતિનાં દમન માટે બહુમતિએ ઘડેલી યોજનાના રૂપમાં સમજવામાં આવે છે !

વર્ણવ્યવસ્થા માનવસમાજના સ્વરૂપમાં અભિવ્યક્ત થયેલા વિશ્વ પુરુષ સ્વયં છે. તે પ્રત્યેક અંગમાં શોભતા ઇશ્વરનું દ્રષ્યમાન સ્વરૂપ છે. એ મોટી કરુણા છે કે આ સત્યનો બહોળો સ્વીકાર નથી થયો. તે ભારતનું સદભાગ્ય છે કે આ દ્રષ્ટિએ ઈશ્વર; "વર્ણ અંગો" ની દૈહિક એકાત્મતાના સ્વરૂપમાં સમગ્ર માનવજાતની શાંતિ અને સંવાદિતા, સમૃધ્ધિ અને સુખાકારીને પ્રોત્સાહન આપી રહ્યો છે. આ સત્યને નહીં જાણનારા લોકો એવી ઘોષણા કરે છે કે, આ વ્યવસ્થા કેવળ માનવ સર્જિત કાવતરું છે અને ખરેખર તો સર્વ મનુષ્યો સરખા છે. તેઓ બાહ્ય લક્ષણો અને માણસજાત એક જ વંશની બનેલી છે તે આધારે આવું તારણ કાઢે છે. બેશક બધા મનુષ્યો એક વંશના છે, પરંતુ તેમનાં લક્ષણો અને તેમણે અપનાવેલા વ્યવસાયોની ભિન્નતાના આધારે વિભિન્ન જુથો ઉદભવ્યા છે. આ એક અનિવાર્ય વિકાસ છે કોઇપણ વ્યક્તિ તેનો ઇન્કાર ના કરી શકે. માણસજાતની આ દુનિયામાં તમામ લોકો સાત્ત્વિક નથી. કેવળ બહુ થોડા લોકો આવો સ્વભાવ ધરાવે છે. કેવળ બાહ્ય દેખાવ ઉપરથી તારણ કાઢીને કોઇ એમ કહી ના શકે કે સર્વે મનુષ્યો સરખા છે. આપણે તેમને પારખ્યા છે  અલગ કર્યા છે અને સાત્ત્વિક, રાજસિક, તામસિક ગુણો જે એકાધિક મિશ્ર ગુણોના સ્વભાવ ધરાવતાં જૂથોમાં વિભાજિત કર્યા છે. કોઇપણ વ્યક્તિ આ ખોટું છે એમ કહી ના શકે.

સામાન્ય રીતે કહીએ તો પ્રધાનપણે તામસિક સ્વભાવ ધરાવતા લોકો શુદ્રોનાં જુથમાં આવે; પરંતુ તેમાં આપણને ઘણાં પ્રધાનપણે તામસિક સ્વભાવના લોકો જોવા મળતા નથી ?

જેઓ બ્રાહ્મણ જુથના લોકો છે તેમાં આપણને ઘણાં પ્રધાનપણે તામસિક સ્વભાવના લોકો જોવા મળતા નથી ? આથી, વૈદિક ધર્મે સ્પષ્ટપણે પ્રતિપાદિત કર્યું છે કે, કેવળ બાહ્ય દેખાવ કે કેવળ પરિવારમાં જન્મના આધારે વર્ણ નક્કી થઇ શકે નહીં તે મનુષ્યનાં ગુણો અને વ્યવસાયના આધારે નક્કી થવા જોઇએ.

ચાર વર્ણો; એક અને માત્ર એક ઇશ્વરનાં દિવ્ય શરીરનાં અંગો છે. દરેક અંગ અગત્યનું છે અને તેની ભૂમિકાની દ્રષ્ટિએ અપરિહાર્ય છે. આ દરેકનું ધ્યેય; આચરણ અને વર્તણૂકના ધારા-ધોરણ અર્થાત્ વર્ણધર્મ અનુસાર માનવ સેવા દ્વારા ઇશ્વરની સેવા કરવાનું છે.

કેટલાક લોકો એવું પ્રતિપાદિત કરે છે કે, શુદ્રોને આધ્યાત્મિક સાધના કે તપ કરવાના કોઇ અધિકાર કે જવાબદારી નથી અને બ્રાહ્મણો તે ધરાવે છે. આપણે અહીં તે યાદ રાખવાનું છે કે, નિષેધ; શુદ્ર સ્વભાવ માટે છે, શુદ્ર તરીકે જન્મેલી વ્યક્તિ માટે નથી. અનુમતિ; બ્રાહ્મણ સ્વભાવ માટે આપવામાં આવી છે. બ્રાહ્મણ કુળમાં જન્મેલી તમામ વ્યક્તિઓને આપવામાં આવી નથી. ગાય સવારી કરવા માટે તદ્દન નિરુપયોગી છે. આ વિધાનો કોઇ જાતિ પ્રત્યેની નફરત પર આધારિત નથી પરંતુ સંબંધિત પ્રાણીઓના સ્વભાવ અને ગુણોના આધારે કરવામાં આવ્યું છે. અલબત્ત તેમના આગવા સ્વભાવો એ નક્કી કરે છે કે, ગાય; દુધ આપવા માટે ઘોડો; સવારી કરવા માટે ઉપયોગી પ્રાણી છે. વર્ણવ્યવસ્થા; વંશ કે કૂળ પર આધારિત નથી પરંતુ જન્મજાત સ્વભાવ અને અભિરુચિઓ તેમજ અપનાવેલા વ્યવસાયોના આધારે નક્કી કરવામાં આવે છે. તમામ ચિનગારી અગ્નિ જ છે. કેવળ એક જ વર્ણ, માનવજાત છે. તેમને અલગ કરી ના શકાય તેમજ તેઓ જુદા નથી એમ કહેવાની પણ જરૂર નથી. એ જ રીતે મનુષ્યો કે વૈયક્તિક અસ્તિત્વો બ્રાહ્મણ કે વૈશ્વિક શાશ્વત તત્ત્વથી ભિન્ન નથી એવું કહેવાની પણ જરૂર નથી. બ્રહ્મ અને જીવ વચ્ચેનો સંબંધ ઓળખ કે એકત્ત્વનો નથી, પરંતુ કારણ અને પરિણામનો છે. જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થાય નહીં ત્યાં સુધી ચોક્કસ અસ્તિત્વ ભિન્ન અને અલગ રહે છે. જ્યારે મુક્તિ મળે છે ત્યારે વ્યક્તિગતતાનું કારણ રહેતું નથી એટલે જીવ બ્રહ્મ સાથે એક બની જાય છે. જીવ અને બ્રહ્મની ભિન્નતા અને એકાત્મતા; બંધનની ભ્રમણા અને મુક્તિની ચેતનાનું પરિણામ છે.

બ્રહ્મ; સ્વયં પ્રકાશિત, સ્વયં પ્રબોધિત છે. એ ચેતનાનો કોઇ “પદાર્થ” નથી; તે તમામ પદાર્થોને જાણે છે. તમામ પદાર્થો અને અસ્તિત્વો; “જોયેલાં” “અવલોકન કરાયેલાં” અને “જ્ઞાત” શ્રેણીઓમાં આવે છે. “તે” દ્રષ્ટા છે. જોવાયેલો પદાર્થ કે અસ્તિત્વ નથી. જ્યારે સ્વરૂપ એ દ્રષ્યમાન પદાર્થ છે, ત્યારે મન દ્રષ્ટા છે. જ્યારે મન અને બુધ્ધિની પ્રવૃત્તિઓને “જોવા” કે

"અવલોકવા" માં આવે છે  અથવા તો તેઓ "દ્રષ્યમાન" કે "જોયેલી" વસ્તુ બને છે. ત્યારે તેને જોવાવાળી, અવલોકવાવાળી સાચી ચેતના તે દ્રષ્ટા છે. આ સાક્ષીને કોઇ જોઇ શકતું નથી. તમામ જ્ઞાત પદાર્થો આત્માનું શરીર છે, આત્મા નથી. તેઓ નામરૂપ ધારી સ્વરુપો જેવા કે કૂંજો, માટીની તાવડી વગેરે દ્રષ્યમાન પદાર્થોની માફક ચેતના ઉપર અફળાય છે. અથવા તો "મોતી ની માળા" ઉપર મઢેલી "ચાંદી" ની માફક આપણી ચેતનાને ભ્રમિત કરે છે. જે પોતાના દ્વારા અને પોતાના જ માટે અસ્તિત્વ ધરાવે છે તે આત્મા છે. વિશ્વ અમુક લોકો માટે "અન્ય" છે. તે અમુક  માટે "વાસ્તવિક" છે. વિશ્વની કોઇ જન્મજાત વાસ્તવિકતા નથી. તે બ્રહ્મમાંથી ઉદભવ્યું છે અને તેની વાસ્તવિકતા બ્રહ્મ પર આધારિત છે. આથી તે વાસ્તવિકતા બ્રહ્મ કરતાં ઉતરતી છે .

જાદુગર બીજાઓને ભ્રમમાં નાખવા જે ભ્રમજાળ ફેલાવે છે તેની અસર જાદુગરને ખૂદ થતી નથી. એ જ રીતે, વિશ્વની રચના બ્રહ્મે કરી છે આથી એ સ્પષ્ટ થાય છે કે તેની બ્રહ્મ ઉપર કોઇ અસર થાય નહીં.

વિશ્વ કે જગત અસ્તિત્વ તરીકે ઉદભવેલું, અનુભવાતું અને વિકાસ પામતું લાગે છે. દોરડા ઉપર સંધ્યા કાળે સાપ દેખાય છે તેમ આ ત્રણેય ખ્યાલો એક જ અપરિવર્તનશીલ વાસ્તવિકતાની ઉપર એક ઉપર બીજા અધ્યારોપિત થયેલા ખ્યાલો જેવા છે. આ ખ્યાલો તે માયા છે. કારણ કે તે છૂપાવે પણ છે અને પ્રગટ પણ કરે છે. માયાને અવાસ્તવિક કહી ના શકાય. જ્યારે સાપ અદ્રશ્ય થાય છે ત્યારે દોરડું ફરીથી દોરડાં તરીકે જ ઓળખાય છે. પરંતુ વિશ્વ કે જગત એ રીતે અદ્રશ્ય થતું નથી. તેના અસ્તિત્વનું કારણ સ્પષ્ટ કરી શકાતું નથી. તે એક અનન્ય ઘટના છે. આપણે તેને કોઇ બીજા સાથે સરખાવી શકીએ નહીં. આપણે તેને અવાસ્તવિક કહી તેનો ઇન્કાર કરી શકીએ નહીં તેમજ તેને વાસ્તવિક ગણી તેનો સ્વીકાર પણ કરી શકીએ નહીં. તે સત્-અસત બંને છે. કેવળ અસત્ નથી. તે વાસ્તવિક નથી તે થોડા સમય માટે ચાલુ રહે છે એટલે વાસ્તવિક છે. તે હંમેશ માટે ચાલુ રહેતું નથી એટલે અવાસ્તવિક છે. કોઇપણ વસ્તુ ત્યારે જ સાચી કહેવાય જ્યારે તે કંઇક જુદી ના હોય. કામચલાઉ વ્યવહારના સાપેક્ષ સ્તરે જોતાં વિશ્વ બ્રહ્માંડ સ્વરૂપે જ રહે છે. તે સાપેક્ષ રીતે વાસ્તવિક છે. સત્ય કેવળ એક જ છે તેનું કેવળ એક જ સ્વરૂપ છે. બ્રહ્માંડ; સમય, સ્થળ અને કારણ દ્વારા અનેક વિધ સ્વરૂપો ધારણ કરે છે. આથી તે અવાસ્તવિક છે. શંકર કહે છે કે, જગત કે આ બ્રહ્માંડ મિથ્યા કે અવાસ્તવિક છે, અસત્ય છે. જ્યારે પરમ સત્યને આપણે જાણીએ છીએ ત્યારે આ બ્રહ્માંડ મૂળ બ્રહ્મથી ભિન્ન સ્વરૂપે રહેલી વાસ્તવિકતાનાં રૂપમાં દેખાય છે. આ જગત; બ્રહ્મના સત્ય ઉપર મન દ્વારા  ઉપસાવવામાં આવેલી છબી હોવાથી તેને પણ બ્રહ્મની જ સંઘટના ગણવી જોઇએ. "સર્વમ્ ખલવીદમ્ બ્રહ્મમ્ (આ બધું જ બેશક બ્રહ્મ સ્વરૂપ છે).

ખરેખર બ્રહ્મ અને માયા બંને ખૂબ જ ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. એક વખત પ્રસ્થાપિત થયેલા સત્યને હંમેશ માટે કોઇ અસર થતી નથી. અને માયા તે મૂળભૂત પણે સાચી નથી. કેવળ દેખાવની અસરથી જે જાણવામાં આવે છે તે ભ્રામક-જ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે, અવિદ્યા છે. દેખાવનો ઇન્કાર કરી અને સત્યને ગ્રહણ કરવાની સાથે જ મિથ્યાજ્ઞાન કે અવિદ્યા દૂર થાય છે. માયા; આધારભૂત નથી કે આધારહીન નથી. દરેક વ્યક્તિને આ જગત પોતાના દ્રષ્ટિકોણ જેવું લાગે છે. નિરીક્ષક દ્વારા રજુ કરવામાં આવતા વિચારથી ભિન્ન તેનું કોઇ સ્વતંત્ર અસ્તિત્વ નથી, તેનો આધાર બ્રહ્મ છે . બ્રહ્મ અવિકારી કારણ છે. પરિણામની તેના પર કોઈ અસર થતી નથી. માયા તે પરિણામ છે. તે અનિવાર્ય પરિવર્તન છે બ્રહ્મ તે સર્વોપરી સત્ય છે જેણે માયાની અસરના પરિણામે જગતની અનેકવિધતાનું રૂપ ધારણ કર્યું છે. જ્યારે બ્રહ્મને માયા સાથે જાણવામાં આવે છે ત્યારે તે આ જગતનું ભૌતિક કારણ બને છે. તે જગતમાં રહેલું જગત છે. બ્રહ્મ જગતનાં ઉદભવ માટેનું સાધન સ્વરૂપ કારણ છે. પરંતુ માયા તેની પ્રેરક અસર છે. બ્રહ્મ; કારણ અને પરિણામ બંનેથી પર છે. તે સાધનાત્મક કે ભૌતિક કોઇપણ કારણ બની ના શકે.

આ જગત એક ચિત્ર સમું ભાસે છે. જેમાં બ્રહ્મ એક કોરો પડદો છે અને તેના ઉપર રેલાયેલા રંગો એ જગત કે કેનવાસ ઉપર ઉદભવતું દ્રશ્ય છે. તેમાં માનવ આકૃતિઓ શ્યામવર્ણી છે. જીવ આ જગતના તાદામ્યને કારણે દુ:ખ અને વેદના અનુભવે છે. તે જોવાતું કે અવલોકાતું દ્રશ્યમાન અસ્તિત્વ છે. બ્રહ્મ એ સત્ય છે. જગત એક લીલા, પેન્ટોમાઇમ કે ખેલ છે. તે બ્રહ્મમાં છુપાયેલી ઇચ્છાની અભિવ્યક્તિ છે. આ લીલાની પાછળ રહેલી ઇચ્છા શક્તિને પારખવી તે મોક્ષ કે મુક્તિની પ્રાપ્તિ છે.

આ ઇચ્છાશક્તિ પારખવામાં જે લોકો અતિશય નબળાં છે તેમને માટે ધ્યાન, પૂજા , કર્મ વગેરે પ્રવૃત્તિઓ નિર્ધારિત કરવામાં આવી છે. જેઓ દુન્યવી જીવનના ત્રણ ફળોનો ત્યાગ કરે છે તેઓ જ જ્ઞાનના માર્ગનું અનુસરણ કરવાના અધિકારીનો દાવો કરી શકે. વેદાંત માર્ગના સાધકે નીચેની બાબતોથી સજ્જ રહેવું જોઈએ (૧) શાશ્વતથી ક્ષણિકને અલગ તારવવાનો વિવેક (૨) દુન્યવી સુખથી અલિપ્ત રહેવાનો નિર્ધાર (૩) ઇન્દ્રિયો ઉપરનો અંકૂશ, આત્મ સંયમ, અપરિગ્રહ, ધૈર્ય શ્રધ્ધા અને સમભાવ (૪) મુક્તિની ઝંખના.

તમામ વસ્તુઓને દિવ્ય ઇચ્છાશક્તિના સર્જન તરીકે જોવી જોઇએ અને આ જ્ઞાન આપણી ચેતનાને પ્રકાશિત કરે એવા ભક્તિભાવ સાથે આ વસ્તુનો ઉપયોગ કરવો જોઇએ.

કર્મ અને જ્ઞાનના પવિત્ર કાર્યોના માર્ગ અને બૌધ્ધિક વિવેકના માર્ગ જુદા જુદા સાધકો માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ બંનેને ભેગા કરવા કે સાથે અનુસરવા શક્ય નથી. ધાર્મિક જીવન નવું જીવન બક્ષે છે. સમૃધ્ધિ એ ધર્મના જ્ઞાનની બક્ષિસ છે અને મુક્તિ એ બ્રહ્મ જ્ઞાનની બક્ષિસ છે. બ્રહ્મની ચેતના કાંઇ સાધનાના આચરણના સાતત્યની માંગ કરતી નથી. તે કોઇ ચોક્કસ પ્રકારના કર્તવ્યોના પાલન કરવા ઉપર આધારિત નથી.

મુક્તિ બે પ્રકારની છે; તાત્કાલિક અને ધીમે ધીમે પ્રાપ્ત થતી. પ્રથમ મુક્તિ તે જ્ઞાન પ્રાપ્તિનું પરિણામ છે. બીજી મુક્તિ તે ઉપાસના, આધ્યાત્મિક અભ્યાસ અને સાધનાનું પરિણામ છે. જ્ઞાન; શુધ્ધ, અમિશ્રિત એકાત્મતાનો અનુભવ છે. ભક્તિ; પરમપ્રેમ અર્થાત્ ઇશ્વર પ્રત્યેના અને કેવળ ઈશ્વર માટેના પ્રેમનો સ્વભાવ ધરાવે છે.